Discover Your Destiny (Gujarati)

Sharma, Robin

VISIT…

LANZAROTE Caliente.COM

રોબિન શર્મા

DISCOVER YOUR DESTINY

NOW IN GUJARATI

તમારા પ્રારબ્ધને શોધો

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેંચી નાખી સાથે

"રોબિન શર્માના પુસ્તકો સમગ્ર દુનિયાના લોકોને મહાન જીવન જીવવામાં મદદ કરે છે."
પાઉલો કોએલ્હો, ધ અલકેમિસ્ટના લેખક

Robin Sharma's books have sold 6 million copies worldwide
6 MILLION COPIES SOLD WORLDWIDE

JAICO

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી માટે

'પ્રશંસા'

"શિક્ષાની સાથે રમૂજ આપી જાય તેવી જકડી રાખનારી વાર્તા."

ધ અલકેમીસ્ટના લેખક પાઉલો કોલ્હો

"સનસનાટીથી કંઇ ઓછું નહીં. આ પુસ્તક તમારા જીવનને આશીર્વાદ બક્ષી શકે છે."

ચીકન સુપ ફાર ધ સોલના સહ-લેખક માર્ક વિકટર હેન્સન

"રોબીન સર્માએ સર્જેલી વાર્તા જીવનના સાદા તત્ત્વજ્ઞાનને ફેરવવા માટેનું શાસ્ત્રીય હથિયાર દર્શાવવાની વાત કહી જાય છે. આનંદદાયક પુસ્તક છે જે તમારા જીવનને બદલી નાખશે."

સીમ્પલીફાય યોર લાઇફ એન્ડ ઇનર સીમ્પલીસીટીના લેખક ઇલેઇન સેન્ટ જેમ્સ

"વ્યક્તિગત વિકાસ, વ્યક્તિગત અસરકારકતા અને નીજી આનંદનાં ક્ષેત્રમાં આનંદ, આશ્ચર્ય અને શોખીયા સાહસ છે. આ પુસ્તકમાં સંગ્રહાયેલો શાણપણનો વારસો દરેક વ્યક્તિના જીવનને સમૃદ્ધ અને સવિસ્તારીત કરે છે."

મેકસીમમ એચીવમેન્ટના લેખક બ્રીયાન ટ્રેસી

"રોબીન એસ. શર્મા પાસે આપણા સહુ માટે મહત્ત્વનો સંદેશ છે. જેનાથી આપણાં જીવન બદલાઇ શકે છે. સખત ભાગતી જીંદગીમાં વ્યક્તિગત સંતોષ મેળવવા માટેનું એક પ્રકારનું હાથવગું પુસ્તક તેમણે લખ્યું છે."

સક્સેસ મેગેઝીનના ભૂતપૂર્વ પ્રકાશક , સ્કોટ ડીગાર્મો

"...... જીવનના ગહન પ્રશ્નો પર પ્રકાશ પાડે છે."

ધ એડમન્ટન જર્નલ

"સંન્યાસી કે જેમણે તેમની ફેરારી વેચી દીધી એ તત્કાલીન, ઉપયોગી અને ચોક્કસ વાંચવા યોગ્ય છે... ભાગદોડના જીવનમાં સમતોલન જાળવવા તે વાચકને ખરેખર ઉપયોગી છે."

ધ કીંગસ્ટન વ્હીગ, સ્ટાન્ડર્ડ

"અદ્ભૂત પુસ્તક ઓજી મેન્ડીનોની સાથે રોબીન શર્મા બેસી શકે છે."

ડોટી વોલ્ટેરસ, સ્પીક એન્ડ ગ્રો રીચના લેખક

".... સાદું ડહાપણ જે કોઇને પણ ફાયદો કરાવી જાય છે."

ધ કલગેરી હેરોલ્ડ

"આ પુસ્તકને વ્યક્તિગત વિકાસના સમૃદ્ધ હજામના વિભાગમાં વર્ગીકરણ કરી શકાય...

(જેમાં) આપણી રોજીંદી જીંદગીમાં સમતોલન, કાબૂ અને અસરકારકતા લાવવામાં મદદ કરનારા અગત્યના તત્ત્વોથી આંતરમન વિકસાવવાનો સંદેશો છે."

ઇન્વેસ્ટમેન્ટ એકઝીક્યુટીવ

"એક ખજાનો... સાચી સફળતા અને આનંદ માટે ગૌરવશાળી અને શક્તિશાળી સૂત્ર. આજના તોફાની સમય માટે બંધબેસતું યુગોનું ડહાપણ રોબીન એસ. શર્માએ ભેગું કર્યું છે. હું તેને શબ્દોમાં ઉતારી શકતી નથી."

જો ટાઇ, નેવર ફીઅર, નેવર ક્વીટના લેખિકા

"પોતાની ગૃહ્ય શક્તિઓ સુધી પહોંચવાના સાદા નિયમો."

ધ હેલીફેક્સ, ડેઇલી ન્યુસ

"એક અદ્ભુત વાર્તા જેમાંનું શિક્ષણ તમારા જીવનને સમૃદ્ધ કરે છે."

વેન વેગોત્સ્કી, અલ્ટીમેટ પાવરના લેખક

"કોઇપણ વ્યક્તિની જીંદગીની ગુણવત્તા સુધારવા માટેના સાદા છતાં આશ્ચર્યજનક ગુહ્ય વિચારો જે આ રૂપક વાર્તામાં અદ્ભુત રીતે વણી લેવાયા છે. હું મારા બધા ગ્રાહકોને આ પુસ્તકરૂપી નગીનો વાંચવાનો અનુરોધ કરું છું."

જ્યોર્જ વિલીયમ્સ, પ્રેસીડન્ટ, કરાત કન્સલ્ટીંગ ઇન્ટરનેશનલ

"આધ્યાત્મિક મહામાર્ગ પર રોબીન શર્મા વ્યક્તિગત સંતોષ આપે છે."

ધ ઓટાવા સીટીઝન

"રોબીન શર્મા ભૂત અને વર્તમાનની ગુટી બનાવી વાચકને ગમે તેવી રીતે પેશ કરે છે. 'તમારી જાતે કરો' ના મેન્યુઅલમાં વ્યક્તિગત પ્રાપ્તિને વધારવા માટે એક પછી એક સોપાન વર્ણવાયેલા છે. સફળતાની ચાવીમાં શારીરિક ચુસ્તતા અને માનસિક શાંતિ સમાઇ જાય છે. રોબીનનો સંદેશો એટલો શક્તિશાળી છે કે જાણે લેઝર-બીમ."

ધ હિન્દુ

"ધંધામાં અને જીવનમાં નેતૃત્વ માટે તેમની ઉત્તમ સંવાદોની આવડતે રોબીન શર્માને દુનિયાના ખૂબ સફળ અને આગળપડતા વિચારક બનાવ્યા છે."

ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા

"દરેક નેતા છે.... તમારા કાર્યમાં નવું નેતૃત્વ બતાવતાં તમે વધારે માનનીય બનો છો. અને કામ પર આ સકારાત્મક અનુભવ હાવી હોય છે. જીવનના દરેક અગત્યના ક્ષેત્રમાં સમતોલન આણવામાં રોબીન માને છે. તેમના પુસ્તકો મોટા સ્પોર્ટસ સ્ટાર અને હોલીવુડના માંધાતાઓએ પણ ગળે લગાડયા છે."

ધ ઇકોનોમીક ટાઇમ્સ

"તેમની શિબિરો એમ.ડી., ફીલ્મસ્ટાર, ડાયરેકટર અને એકઝીક્યુટીવ જેવા ઘણાં લોકોને ગમે છે. દીપક ચોપરા વધારે આધ્યાત્મિક લેખક છે અને રોબીન વધારે વાસ્તવવાદી લાગે

છે અને તત્ત્વજ્ઞાનને સરળ બનાવે છે."

ધ ઇન્ડીયન એક્સપ્રેસ

"આજે રોબીન શર્મા આંતરરારાષ્ટ્રિય રીતે સૌથી વધારે વેચાતા લેખક છે. જે જાણવા જેવું છે."

સીટી ઇન્ડીયન એક્સપ્રેસ

"હસમુખ વ્યક્તિત્વ, હસતો ચહેરો અને વ્યક્તિગત સંબંધો સ્થાપવાની આવડત એટલે એ જાણવું મુશ્કેલ નથી કે શા માટે રોબીન સૌથી સારા ટ્રેનીંગ ગુરુ છે, પણ એ પદ તેઓ સ્વીકારવા તૈયાર નથી."

ધ ફ્રી પ્રેસ જર્નલ

"આ પુસ્તક ખૂબ સાદું છે પણ તેમાં એક સફળ વકીલની ઉત્સાહ વધારનારી કથા છે જેમાં તેઓ વધારે સંતોષી જીવન જીવવાના અનુભવો વાગોળે છે. જેમાં અર્થપૂર્ણ, આનંદી અને સંતોષી જીવન માટેનું ઊંડું દર્દ છે."

ડીએનએ

"રોબીન તેમનાં બધાં પુસ્તકોની સકારાત્મક ભૂમિકામાં સરખી રીતે તેજસ્વી રીતે ચમકે છે. અને તેઓ ધંધો અને સ્વની મદદ કરવાની લગન ધરાવે છે. રોબીન ખરેખર માને છે કે તેમના અનુભવોથી ઘણાં લોકોને મદદ થઇ છે... ખરેખર જ્યારે તે કોરપોરેટ સેશન લે છે ત્યારે તો ખાસ."

ધ એશીયન એજ

"રોબીનને મળ્યા પછી માણસ એ લાગણી અનુભવે છે કે આ માણસ સીધો અને સારો છે."

ડેકન હેરોલ્ડ

"રોબીન શર્મા પ્રખ્યાત સ્વ-મદદના ગુરુ છે. ઇઝરાયલના ભૂતપૂર્વ વડાપ્રધાન અને નોબેલ પ્રાઇઝના વિજેતા, સીમોન પેરેઝ, માઇકલ વોહ અને રીકી માર્ટીન જેવી વ્યક્તિઓએ તેમની ચોપડી ગળે વળગાડી હતી."

વિજય ટાઇમ્સ

"શર્મા વાચકને પરમપ્રકાશ તરફ દોરે છે."

ધ ક્રોનીકલ હેરાલ્ડ

"પ્રોત્સાહક વક્તાઓના વર્તુળમાં તેઓ એક માનનીય નામ છે પણ તેમને ગુરુ કહેવડાવવું પસંદ નથી. તેમની આર્ષદષ્ટિથી ભારતીય નેતાઓમાં કોરપોરેટ કોચ તરીકે તેઓ સૌથી યોગ્ય છે અને શિખર પર છે. અને તેમનામાં વર્લ્ડકલાસ સંસ્થાઓને યથાયોગ્ય બનાવવાની આવડત છે."

ધ ન્યુ ઇન્ડીયન એક્સપ્રેસ

નેતૃત્વનું ડહાપણ – સાધુ જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી ના લેખક માટે પ્રશંસા

"આ વર્ષે ઉત્તમ ધંધાકિય પુસ્તકોમાંનું એક."

પ્રોફીટ મેગેઝીન

"માહિતીથી ભરપૂર, વાંચવામાં સહેલું અને અત્યંત મદદગાર...અમે અમારી બધી સંચાલન ટૂકડીઓ અને સ્ટોર ચલાવનારને આની એક પ્રત આપી છે. અને તેનું ફીડબેક ખૂબ સકારાત્મક છે."

ડેવિડ બ્લુમ સીઇઓ, શોપર્સ ડ્રગ માર્ટ

"આજના કાળમાં ખૂબ જ તનાવવાળા નેતૃત્વને લગતા પ્રશ્નોમાં રોબીન શર્મા ખૂબ સ્પષ્ટ અને સરળતાથી તેમના જવાબો દર્શાવવાવાળા છે. ધંધાકીય માણસો ઘણી શબ્દોની રમતમાં અટવાતા હોય છે. ત્યારે આ ખૂબ જોશ આપે છે."

આઇ એમ ટર્નર, મેનેજર, સેલેસ્ટીકા લર્નીંગ સેન્ટર

"આ પુસ્તક ડહાપણ અને સામાન્ય બુદ્ધિ માટે સોનાની ખાણ સમાન છે."

ડીન લેરી ટેપ, રીચાર્ડ આઇવે સ્કુલ ઓફ બીઝનેસ,
યુનિવર્સિટી ઓફ વેસ્ટર્ન ઓન્ટેરિયો

"આ ટ્રાફિક દર્શક પુસ્તક ધંધાદારી વ્યક્તિને દોરે છે અને વધારે અસરકારક જીવન જીવવામાં મદદ કરે છે."

જીમ ઓ'નેઇલ, ડાયરેકટર ઓફ ઓપરેશન્સ,
ડીસ્ટ્રીકટ સેલ્સ ડીવીઝન, લંડન લાઇફ

"સાધુ ધંધામાં સમતોલન કરવાનું શીખવે છે... પુસ્તક કામ કરે છે..."

ધ ટોરન્ટો સ્ટાર

"સાધુ જેમણે તેમની સંપત્તિ વેચી નાખીના તરફથી નેતૃત્વનું ડહાપણ સૌથી વધારે વેચાણ ધરાવતી યાદીમાં સૌથી મોખરે છે."

ઇન્વેસ્ટમેન્ટ એકઝીક્યુટીવ

"આ સમયમાં જે ધંધો મોટા વ્યવસ્થાપનમાં બદલાવવા તૈયાર હોય તેમને આર્ષદષ્ટિવાળો નેતા આપવા અને આંતરદષ્ટિવાળો વાચક આપવામાં શર્મા મદદ કરે છે."

સેલ્સ પ્રોમોશન મેગેઝીન

"શર્મા પૂર્વ અને પશ્ચિમના મહાન તત્ત્વચિંતકોનું ડહાપણ ભેગું કરીને ધંધાકિય દુનિયાને પૂરું પાડે છે."

ધ લીબરલ

"ઝડપથી બદલાતી દુનિયા અને ઉચ્ચ ટેકનોલોજીથી આવતા તનાવોને કેવી રીતે સંભાળવા તેના ઉપર ભૂતપૂર્વ ગુરુઓના પાઠોમાંથી શર્મા પ્રકાશ ફેંકે છે."


તમારા
પ્રારબ્ધને શોધો

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેંચી નાખી સાથે

DISCOVER YOUR DESTINY

NOW IN
GUJARATI

રોબિન શર્મા



જયકો પબ્લિશિંગ હાઉસ

અમદાવાદ બેંગલોર ભોપાલ ભુબનેસ્વર ચેન્નાઇ
દિલ્હી હૈદરાબાદ કલકત્તા લખનૌ મુંબઇ

પ્રકાશક
જયકો પબ્લિશિંગ હાઉસ
એ-2, જશ ચેંબર્સ, 7-એ સર ફિરોઝશાહ મહેતા રોડ
ફોર્ટ, મુંબઇ – 400 001
jaicopub@jaicobooks.com
www.jaicobooks.com

હાર્પર કોલિન્સ પબ્લિશર્સ લિમિટેડ
ટોરંટો, કેનેડાના સહયોગથી

DISCOVER YOUR DESTINY
તમારા પ્રારબ્ધને શોધો
ISBN 978-81-8495-281-0

અનુવાદઃ પ્રો. ચેતના હ. શુકલ

પહેલી જયકો આવૃત્તિઃ 2013

આ પુસ્તક સહ-ચિંતકોને સમર્પણ આ બહાદુર આત્માઓ જેમણે ટોળાંને છોડવાની હિંમત રાખી છે અને જેઓએ અધિકારીપદ મેળવવાનો રસ્તો શોધ્યો છે.

ભગવાન તમને જાગૃત કરે અને તમે ઇશ્વરીય તાકાતની સચ્ચાઇમાં જીવો. ભગવાન તમને શીખવવાના પાઠો ઘણી સલૂકાઇથી શીખવે. ભગવાન તમારા આત્માની અંધારી રાતોને થોડી કરે અને દૂર રાખે. અને ભગવાન તમને પ્રકાશમય બનાવે જેથી તમારા દિવસો પૂરા થાય ત્યારે બધા થોડીવાર થોભીને કહે, ‘અરે, આ કોઇ હતો જેણે સંપૂર્ણ અને ભરપૂર જીંદગી જીવી હતી.’

અનુક્રમણિકા

આભાર

મારા જીવનમાં મને ઘણા અદ્વિતિય લોકો સાથે રહેવાના આશીર્વાદ મળ્યા છે. તેમના સિવાય આજે હું જે કરૂં છું અને લોકોને ઉત્તમ જીવન જીવવામાં મદદ કરવાના મારા ધ્યેયને આગળ ધપાવવું શક્ય બન્યું ન હોત. જે જે લોકોએ મારા વિચારોને પુખ્ત બનાવી મને મહાન સ્વપ્નો જોવાની હિંમત બક્ષી છે અને મારા સંદેશાના અર્થને વિકસાવી વહેંચ્યો છે તે બધાનો હું અત્યંત આભારી છું.

શર્મા લીડરશીપ ઇન્ટરનેશનલની મારી કાર્યરત ટુકડીનો હું વિશિષ્ઠ આભાર માનું છું. મારી કાર્ય-મદદનીશ મેરી રીટનનો, અલ મોરાકાર્ડેલી, જેઓ મને ઘણી રીતે મદદ કરે છે અને માર્નીં બાલન કે જેમની જીજ્ઞાસા મને હમેશાં ઉત્સાહિત કરે છે. તેમનો બધાનો હું ખાસ આભારી છું.

મારા કાર્યમાં હમેશાં સહકાર આપવા બદલ હાર્પર કૉલીન્સની સમસ્ત ટૂકડી માટે મારી કૃતજ્ઞતા વ્યક્ત કરવી એ મહત્ત્વનું છે. ઇરીસ, ઝીઝર, લીશા ઝેરીકી, માર્થા વૉટસન, લોઇડ કેલી, ડેવીડ મીલર, ક્રીસ્ટીન કોમ્રેન, મીશેલ કાર્નેલ, નીલ ઇરીકસન, એલેન જોન્સ અને ઇઆન મુરેનો હું આભારી છું. આ સાથે 'સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી' ની કંડીકા મારા ખૂબ મહત્ત્વના વાંચકો સુધી પહોંચાડનારા હિસાબનીશ અને તેમના સાથીઓ જેમણે મને મદદ કરી તે સર્વેનો આભાર.

નીકોલે લેન્ગલોઇસ જેમણે ઘણાં વર્ષોથી મારી સાથે રહી અદ્‌ભૂત રીતે એડીટીંગનું કાર્ય કર્યું તેમને હું બિરદાવવાની ઇચ્છા રાખું છું. દરેક પ્રસંગે આપ સાથે કાર્ય કરવામાં મને આનંદ જ આવ્યો છે. હું શર્મા લીડરશીપ ઇન્ટરનેશનલના વ્યવસાયિક ગ્રાહકોનો આભાર માનું છું. જેમણે નેતૃત્વ, ઉચ્ચ કાર્યક્ષમતા અને સ્વ-પ્રભુત્વ પરના મારા વિચારો એક વૈચારિક સંચાલક, કાર્યકારી ગુરુ અને મુખ્ય વક્તા તરીકે તેમના નોકરીયાત વર્ગમાં વહેંચવાનો મને અધિકાર આપ્યો. મારે કહેવું જોઇએ કે વાંચકોના જે ખાસ વર્ગનો મને સહકાર છે તે બદલ હું મારી જાતને ભાગ્યશાળી માનું છું. હું જે પણ કંઇ કરૂં છું તે મારા વાંચકો માટે કરું છું અને તેમની દરેકે દરેકની મારામાં રહેલી શ્રદ્ધા માટે હું હ્રદયપૂર્વક આભાર માનું છું. મારા પ્રારબ્ધને જીવવાની તક પૂરી પાડવા બદલ તમારો આભાર.

પહેલેથી જ મારા કુટુંબે મને પ્રોત્સાહિત કર્યો છે. જ્યારે સ્વ-પ્રકાશિત પુસ્તક સિવાય મારી પાસે કંઇ જ નહોતું અને હું બંધ બારણાનો સામનો કરી રહ્યો હતો ત્યારે તેઓએ પાયાની પ્રેરણા પૂરી પાડી છે અને અવિસ્મરણીય સહકાર આપ્યો છે. મને મળેલા માતા-પિતા મારા માટે આશીર્વાદરૂપ છે. તેમના બંનેના ડહાપણ અને દયાથી શબ્દો ન ઘડી શકે તે રીતે તેમણે મને ઘડયો છે. ખરા અર્થમાં ભગવાનના માણસ જેવો મારો ભાઇ સંજય, તેની પત્ની સુસાન જે સરસ વ્યક્તિ છે તેમનો આભાર. નીલ અને ઇવાન તેમના બાળકોને મારા જીવનમાં લાવવાની ભેટ હું ભૂલી શકું તેમ નથી. મારી વહાલી નીનાનો ખાસ આભાર, તેના પ્રેમ માટે અને મારા માટે આશીર્વાદ સમાન થવા માટે કોલ્બી અને બીનાકા મારા અપ્રિતમ બાળકો કે જેમણે મને બીન શરતી પ્રેમ, અંત વગરની સર્જનાત્મકતા અને સહજ પ્રેમ

શીખવ્યો. તેમનો હું ઋણી છું. તમે બંનેએ મારા જીવનને અદ્‌ભૂત બનાવ્યું છે અને હું તમને શબ્દાતીત પ્રેમ કરૂં છું.

- છુપાયેલો વસંતનો વાયરો તમારા આત્માની ઉન્નત થવાની જરૂરીયાતને સમુદ્ર તરફ ગણગણતો વહી રહ્યો છે.
- અને તમારા અંતરાતીત ઊંડાણના ખજાનાને તમારી સમક્ષ મૂકે છે.
- પણ તમારા અનજાણ ખજાનાનું વજન કરવા કોઇ ત્રાજવું નથી.
- અને તમારા જ્ઞાનના ઊંડાણને કોઇ વ્યક્તિ કે દોરી સંચાર શોધી શકે તેમ નથી.

- સંત ખલીલ જીબ્રાન

ગોરખોદિયા, જ્યારે તું મારી કબર ખોદે ત્યારે તું તેને છીછરી બનાવજે. જેથી હું વરસાદને અનુભવી શકું.

- ડેવ મેથ્યુસ, કોઇક રાક્ષસ

રોબિન શર્માની પ્રસ્તાવના

તમે ક્યારેય સ્વપ્નમાં વિચાર્યું હોય તેના કરતાં તમે ઘણાં મહાન છો. અને ગમે તેમ પણ તમારી આજની જીંદગીમાં તમે જે પણ અનુભવતા હોવ પણ શ્રદ્ધા રાખો બધું સારૂં છે અને તમારા માટે ઘણું સારૂં વિશ્વ ખુલ્લું કરે છે. એ સુંદર લાગતું નહીં હોય પણ તમે જે બનવાનું ભાગ્ય લઇને આવ્યા છો તેવા માણસ બનવા માટે તમારે ખરેખર એ જ શીખવું જરૂરી છે. તમારા જીવનમાં જે કંઇ બની રહ્યું છે તે તમને માણસ તરીકે ઉત્ક્રાંતિ સાધવાની પ્રેરણા આપે છે અને તમને તમારી ખરી શક્તિઓ બક્ષે છે. તમારા જીવનમાંથી શીખો અને તમારે જ્યાં જવાનું નિર્માણ થયું છે ત્યાં જાઓ. ભગવાનને તમારા ભલાનો સૌથી વધારે ખ્યાલ છે.

આ પુસ્તકમાં જીવનના ઘણાં મહત્ત્વના સવાલોના જવાબો તમે શોધી શકશો. હું પ્રાર્થના કરીશ કે તમને ઘણાં સત્યો સમજાય અને દુનિયા કઇ રીતે કામ કરે છે તેની આંતરદષ્ટિ કેળવાય અને એ બધાંમાં તમે કેવી રીતે સફળ બની શકો. તે તમે જાણો પણ છેવટે જે જવાબો તમે શોધો છો તે તમારા હ્રદયમાં ઊંડે ધરબાયેલા જ છે. ક્યાંય શોધખોળ કરવાની જરૂર નથી. હા, મારા શબ્દો જલ્દીથી તમારા દરવાજા ખોલી નાંખશે અને તમે જે જાણો છો તે યાદ અપાવવાની સેવા આપશે. પણ તમારામાં ધરબાયેલા ડહાપણ, શક્તિ અને પ્રેમના ખજાનાને જાણો, તેમાં શંકા ન કરો. જે તમારી હિંમતથી જાગૃત થવાની રાહ જોઇ રહ્યાં છે. આ જાણકારી હકીકતમાં પ્રેરણાદાયક નથી? **તમારે હમેશાં જે બનવું છે તે બધું તમે ખરેખર છો** . તમારા મૂળભૂત સ્વભાવના અવરોધ રૂપી આવરણને દૂર કરવા તમારે અંતઃકાર્ય કરવાની જ ફક્ત જરૂર છે.

હું માનું છું કે માનવ જીવનનું ધ્યેય આ મહાન સ્વ જાગૃત રસ્તા પર ચાલવાનું અને તમે જ્યાં હતા ત્યાં પાછા ફરવાનું જ છે (જે જગ્યા તમે જાણો છો). હું એવા તારણ પર છું કે નવજાત શીશુ સંપૂર્ણતાનું પ્રતિક છે અને આપણે સહુ જ્યાં પાછા વળવા બંધાયેલાં છીએ, એ સ્થિતિમાં હોય છે. જ્યારે તમે જન્મો ત્યારે તમે નીડર, પવિત્ર પ્રેમી, નિર્દોષ, અતિશય ડાહ્યા અને જે અજાણ્યા હાથે આ બ્રહ્માંડ બનાવ્યું છે તેની સાથે સુંદર રીતે જોડાયેલા અને પરમશક્તિઓથી ભરેલા હોવ છો. ખૂબ નાના બાળક હોવાથી તમે આશ્ચર્યોથી ભરેલી અને ભરપૂર જીંદગી જીવતા હોવ છો. ખરેખર તે વખતે તમે લગભગ પ્રકાશમય હોવ છો. પ્રકાશમય એટલે સંપૂર્ણ ઉજાસ. જેની પાસે ઉજાસ છે ત્યાં પડછાયા નથી, અંધારૂં નથી, ડર નથી, ક્રોધ નથી, નકારાત્મકતા નથી અને મર્યાદા નથી. આ ગ્રહ પર આજે આપણાંમાંના ઘણાંએ આવું અધિકાર- પૂર્વકનું પોતા સાથેનું જોડાણ ગુમાવ્યું છે, આ મૂળભૂત પરિસ્થિતિમાં આપણે શકયતાઓ તરફ આગળ વધતાં અને તારાઓ તરફ આગળ વધતાં ડરીએ છીએ. **આપણે જાણતા નથી કે આપણે કોણ છીએ** . જેઓ સ્વાર્થી, ડરપોક અને અપમાનજનક વર્તન કરે છે તેમાં આપણે મદહોશ થઇએ છીએ. આ વર્તન આપણા પોતાના સ્વભાવનું પરિવર્તન નથી હોતું પણ આપણે જનમ્યા ત્યારની નિર્દોષતા છોડી અને જેમ જીંદગાનીમાં આગળ વધ્યા એ આપણે જે ઘા સહન કર્યા તેનું

પરિવર્તન છે. જે લોકો દુઃખમાં હોય તેઓ દુઃખ આપે તેવું કામ કરી શકે છે. ફક્ત જેઓ ઘવાયા હોય તેઓ બીજાને ઇજા કરી શકે છે. ફક્ત જે લોકોના હૃદયબંધ હોય તેઓ પ્રેમ સિવાયનું વર્તન કરી શકે છે.

હું માનું છું કે આપણા જીવવાનું એક માત્ર કારણ એ છે કે આપણા અસ્તિત્વને વિસ્તારવું અને આપણે મૂળભૂત રીતે કોણ છીએ તે સત્યને યાદ રાખવું. આ શોધમાં જીવન તમને સંપૂર્ણપણે સહકાર આપશે. તમને એવા લોકો, બનાવો અને શકયતાઓ મોકલવામાં આવશે જે તમને વધારે બુદ્ધિમતાથી તમારી શકયતાઓને શોધવામાં મદદરૂપ થશે. ઘણીવાર તમારૂં શિક્ષણ સુખરૂપ હોતું નથી. તમારા ઊંડા આધ્યાત્મિક વિકાસનું વાહન ખરેખર દુઃખ હોય છે. જેઓએ ખૂબ દુઃખનો સામનો કર્યો હોય તેવા લોકો જ લગભગ મહાન વ્યક્તિઓમાં વિકાસ પામે છે. જીંદગીમાં જે લોકો ખૂબ ઊંડાણથી ઘવાયા હોય છે તેઓ તેમના હૃદયના ધબકારામાં બીજાઓનું દુઃખ અનુભવી શકે છે. જેમણે પ્રતિકૂળ વાતાવરણનો સામનો કર્યો હોય તેઓ જીવન પ્રત્યે નમ્ર બને છે. જેના પરિણામે તેઓ ખુલ્લા મનના, કરુણાસાગર અને સાચા બને છે. જ્યારે દુઃખો આવે છે ત્યારે આપણને ગમતું નથી. પણ એ આપણને શીખવી જાય છે, તે હૃદય પરના આવરણને તોડીને તે હૃદય ખાલી કરી નાંખે છે અને આપણે કોણ છીએ, શા માટે આપણે અહીં છીએ અને આપણી આ વિશિષ્ઠ દુનિયા ખરેખર કેવી રીતે કામ કરે છે તેનો અહેસાસ કરાવે છે. એક વખત રિક્ત થયા પછી સચ્ચાઇ, ઉત્તમતા અને સત્યથી તેને ભરી શકાય છે. મુશ્કેલીઓ રૂપાંતર લાવે છે જો આપણે તેમ થવાનું પસંદ કરીએ તો, જેમ જોસેફ કેમ્પબેલે લખ્યું છેઃ “જ્યાં તમે પછડાઓ ત્યાં તમારો ખજાનો રહેલો છે.”

‘તમારા પ્રારબ્ધને શોધો’ આ પુસ્તક તમને ફરી જીવન પ્રત્યે દોરી જાય છે. આ પુસ્તકમાં મેં મારૂં હૃદય નીચોવ્યું છે અને વ્યક્તિગત નેતૃત્વ, સ્વ-સંશોધન અને અધિકારી જીંદગી શું છે તે વિષે હું જેટલું જાણતો હતો તે બધું વહેંચ્યું છે. તમે યાદ રાખો કે હું પણ માનવ જ છું. હું પણ મારી મર્યાદાઓ અને મારા ડરો સાથે અને જેને હું ‘પ્રાચીન પ્રથા’ કહું છું તે, જે હું જીંદગી જીવતાં શીખ્યો છું તે, જૂના વર્તન સાથે દરરોજ લડું છું. હું કાર્ય પ્રગતિ કરી રહ્યો છું અને મારા આંતરિક જીવનની સમૃદ્ધિઓ વિકસાવવા માટે મારી જાતને સતત પ્રશ્નો પૂરા પાડી દરરોજ મેદાન પૂરૂં પાડું છું. લોકોમાં એવી ખોટી માન્યતા છે કે જેઓ આવાં પુસ્તકો લખે તેઓ સિદ્ધ લોક છે જેઓ હમેશાં પ્રકાશ અને આનંદમાં રહે છે અને પર્વતની ટોચ પરથી સત્ય વચનો ઉચ્ચારે છે. હકીકતમાં હું સમજ્યો છું કે અમારામાંના દરેકે દરેકને કામ કરવું હોય છે, એ અગત્યનું નથી કે અમે અમારી જાત ઉપર કેટલું કામ કર્યું છે કે અમે કેટલા વિકસિત છીએ. દરેકે દરેકને અંધારી તેમજ અજવાળી બાજુ હોય છે. આપણા દરેકમાં સુધારવા જેવી ખામીઓ હોય છે અને એવા ઘા હોય છે જે રુઝાવા માટે રડી ઉઠે છે. દરેકે દરેકમાં વિભક્ત આત્મા હોય છે (જેને આપણે માનવ છીએ એટલે આધ્યાત્મિકતાથી એક કરવા પ્રયત્નશીલ છીએ). આવી અપૂર્ણતાની પરિસ્થિતિ જ આપણને માનવ બનાવે છે. અને જેમ હું મારામાં ઊંડો ઉતરું છું તેમ મને વધારે ખ્યાલ આવે છે કે હું કેટલું ઓછું જાણું છું. ‘સંત, દુઃખ અને ઉચ્ચ અધિકારીમાં’ મેં લખ્યું છે “એક પર્વતની ઉંચાઇ બીજા પર્વતનું ઊંડાણ છે. જેવા આપણે એક પર્વતના શિખર ઉપર પહોંચીએ અને ધારણા કરો કે આપણે શું જોઇએ છે? બીજા શિખરોને માપવાનું, આ પૃથ્વીની શાળામાં આજ જીવન છે, અનંત વિકાસ અને ફક્ત એક ધ્યેય માટે શીખવાનું (અથવા તે આત્માનું ધ્યેય હોય?) અને સંપૂર્ણતા અને મહાનતાને યાદ રાખવા આપણી જાતને મદદ કરવાની, જે દુઃખદાયક રીતે આપણે ભૂલી ગયા છીએ.

અને જો કે મારામાં માનવીય મર્યાદાઓઓ છે છતાં મારે કબૂલ કરવું રહ્યું કે જે અવરોધો મને નાનો બનાવી રહ્યા હતા તેમને દૂર કરવામાં હું ઘણો આગળ નીકળી ગયો છું. (અને તમે પણ એમ કરી શકો, જો હવે પછીના પાનામાં લખાયેલું તમે અનુસરો તો) ફક્ત થોડાં વર્ષો પૂર્વે હું દુન્યવી સફળતા, પૈસો, સંપત્તિ અને ભૌતિક્તા પાછળ ઝનૂન પૂર્વક ભાગવાવાળો એક વકીલ હતો. હું અંદરથી બહાર જીંદગી જીવવાને બદલે બહારથી અંદર જીવન જીવતો હતો. (એ બહુ ખુશ કરે તેવું નહોતું એમાં આશ્ચર્ય નથી.) મેં છૂટાછેડા લીધા અને અત્યારે મારા અપ્રતિમ બે બાળકોને એકલો ઉછેરું છું. જીવનમાં મેં ઘણા ખત્તા ખાધા અને ઘણી વખત તે અનંત દુઃખ લાગતું હતું. પણ આપણા મહાન પ્રશ્નોથી જ આપણો વિકાસ થાય છે. મને ખાત્રીપૂર્વક સમજાયું કે આ અનુભવો મારા વ્યવહારને સ્વચ્છ કરવા માટે જ મોકલવામાં આવ્યા હતા અને મારી નબળાઇઓ કાઢી નાખવા માટે પણ મોકલ્યા હતા. સચ્ચાઇ, વ્યક્તિગત વિકાસની આકર્ષક તકો, સકારાત્મક બદલાવ અને બાળપણની સંપૂર્ણતા છોડી તમે દુનિયામાં ચાલી નીકળ્યા તે અધિકારત્વ પાછું મેળવવું આ બધા જીવનના મોટા જોખમો છે. ભેટ-સોગાદ ગણીને તેમને વધાવો.

મારા જીવનમાં જે ચઢાવ-ઉતાર આવ્યા તે એક અનુપમ રમત હતી પણ જે કંઇ પણ મારે ભાગે આવ્યું તેની જવાબદારી સ્વીકારવાનું મેં ક્યારેય છોડયું નહીં અને મારા મહાન-સ્વના વિકાસનો પ્રયાસ કર્યો છે. હું માનું છું કે જીવનમાં આપણે અનુભવેલું ઘણું ઉપરથી લખાયેલું હોય છે. પણ હું એમ પણ માનું છું કે આપણને મનુષ્ય તરીકે આપણી સુંદર જીંદગીના આપણાં સ્વપ્નો જોવાની પણ પૂરતી પસંદગી ભગવાને આપી હોય છે. પ્રારબ્ધ અને આપણી પસંદગી તાલ મેળવીને જ આપણી જીંદગી બનાવે છે. અને આપણી જાગૃત-સભાન પસંદગી જ છેવટે આપણા પ્રારબ્ધ સુધી પહોંચાડે છે. આ ભૂલી જઇએ તો આપણે ગુનેગાર બનીએ છીએ. આ સત્યને માન ન આપીએ તો તમને જે જોઇએ તે સર્જવાની તમને આપેલી શક્તિનો તમે અનાદર કરો છો.

આ પુસ્તકમાં મેં જે રસ્તો વર્ણવ્યો છે. ‘સ્વ-જાગૃતતાના સાત પગલાં’ તે નેતા અથવા અભિનેતાની અંનત યાત્રા ઘડવાનું પ્રતિબિંબ ઉપસાવે છે. સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખીની કંડિકાનાં આગળનાં પુસ્તકોની જેમ જ, આ પુસ્તક જુલીયન માન્ટલના વ્યવહારિક સાહસો દ્વારા લોકો સમક્ષ ખુલ્લા કરે છે. પણ એ યાદ રાખવું મહત્ત્વનું છે કે આ પગલાં ખરેખર સાચા છે અને ખૂબ જ શક્તિશાળી છે. આ સાત પગલાંમાં જે પદ્ધતિ દર્શાવી છે, તે ઘણાં સ્વરૂપોમાં પૂર્વ અને પશ્ચિમનાં ડહાપણના સાહિત્યમાં, ઘણાં પ્રાચીન પુસ્તકોમાં અભિપ્રેત છે. તમે તમારા જીવનનાં નેતા છો. જો તમે તમારા જીવનમાં મનુષ્ય તરીકેની મહાન રમત રમવા માંગતા હોવ (મને ખાત્રી છે કે તમે આ રમત રમશો) તો તમારે આ રસ્તા પર ચાલ્યે જ છૂટકો છે. આ મુસાફરી તમને અધિકારવાળી સફળતાની ખાત્રી આપે છે.

ભણવાનો સૌથી સારો રસ્તો છે શીખવવું. જો તમારે ખરેખર આ સાહિત્ય આત્મસાત કરવું હોય અને તમારા જીવનમાં વણી લેવું હોય તો આ પુસ્તક વાંચી રહ્યા પછી ચોવીસ કલાકમાં તમારે બીજાને તે શીખવવું જરૂરી છે. આનાથી બે હેતુ પાર પડશે. પહેલો તે તમને જ્ઞાન આત્મસાત કરવામાં મદદ કરશે. બીજું તમારી આજુબાજુના લોકોને યાદ કરાવશે કે તેઓ ખરેખર કોણ છે અને જેવું તમે **તમારા પ્રારબ્ધને શોધો** , વાંચી લો કે તરત તમે જે લોકોને ચાહતા હોવ તેમની સાથે વાર્તાલાપ માંડો કે તમે શું શીખી રહ્યા છો. તમારી આાંતરદષ્ટિને વહેંચો. તમારી મહાન જીંદગીમાં તમે જે બદલાવ કરવાનું નક્કી કર્યું છે તેને શબ્દોમાં મૂકો. આમ કરવાથી તમારી સમજણ વધારે વિકસશે અને તે છેવટે

પરિણામમાં પરિવર્તિત થશે.

આ પુસ્તક ખરીદવા માટે આભાર. મને આશા છે કે તમને જે જોઇએ છે તે એમાંથી મળશે (અને ઘણું વધારે). આ કાર્ય ઉપર તમારા જીવનના થોડા કલાકો આપી તેને વાંચી તેના ઉપર ટીપ્પણી કરવા માટે હું તમારો ઋણી છું. અને તમારા પ્રારબ્ધને શોધવા તરફ તમે લીધેલા આ મહાન પગલાંને હું હકીકતમાં બીરદાવું છું. સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી કંડિકાના આ પુસ્તક તથા બીજાં બધાં વાંચીને દુનિયાના બીજા સ્ત્રી-પુરુષોની નાતમાં જોડાઇ રહ્યા છો. અમારા મેળાવડાઓમાં અદ્વિતિય વાર્તાલાપ થાય છે. આ સંપત્તિ મેળવવાનું સાધન છે robinsharma.com અને ત્યાં તમને તમારા પ્રારબ્ધ તરફ આગળ વધવા માટે સહકાર પણ મળશે.

આપણે બધાં અદશ્ય રીતે જોડાયેલાં છીએ. જો તમે તમારી દવા કરો છો તો તમે દુનિયાની દવા કરવામાં મદદરૂપ થાઓ છો. જેમ તમે તમારી બુદ્ધિને તેજસ્વીતા બક્ષો છો તો તમે ચૂપચાપ જેઓ આ કામ કરે છે તેમને આમંત્રણ આપો છો. જો તમે ઉચ્ચ અને ઉત્તમ મેળવવા માટે યોગ્ય કાર્ય કરો છો તો તમે જેઓ આ ઉચ્ચ રમત રમવા માંગે છે તેમને ઉદાહરણ પૂરૂં પાડો છો. અને મારા શૈક્ષણિક ગ્રાહક કહે છે તેમ 'આ એક સુંદર વસ્તુ છે.'



હું આ જીવનરૂપી સફરમાં તમારા માટે પુષ્કળ આશીર્વાદ પ્રાર્થું છું.

પ્રેમથી

Robin

રોબિન શર્મા

પ્રકરણ ૧

આધ્યાત્મિક આપત્તિકાળ

જીંદગી તમારા તર્કો સાંભળતી નથી. તે તેની રીતે વહ્યે જાય છે, ગભરાયા વગર, જીવનનો સાદ તમારે સાંભળવો જ રહ્યો; જીંદગી તમારા તર્કો સાંભળશે નહીં. તેને તમારા તર્કોની કોઇ પડી નથી.

- ઓશો

હું ધાતુની ઠંડક મારા માથા પર અનુભવી રહ્યો હતો. તે અહીં સુધી કેવી રીતે આવી શકે? હું ખરેખર તો એક ગંદી ધર્મશાળામાં મારા તાળવા પર બંદૂક તકાયેલી હતી અને બેઠો હતો, ગમે ત્યારે ટ્રીગર દબાવવામાં આવે એમ હતું. હું પરસેવાથી નીતરતો હતો અને મારૂં હૃદય જોરથી ધબકતું હતું. મારા હાથ બેકાબૂ રીતે ધ્રૂજતા હતા. કોઇ જાણતું નહોતું હું ક્યાં હતો અને કોઇને કંઇ પડી નહોતી એવું લાગતું હતું. મારે જીવવા માટે કંઇ જ બાકી રહ્યું નહોતું. તેથી હું મરવાની તૈયારી કરી રહ્યો હતો.

હું હમણાં જ એક દૈનિકના મુખ્ય સમાચાર જોઇ રહ્યો હતો: “આંતર-રાષ્ટ્રીય હોટેલના માલિક, ડેર સેન્ડરસેન ત્રણ સંતાનોના છૂટાછેડા લીધેલા પિતા પોતાના હાથે ૪૪ વર્ષે મૃત્યુ પામ્યા.”

પણ જેવી મેં આંખ બંધ કરી અને મારી છેવટની પ્રાર્થના મોટેથી કહી કે કંઇક ન બનવાનું-ચમત્કાર નહીં-બન્યું. મને ઘેન ચઢયું હોય તેવું લાગ્યું અને હું જમીન પર પડી ગયો, બંદૂક મારા હાથમાંથી છૂટી ગઇ. હું ત્યાં હાલ્યા ચાલ્યા વગર પડી રહ્યો અને આછો સફેદ પ્રકાશ મારા શરીરમાં પ્રવેશવા લાગ્યો, પણ તમે મારી કહાની માંડીવાળો તે પહેલાં મહેરબાની કરીને એટલું જાણી લો કે હું હમેશાં નમ્ર અને સામાન્ય માણસ રહ્યો છું. આવું કંઇ ક્યારેય મારી સાથે થયું નથી. મેં હમેશાં આવી રહસ્યમય વાતો સાંભળીને તેમને ગતકડાં અને બેજવાબદાર કહીને રમૂજ માણી છે. હું દેવો સાથે વાત કરતો નહતો કે કરતો નથી અને મેં ક્યારેય મારૂં જીવન નક્ષત્રોના રોજના સ્થાન પ્રમાણે ચલાવ્યું નથી. છતાં મારી સાથે જે થયું તે હું નકારી શકું નહીં કે તેનું મૂલ્ય ઓછું આંકી શકું નહીં. જે મારી સાથે બાર મહિના પહેલાં પેલી ધર્મશાળામાં થયું હતું. શું એ દૈવી અનુભવ હતો? શું એ આધ્યાત્મિક જાગૃતિ હતી? સાચું કહું તો હું જાણતો નથી. હું એટલું જાણું છું કે મારી

સાથે જે અનુભવોનો અનુક્રમ રચાયો તેનાથી હું જે જીંદગીને એક વખત ઓળખતો હતો તે બદલાઇ ગઇ.

પ્રકાશ ધીમે ધીમે વધતો ગયો. જાણે મને જોરદાર ફીટ આવી હોય તેમ મારૂં સમગ્ર શરીર ધ્રુજવા લાગ્યું. મારા હાથ પગમાંથી પુષ્કળ પસીનો વહેવા લાગ્યો અને મારૂં ધડ ઠંડુ અને નિશ્ચેત જમીન પર પડયું હતું. મને લાગ્યું કે અનંત સમય સુધી આ ચાલુ રહ્યું. પછી અદશ્ય શબ્દો આવ્યા જે મારા જહેમમાં ઊંડા ઊતરી ગયા, "**તારું જીવન અમૂલ્ય છે અને તું તારી જાત માટે જાણે છે તેના કરતાં તારામાં ઘણું વધારે છે.** "

બસ એટલું જ. જેવા આ શબ્દો મારા મનમાં ઉઠયા તેવો હું ધ્રુજતો બંધ થઇ ગયો. હું પસીનાના ખાબોચીયામાં છત તરફ તાકતો ત્યાં પડી રહ્યો. મારી આખી જીંદગીમાં આવી અનન્ય શાંતિ મેં ક્યારેય અનુભવી નહોતી. હું સંપૂર્ણ રીતે મારા હૃદયમાં અને શરીરમાં હતો. **જીવન અમૂલ્ય છે અને તું તારી જાત માટે જાણે છે તેના કરતા તારા ઘણું વધારે છે.**

થોડીવાર પછી હું ધીમેથી મારા પગ પર ઉભો થયો અને મારો સામાન સમેટવા લાગ્યો. મારા ઊંડાણમાં કંઇક ખસી ગયું હતું. જો કે હું સમજાવી શકતો નથી. ફક્ત અનુભવી શકું છું. હવે મને મારી જાતને મારી નાખવામાં કોઇ રસ રહ્યો નહોતો. કદાચ એ અવાજ સાચો હતો. કદાચ હું અત્યારે મારે માટે જાણું છું તેના કરતાં મારામાં વધારે શક્તિઓ ધરબાયેલી હોઇ શકે.

સામાન્ય રીતે જ્યારે આપણે કઠણ સમયમાંથી પસાર થતા હોઇએ ત્યારે આપણે વિચારીએ છીએ કે જે આપણે જોઇએ છીએ તે જ દુનિયા ખરેખર છે. આ એક ખોટી ધારણા છે. આપણી નિરાશાના ચોગઠામાં આપણે દુનિયાને જોઇએ છીએ. આપણે દુઃખી અને નિરાશ આંખોથી જોતા હોઇએ છીએ. હકીકતમાં જ્યારે આપણને સારું લાગવા લાગે ત્યારે આપણે દુનિયાને પણ સારી જોઇએ છીએ. અને જ્યારે આપણે અંદરની આનંદિત અવસ્થામાં આવીએ ત્યારે બહારની દુનિયા આપણી લાગણીનો પડઘો પાડે છે. મેં સમજયું છે કે દુનિયા દર્પણ છે. **જીવનમાંથી આપણને જોઇએ તે નહીં આપણે જે હોઇએ તે મળે છે** . મેં એ પણ સમજયું છે કે આપણા જીવનમાં ઋતુઓ આવે છે અને દુઃખદાયક સમય કયારેય લાંબો રહેતો નથી. **જેમ સવારનો તેજોમય પ્રકાશ હમેશાં અંધારી રાતને અનુસરે છે તેમ તમારા દુઃખના શિયાળા પછી આનંદની વસંત આવે જ છે, એવી શ્રદ્ધા રાખો.**

મારો કિસ્સો ક્યારેય એટલો ખરાબ નહોતો કે મારી જાત માટે હું દિલગીરી અનુભવું. હવે રસ્તો જ નથી એવું હું અનુભવતો નથી. તે દિવસે કોઇક પ્રકારની શક્તિ મેં પાછી મેળવી છે. સાચું કહું, જો કે હજી મારું જીવન ડામાડોળ છે પણ હું જાણવા લાગ્યો છું કે આ પરિસ્થિતિને થાળે પાડવાની શક્તિ મારામાં છે. કોઇ કારણોસર મને શ્રદ્ધા છે કે મદદ આવી રહી છે અને આનંદના દિવસો આવશે. આ મદદ કેટલી અદ્ભૂત હશે અને મારી જીંદગી કેટલી સુંદર બનશે તેના માટે હું થોડું ઘણું જાણું છું. પણ એ બધી માહિતી આપતાં પહેલાં તમને આશ્ચર્ય થતું હશે કે મારો આત્મા, એવો કયા તોડી નાખનાર સંજોગોમાં સપડાયો કે મેં મારી જાતનો અંત લાવવાનું પણ વિચાર્યું.

ફક્ત થોડા વર્ષો પૂર્વે હું વિચારતો હતો કે કોઇએ પણ સ્વપ્ન જોયું હોય તેવી જીંદગી હું જીવી રહ્યો છું. મારે પ્રેમાળ અને ચતુર પત્ની હતી જેને હું ખૂબ ચાહતો હતો. મારા ત્રણ તંદુરસ્ત અને આનંદી બાળકો છે જેઓ જે કરવાનું પસંદ કરતા તેમાં પહેલો નંબર રાખતા.

દુનિયાભરમાં પ્રશસ્ત સ્થળોએ આવેલી બુટિક હોટેલના માલિક તરીકે, હું વિચારી શકું તેના કરતાં વધારે કમાતો હતો. સિનેમાના અભિનેતાઓ, ખૂબ જ સંપત્તિવાળા અને સામાન્ય રીતે પ્રખ્યાત લોકો મારા ગ્રાહકો હતા. મેં ઘણાં પ્રખ્યાત સ્થળોનો પ્રવાસ ખેડી ઘણાં રમકડાં ભેગાં કર્યા હતા અને હું જે બજારમાં કામ કરતો હતો ત્યાં સારો એવો પ્રખ્યાત બન્યો હતો.

પછી એક દિવસ મારી દુનિયા ઉજડી ગઇ. હું એક બંગલાના વેપારી સાથે ડીનર લઇને, જે મારે ખરીદવો હતો, રાત્રે મોડો ઘેર આવ્યો. રશેલ મોટેભાગે મારા માટે થોડી લાઇટ કરી રાખતી હતી પણ તે રાતે ઘરમાં સંપૂર્ણ અંધારું હતું. આ અર્થ વગરનું હતું. હજી ફક્ત દસ વાગ્યા હતા. રશેલ ક્યાં ગઇ હતી? બાળકો કયાં હતા?

મેં ઘરમાં પ્રવેશીને દિવાનખાનામાં અને રસોડામાં લાઇટ કરી અને શાંતિએ મારું અભિવાદન કર્યું. પણ રસોડાના ટેબલ પર રશેલના જાણીતા હસ્તાક્ષરમાં એક ચીઠ્ઠી લખેલી હતી. જેમાં લખ્યું હતું:

ડેર, બાળકોને મારી બાને ત્યાં લઇ જાઉં છું. હું તને ચાહતી નથી. હું દિલગીર છું. મારો વકીલ તને સવારે ફોન કરશે.

આવા પત્ર માટે હું તૈયાર નહોતો. કારણ કંઇ જ નહોતું. જો કે મારું લગ્નજીવન ઘસડાતું હતું. પણ હું એમ જણાવતો હતો કે કંઇ ખોટું નથી. હમેશાં ઘરથી દૂર, પ્રવાસ અને ધંધો કરવો, લગ્ન જીવન અને કુટુંબ માટે સમય ન મળવો અને અમારો પહેલાંનો પ્રેમ ક્યાંય ઉડી ગયો હતો. હું હમેશાં સારો પિતા બનવાનો ઢોંગ કરતો હતો અને બહારથી એમ લાગતું પણ હતું. પણ મારા બાળકોનો અંતરઆત્મા સત્ય જાણતો હતો. હું તેમની સાથે બેઠેલો હોઉં તો પણ હું ત્યાં ન હોઉં. મારું મન ધંધો છોડી શકતું નહોતું તેથી મારી લાગણીઓ બાળકોને મળતી નહોતી. તે વખતે મને લાગે છે કે સત્ય એ હતું કે હું વધારે પડતો સ્વાર્થી માણસ હતો. હું માનતો હતો કે દુનિયા મારી આજુબાજુ ફરે છે. મારી વાતોનું જેટલું મહત્ત્વ હતું તેટલું મહત્ત્વ કોઇપણ વ્યક્તિની જરૂરીયાત કે કોઇપણ વ્યક્તિની લાગણીનું નહોતું. મારે પૈસાદાર બનવું હતું. મારે પ્રસિદ્ધ બનવું હતું. મારે જીતવું હતું અને આ પ્રક્રિયામાં જે સૌથી મહત્ત્વનું હતું તે મેં ગુમાવ્યું. છૂટાછેડાનો પત્ર અને કાગળીયાંથી મારા હૃદયના ટૂકડેટૂકડા થઇ ગયા. મને મારા ઘરમાંથી કાઢી મૂકવામાં આવ્યો અને હું મારી એક હોટલના રૂમમાં રહેવા લાગ્યો. હું મારા બાળકોને અઠવાડિયામાં એક વખત અને થોડાં શનિ-રવિ મળી શકતો. હું ખૂબ ઢીંચવા લાગ્યો અને શરમજનક રીતે મારું વજન વધી ગયું. હું હમેશાં ખૂબ દેખાવડો અને ચુસ્ત રહેતો પણ તે બધું ગયું. હું સખત માથાના દુઃખાવા સાથે ઉઠતો અને જ્યાં સુધી દારૂ રૂપી દવા ન પીઉં ત્યાં સુધી શાંત થતો નહોતો. ભગવાનનો ઉપકાર કે મેં મારો ધંધો ગુમાવ્યો નહોતો. હું એટલો તો હોંશિયાર હતો કે મેં સૌથી સારી સંચાલકોની ટૂકડી રોકી હતી. જેઓ મારા પ્રત્યે વફાદારીથી ધંધો સારો ચલાવતા હતા. ત્યારે હું મારા દુઃખના ટોપલા ફેંદવામાં વ્યસ્ત હતો. હું એકાદી મીટીંગમાં જતો અને એકાદ કાર્ય ને પૂરું કરતો. પણ મોટેભાગે હું ઘરમાં એકલો રહેતો અને અંધારામાં બેસીને બીલી હોલીડેના જૂનાં ગીતો સાંભળતો રહેતો અથવા જેક ડેનિયલ સાથે લાંબા વાર્તાલાપ કરતો. આ દુઃખદાયક ઘટના જ મને પેલી ધર્મશાળાના રુમ તરફ લઇ ગઇ હતી. જેની મેં તમને વાત કરી હતી. પણ તમારે જાણી લેવું જોઇએ કે આ ઘટના જ મને મારા ઉદ્ધાર તરફ ખેંચી ગઇ.

મેં શોધી કાઢયું હતું કે દુઃખ અને અવળા સંજોગો જ તમારા વ્યક્તિગત વિકાસને આગળ વધારવાના શક્તિશાળી સાધનો છે. આ દુઃખના કરતાં ઝડપથી શીખવામાં,

વિકસવામાં અને ઉત્ક્રાંતિ પામવામાં કોઇ મદદ કરતું નથી. વ્યક્તિ તરીકે તમારી વિશિષ્ઠ શક્તિઓને ઓળખવાની આવડી મોટી તક કોઇ આપતું નથી. માનવીય દૃષ્ટિ આને નકારાત્મક અનુભવ કહે છે. આ માત્ર એક તારણ છે અને માત્ર ડરને લીધે આ ખોટી માન્યતા છે. આપણે ન જોઇતું હોય તે બનાવ સામે આવે ત્યારે જ દુઃખ આવે છે અને એ ત્યારે બને છે જ્યારે જીંદગી આપણને કંઇક અચાનક અણધાર્યું આપે છે અથવા નવી પરિસ્થિતિ ઉભી થાય છે. અને આપણી જીંદગીમાં નવી પરિસ્થિતિઓ ત્યારે આવે છે જ્યારે માંદગી આવે અથવા આપણે જેને ચાહતા હોઇએ તેમને ગુમાવીએ અથવા નાણાંકિય નુકસાન થાય. એટલે જે કિનારાને આપણે બાઝી રહ્યા હતા તે જૂના કિનારાને છોડીને આપણે બદલાવવું જ પડે. આપણે જેની અપેક્ષા રાખતા હોઇએ તે જતું કરવું પડે અને માનવ તરીકે જતું કરવું એ ડરામણું છે. આપણે જાણીતું અને ઓળખીતું બારું છોડતાં ડરીએ છીએ. ક્યારેક આપણું જીવન જે અજાણી મુસાફરી તરફ આપણને દોરી જાય છે તેનો આપણે વિરોધ કરીએ છીએ. આમ કરવાનો વિચાર જ આપણને ડરાવી દે છે. દરેક નાવિન્ય પ્રત્યેનો વિરોધ ડરમાંથી જન્મે છે.

પણ ડરવાનું કંઇ કારણ નથી. આ વિશ્વ આપણે સમજીએ છીએ તેનાં કરતાં વધારે મિત્રતા ભરી જગ્યા છે. જે વહાણ કિનારો છોડવાનું સાહસ કરતું નથી તેને ક્યારેય નુકસાન થતું નથી. પણ બોટ કિનારે રહેવા બનાવાઇ જ નથી. તે જ રીતે જે માનવ અજાણ્યા રસ્તાઓ પર ચાલવાની હિંમત કરતો નથી તે ક્યારેય ઇજા પામતો નથી પણ માનવને એ માટે બનાવવામાં આવ્યો નથી. જીંદગીની મુસાફરીમાં જેમ આપણે અજાણી જગ્યાની મુલાકાત લેતા જઇએ તેમ અનુભવાતા વિકાસ માટે જ આપણને બનાવાયા છે. આપણી ડાહી આંખો આ સત્ય જાણે છે અને બદલાવ અને દુઃખને તે ખરેખર શું છે તે જુએ છેઃ પછી કાળજી રાખવાવાળો વૈદ આવીને આપણામાંના દુઃખતા ભાગને દૂર કરે છે. દુઃખ આપણને ઊંડાણવાળા બનાવે છે. દુઃખ આપણને હકીકતમાં આપણે કોણ છીએ તે ઓળખવામાં કારણભૂત અને મદદરૂપ થવા આવે છે. દુઃખ આપણને ખુલ્લા કરે છે. આપણને જતું કરવા ફરજ પાડે છે અને આપણે જેટલું જાણ્યું છે અને ઓળખ્યું છે તેને વળગી રહેવા કરતાં છોડતાં શીખીએ છીએ. જેમકે બાળક તેની શાળાના પહેલા દિવસે તેની માનો હાથ છોડવાથી ડરે છે અને એકલો નવા વર્ગમાં ડરે છે જ્યાં નવા મિત્રો અને ઘણું નવું અને સુંદર શીખવાનું છે. અજાણ્યામાં નાવિન્યનું અસ્તિત્વ છે અને નાવિન્ય જ જગતમાં એવી જગ્યા છે, જ્યાં શકયતાઓ છે. અને દરેક માનવ તેમના જીવનની શકયતાઓ અને ગર્ભિત તકો તરફ દોડવા માટે જ બનાવાયેલો છે. આપણે બધા મહાન બનવા માટે ઘડાયેલા છીએ. તેથી તમે કેવી રીતે કહી શકો કે દુઃખ ખરાબ છે જ્યારે એ જ વસ્તુ તમને સારા તરફ ધકેલે છે? હા, આપણામાંનો માનવ દુઃખ અનુભવે છે જેમ આપણે તેનો સામનો કરીએ તેમ. એ જ કુદરતી છે. પણ ધીમે ધીમે એ જ દુઃખ ઓછું થાય છે અને સમૃદ્ધ, શક્તિશાળી અને ડાહ્યા તમે તેમાંથી પેદા થાઓ છો.

"**અણજાણથી ડરો નહીં, કારણ ત્યાં જ તમારી મહાનતા રહે છે** ." મારા એક ખાસ ગુરુએ આ કહ્યું છે. જેને માટે તમે ટૂંકમાં ઘણું જાણવાના છો. મોટાભાગના લોકો તેમના જીવનનાં ઉત્તમ વર્ષો તેઓ જે પરિસ્થિતિને જાણે છે તેમાં પસાર કરી નાંખે છે. તેમનામાં વિદેશી ધરતી ખેડવાની હિંમત હોતી નથી અને ટોળાંને છોડવાથી ડરતા હોય છે. તેઓ ચોકઠામાં ગોઠવાવા માંગે છે અને બહાર નીકળતાં ડરે છે. તેઓ દરેકના જેવો જ પોશાક પહેરે છે. તેઓ દરેકના જેવું જ વિચારે છે અને દરેકના જેવું જ વર્તન કરે છે. છતાં તેઓ પોતાના માટે આમ કરતાં સારું અનુભવતા નથી. તેઓ તેમના હૃદયનો અવાજ

સાંભળવા માંગતા નથી અને સલામતીનો કિનારો છોડતા નથી અને નવી વસ્તુને અપનાવતા નથી. તેથી તેઓ એ જ કરે છે જે બધાં કરે છે. આમ કરવામાં તેમના એક વખતના પ્રકાશમય આત્મા પર અંધારું છવાય છે અને કરચલીઓ પડે છે. અલ્વાહ સીમોન નામના સાહસિકે કહ્યું છે, "મૃત્યુ એ તમારા જીવનને ગુમાવવાના ઘણા રસ્તાઓમાંનો એક રસ્તો છે."

તમારા જીવનના સલામતીના કિનારે ભટકવું એ બીજું કંઇ નથી પણ તમે તમારા ડરની જેલમાં રહેવાનું પસંદ કરો છો. તમે જ્યારે એક ચોગઠામાં જીવતા હોવ ત્યારે તમને આભાસ થાય કે તમે સ્વતંત્ર છો પણ મારું માનો આ એક આભાસ માત્ર છે. જે જુઠાણું તમે તમારી જાતને કહો છો. જ્યારે નવી ક્ષિતિજો માટે તમે ચોગઠાને છોડો અને ટોળાને અનુસરવાનું બંધ કરો ત્યારે ડર તમારા ઉપર છવાશે જ. તમે પણ માનવ છો. પણ આ ડર અનુભવ્યા પછી કોઇપણ રીતે આગળ રસ્તો કરવા માટે હિંમત જોઇએ છે. **હિંમત એટલે ડરનો અભાવ નહીં પણ તમારા માટે મહત્ત્વના ધ્યેયના રસ્તામાં આગળ વધવા માટે ડરમાંથી પસાર થવાની મહેચ્છા.** તમે જ્યારે સલામતીના બારામાં જીવો છો ત્યારે તમે જીવતા મરેલા છો કારણ તમે જાણીતાને વળગેલા છો. જ્યારે તમે અજાણી જગ્યામાં પ્રવેશ કરવાનું સાહસ કરો છો અને તમારા જીવન માટે વિદેશી જગ્યા શોધો છો ત્યારે તમે જીવનમાં પાછા ફરો છો તમારું હૃદય ફરીથી ધડકવા લાગે છે. જીવવાનું સાહસ અને રોમાંચ પાછો આવે છે. **યાદ રાખો, તમારા ડરોની સામેની બાજુએ તમને તમારું પ્રારબ્ધ મળશે.**

અહીં હું તમને એક યોગ્ય રૂપક આપું છું. જો તમે તમારી આખી જીંદગી જેલમાં વિતાવી હોય તો, જ્યારે તમે છૂટવાના હોવ ત્યારે ઘણા ડરો ઉભા થાય છે. જ્યારે જેલમાં તમને સ્વતંત્રતા ન હોવા છતાં, તમે જાણીતી દુનિયામાં જીવતા હતા કારણ તમારા માટે એક કડક રોજીંદું કામ નક્કી કરવામાં આવ્યું હતું. તમે જાણતા હતા કે તમારે ક્યારે ઉઠવાનું છે. તમે જાણતા હતા કે તમારે ક્યારે કસરત કરવાની છે અને તમે ટૂંકમાં જાણતા હતા કે તમે ક્યારે અને શું ખાઇ શકો. હવે જ્યારે તમે જેલમાં રહ્યા નથી ત્યારે તમને ડર લાગે છે. તમે જાણતા નથી કે શું કરવું અને ક્યાં જવું. કંઇ નક્કી નથી ફક્ત ચોક્કસતા છે. અનજાણ જગ્યાની અસલામતી અને દુ:ખદાયક પરિસ્થિતિનો સામનો કરવા કરતાં તમે જાણીતી સ્થિતિમાં પાછા ફરો તે સ્વાભાવિક છે. તમે કેદી બનવાનું પસંદ કરો તમને સ્વતંત્યતા પાછી મેળવવી ન ફાવે, આનો કંઇ અર્થ નથી પણ આપણામાંના મોટાભાગના પોતાની જીંદગી આમ જ હંકારે છે.

ટૂંકમાં હું મારા ગુરુ વિષે કહીશ તેમની પાસેથી હું આ બધું તત્ત્વજ્ઞાન શીખ્યો છું. આજ દિવસ સુધી આ ગુરુની એકમાત્ર મહાન છાપ મારા જીવન પર છે. ફકત બાર મહિના પહેલાં ડહાપણ અને તેના અગત્યના સાત પગલાં જે તેમણે મને કહ્યા તેથી મારા જીવનમાં ઝંઝાવાતી પરિવર્તન આવ્યું છે. હું પહેલાં ક્યારેય આટલો ખુશ નહોતો. મેં પહેલાં આટલી જીવંતતા અનુભવી નહોતી. મને મારી જાત પ્રત્યે આટલું માન નહોતું. મને મારી જીંદગીનો પ્રેમ મળી ગયો હતો. મારી તબિયત ચુસ્ત છે. અને મારો ધંધો વધી રહ્યો છે. મેં કયારેય વિચાર્યું નહોતું જીવન આટલું સરસ હોઇ શકે. આ તમારી સાથે પણ બની શકે. મને જે સોગાદ મળી છે તે તમને પણ મળી શકે. તમારે કેટલીક નવી પસંદગીઓ કરી ચોક્કસ કેટલુંક જોખમ લેવું પડે. તમારે થોડા સમય અને શક્તિનું રોકાણ ચોક્કસ કરવું પડે. જેથી તમારા મહાન અને સુંદર આત્માનો જે ભાગ તમે ખોયો છે તે ફરી મેળવી શકો. જાણ્યા અજાણ્યા ડરો, જે તમને નાના રાખે છે તેનો તમારે સામનો કરવો પડશે. પણ તેમ

કરતાં તમારી ઉચ્ચ અને મહાનતમ જાતને જાગૃત કરી શકો. અને આનાથી વધારે મહત્ત્વનું શું હોઇ શકે?

મેં જણાવ્યું તે ગુરુ હું જાણું છું કે ખૂબ શાણા, શક્તિશાળી અને ઉત્તમ છે. તેઓ પાગલપનની હદ સુધી સર્જનાત્મક છે. તેમની પધ્ધતિ કોમળ છે અને પ્રાચીન નથી. ખરેખર તો ઘણી વખત તે ખૂબ નરમ બની જાય છે. તમે એમના જેવાને ક્યારેય નહીં મળ્યા હોવ. પણ જીવન બદલવાનું જ્ઞાન આપવાની તેમની વિશિષ્ઠ આવડત એવી છે કે તેઓ તમારા આત્મા સાથે વાત કરે છે. અને એવા અનુભવો આપે છે કે તમારું જીવન સુંદર રીતે ખીલી ઉઠે છે. તેમની શિક્ષા તમે જે શોધો છે તે તમારું પ્રારબ્ધ શોધી આપવામાં મદદરૂપ થાય છે અને જે ઐશ્વર્યપૂર્ણ જીવનનો તમારો જન્મસિદ્ધ હક્ક છે તે તમે પામો છો.

હું ધારું છું કે અકસ્માત થતા નથી. ધર્મશાળામાં મારી અનુભૂતિ પછી હું મારા ગુરુને મળ્યો. એક દિવસ હું મારી ટીમ સાથે કોઇ કામે ગયો હતો અને ઇવાન જેસન, મારો હ્યુમન રીસોર્સ મેનેજર તે દિવસે મોડી સાંજની પ્રોત્સાહન શિબિરની બે ટીકીટો લઇને મારી ઓફીસમાં આવ્યો. ઇવાન આવા પ્રસંગોનો ચાહક હતો અને વ્યક્તિગત વિકાસના પ્રસારમાં ખૂબ રસ લેતો હતો. બીજી બાજુ હું શંકાશીલ હતો. તેમને પ્રામાણિકપણે કહું તો મને પ્રોત્સાહ-વર્ધક પર વક્તવ્ય આપનાર ગમતા નહોતા. મને તેઓ ગળ્યા રૂ જેવા લગતા હતા. થોડી ક્ષણો માટે મીઠા પણ તરત જ તમે અનુભવો કે પાછળ કંઇ બાકી રહ્યું નથી.

ઇવાનનો દીકરો તે રાત્રે પહેલી વાર પીયાનો વગાડવાનો હતો તેથી તે શિબિરમાં તે જઇ શકે તેમ નહોતો. તે મને મોકલવા ઇચ્છતો હતો. તેણે વિચાર્યું આથી મારા આત્માને ઠંડક મળશે અને કદાચ મારા જીવનમાં કોઇ બદલાવ લાવવાની મને પ્રેરણા મળે. તે જાણતો હતો કે ધંધાકીય રીતે અને વ્યક્તિગત રીતે મારે યોગ્ય રસ્તા પર પાછા ફરવાની જરૂર છે. મેં તેને કહ્યું હું જવા માંગતો નથી અને મને સાદા અને ઘસાયેલાં વાક્યોને વધારે પડતાં થઇ જાય તો પચતાં નથી અને પ્રોત્સાહન આપનારાઓના હમેશના ધાર્મિક વચનો મને અસર કરતા નથી. મેં તેને કહ્યું હજી હું ઘણી લડત લડી રહ્યો છું અને તે સાંજે હું એકલો રહું એ જ ઉત્તમ છે. પછી કંઇક સરસ બન્યું. મારો સહકાર્યકર જે ઘણી અંતઃસ્ફૂરણાવાળો છે તેણે સીધું મારી આંખોમાં જોયું અને બોલ્યો, "મિત્ર, આના માટે મારા પર વિશ્વાસ રાખ. મને લાગે છે કે આ શિબિરમાં તું જાય તેના માટે કંઇક કારણ છે એવી મારી લાગણી છે અને મારું મન કહે છે માટે તું જા."

મોટેભાગે હું દિમાગથી કામ લેવાવાળો માણસ છું. કારણો કરતાં શોખ મને ત્યાં દોરી ગયો. જો બુદ્ધિથી કેટલીક વસ્તુની અસર ન થતી હોય તો તેનું મૂલ્ય હું ઓછું આંકુ છું. પરંતુ હું એ રીતે મારું સંપૂર્ણ જીવન જીવ્યો હતો અને મારું જીવન અટકી ગયું હતું. મને આઇનસ્ટાઇનની પાગલપનની વ્યાખ્યા ગમે છેઃ "એક જ કામ કરવું અને જૂદાં જૂદાં પરિણામોની અપેક્ષા રાખવી." જો મારે નવાં પરિણામો જોઇતા હશે તો મારે **નવી પદ્ધતિઓથી** કામ કરવું પડશે. નહીં તો મારું જીવન હું મરીશ નહીં ત્યાં સુધી એમ જ રહેશે.

મારા અંતરમાં કોઇએ મને સૂચન કર્યું કે માનવ તરીકે જીવવાનો બીજો રસ્તો કદાચ મળી રહે. હમણાં જ મેં આધ્યાત્મિકતા ઉપર એક પુસ્તક વાંચ્યુ હતું, જો કે આવાં પુસ્તકોને પહેલાં હું ક્યારેય અડયો નહોતો. મને ખબર નથી કે મને તે પુસ્તક વાંચવાની કોણે ફરજ પાડી, પણ મેં વાચ્યું. કદાચ દુઃખમાં હોવાથી હું ગમે ત્યાંથી મદદ લેવા તૈયાર હતો. **એ સત્ય છે કે આપણા સૌથી ખરાબ સમયમાં આપણે વધારે ઊંડું વિચારીએ છીએ.** જ્યારે જીવન સારું હોય ત્યારે આપણે ઉપર છેલ્લું જીવીએ છીએ. આપણે ઊંડું

વિચારતા નથી. પણ જ્યારે દરિયો તોફાની બને છે ત્યારે આપણે વિચારીએ છીએ કે આમ કેમ થયું? વિપરીત બનાવો આપણને વધારે તત્ત્વજ્ઞાની બનાવે છે. જ્યારે પ્રશ્નો ઉભા થાય ત્યારે આપણે જીવનના મોટા પ્રશ્નો માટે વિચારીએ છીએ, જેમ કે શા માટે દુઃખ થાય છે. શા માટે આપણા સૌથી સારા આયોજનોમાંથી આપણી અપેક્ષા મુજબ પરિણામો ન આવ્યા અને જીવન શાંતિથી આવતી તકો અથવા શક્તિશાળી પસંદગીથી ઘડાય છે.

આ પુસ્તક જે મેં વાંચ્યુ તેમાં લેખકે લખ્યું છે કે મન મર્યાદિત છે જ્યારે હૃદય અમર્યાદિત છે. મન ક્રૂર હોઇ શકે જે તમારા જીવનના સૌથી સારા વર્ષો ભૂતકાળમાં ખર્ચી નાખે અથવા જે ક્યારેય નથી બનવાનું તેની વર્તમાનમાં ચિંતા કરવામાં ખર્ચાઇ જાય છે. મનની ચાહત બાહ્ય શક્તિમાં છે નહીં કે આધ્યાત્મમાં, જેમકે દુન્યવી વસ્તુઓ પૈસો, સત્તા અને સંપત્તિ. બાહ્ય શક્તિમાં મુશ્કેલી એ છે કે જ્યારે તમે પૈસા, સત્તા અથવા સંપત્તિ ગુમાવો ત્યારે તમે તાકાત પણ ગુમાવો છો તેથી તે છેતરામણી છે. જો તમે તમારું અસ્તિત્વ આ વસ્તુ સાથે જોડયું હશે તો જ્યારે એ વસ્તુઓ જશે ત્યારે તમે કોણ છો તે ભાન ગુમાવો છો. ફકત એક જ શક્તિ છે અને તે સર્વસત્તાધીશની-જે તમારા અંદરથી આવે છે.

આ પુસ્તકમાં હતું કે નાની નાની વાતો માટે હૃદયને કોઇ ઇચ્છા હોતી નથી. હૃદય વર્તમાનની ક્ષણોમાં જીવે છે. તે જાણે છે કે એમ જ જીવન જીવાય. પૂર્ણતા, પ્રેમ, સહૃદયતા અને બીજા માનવોની સેવા કરવી આવા જખમ ભરવાનું કામ હૃદયનું છે. તેને ખબર છે કે અદશ્ય રીતે આપણે એકબીજા સાથે જોડાયેલા છીએ, અને આપણે એક જ કુટુંબના ભાઇ બહેન છીએ, અને આનંદ બીજાને આપવામાં અને તેમના વિકાસમાં સહકાર આપવામાં છે. "ટીપું છોડી દો અને સમુદ્ર બની જાઓ." આમ તેજસ્વી સૂફી કવિ સમીએ કહ્યું છે. હૃદય આ સત્ય જાણે છે. હા, મન પાસે કારણો આપી પરાવૃત થવાની આવડત છે જે મન એક મોટા સાધનરૂપે હૃદયે તેના કામ કરવા માટે વાપરવું જોઇએ. જે મન આયોજન, શિક્ષણ અને વિચારવાના સાધન તરીકે વાપરી શકાય. પણ આ કાર્યો હૃદયની પરવાનગીથી અને દોરવણીથી થઇ શકે. મન અને હૃદયને જીંદગીભરના ભાગીદાર બનાવવા જોઇએ. જો કોઇએ સુંદર જીવન જીવવું હોય તો તેમણે સંપથી કાર્ય કરવું જોઇએ. જો તમે ફકત મસ્તિષ્કથી જીવશો તો જીવનનો શ્વાસ અને તાલમેલ ખોઇ દેશો. જો તમે સંપૂર્ણરીતે હૃદયથી જીવશો તો લાગણીશીલ મૂર્ખ જેવું વર્તન કરી નબળા નિર્ણયો લેશો અને અવ્યવસ્થા વધશે. આના માટે એક સમતોલન હોવું જરૂરી છે જે સમય, શક્તિ અને યોગ્ય સમજણ માંગે છે.

ઇવાન શાંતિથી રાહ જોતો ઉભો હતો. મને કંઇક નવું શોધવાની લાગણી થઇ. જે સપાટી પર થઇ રહ્યું હતું તેના પર ક્ષણભર ધ્યાન આપવા કરતાં, મારી મર્યાદાઓને કારણો આપવા કરતાં, મેં ઊંડા ઉતરીને વિચારવાનું નક્કી કર્યું.

ઇવાન મારી પાસે આવ્યો અને મને ભેટતાં બોલ્યો, "તમને ખબર છે ને અમે તમને ચાહીએ છીએ."

મારા લાંબા સમયના સહકાર્યકર પાસેથી આવા માયાળુ વાક્યો સાંભળતાં જ હું અંદરથી હચમચી ગયો. આંસુ વહેવા લાગ્યા, થોડાં આંસુ અત્યારે મારા જીવનમાં જે દુઃખ હું અનુભવી રહ્યો હતો તેના માટે અને આ માણસ પાસેથી કોઇ શરત વગરનો પ્રેમ મેં અનુભવ્યો તેના માટે.

"ઇવાન તારો આભાર," મેં કહ્યું, "તું સારો માણસ છે અને હું તેને માનું છું."

“મિત્ર મારો વિશ્વાસ કર. આ શિબિર તારા માટે ખરેખર મહત્ત્વની બની રહેશે, અને તને ખબર છે ત્યાં તું કોને મળવાનો છે?”

થોડું ઘણું હું જાણતો હતો, મારી મહાન જીંદગી પ્રત્યે મને દોરનારને હું ત્યાં મળવાનો હતો.

પ્રકરણ : ૨

સાધક ગુરુને મળે છે

આપણે ખોજ બંધ કરવી જોઇએ નહીં અને આપણી દરેક ખોજનો અંત ત્યારે આવે છે જ્યારે આપણે જ્યાંથી શરૂઆત કરી હોય ત્યાં પહોંચીએ, અને તે સ્થળને પહેલી વાર ઓળખીએ.

- ટી. એસ. ઇલીયટ

તે રાતે મેં જોયું કે એક રૂમમાં પાંચ હજાર લોકો જીંદગીના ગહન પ્રશ્નોના જવાબોની શોધમાં બેઠા હતા. વક્તાઓ તરફથી રૉક સંગીત વાગતું હતું અને અંધારા અને ગભરામણ ભર્યા રૂમમાં પ્રકાશ રેલાયો. ઓરડામાં ઉર્જા અનુભવાતી હતી અને વક્તા પધાર્યા. તેઓ સુદઢ, શિસ્તબદ્ધ અને ખૂબ જ આકર્ષક લાગતા હતા. તેઓ લગભગ બે કલાક સુધી શ્રોતાઓનું ધ્યાન જકડી રાખી, અસ્ખલિત બોલતા રહ્યા અને અમારા પર લાગણીઓનું રોલર ફેરવતા રહ્યા. જેમાં અમે હસ્યા, રડયા અને વિચાર્યું કે શા માટે આપણે આવું જીવન જીવીએ છીએ અને અમે દરેકે દરેક આમાંથી વધારે સારું કઇ રીતે પામી શકીએ. તેમણે પિતા વગરના તેમના બાળપણની વાત કરી. તેમણે તેમને થયેલા કેન્સરની વાત કરી અને તેથી સામાન્ય રીતે જીવનની જે વસ્તુઓને આપણે અવગણીએ છીએ તેની સાથે તેઓ કેવી રીતે જોડાઇ ગયા. તેમની આંતરદષ્ટિએ અમને હસાવ્યા. જેમ કે "તમે જીવનમાં એક જ વસ્તુની અપેક્ષા રાખી શકો અને તે છે અનઅપેક્ષિતતા" અને "જો તમારે ભગવાનને હસાવવા હોય તો તેમને તમારા આયોજનો જણાવો." મને તેમની નમ્રતા પણ સ્પર્શી ગઇ. તેમણે કહ્યું હું જીવનનો વિદ્યાર્થી છું હું કંઇ ગુરુ નથી અને રમૂજ કરી કે આજે સવારે પ્રાર્થના કરતાં મેં ભગવાનને વિનંતી કરી છે કે "હે ભગવાન, મારો કૂતરો મારા માટે જે વિચારે છે તેવો મને બનાવજે."

"**તમારા જખમો તમારું ડહાપણ બની રહ્યા હશે** ." આ તેમણે તેમના વક્તવ્યમાં સતત કહ્યું. "તમારા અવરોધો તમારું પહેલું પગથિયું બની શકે, **જો તમે એમ કરવાનું પસંદ** કરો તો વિપરીત અને કરુણ પ્રસંગો તમને જે તકો પૂરી પાડે છે તેને ગુમાવો નહીં. **તમારી જીંદગીમાં તમારા હૃદય ભગ્ન કરતા પ્રસંગો જ તમને વધારે સારા બનાવે છે."**

તેમના વક્તવ્યને અંતે વક્તા એ દરેકને નિઃશબ્દ કરી નાખ્યા હતા. સંપૂર્ણ શાંતિ છવાયેલી હતી કારણ અમે તેમના શબ્દેશબ્દ ઉપર વિચારતા હતા. તેમણે તેમનું વક્તવ્ય નીચેના વાક્ય સાથે પૂરું કર્યું. "ઘણાં લોકોને મૃત્યુ પર્યંત સમજણ પડતી નથી કે કેવી રીતે જીવવું અને એ શરમજનક છે. મોટાભાગના લોકો તેમના જીવનના ઘણાં વર્ષો ટેલિવીઝન જોવામાં કાઢી નાખે છે. ઘણાં લોકો વીસ વર્ષે મરી જાય છે અને એંસી વર્ષે દફનાવાય છે. મહેરબાની કરીને તમારી સાથે આવું ન થવા દો."

તાળીઓના ગડગડાટ સાથે ઉભા થઇને સન્માન પામેલા વક્તાએ તકતો છોડયો. હું શાંતિથી ત્યાં જ બેસી રહ્યો કારણ સવાલોથી મારું માથું ભરાવા લાગ્યું હતું. "હું જીવનમાં આટલું ખાલીપણું શા માટે અનુભવું છું?" મારી પાસે ગમે તેટલા પૈસા હોય અથવા હું સફળ થયો હોઉં પણ હું સરખું જ અનુભવું છું. મને આશ્ચર્ય થાય છે કે મેં જે કારકિર્દી પસંદ કરી છે તેને લીધે તો આમ નથી. અથવા મારું 'જીવન કાર્ય' કંઇક બીજું કરવાનું મારા નસીબમાં છે. મને એવો પણ પ્રશ્ન થતો હતો કે જીવનમાં મને ખરો પ્રેમ મળશે અને આત્માના સંબંધીઓ ખરેખર અસ્તિત્વમાં છે. આટલા બધા પ્રશ્ન ઉદ્‌ભવવા એ રસપ્રદ હતું કારણ મેં મારા માટે થોડો શાંત અને સ્થિર સમય કાઢયો હતો.

જેમ હું ઊંડો ઉતરતો ગયો તેમ વધારે સવાલો ઊભરાવા લાગ્યા. મારું જીવન જીવવાની પસંદગી મારી છે કે આ બધું કોઇ મહાન આયોજન નીચે પહેલેથી જ નક્કી છે? જો મારી પસંદગી હોય તો બધું સારું કરતાં મને કોણ રોકે છે? શું ખરેખર મારા માટે સારું ભવિષ્ય રાહ જુએ છે કે આ એક આશાજનક વિચાર છે? મને આશ્ચર્ય થતું હતું કે રશેલ અને મારી વચ્ચે જે થયું તે કુદરતની અદશ્ય શક્તિએ કરાવ્યું કે તે બધું મારી વ્યક્તિગત પસંદગીનો પ્રત્યાઘાત હતો. જેમાં મેં મારા કુટુંબ કરતાં મારા ધંધાને પ્રાધાન્ય આપ્યું, મારી જરૂરીયાતો આગળ ધરી પણ હું મોટા હૃદયનો, દયાળુ અને કાળજી લેનારો ન બન્યો. મેં મારી આંખો બંધ કરી અને આ બધા પ્રશ્ન વિષે વિચાર્યું પછી હું કંઇક એવું કરવા લાગ્યો જે મેં ક્યારેય કર્યું નહોતું. મારા જવાબો માટે હું ઇશ્વરને પ્રાર્થના કરવા લાગ્યો.

થોડી મિનિટોમાં જ, કોઇને મારું નામ બોલતા સાંભળ્યા. મેં આગળ પાછળ જોયું પણ હું કોઇને ઓળખી શક્યો નહીં. આગલી રાતનો વિચિત્ર અનુભવ યાદ કરી હું આશ્ચર્ય પામ્યો કે હું ઘેલછામાં તો નથી. ફક્ત ૨૪ કલાક પૂર્વે મારું શરીર પ્રકાશમાં નાહી રહ્યું હતું અને મને સંદેશો મળ્યો હતો "**જીવન એક ખજાનો છે અને તમે તમારી જાતને જાણો છો તેના કરતાં તમે ઘણું વધારે છો** ." અને હવે લગભગ ખાલી સભાગૃહમાં વિસરી ન શકાય તેવું પ્રોત્સાહનવર્ધક વક્તવ્ય સાંભળીને હું મારું નામ સાંભળું છું. ફરી એકવાર મેં આંખો બંધ કરી ફક્ત મારું નામ ફરીથી બોલાતું સાંભળવા માટે ઝડપથી મેં આંખો ખોલી અને ફરીથી કોઇ જાણીતી વ્યક્તિ માટે મેં આજુબાજુ જોયું. જો કે આ વખતે મેં વિચિત્ર પણ ભૂલી ન શકાય તેવી નિશાની મારી ખુરશીની બાજુમાં જોઇ. એક નવું પરબિડિયું- જેમાં લાલ સુંદર અક્ષરમાં મારું નામ લખેલું હતું. તે બંધ હતું મેં તેને ખોલ્યું અને કાગળ પરના શબ્દો વાંચ્યાઃ મિત્ર ખોટી જીંદગી જીવવાનું બંધ કર. તારા પ્રત્યે સાચો બન અને તારું પ્રારબ્ધ બારણું ખખડાવતું આવશે. હું તને તકતાની પાછળ મળીશ. તારું શર્ટ સારું છે મને પટ્ટા ગમે છે."

શું ચાલી રહ્યું છે? ઇવાને મને કહ્યું હતું કે આ પ્રોત્સાહન શિબિરમાં કંઇક મહત્વનું બનશે પણ આ લગભગ હકીકતથી વિશેષ હતું. મારું હૃદય જોરથી ધડકવા લાગ્યું અને કોઇ રમૂજ કરતું હોય તો મને નવાઇ ન લાગે અથવા હું કોઇ ખતરનાક પરિસ્થિતિમાં સપડાઇ ગયો છું. પ્રોત્સાહક વક્તાના વક્તવ્યથી મારી અંદર બધું ઘુંટાતું હતું જેમ કે

કોઇએ વાવેલા છોડના બી અંકુરિત થયા હતા. એક શબ્દ ઝડપથી મારા મનમાં આવ્યો. 'શ્રદ્ધા' મેં મારી ચિઠ્ઠિ લીધી અને મારી બ્રીફકેસમાં મૂકી. હું ઉભો થયો અને કોઇપણ સંશય વગર વક્તાએ આપેલા ઉત્સાહવર્ધક વક્તવ્યના તકતા તરફ ચાલવા લાગ્યો. તકતાની આગળ પડદા તરફ મેં મારો રસ્તો બનાવ્યો અને કપડાંના પડદા તરફ સરકયો.

પડદા પાછળ ખૂબ હલચલ હતી. વક્તા દેખાતા નહોતા પણ ઑડીઓ-વિજ્યુઅલના સંચાલકો તેમના સાધનો એલ્યુમિનિયમના ખોખામાં મૂકતા હતા. કોઇએ મારું આગમન નોંધ્યું નહોતું. જેવું મેં તકતા પાછળ ચાલવાનું ચાલુ રાખ્યું કે એક દરવાજો ધીમેથી ખુલ્યો અને તેમાંનો પ્રકાશ અંધારી જગ્યામાં ફેલાવા લાગ્યો. મને લાગ્યું કે હું તે દરવાજા તરફ દોરવાઉં છું, વિચિત્ર લાગતું હતું. ચોક્કસપણે હું દરવાજા પ્રત્યે ખેંચાયો. હું તેમાંથી પસાર થયો અને હૉલમાં દાખલ થયો. મારું હૃદય ઝડપથી ચાલતું હતું અને મારા પેટમાં ચિંતાના વળ પડી ગયા હતા અને હું હૉલ તરફ ગયો. હું ડરતો હતો અને અનિશ્ચિત હતો. પણ મેં પહેલાં ન અનુભવેલો આત્મવિશ્વાસ અનુભવ્યો. જે આત્મવિશ્વાસ મને ખૂબ ધીમેથી સંકેત આપતો હતો કે કોઇ કાળજી રાખવાવાળું છે.

ઓરડાનો રસ્તો મને લાલ દરવાજા પ્રત્યે દોરી ગયો જેના પર એક રૂપેરી તારાના નિશાન સિવાય કંઇ નહોતું. મેં ધાર્યું કે જે લોકો આ ઓડીટોરીયમમાં તેમનો પરફોર્મન્સ આપતા હોય તેવા લોકો માટે આ ડ્રેસીંગ રુમ અનામત રાખવામાં આવ્યો હશે. મેં ત્રણ વખત દરવાજા પર ટકોરા માર્યા. કોઇએ જવાબ આપ્યો નહીં. મેં ફરીથી વધારે ઝનૂનથી ટકોરા માર્યા. ફરીથી કોઇ પ્રતિસાદ ન આવ્યો. મેં થોડીવાર રાહ જોઇ, પછી નક્કી કર્યું કે કદાચ હું મારો સમય બગાડી રહ્યો છું. મને મોકલવામાં આવેલી નોંધમાં તકતા પાછળ જવાનું કહ્યું હતું પણ અહીં કોઇ નથી. આનો કોઇ અર્થ નથી. હું થાક અનુભવતો હતો અને મારે ઉંઘવાની સખત જરૂર હતી. બે દિવસ ખરાબ ગયા હતા અને મારી નસોને કામ કરતી કરવા ગરમ ચ્હાની જરૂર હતી.

હું જવાનો જ હતો ત્યાં જાદુઇ રીતે દરવાજો ખૂલી ગયો. મેં દરવાજા તરફથી અંદર કોઇને જોયું નહીં પણ દરવાજો ખૂલતો રહ્યો. જેવો મેં રૂમમાં પગ મૂકયો કે મેં જે જોયું તેથી હું ચોંકી ગયો. જમીન પર ગુલાબની પાંખડીઓ પથરાયેલી હતી. લાંબો ઝભ્ભો પહેરેલી એક ઊંચી વ્યક્તિ મારી સામે ઊભી હતી. નેપાળમાં રહેતા સાધુ જેવા વેશમાં, તેની પીઠ મારા તરફ હતી અને તે હલનચલન કરતા નહોતા. તેમના ઝભ્ભાની પાછળની બાજુએ જે ભરતકામ કરેલું હતું તેણે મારું ધ્યાન ખેંચ્યું. તે સુંદર અને સરસ રંગનું હતું. કોઇપણ કારણસર મને આરામ લાગ્યો અને મેં એક નિશ્વાસ છોડયો. મને પૂછતા નહીં શા માટે પણ મને લાગ્યું કે હું મારા મિત્ર સાથે છું.

ધીમેથી અને નાટકીય ઢબે તે વ્યક્તિ મારા તરફ ફરી અને સીધું મારી આંખમાં જોયું. આ નજરથી તેઓ મારા આત્માને સ્પર્શવા માંગતા હોય તેમ લાગ્યું. મારી જીંદગીમાં આવી શક્તિ આત્મસાત કરનાર કોઇને હું મળ્યો નહોતો. તેઓ યુવાન, તપેલા લાલ રંગવાળા, ભરાવદાર વાળવાળા અને અત્યંત સારા શરીર સૌષ્ઠવવાળા લાગતા હતા. જેમકે પ્રાચીન સમયના કોઇ ગ્રીક દેવ હોય અને તેમની આંખો હું ક્યારેય ભૂલીશ નહીં. ખૂબ પારદર્શક અને ધ્યાન ખેંચે તેવી આંખો મેં આજ સુધી જોઇ નથી.

આ માણસ કોણ છે? એ શા માટે મારી સામે તાકી રહ્યો છે? મને શા માટે ડર લાગતો નથી? આ ખાસ અનુભવથી આશ્ચર્યમાં ગરકાવ એવા મને સમજાતું નહોતું કે શું કરવું અને હું ત્યાં જ ઉભો રહ્યો. ઓરડો શાંત હતો અને આ અજાણ્યો માણસ સ્થિર રહયો અને કોઇ પ્રતિભાવ નહોતો. અને પછી તેના ચહેરા ઉપર નમ્ર સ્મિત અંકાયું અને તેની આંખો

બાળકની જેમ ચમકવા લાગી. તે આત્મવિશ્વાસથી બોલવા લાગ્યો.

"મિત્ર, ફક્ત તું જ તારા પ્રારબ્ધને શોધી શકે. તારું હૃદય માન્ય કરે તેવો રસ્તો ફકત તું જ જાણી શકે. પણ પથદર્શક હોય તો મુસાફરી સરળ બને છે. આપણને બધાને સારા પથદર્શકની જરૂર છે. જે આપણને મહાન જીવન બનાવવામાં મદદ કરે. ઝેન સંતો કહે છે કે જ્યારે વિદ્યાર્થી તૈયાર હોય ત્યારે ગુરુ મળે છે. હવે આ વાત ખૂબ કહેવાયેલી છે પણ એ સાચી છે. તેં તારી સ્ફૂરણામાં શ્રદ્ધા રાખી અને આજે રાત્રે અહીં આવ્યો નથી હું ખૂબ ખુશ છું. તારે ડરવાની જરૂર નથી. તારી સાથે શું બન્યું તે હું જાણું છું. મને તારા નુકસાનની ખબર છે. મને તારા દુઃખની ખબર છે. મને તારી મુંઝવણની ખબર છે. હું કંઇક તારા વિરહ વિશે પણ જાણું છું.

"મારું ઝૂરવું? તમે શું કહો છો?" મેં શાંતિથી પૂછયું.

"તું એક સાધક છે, જેમ આજે દુનિયામાં બીજા ઘણા છે. દુનિયા બદલાઇ રહી છે જેમ કે જે લોકો એક વખત સામાન્ય જીંદગી જીવવાની ઇચ્છા રાખતા હતા તેઓ પોતાની સગવડોમાંથી બહાર નીકળીને અસામાન્ય કંદરાઓ ખૂંદવા નીકળ્યા છે. લોકો અત્યારે અડધી જીંદગી જીવવામાં માનતા નથી. તેમને તેમની અધિકારપૂર્વકની શક્તિથી દૂર થવું નથી. તેમને મહાન જીંદગી જીવવી છે. વાદળોમાં વિહરવું છે. મહાન માણસો સાથે ફરવું છે અને નક્ષત્રો સાથે નૃત્ય કરવું છે!" તેમના ઘેરા અવાજે તેમનો ઓરડો ભરી દીધો.

હવે તે હસવા લાગ્યા. કેવું મુક્ત અને ચેપી હાસ્ય હતું!

"મિત્ર મને માફ કર, હું થોડો લાગણીશીલ થઇ ગયો હતો. એમ છે કે આજે દુનિયામાં જે થાય છે તે માટે હું ઉત્સાહિત થઇ ગયો છું. લાખો લોકો તેમની ઉત્તમ જીંદગી જીવવા બહાર પડયા છે. ઘણાં લોકો વિજયી બનવા માટે ઘાયલ થવાનું પસંદ કરતા નથી. તેથી ઘણાં લોકો તેમના અંતર આત્માને ઓળખી તેમના ડરોને જીતવાનું પસંદ કરે છે. આખી દુનિયામાં હૃદય ખુલ્લા થાય છે અને મોટા થતા અને પુખ્ત વયના બનતા જે લોકો પોતાની તેજસ્વીતા અને સુંદરતા ગુમાવે છે તે તેમને પાછી મેળવવી છે. આ જીવવા માટે અસામાન્ય સમય છે. આખી દુનિયા સારી બનતી જાય છે. ખરેખર, માનવ તરીકે આના કરતાં સારો સમય ક્યારેય નહોતો."

"મને એવું લાગતું નથી." મારી શંકા સપાટી પર આવતાં હું બોલ્યો, "દુનિયામાં લડાઇ છે, દુકાળ છે અને ગુનાખોરી છે. આપણું વાતાવરણ ડહોળાયેલું છે. મને ગલત ન સમજતા, હું સામાજીક રીતે જાગૃત માનવી નથી. પણ હું જોઇ શકું છું કે દુનિયા ખૂબ અસ્થિર અને ઝંઝવાતી છે."

"સાચું છે." તે માણસે નમ્રતાથી જવાબ આપ્યો. જાણે કે તેમને મારી સામે સાચા દેખાવાનો કોઇ અહમ નહોતો કે મારી સામે તેઓ કંઇ સાબિત કરે. "દુનિયામાં હજી ઘણો અંધકાર છે. પણ મારામાં શ્રદ્ધા રાખ અહીં પહેલાં કરતાં વધારે પ્રકાશ છે. ઘણાં લોકો સમજયા છે કે તમે અંધારાને ખરાબ કહો અથવા તમે હિંમત કરી દિવો પ્રગટાવો. માનવ જાતમાં એ જ વડપણ છે. ખૂબ અંધારામાં દિવો પ્રગટાવવો. જ્યાં પ્રકાશ ન હોય ત્યાં જ અંધારું હોય છે. રૂપક આપી કહીએ તો પૃથ્વી પર દિવો પ્રગટાવવાનું શરૂ થઇ ગયું છે. આપણે એવા સમય તરફ આગળ વધી રહ્યા છીએ જ્યાં એક એવું બિંદુ આવશે ત્યાંથી મોટો બદલાવ આવશે. એ ઘણું દૂર નથી. પૂરતા લોકો જાગરૂક છે કે તેઓ કોણ છે અને તેમની ઉચ્ચતમ શક્તિ શું છે? તેથી અહીં મહાન બદલાવની શકયતા છે. આ દુનિયા ખૂબ જ સુંદર જગ્યા બની જશે- પૃથ્વી પરનું સ્વર્ગ.

"પૃથ્વી પરનું સ્વર્ગ? મહાન બદલાવ?"

"હા, જે લોકો અધિકારત્વના માર્ગ પર છે તેવા ઘણા લોકોમાં મહાન બદલાવ આવશે. આ માર્ગ ઘણાં જીવનને પોતાની રીતે જીવતાં શીખવશે, જે તારા ઊંડા મૂલ્યો અને ઉચ્ચ આદર્શો મુજબ હશે. આ માર્ગ જ ખૂબ ખુલ્લા હૃદય અને ખૂબ વિકસીત મનનો હશે. આ માર્ગ તમારી બીક અને જે તમને નાના રાખે તેનો સામનો કરવાનો અને તમારી મહાનતાને ચમકાવવાનો છે. આ સુંદર છે?" આમ કહી અજાણી વ્યક્તિએ આંખ ઝપકાવી.

"આ મહાન બદલાવ ઘણાં લોકોમાં આવે છે. જેઓ તેમના દુ:ખને ભૂલવા માગે છે અને તેઓ બીજાને ઇજા પહોંચાડવા અથવા મર્યાદામાં બાંધવા કંઇ કયારેય નહીં કરે. ઘણાં લોકોમાં આ મહાન બદલાવ હોય છે જેઓ ઉત્તમ, સારી અને નીડર જીંદગીથી ઓછું કંઇ સ્વીકારવા તૈયાર નથી. એ મહાન બદલાવ એવા ઘણાં લોકોમાં આવે છે જેઓ પોતાની જીંદગીનું યોગ્ય નેતૃત્વ કરે છે. મિત્ર, જેઓ તારી જેમ સાધક છે તેવા ઘણામાં આ મહાન બદલાવ જોવા મળે છે. જેઓ આનંદ, અંતરની શાંતિ અને જીવનનું ઊંડાણ શોધતા હોય છે. માનવમાં મહાન ઉત્ક્રાંતિનો બદલાવ આવી રહ્યો છે. આખી માનવજાત બદલાઇ રહી છે. આપણે વ્યક્તિગત મહાનતાથી ઓછું કંઇ સ્વીકારતા નથી." તેણે ઉત્સાહથી ઉમેર્યું.

"ઉત્ક્રાંતિ-બદલાવનો અર્થ શું છે?"

"પૂછવા માટે આભાર. આ મહત્ત્વના વાર્તાલાપમાં મૂર્ખાઇભર્યા સવાલો ન હોઇ શકે. આપણી ઉત્ક્રાંતિમાં ઘણે ભાગે આજ દિવસ સુધી માનવતાના કેન્દ્રમાં ભૌતિકતા અને બાહ્ય વસ્તુઓ રહી છે. આજ સુધી એ બધું ભેગું કરવું અને સંગ્રહ કરવા માટે હતું. જેમાં જે ગુણો મહત્વ પામતા હતા તે 'જે સૌથી વધારે વિજયો મેળવે.' જે સૌથી પ્રખ્યાત હોય. જેની પાસે સૌથી વધારે આશ્ચર્ય હોય, જે બીજા ઉપર સૌથી વધારે સત્તા ભોગવે છે અને આ મૂલ્યોમાં 'સૌથી યોગ્ય જીવી જાય છે.' આજ આ રમતનું નામ હતું. આ બધું હરીફાઇ વિશે હતું કારણ આપણે એવું માનતા આવ્યા છીએ કે દરેકે જીતવા માટે પૂરતું નથી. પણ આ તત્ત્વજ્ઞાન માટે હરીફાઇ નથી. તે અછતમાંથી જન્મેલી છે અને આ વિચાર પાછળ ફક્ત અછતનો ડર જ છે. જો કે આપણા ઇરાદાઓ અને આપણા વિચારો, આપણે બહારની દુનિયામાં જે જોઇએ તેમાંથી ઉદ્‌ભવે છે. જે છે તે આપણા માટે પૂરતું નથી. અને આમ ચક્ર ચાલુ થાય છે. આપણને આપણા પાસે પૂરતું છે એવી લાગણી થતી નથી અને આપણે ક્યારેય ખુશ થતા નથી."

"નવાઇભર્યું છે, મેં આવું કંઇ ક્યારેય સાંભળ્યું નથી." ડ્રેસીંગ રૂમની ખુરશી પર બેસતાં હું બોલ્યો. અજાણ્યો માણસ તેના હાથ પાછળ રાખીને ઉભો રહ્યો.

અને આ છે 'ઉત્ક્રાંતિનો બદલાવ': ઘણા મનુષ્યો પૃથ્વી પર ભૌતિકતાના એક માર્ગીપણાને છોડીને આધ્યાત્મિકતા ઉપર તેમનું ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આપણે વ્યક્તિવાદના 'હું હું હું' માંથી પરસ્પરવાદને મહત્વ આપીએ છીએ. આપણામાંના ઘણાં એ વાત પર જાગૃત છે કે આપણે એક જ કુટુંબના ભાગ છીએ. અને વડપણ એટલે સીઇઓ, અધ્યક્ષ અને લશ્કરના વડાનું વડપણ નહીં પણ એ બધા લોકો જે ટોળાને અનુસરવાની ના પાડે છે અને તેઓ જાણે છે કે આંતરિક રીતે આપણે એકબીજા સાથે જોડયેલાં છીએ. તેઓ જાણે છે કે તેઓ બીજાનું અપમાન કરે છે ત્યારે ખરેખર તેઓ પોતાનું અપમાન કરે છે. તેઓ જાણે છે કે જ્યારે તમે બીજાને મદદ કરો છો તો ખરેખર તમે તમારી જાતને મદદ કરો છો. હજારો વર્ષોથી જે રહસ્યમય લોકો કહેતા આવ્યા છે તે

અત્યારે આપણા વિજ્ઞાનો પણ માને છે. Quantum ભૌતિકશાસ્ત્રીઓએ શોધી કાઢયું છે કે આખી પૃથ્વીની બધી પદ્ધતિઓ એકબીજા સાથે આશ્ચર્યજનક સંબંધો ધરાવે છે. અને એકબીજાની અસર બીજે ક્યાંય જોવા મળે છે. અંગ્રેજીના કવિ જોહન ડોને સાચું જ કહ્યું હતું જ્યારે તેમણે લખ્યું, "કોઇ માણસ સંપૂર્ણ રીતે અલગ નથી. દરેક માણસ પૃથ્વીનો એક ભાગ છે; જે આખાનો એક ટૂકડો છે... કોઇપણ માણસનું મૃત્યુ મને પણ થોડો નાશવંત બનાવે છે. કારણ હું માનવજાતમાં સમાયેલો છું. અને તેથી ક્યારેય કોઇને કોનો ભોગ લેવાયો છે તે જાણવા ન મોકલો કારણ તે તમારો પોતાનો ભોગ છે."

"આ રસપ્રદ છે." હું જે સાંભળતો હતો તે માહિતીમાં ખરેખર જોડાતાં હું બોલ્યો.

"તેથી અમારામાંના ઘણાંએ અમારું ધ્યાન બાહ્ય તૃષામાંથી આંતરિક મુસાફરી તરફ વાળ્યું છે. અમને સમજાયું છે કે કાયમી સફળતાનો દરવાજો બહાર તરફ ફેંકાતો નથી પણ એ અંદર તરફ ખુલે છે. **તમારી અંદર રહેલો ખજાનો જ મહાન ખજાનો છે** . આપણા જેવા પ્રાણીઓએ હમણાંથી વિચારવાનું શરૂ કર્યું છે કે આત્માની જરૂરીયાત શું છે, સ્વના વિકાસ માટે વધારે સમય ફાળવવો, વધારે પ્રેમાળ અને દયાળુ બનવું અને પરંપરા છોડી દેવી. **સફળતા મહત્વની છે પણ યોગ્યતા વધારે સારી છે** . દુનિયામાં સૌથી વધારે વેચાણ ધરાવતા પુસ્તકો પર નજર નાંખો. કેટલાંય પુસ્તકો સ્વની જાણકારી અને વ્યક્તિગત સ્વતંત્ર્યતા પર લખાયેલાં છે. આખી પૃથ્વી પર ટોળેટોળાં લોકો જીવનના ગહન પ્રશ્નો પૂછે છે, જેવા કે 'હું અહીં શા માટે છું?' અને 'મારું પ્રારબ્ધ શું છે?' અને જેમ મેં કહ્યું વધારે માણસો બદલાશે તેમ આખી દુનિયા વધારે બદલાશે. આ અત્યંત સુંદર કાર્ય થઇ રહ્યું છે અને ખરેખર જીવવા માટે આ યથા યોગ્ય સમય છે."

"આ ખરેખર ઉત્સાહજનક છે," વધારે આરામ થતાં અને હું જે સાંભળતો હતો તેને સંપૂર્ણ આત્મસાત કરતાં મેં નોંધ્યું. મેં મારા હાથ છૂટા કર્યા.

"હવે મને ખોટી રીતે ન સમજતાં," સાધુએ કહ્યું. "પૈસા કમાવામાં સુંદર વસ્તુઓની માલિકી હોવી અથવા સગવડવાળી ભૌતિક જીંદગી જીવવી એમાં કંઇ ખોટું નથી. માનવે સર્જેલી અદ્ભુત વસ્તુઓ માણતાં જીવન સારું બનાવવું અને આપણે આધ્યાત્મવાદી છીએ તે પણ મનુષ્ય અનુભવે છે. પૈસો જીવન સરળ બનાવે છે અને ઘણી સ્વતંત્રતા પૂરી પાડી શકે છે. જો કોઇ આનાથી ઉલટું કહે તો તે શહામૃગની માનસિકતાથી પીડાય છે."

"એટલે શું?"

"ઘણાં લોકો સત્યનો સામનો કરવાનું ટાળે છે. તમારો સત્યનો સામનો કરવા કરતાં શહામૃગની જેમ રેતીમાં માથું રાખી બેસવું સહેલું છે. અને સત્ય એ છે કે પૈસા કમાવા અને સારી વસ્તુઓ પાસે હોવી એમાં કંઇ ખોટું નથી. કોણે આ મૂર્ખામીભરી વાતો કહી કે તમે આધ્યાત્મિક, અને ઉન્નત હોવ અને સાથે સારી વસ્તુઓ પાસે ન રાખી શકો? સરસ ઘર હોય. સુંદર ગાડી ચલાવવી, ખર્ચાળ જગ્યાની મુસાફરી કરવી. સુંદર કપડાં પહેરવાં. તમે આનંદ અને દુન્યવી મસ્તીનો અનુભવ ન કરો એમ હું કહેતો નથી. જે અદશ્ય શક્તિએ ઝરણાં, પર્વતો અને જંગલો બનાવ્યા તેણે જ આ બધું પણ બનાવ્યું છે. પણ યાદ રાખો આ સુંદરતા તમારી ત્વચાને સ્પર્શીને નીકળી જશે. આ વસ્તુઓ તમારા જીવનને ચાલવી શકે નહીં. તમારું અસ્તિત્વ અને તમારી પહેચાન (ઓળખાણ) તેના આધારે ન બનાવો. તે લાંબું ચાલવાનું નથી તે જાણો. આ બધું તમારા જીવનની અગ્રિમતા ન હોઇ શકે. તમારા બાહ્ય સંગ્રહોને તમે પ્રથમ અગ્રિમતા ન આપો. આપણે દુનિયામાં ખાલી હાથે આવ્યા છીએ અને ખાલી હાથે જઇશું. મેં ક્યારેય સ્મશાનમાંથી પાછો ફરતો રસ્તો જોયો

નથી. તે ચાવીરૂપ વાત યાદ રાખો. **તમે સુંદર વસ્તુઓ રાખો પણ તેના કેદી ન બનો. તેના માલિક બનો પણ તેને તમારા માલિક ન બનવા દો. તમારા જીવનને ખુબ મહત્વના ધ્યેય માટે રાખો જેમકે તમારી ઉત્તમ શક્તિઓની પહેચાન, બીજાને મદદ કરવી, પોતાની જાત કરતાં કોઇ વધારે મહત્વની વસ્તુ માટે જીવીને લોકો માટે સારું કાર્ય કરવું. સફળતા સરસ છે પણ યોગ્યતા એ આ રમતનું ખરું નામ છે** ." તેમણે તે મુદ્દો ફરીથી દોહરાવ્યો.

મારા જીવનના આ તબક્કે આ માણસનું જ ડહાપણ મારા માટે ખુબ જરૂરીયાતવાળું હતું. કદાચ હું ખરેખર વિદ્યાર્થી હતો અને કદાચ હું એવી સીમા પર પહોંચ્યો હતો કે હું શીખવા તૈયાર હતો અને હવે ગુરુ આવી પહોંચ્યા હતા. એવું હોઇ શકે કે અત્યાર સુધી મારા જીવનમાં મેં જે અનુભવ્યું તે કંઇ પણ નકામું ન હોય. એવું પણ હોઇ શકે કે અહીં સુધી મને લાવવાની તૈયારીના એક ભાગરૂપ જ એ બધું હોય. ઇવાન, મારો હ્યુમન રીસોર્સ મેનેજર ખૂબ જ આધ્યાત્મવાદી માણસ હમેશાં એક વાક્ય બોલે છે જ્યારે બધું આયોજન મુજબ ન થાય ત્યારે "બ્રહ્માંડમાં બધું બરાબર છે." તેના જીવનમાં અને કાર્યમાં જે બધું ઘટે ત્યારે એ કહેશે "બધું સરસ છે." જ્યારે દુ:ખદાયક ઘટના બને ત્યારે પણ મને અનુભવ થઇ રહ્યો હતો કે તે સાચું બોલે છે. કદાચ અહીં અકસ્માત અથવા ઓચિંતુ આપણા જીવનમાં કંઇ બનતું નથી. બધું અદશ્ય પણ એક સંપૂર્ણ હોંશિયારીથી થાય છે જે આપણે જેવા છીએ તેવા અજમાવે છે અને આપણે સમજી શકતા નથી.

"હું એમ પૂછું કે તમે કોણ છો તો તમને ખરાબ નહીં લાગેને?" મેં મારી હિંમત એકઠી કરીને પૂછયું અને મારે બચાવ નહીં કરવો પડે એવી મને આશા હતી. એક રીતે તો આ ખાસ ન ભૂલી શકાય તેવી વ્યક્તિ હતી જે તેનું સંશોધનાત્મક ડહાપણ મને આપી રહ્યો હતો.

"મારું નામ જુલીયન માન્ટલે છે અને હું તારો માર્ગદર્શક બનીને આવ્યો છું. હું અહીં તને તારો અંતિમ માર્ગ શોધવામાં મદદરૂપ થઇશ." એવો સાદો જવાબ આવ્યો.

પછી તેણે તેના મોટા રેશમી ખિસ્સામાં હાથ નાખ્યો જે તેના ઝભ્ભામાં સિવાયેલું હતું અને એક કેળું બહાર કાઢયું. તમને માન્યામાં આવે છે? કેળું! તેણે તેને છોલ્યું અને આનંદથી ખાવા લાગ્યો.

"તારે જોઇએ છે?" તેમણે ખૂબ માનપૂર્વક પૂછયું. "મારી પાસે મારી ઝોળીમાં બીજું છે." તેણે કહયું અને ખૂણામાં પડેલા કંતાનનો થેલો બતાવ્યો. "કેળાં શરીર માટે ઉત્તમ ભોજન છે. જો તમારે ઉચ્ચ કક્ષાનું કામ શરીર પાસે કરાવવું હોય તો તેને સારું પોષણ આપવું જરૂરી છે."

તેમણે કહ્યું તે મેં લગભગ જ સાંભળ્યું મારું મન જુલીયન માન્ટલે પાછળ દોડતું હતું! માન્યામાં ન આવે તેવું! હું જાણતો હતો જુલીયન માન્ટલે કોણ છે. હું જે લોકોને જાણતો હતો **તે બધા** જુલીયન માન્ટલેને ઓળખતા હતા. હું મારી ઉત્તેજનાને કાબૂમાં રાખી શકયો નહીં.

"જુલીયન માન્ટલે! જે સંન્યાસીએ પોતાની સંપત્તિ વેચી દીધી હતી તે? તમે ગંભીરતાપૂર્વક વાત કરો છો ને?" આખું દશ્ય મને હકીકતની ઉપરનું લાગતું હતું: આ સાધુ મારી સામે છે. અને તેમણે મને ડહાપણ આપ્યું અને કેળું ગળચી રહ્યા છે. એવું લાગતું હતું કે હું મારા શરીરમાં નહોતો આખું દશ્ય ઉપરથી મારી સામે છતું થતું હોય એમ લાગતું

હતું. ગઇકાલે મારી પાસે મારી જીંદગીનો અંત કરવા માટે બંદૂક હતી. ફક્ત એક દિવસ પછી પ્રોત્સાહનવર્ધક સેમિનાર પછી તકતા પાછળ ભમું છું અને એક ધૂની સાધુ મને કેળું ખાવાનું મહત્વ સમજાવે છે અને પૃથ્વી પર બની રહેલા તત્વજ્ઞાનના વિચારોનો બદલાવ મને કહી રહ્યા છે. ફક્ત માનવામાં આવે તેવું નહોતું.

હું નાનો હતો ત્યારથી જુલીયન વિશે કાયમી રીતે સાંભળતો આવ્યો છું. મારા પિતા એક વકીલ હતા અને તેઓ શહેરની સૌથી મોટી કંપનીમાં કામ કરતા હતા. અને તેઓ હમેશાં "મહાન જુલીયન માન્ટલેની" વાર્તાઓથી અમને આનંદ આપતા હતા. જુલીયન દેશના ઉત્તમ વકીલોમાંના એક હતા અને તેઓ દૂર દૂર સુધી તેમના પુષ્કળ કાયદાકીય જ્ઞાન માટે જ નહીં પણ તેમની ઉત્તમ અને ખર્ચાળ જીવન શૈલી માટે પણ જાણીતા હતા. જુલીયન માન્ટલે ખરા અર્થમાં દુનિયાના સુપરસ્ટાર હતા. માણસને જોઇએ તે બધું તેમની પાસે હતું. પણ તેમણે બધું ફેંકી દીધું.

જુલીયન હાવર્ડ લૉ સ્કૂલમાંથી સ્નાતક થયા હતા અને જીવનમાં સફળતાનું નસીબ લઇને આવ્યા હતા. તેઓ "સુવર્ણ પુત્ર" હતા અને તેમની પ્રગતિ રોકી શકાય તેમ નહોતી. કારણ તેઓ મોટા ખટલા લેતા ઉત્તમ ગ્રાહકો અને એક પછી એક વિજયો મેળવતા. આમ કરતા મારા પિતા કલ્પના કરી શકે કે એક વકીલ કેટલા પૈસા બનાવે, તેના કરતાં તે વધારે કમાયા અને એક મહિનામાં એટલી પ્રસિદ્ધિ મેળવી કે મોટાભાગના વકીલો તમેની આખી કારકિર્દીમાં ન મેળવી શકે. મારા પિતા કહેતા કે તેઓ શહેરની સૌથી સુંદર સ્ત્રી સાથે ફરતા અને લગભગ બધા ફેશન મોડેલ સાથે ફરતા અને લોકો તેમના જીવન કરતાં મોટા વ્યક્તિત્વને અને તેમની બરછટ વાતોને ચાહતા. જ્યારે હું નાનો હતો ત્યારે મારા પિતા મને શહેરની સૌથી આધુનિક જગ્યાએ લઇ જતા. અને માન્ટલેનું અદ્‌ભુત ઘર બતાવતા. જે દુનિયાના સૌથી પ્રખ્યાત રૉકસ્ટારના ઘરથી થોડે દૂર હતું. જુલીયન સંપૂર્ણ જીવન જીવતા હતા અને બધું કરતા. તેમની પાસે લાલ ફેરારી પણ હતી જે તેઓ તેમના ડ્રાઇવ-વેની વચ્ચોવચ ઉભી રાખતા. મને હજી યાદ છે કે છોકરા તરીકે એ કાર તરફ જોવું, મને કેટલું ગમતું. તેમાં બેસવા માટે મેં કંઇપણ આપી દીધું હોત. મારા પિતા કહેતા કે જુલીયનની માલિકીની વસ્તુઓમાંથી આ તેમને સૌથી વધારે ગમતી વસ્તુ હતી.

પછી મારા પિતા કહેતા તે મુજબ જુલીયન માન્ટલેને કંઇક થયું. તેઓ બગડી ગયા. તેમનું વજન ખૂબ વધી ગયું અને ખૂબ ધુમ્રપાન કરવા લાગ્યા. તેઓ ખૂબ અનિયમિત બની ગયા અને ઘણા ખટલા હારી ગયા. મને ખબર નથી કે તેમણે આમ શા માટે કર્યું. પણ ઘણી ઊંચાઇથી કોઇપણ પડી શકે તેના કરતાં તેઓ વધારે નીચે પડયા. મારું ધારવું છે કે તમે જેમ ઉંચાઇ પર જાઓ તેમ તમારું પતન કઠીન બને છે. અને પછી એક દિવસ ભરચક કોર્ટરૂમની વચ્ચે એક ખૂબ મહત્વનો કેસ લડતાં જુલીયન હાર્ટ-એટેકથી તૂટી ગયા. મારા પિતાએ મને કહ્યું હતું કે તે બનાવે જુલીયનના જીવનને બદલી નાખ્યું. જ્યારે આપણે આપણા બદલાવના પોઇન્ટને મળીએ ત્યારે આપણે કેટલી હિંમત બતાવી શકીએ છીએ અને જીવન કેવું ખુલ્લું પડી જાય છે તે મેં જાણ્યું છે. પછી જુલીયને કાયમ માટે તેમના જીવનના વહેણને બદલી નાખ્યું.

જરા સાજા થયા પછીના મહીને જુલીયને તેમના કામમાંથી રાજીનામું આપ્યું અને દેશ છોડી દીધો. તેમણે તેમનું મકાન વેચી દીધું. તેમની બધી સંપત્તિ વેચી દીધી. તેમણે તેમની ફેરારી પણ વેચી દીધી અને તેઓ ભારત જવા ચાલી નીકળ્યા, જે અદ્‌ભુત પ્રદેશ છે જ્યાં લાખો રોમાંચક કામ થાય છે અને શાશ્વત ડહાપણ છે. મારું ધારવું છે કે તેઓ કોઇ પ્રશ્નોના જવાબો શોધતા હશે અને ભારતમાં તેમને આ જવાબો મળી શકે તેમ હતું. ઘણાં

લાંબા સમય સુધી જુલીયનના કોઇ સમાચાર નહોતા. ઘણાંએ વિચાર્યું કે તેઓ મૃત્યુ પામ્યા છે.

ઘણાં મહિના પહેલાં મેં પહેલાં પાનાનાં સમાચાર વાંચ્યા. જેનું શીર્ષક હતું. "**જુલીયન માન્ટલે-સંન્યાસી જેમણે તેમની સંપત્તિ વેચી દીધીઃ દુનિયાને સુધારવાનું એક માણસનું લશ્કર** ." આ લેખમાં જણાવ્યું હતું કે જુલીયન માન્ટલે જ્યારે ભારતમાં હતા ત્યારે ઘણા મોટા બદલાવમાંથી પસાર થયા હતા. હિમાલયના ઉત્તુંગ શિખરોમાં તેઓ ખૂબ ઓછા જાણીતા સાધુઓને મળ્યા. જુલીયને મહાન અને અદ્ભુત બદલાવ તેમના જીવનમાં અનુભવ્યો અને આ અસામાન્ય ડહાપણ તેઓ ત્યાંથી શીખ્યા. તેમાંથી સમજયા. શારીરિક રીતે તે નવજીવન પામ્યા. જેથી તેમની સાચી ઉંમર કરતાં તેઓ ઘણાં નાના લાગતા હતા અને તેમની ચપળતા ખરેખર અદ્વિતિય હતી. વિશ્વના ઘણાં સત્યો તેમણે તેમની બુદ્ધિથી સમજયા, જેના પર તેમણે અર્થપૂર્ણ અને સમૃદ્ધ જીવન ઘડયું અને તેમણે જે દુનિયા જોઇ હતી તેની સાથે તે જ્ઞાનને જોડયું અને આ બધી પ્રક્રિયામાં તેમને આંતરિક શાંતિ સાંપડી. સંવેદનાથી તેમણે બાળપણમાં અનુભવેલા જખમોનું દુઃખ જાણ્યું. પુખ્તવયની વ્યક્તિ તરીકે તેમણે જે જખમો અનુભવ્યા અને જેનાથી તેમની આનંદની અનુભૂતિ સંધાઇ ગઇ, જે રોજેરોજ અનુભવવાનો દરેક વ્યક્તિનો અધિકાર છે. આનાથી જીવનભર જે ગુસ્સો તે સાથે લઇને ફરતા હતા તે તેમના જીવનમાંથી ઘણાભાગે ઓછો થયો છે. જે તેમને માનસિક અને શારીરિક રીતે અસર કરતો હતો. ભૂતકાળના જખમો તેઓ ભરી શકયા. આધ્યાત્મિક રીતે તેમણે તેમનાં મૂલ્યો શોધ્યાં અને તેઓ તેમના આત્મા સાથે જોડાયા. સામાજીક મુખવટો જે તેમણે આખી જીંદગી પહેરી રાખ્યો હતો તે જુલીયને કાઢી નાખ્યો અને અધિકારી બન્યા. અત્યારે તે પોતાની રીતે જીવન જીવે છે. જે તેમના આદર્શો સાથે એકરૂપ થાય છે અને તેમનું હૃદય કહે તેમ જીવે છે. તેમણે બીજાઓને ખુશ કરવા જીવવાનું છોડી દીધું અને દુનિયામાં સારા દેખાવાની કાળજી લેવાનું બંધ કરી દીધું તેમણે પ્રવાહમાં વહેવાનું બંધ કરી કોઇ પણ રીતે પોતાની જાતને છેતરવાનું બંધ કરી દીધું. હવે તે ફક્ત સચ્ચાઇથી અને સારાં કાર્યો કરવામાં માને છે. "જુલીયન માન્ટલેએ તેમનું અંતિમ શોધી લીધું અને આથી તેઓ ખુબ આનંદી માણસ બની ગયા." છાપામાં લખેલું બધું મને યાદ આવ્યું.

તે લેખમાં એમ પણ લખેલું હતું કે જુલીયને તેમનું એકમાત્ર ધ્યેય બનાવ્યું છે કે પશ્ચિમની દુનિયામાં પાછા ફરવું અને તેઓ મદદ કરી શકે તેટલા લોકોને તેમની ઉત્તમ જીંદગી જીવવામાં મદદ કરવી અને તેમને સંપૂર્ણતાનો અનુભવ કરાવવો. એમાં એમ પણ સમજાવ્યું હતું કે જૂદી જૂદી જગ્યાએ તેમના જૂના મિત્રો, કુટુંબના સભ્યો અને અજાણ્યા લોકોને તેમની વ્યક્તિગત મહાનતા પાછી મેળવવા અને આનંદી, તંદુરસ્ત અને સંતોષી જીવન જીવવા માટે મદદ કરવા તેમના લાલ ઝભ્ભામાં કેવી રીતે ઓચિંતાના દેખાય છે. તે રીપોર્ટરે લખ્યું હતું કે જુલીયનના કામે લોકોનું અત્યંત ધ્યાન ખેંચ્યું છે અને દેશમાં ઘણાં લોકો તેમને શોધવા માટે બહાર પડયા છે. જુલીયન હીરો જેવા બની ગયા છે અને તેમની આગળપાછળ રહસ્ય ઉભું થયું છે. પણ જુલીયન નોંધ માગી લે તેવા છેતરામણા છે. જેઓ તેમને શોધે છે તેવાને તેઓ ક્યારેય મળ્યા નથી. જુલીયનનો કોઇ ઇન્ટરવ્યુ એ લેખમાં નહોતો પણ ઘણાં લોકો તેમને 'અસમાન્ય ગુરુ' તરીકે ઓળખે છે. આજના કાળમાં જુલીયનના જીવનની વાર્તા પર એક સુંદર સિનેમા બન્યું હોત કારણ આપણામાંના ઘણાં આધ્યાત્મિક રીતે ભૂખ્યા હોઇએ છીએ.

"તમે ખરેખર જુલીયન માન્ટલે છો?" મેં પૂછયું. હું હજી માની શકતો નહોતો. "તમે

મને શોધતા કેમ આવ્યા? મારા પિતા મને તમારા વિશે કહેતા. તમે જાણતા હોવ તો તેઓ તમારા સહકાર્યકર્તાઓમાંના એક હતા."

"**તારા પિતાને હું જાણું છું,** " એકદમ ધીમો જવાબ આવ્યો, "તેઓ મારા મિત્ર હતા અને હું મારી મિત્રતાને ખૂબ મૂલ્યવાન ગણું છું. તારા પિતાએ મને તારા માટે ઘણી વાતો કરી છે અને તારા કૌટુંબિક જીવનમાં હમણાં શું થયું તે મેં સાંભળ્યું. હું સેવા આપવા આવ્યો છું. સેવાભાવી નેતા ખૂબ શક્તિશાળી હોય છે તું જાણે છે."

"તે હું કયારેય જાણતો નહોતો," મેં ઉત્તર આપ્યો.

"**પરિસ્થિતિ દેખાય તેટલી ખરાબ ક્યારેય હોતી નથી. જે સ્થિતિ આપણને દુઃખ ઉપજાવે છે તે સ્થિતિ આપણને તાકાત, શક્તિ અને ડહાપણ આપે છે, જે ખરેખર આપણામાં છે.** "

તેમણે ચાલુ રાખ્યું, "બેટા, હું જાણું છું કે તારા માટે બધું બહુ મુશ્કેલ છે. તું જે સ્થિતિમાંથી પસાર થાય છે તે પ્રત્યે હું દિલગીર છું અને હું ક્યારેય તારી લાગણીઓ ઓછી કરીશ નહીં. **લાગણી જ તારા આત્માનો દરવાજો છે, અને તે લાગણીઓને જાણી લઇએ પછી જ સંપૂર્ણતા અનુભવી શકાય. જો લાગણીઓને પૂર્ણ રીતે ઓળખીએ તો તેમની પાસે મહત્વની માહિતી હોય છે. જે તમને તમારી જાત સાથે સંબંધો બાંધવા પ્રેરે છે.** આ લાગણીઓ નકારીએ તો તમારામાંના સ્વભાવને આપણે નકારીએ છીએ. માનસિક અને શારીરિક રીતે આપણે જે અનુભવતા હોઇએ તેને નકારવાનો ઢોંગ કરવો એ નુકસાન કરે છે. તમારી લાગણીઓ સંતાડવી એ રોગ તરફ દોરી જાય છે. પણ એક મોટું ચિત્ર બનાવવું પડે જે તારી અત્યારની માનસિક સ્થિતિને સમજાશે નહીં. યાદ રાખ, આપણે દુનિયા એ જેમ છે તેમ નથી જોતા પણ આપણે જેવા છીએ તેમ મૂલવીએ છીએ. જેમ તમે બદલાવ, તેમ તમે જોયેલી દુનિયા બદલાય છે. **જેમ તમારી જાગૃતિ વધે છે તેમ તમે પહેલાં જે જોઇ કે સમજી ન શકો તે પ્રત્યે તમે જાગૃત બનો છો.** બધુ સારું છે. જે બધું તારી સામે આવ્યું છે તે તને એક અદ્ભુત સ્થાન પર લઇ જશે. માનવ તરીકે આપણે જે જોઇએ, તે જ આપણે જીંદગીને સાંભળવાનું કહીએ છીએ. પણ જીંદગી તેમ ચાલતી નથી. તે આપણને જે જરૂરી હોય તે આપે છે, જે આપણા માટે સૌથી ઉત્તમ હોય છે. જે આપણા માટે સૌથી યોગ્ય છે. **જ્યારે તું જીંદગીને સાંભળવાનું શરૂ કરીશ ત્યારે તારું જીવન ઘણું સારું કાર્ય કરશે. તેને વહેવા દે નદીને ધક્કો મારવાની કોશિષ ન કર. અને શ્રદ્ધા રાખ. જીવન તને જ્યાં લઇ જાય છે ત્યાં જ તારે જવાનું હતું. તારી નકારાત્મકતા છોડી દે અને જે તારી સામે આવે તે પરિસ્થિતિને શરણે થા.** આમ કરવાથી તને ખાત્રી થશે કે તું તારા અંતિમ ધ્યેય તરફ ચાલી રહ્યો છે અને એ જ ખરો રસ્તો છે."

"થોડા વખત પહેલાં મેં તમારા માટે છાપામાં વાંચ્યું હતું." મેં કહ્યું, "તમે દુનિયાને સારી બનાવવા માટે જે મદદ આપી કાર્ય કરી રહ્યા છો તે અમૂલ્ય છે."

"હા, એ લેખ મેં વાંચ્યો હતો." જુલીયને સહેજ હસીને જવાબ આપ્યો. "મારી પાસે ક્યાંક તે લેખ પડયો છે. હું એક આદર્શવાદી છું અને જ્યારે એ લેખ હું વાંચું છું ત્યારે મને ખુબ આનંદ થાય છે. કારણ તે મને યાદ અપાવે છે કે હું ક્યાંક ફરક લાવી શકું છું. હું મારું જીવન વર્ષોથી નહીં કાર્યોથી માપું છું. હું શીખ્યો છું કે લેવા કરતાં આપવાનો આનંદ લાંબો હોય છે. ચીનાઓ એ સારી રીતે કહે છે. 'જે ગુલાબ આપે છે તેના હાથ પર હળવી સુગંધ લાગી જાય છે!' પણ છતાં આપણે ઘણીવાર તે ભૂલી જઇએ છીએ. દાખલા તરીકે

ધંધામાં આપણે બધાં જીતી જાય તેમ વર્તતા નથી. આપણે ખોટી રીતે માની લઇએ છીએ કે આપણે જીતવા માટે કોઇએ હારવું જરૂરી છે. આપણે આપણા નફાની ચોકી કરીએ છીએ અને આપણી આગળ પાછળના બધા સફળ બને તેમ ધંધો કરવાનું આપણને માન્ય હોતું નથી. પણ તેમાં સચ્ચાઇ નથી. ખરેખર, તો ધંધો ઉત્તમ રીતે કરવો હોય તો તમારા ગ્રાહકને તેને જે અપેક્ષા રાખી હોય તેનાથી વધારે મૂલ્ય ઉમેરીને આપવું જોઇએ. ધંધાના આગેવાનો આ સમજે છે જેઓ તેમના ટેબલને પકવાનથી સજાવે છે અને તેમના ગ્રાહકોને રાજાશાહી આવકાર આપે છે. તેઓ તેમના ગ્રાહકોને સેવા આપે છે, પ્રેમ કરે છે અને સંબંધો પોષે છે. તું જાણે છે. પ્રેમ એ અમૂલ્ય અને શક્તિશાળી ધંધાકીય સાધન છે?"

"મેં આ રીતે ક્યારેય વિચાર્યું નથી."

"સારું, મિત્ર આ સાચું છે. **કોઇ તેમનો હાથ તમને આપે તે પહેલાં તમારે તેના હૃદય સુધી પહોંચવું જરૂરી છે.** સૂર્ય જેવા બનોઃ સૂર્ય જે કંઇ આપી શકે તેમ છે તે આપે છે. પણ બદલામાં બધાં ફૂલો, ઝાડો અને છોડો તેમની તરફ જુએ છે. ફક્ત તમારા ધંધામાં તમારા ગ્રાહકોને પ્રેમ કરવાથી અને ખુશ રાખવામાં નિષ્ઠા બતાવવાથી તમે એક સારપનું પ્રતિનિધિત્વ કરવાવાળું એક આખું લશ્કર ઉભું કરો છો જે દુનિયામાં જઇને લોકોને કહેશે તમે કોણ છો અને શું કરો છો. અરે, તમારા કહેવાતા હરીફોને જીતવાની વાત આવે છે ત્યારે પણ તમે કરી શકો તે મદદ કરવાનો પ્રયત્ન કરો. તેમની સાથે બળજબરીથી પણ મેળાપ કરો. તેમની સાથે મિત્રતા વધારો. ધંધો એટલે સંબંધો. તેમને જે જોઇતું હોય તે મેળવવામાં મદદ કરો અને પ્રત્યાઘાતનો પ્રાચીન નિયમ અમલમાં આવશે. તેઓ તમારે જે જોઇએ છે તે મળવવામાં મદદ કરવાનું શરૂ કરશે. આપવાથી મેળવવાની પ્રક્રિયા શરૂ થાય છે."

"સરસ મુદ્દો છે." આ માણસે કહેલા શબ્દોનો મર્મ સમજતાં મેં કબૂલ કર્યું.

"તેથી જે હું કહું છું, હું થોડો ફેરફાર પેલા છાપાના લેખમાં કરું છું જે મને મારા માટે સારી લાગણી કરાવે છે, તે મને યાદ અપાવે છે કે હું મારી રીતે લોકોના જીવનમાં આશીર્વાદ આપું છું. પણ જે વખાણ મને ખૂબ ગંભીરતાથી આપવામાં આવે છે તે હું સ્વીકારતો નથી. **તું જાણે છે જો તમે તમારી જાતને ખૂબ ગંભીરતાથી લો તો કોઇ તમને ગંભીરતાથી લેતું નથી.** "

હું તે વાક્ય સાંભળીને હસ્યો. આ માણસ સારો છે.

"હું માની શકતો નથી કે લોકો મને સંત કહે છે." તેમણે તેમના ઝભ્ભામાંથી કેળાંની લૂમ કાઢતાં કહ્યું, "હું એ બધા માટે શું જાણું? હું એક સામાન્ય માણસ છું, જેણે શક્તિશાળી ગુરુઓની મદદથી તત્ત્વજ્ઞાન શોધી કાઢયું, જે તત્ત્વજ્ઞાન અપનાવવાનું પસંદ કરે છે તે સુંદર જીંદગી પામે છે. દરેક માનવ તેનાં જીવનનું તત્ત્વજ્ઞાન ઘડે, તે ખૂબ જરૂરી છે. સચ્ચાઇ અને ઉંચાઇથી જે માણસને જીવવું છે તેણે તેના જીવનમાં તેને શું જોઇએ છે તેની વ્યાખ્યા કરવી જોઇએ અને તેનું જ્વલંત જીવન કેવું દેખાશે તે જાણવું જોઇએ. આપણી પાસે એક કાગળ ઉપર એક વાકય લખેલું હોવું જરૂરી છે. જેથી દરરોજ સવારે તે આપણે વાંચી શકીએ કે જે આખી દુનિયા જ્યારે સૂતી હોય ત્યારે તે આપણી નૈતિક હિંમત વધારી આપણા આખા દિવસની પસંદગીને દોરવી શકે. આ એક દોર આપણી હિલચાલને બાંધવામાં મદદ કરે છે. આવા સિધ્ધાંતના વાક્ય વગર તમારું જીવન એક અકસ્માત બની જશે અને દિવસ દરમ્યાન જે સામે આવશે તેની સામે તમે પ્રત્યાઘાતો આપતા રહેશો. એમ જીવવું એ વિનાશની રીત છે. એમ જીવો ત્યારે તમે મુશ્કેલીઓ

નોતરો છો. આથી મને એક કહેવત યાદ આવે છેઃ 'જો તમને ખબર ન હોય કે તમે કયાં જાઓ છો. તો કોઇપણ રસ્તો તમને ગમે ત્યાં દોરી જશે."

"તો મારે મારા જીવનનો અર્થ જાણવા માટે થોડો સમય લેવાની જરૂર છે?"

"મિત્ર, એમ જ. જીવનના અનેક ચોક્કસ કાર્યોમાંનું આ એક છે. સફળ અને સંતોષી લોકો વિચાર, આયોજન અને પ્રત્યાઘાત આપવા માટે સમય કાઢે છે. તેઓ તેમના જીવન પ્રત્યે સજાગ છે, કારણ તેઓ જાણે છે કે પ્રત્યેક દિવસ ભગવાનની એક મૂલ્યવાન ભેટ છે. જો તમે એ ન માનતા હોવ તો ઘરે જતી વખતે હોસ્પીટલમાં જાઓ અને કેન્સરના વોર્ડમાં જઇને કોઇની સાથે વાત કરી આવો. તેમને પૂછો કે જીવનના એક વધારાના દિવસ માટે તેઓ શું કિમંત ચૂકવવા તૈયાર છે."

જુલીયને જે કહ્યું તે મારા મનમાં સોંસરવું ઉતરી ગયું. મેં મારા જીવનને કેટલું વાહિયાત બનાવી દીધું હતું. મેં કયારેય જાણ્યું નહોતું કે પૃથ્વી પર દરેક દિવસ એક ભેટ છે અને કંઇક મહાન સર્જવાની તક છે અથવા દુનિયામાં કોઇ સારો બદલાવ લાવી શકાય છે.

"ઘણાં લોકો તેમના જીવનના આયોજન કરતાં ઉનાળાના વેકેશનનું આયોજન કરવામાં વધુ સમય વાપરે છે. કેટલી શરમજનક વાત છે. તમારા જીવન પ્રત્યે વિચારવાન થાઓ. તમારી જાતને પૂછોઃ 'હું જીવન જીવવા આવ્યો છું?' તમારે શું કરવાનું છે? તમે તમારા જીવનમાં હવે પછી શું સહન નહીં કરો? અને કેવા ધારા-ધોરણો તમારા જીવનને ઉચ્ચત્તમ બનાવશે? એવા પ્રશ્નો નિયમિત પૂછો. તમને આપવામાં આવેલી અમૂલ્ય ભેટ અને હોંશિયારી તમે આવી શરણાગતિ વગર જીવો તો જીવન વેડફાઇ જાય છે."

જુલીયને આગળ આવી અસરકારકતા માટે હવામાં હાથ ઉંચા કરી કહ્યું, "તમારા સિદ્ધાંતોની સચ્ચાઇ એવામાં પરિવર્તિત થાય છે કે તમે કેમ જીવવા માંગો છો, અને તમારું ધ્યેય શું છે, તમે તમારા માટે યોગ્ય પસંદગી કેવી રીતે કરી શકો? તમારા સિદ્ધાંતો વગર તમે બીજાની મરજી મુજબ જીવન જીવો છો. કિનારાથી મૃત્યુ તરફ જતાં ટોળાંને અનુસરતાં તમારું જીવન લંગડાઇ જાય છે. **આદર્શ અને સિદ્ધાંત વગર તમારું જીવન મૃત્યુશય્યા પર પડેલું હોય છે અને વિચારતું હોય છે કે આખી જિંદગી પડયા રહીએ તો શું?** "

"પત્રિકા ઉપરનું લખાણ સમજાય છે, એ લખાણ આમ છે 'જુઠ્ઠું જીવન જીવવાનું છોડી દો.' હું ધારું છું કે તે લખાણ તમે જ મારી માટે લખ્યું હતું, નહીં જુલીયન?"

"હાસ્તો, રહસ્યો વગરની જીંદગીમાં મજા શું આવે? થોડા સાહસ વગર આનંદ શું આવે? હું તારા જીવનમાં થોડું આશ્ચર્ય ઉતારવા માંગતો હતો. મારા મિત્ર, તું જે રસ્તા પર ચાલવામાં રસ લે છે તે હૃદયને બેભાન બનાવતું નથી. તેને માટે ખૂબ હિંમત જોઇએ. તારે તારા ડરોનો સામનો કરવો જોઇએ અને તેમાંથી પસાર થવું જોઇએ. તે સરળ નથી પણ એ જ તને તારામાંના ઉંડાણને શોધશે જેની તને ભૂખ છે. ગમે તેમ જેમ હું પહેલાં કહેતો હતો કે લોકો મને ગુરુ કહે છે તે હું માની શકતો નથી. હું જીવનજ્ઞાનનો વિદ્યાર્થી છું જેની પાસે આપવા માટે શક્તિશાળી વિચારો છે. મને માર્ગદર્શક માન, લોકોના જીવનમાં હું યોગ્ય દિશામાં માર્ગદર્શન કરવા આવું છું. હું જે લોકો પોતાના જીવનમાં ખૂબ મોટું પરિવર્તન આણવા માંગતાં હોય તેમને શોધું છું કારણ તેઓ અંતરથી જાણતા હોય છે કે અત્યારે તેઓ જે અનુભવી રહ્યા છે તેના કરતાં જીવન ઘણું વધારે છે. આથી રુમીએ એક વખત કહેલું મને યાદ આવે છે. 'માર્ગદર્શક વગરના જીવનમાં બે દિવસની મુસાફરી કરતાં સો દિવસ લાગે છે.'"

ડહાપણનું ઊંડાણ જે મને વહેંચવામાં આવ્યું હતું તેને વધાવતાં હું રમૂજ માણી રહ્યો. આ જ જુલીયન માન્ટલે હોવા જોઇએ. આ જે મને કહેવામાં આવ્યું છે, તે બીજું કોણ કહી શકે? મને વધારે શાંતિ થઇ. આ અસામાન્ય માણસ માટેની રહી સહી અચોક્કસતા પણ મેં છોડી દીધી.

“હું જે કરું છું તે તરફ વધારે સારી દૃષ્ટિથી કદાચ મને જીવન-શિક્ષક માની શકાય. હું લોકોને તેમની ઉચ્ચતાને પ્રાપ્ત કરાવું છું અને માનવ તરીકેની મહાન રમત રમાડું છું. હું લોકોને તેમના પ્રારબ્ધને શોધવામાં મદદ કરીને તેમનાં સ્વપ્નો જીવાડું છું. **એ માનવું મુશ્કેલ છે કે આપણે જે દુનિયામાં રહીએ છીએ ત્યાં ઘણાં લોકો ટોળાને અનુસરવાની ઇચ્છા રાખે છે અને બધા જે કરે તે કરવા જતાં તેઓ પોતાનાં સ્વપ્નો જીવતાં નથી. હું જે પ્રાર્થના કરું છું તેમાંથી હું તને કંઇક કહીશ.** હું પ્રાર્થના કરું છું કે હું જે તને કહીશ તે તું ક્યારેય નહીં ભૂલેઃ **માણસને જો કોઇ વસ્તુનો અતિશય રંજ હોય તો તે છે, તેમના જીવનનો અંત આવે અને તેમણે તેમનાં સ્વપ્નો માટે કંઇ જ ન કર્યું હોય.** મૃત્યુ આવતાં અથવા વયસ્ક થઇએ અને એક દિવસ એવી સમજણ વિકસિત થાય કે તેઓએ આકાશને આંબવા કંઇ કર્યું નહિ અને તમે તમારી ગર્ભિત શક્તિઓના દસમા ભાગનો પણ ઉપયોગ કર્યો નહીં, તો તેમનું હૃદય ફાટી જાય છે. આના માટે મારામાં વિશ્વાસ રાખ, હું દરેક સમયે આ જોઉં છું. આપણા અંત સમયે આપણું હૃદય દુઃખથી ભરાઇ જાય એ ખતરો આપણે નથી ઉઠાવ્યો. ઉલટાનું આપણા અત્યંતાતિક દુઃખનું કારણ એ છે કે આપણે કોઇ ખતરો ન ઉઠાવ્યો. આવેલી બધી તકો આપણે ન ઝડપી અને આપણે કંઇ ન કર્યું. તમારું જીવન ગરીબ-ગાયની જેમ ન વિતાવો, મિત્ર, જે દિવસોની તમને ભેટ મળી છે તેમાં મહાન કાર્ય કરો. તે પ્રદેશમાં પ્રવેશ કરો, વંચના કરવાવાળાને ભૂલી જાઓ. જીવન થોડું છે અને તે ખૂબ જલદીથી સરી જાય છે. જેમ કે દરિયા કિનારાની રેતી તમારા હાથમાંથી સરકી જાય છે. તમને પ્રકાશવા બનાવ્યા છે અને તમારી હોંશિયારીને એ પ્રકાશમય દિવસ જોવા દો. **જીવનમાં એક જ ગમ છે અને તે છે પ્રયત્ન ન કરવાનો.** તમારો મહાન રંજ એ જ હોઇ શકે કે તમે મહાન રમત રમવા તૈયાર નથી, અને જે વસ્તુઓ તમને ડરાવે છે તે તરફ આગળ વધતા નથી.”

“હું કબૂલ થાઉં છું, જુલીયન. હું પૂર્ણપણે કબૂલ થાઉં છું. હું અત્યાર સુધી જે જીવ્યો તેના માટે મને ખૂબ દુઃખ થાય છે.”

“તારા પ્રત્યે માયાળુ બન. આપણે આપણી ભૂલોમાંથી જ શીખીએ છીએ. કેટલું સરસ છે કે અનુભવોમાંથી સારા નિર્ણયો આવે છે. ભૂલોમાંથી અનુભવો આવે છે અને ખરાબ નિર્ણયોમાંથી ભૂલો સર્જાય છે. મારા આરામદાયક દાયરામાં રહેવા કરતાં અને બહાર નીકળવાની ના કહેતાં વિકાસને જતો કરવા કરતાં થોડી ભૂલો કરી જીવનમાં પ્રયોગો કરવાનું હું પસંદ કરીશ. તેથી તેં થોડી ભૂલો કરી. તારી જાતને માફ કરી દે અને આગળ વધ. **ભૂતકાળ કબ્રસ્તાન છે અને તમારું જીવન કબ્રસ્તાનમાં વિતાવવાનો કોઇ અર્થ નથી. દરેક અંત નવી શરૂઆત લાવે છે અથવા બીજી રીતે કહીએ તો, જો તમે ગાડીના પાછલા અરિસામાં જોયા કરો તો તમે જીવનમાં આગળ વધી શકો નહીં.** જેમ સીસેરોએ નોંધ્યું છેઃ ‘ડાહ્યા માણસોનો આત્મા તેમના અસ્તિત્વના ભવિષ્ય તરફ જુએ છે. તેમના બધા જ વિચારો અનંત તરફ કેન્દ્રિત હોય છે!’ તમારી ભૂલોમાંથી શીખીને ડહાપણનો પાયો નાંખો. સ્વની જવાબદારી અને સ્વ પ્રત્યે માફીને મેળવી દો. તમારા ડરોથી દૂર ભાગવાને બદલે તેના તરફ દોડો કારણ તમારા મોટા ડરોની બીજી બાજુએ તમારું મહાન જીવન છે. જો તમે તમારા ડરો પ્રત્યે દોડશો નહીં તો તમને વ્યક્તિગત સ્વતંત્રતા

ક્યારેય મળશે નહીં. તમારા ડરોની બીજી બાજુ સ્વતંત્રતા રહે છે. તને શું લાગે છે કે મોટાભાગના લોકો કેટલીવાર ડરે છે?"

"મને ખ્યાલ નથી," મેં પ્રમાણિકપણે જવાબ આપ્યો. "કદાચ થોડા મહિનાઓમાં એક વખત."

"જો તમને દરરોજ ડર લાગતો ન હોય તો તમે સલામત બંદરે અને કિનારે લટકીને જીવન જીવો છો. કોલંબસ નવી દુનિયામાં કેવી રીતે આવ્યો તે વાર્તા તું જાણે છે?" જુલીયને હૂંફથી પૂછયું.

"ના હું જાણતો નથી, જુલીયન મેં ઘણો ઇતિહાસ વાંચ્યો છે પણ તારા સવાલનો શું જવાબ હોય તે હું જાણતો નથી."

"એ સીધી લીટીમાં ગયો." જુલીયને કહ્યું અને તેમણે તેમના તાંબા જેવા હાથ 'T ' મુદ્રામાં ભેગા કર્યા.

"તેથી તમે શું કહેવા માંગો છો?"

"કોલંબસ પહેલાંના બધાં સાહસિકોએ જમીન દેખાય તે રીતે કિનારાની નજીક વહાણવટું કર્યું. તે રીતે દરિયો ખેડવાનો રિવાજ હતો. કોલંબસે બધાથી અનોખા બનવાની હિંમત કરી. તેણે જે બીજા બધાએ કર્યું હતું તે કરવાની ના પાડી. તેણે ખતરો વહોરી લીધો તેઓ કિનારાથી સીધા દરિયામાં ગયા. અને તેમણે જાણીતો રસ્તો છોડીને અજાણ્યો દરિયો ખેડવાની હિંમત કરી તે જ કારણે તે આપણા બધાનો મહાન હિરો બની ગયો. મિત્ર, યાદ રાખ, નેતાઓ હમેશાં ઝંઝાવાતી બદલાવ આણનારા હોય છે. મનુષ્ય જાતનો વિકાસ કરનારા લોકોએ સામાન્ય લોકો જે વિચારે, અનુભવે અને કાર્ય કરે તે કરવાની તેમણે ના પાડી છે. જોન એફ. કેનેડીએ જે કહ્યું કે તેઓ માનવને ચંદ્ર પર મોકલવા સખત મહેનત કરશે એ અદ્વિતિય હતું તેમણે ટોળાંને અનુસરવાની અને નાની રમત રમવાની મનાઇ કરી દીધી. મહાત્મા ગાંધીનું ક્રાંતિકારી સ્વપ્ન દેશને આઝાદ કરવાનું કાલ્પનિક લાગતું હતું, તેમણે તેમના બધા ડરો ઉપર વિજય મેળવ્યો હતો. કલકત્તાને ગરીબીના ભરડામાંથી બહાર કાઢવાનો મધર ટેરેસાનો વિચાર ક્રાંતિકારી હતો. તેમણે નનૈયો ભણનારાના નારાઓ સાંભળ્યા નહીં કે આ કાર્ય થઇ શકશે નહીં અને આ કાર્ય કરવું જોઇએ નહીં. જ્યોર્જ બર્નાડ શોએ ઘણી સારી રીતે કહ્યું છે કે : 'સામાન્ય માણસ દુનિયાને અનુસરે છે, અસામાન્ય માણસ દુનિયાને પોતાની પાછળ અનુસરાવે છે.' તેથી બધી પ્રગતિ અસામાન્ય માણસને આભારી છે. આ ડહાપણનો ઘણો અગત્યનો મુદ્દો છે. દરેક વિકાસ અસામાન્ય માણસ તરફથી આવે છે જેઓ તેમના હૃદયના સૂચનોને અનુસરે છે અને ટોળાંના હુકમને માનવા કરતાં આત્માના અવાજને માને છે. બધી પ્રગતિ જે સ્ત્રી-પુરુષોએ તેમને જેનો ડર લાગ્યો તે કાર્યો કરવાનો ખતરો વહોરી લીધો તેમણે જ આણી છે."

"આ ઘણો સારો મુદ્દો છે, જુલીયન," મેં કબૂલ્યું. "માનવીય વિકાસ અને દુનિયાની બધી પ્રગતિ અગ્નિની શોધથી માંડીને વ્યક્તિગત સંગણક (કોમ્પ્યુટર) ની શોધ એવા લોકોની હિંમતમાંથી આવી છે. જેમણે ટોળાંને ન સાંભળતાં તેમને જે સાચું લાગ્યું તે કર્યું, તેમનામાં ઉત્પન્ન થયેલી અનિશ્ચિતતા અને ડર તેમણે ફગાવી દીધો હતો."

"આગળ આવેલી ભીતીને પાળવી એ એક ખતરો છે. પણ ખતરો લેવો એ જીવંતતાની નિશાની છે. મને અનુભૂતિ છે કે જ્યારે આપણે ખતરો લઇએ છીએ ત્યારે આપણે સૌથી વધારે જીવંત હોઇએ છીએ, ત્યારે જ આપણે હિંમતવાળા થઇને આપણા જીવનની વણખેડાયેલી કંદરાઓ પર ચાલીએ છીએ. **'મોટો ખતરો, મોટું જીવન નાનો**

ખતરો નાનું જીવન' એ રીતે જ હું આને મૂલવું છું. જો તમારે મહાન જીવન જીવવું હોય તો મહાન જોખમો લેવાની તમારી તૈયારી હોવી જોઇએ. જો તમારે મોતી વીણવાં હોય તો તમારી ખૂબ ઊંડે ઉતરવાની તૈયારી હોવી જોઇએ અને એવી જગ્યાએ જાઓ જ્યાં શરમાળ અને ગાભરુ લોકો ક્યારેય ન જાય."

"સારો દાખલો આપ્યો."

"જ્યારે તમે ક્યારેય ન માંગ્યું હોય એવું કંઇક કોઇની પાસે માંગો જેથી તમારું દિલ ધડકી ઉઠે ત્યારે જ તમે ખરેખર જીવંત છો. જ્યારે તમારે કોઇને કંઇ કહેવું હોય પણ એમ કરવાના વિચારથી જ તમારા પેટમાં ફાળ પડે. ત્યારે તમે સૌથી વધુ જીવંત છો. જ્યારે તમે જાણતા હોવ કે કોઇ કાર્ય તમે ક્યારેય કર્યું નથી પણ તમે તે કાર્ય કરો કારણ તમારા હૃદયમાંથી કોઇક તમને કહી રહ્યું છે કે આ કાર્ય તમને વધારે યોગ્ય અને સમૃદ્ધ બનાવશે, ત્યારે તમે સૌથી વધારે જીવંત છો. પાપા વેલેન્ડાએ, સૌથી વધારે ઊંચાઇવાળા દોરડા પર ચાલનાર, એટલું સારી રીતે કહ્યું છે. 'જીવન દોરડા પર છે. બાકી બધું ફક્ત રાહ જોવડાવે છે.'"

આજની આપણી દુનિયામાં ભાગ્યે જ જોવા મળતા ઉત્સાહથી જુલીયને ચાલુ રાખ્યું. "તેથી મારામાં તારા જીવનના ગુરુને જો. દરેક હોંશિયાર ધંધાવાળા અને તેમને જ્યાં જવું છે ત્યાં લઇ જવા માટે ગુરુ હોય છે. દરેક મહાન રમતવીરને તેની સૌથી સારી રમત માટે ગુરુ હોય છે. જો, તું એમ વિચારે કે જીવનના તકતા ઉપર તારે ઉત્તમ પાઠ ભજવવો છે તો તું એમ વિચાર કર. તારે જે માર્ગદર્શક તને ઉત્સાહિત કરે અને તારે જ્યાં જવાનું તારા પ્રારબ્ધમાં નિર્માયું છે તેવો તને બનાવવા માટે એક ગુરુની જરૂર છે. હું જાણું છું કે આજે રાત્રે તું શિબિરમાં આવ્યો હતો. તે માણસે ત્યાં ઘણું સારું કહ્યું. મને તેણે જે કહ્યું તે ગમ્યું. હું આશા રાખું છું કે જે રીતે મેં તને મારા પ્રત્યે આકર્ષ્યો તેથી તું ડર્યો નહીં હોય."

"ના, રે ના, જુલીયન તમે એવું કંઇ કર્યું નથી." હું ખોટું બોલ્યો.

"જરૂરી માત્ર એટલું જ છે કે જે લોકો સાથે હું કામ કરૂં તેઓ જોખમ લેવા તૈયાર હોવા જોઇએ. આપણી જીંદગીના દરેક તબક્કે આપણી પાસે પસંદગી હોય છે. જે વસ્તુનો આપણે વિરોધ કરતા હોઇએ તેનો સામનો પણ કરીએ અને એમ કરવામાં આપણે માનવ તરીકે વિકસિત થઇએ છીએ. અથવા આપણે વધારે મહેનત કરવાનું પસંદ ન કરીએ તો આપણે કૂપમંડૂક અને નાના રહીએ છીએ. બીજા શબ્દોમાં કહીએ તો આપણી પસંદગી આપણને સ્વતંત્ર અથવા મર્યાદિત બનાવે છે. તેથી મેં તારા માર્ગમાં થોડી અડચણો ઉભી કરી અને જોયું કે તું તે અડચણો કેવી રીતે મૂલવે છે અને તું કામયાબ રહ્યો છે."

"ભલે અને હું આશા રાખું છું કે હું તમને જુલીયન કહું તેની સામે તમને વાંધો નહીં હોય."

"મિત્ર, ખરેખર વાંધો નથી. આવતા થોડાં અઠવાડિયામાં આપણે એકબીજાને સારી રીતે ઓળખીશું. આપણે આ બધી રીત-ભાત છોડી દઇએ." બાટલીમાંથી પાણી પીતાં તેમણે જવાબ આપ્યો.

"તમે મારા જીવનના રાહબર બનશો તો મને ગમશે. ખરેખર તો જો તમે મને તમારા આગામી કાર્યક્રમમાં પસંદ કરશો તો મને લાગશે કે તમે મારું માન વધાર્યું છે. તમે સાચા છો. મને કયારનુંય એમ લાગે છે કે હું મારા પ્રારબ્ધને શોધવા તૈયાર થઇ ગયો છું. અને મારે ખરી જીંદગી જીવવી છે. ગઇકાલે મારી સાથે ચમત્કારી ઘટના ઘટી જેથી મારા અંદર

જાગૃતતા આવી ગઇ છે. હું અત્યારે એમાં પડવા માંગતો નથી પણ મને ફક્ત કહેવા દો કે જીંદગી એ એક કિંમતી ભેટ છે તે હું માનવા લાગ્યો છું. મોટાભાગના લોકો વિચારે તે કરતાં આપણામાં મહાન બનવા માટે ઘણી આંતરિક શક્તિઓ હોય છે એમ મને સમજાવા લાગ્યું છે."

"સાચું છે." જુલીયને સકારાત્મક જવાબ આપ્યો.

મેં ચાલુ રાખ્યું. "જુલીયન મને તમને પ્રાથમિક સવાલ પૂછવા દો અને મને લાગે છે કે ઘણાં લોકોને આ પ્રશ્ન ભટકાવે છેઃ ખરેખર પોતાના પ્રારબ્ધને શોધવા શું કરવું જોઇએ?"

જુલીયને તેના ઝભ્ભાના ભરતકામ પર હાથ ફેરવ્યો. તેમણે તેમની આંખો બંધ કરી જાણે તેઓ ઉચ્ચત્તમ શક્તિ પાસેથી માર્ગદર્શન મેળવી રહ્યા હતા. લાંબી શાંતિ પછી, તેઓ બોલ્યા.

"**મિત્ર, કોઇપણ પોતાના પ્રારબ્ધને શોધી શકતું નથી. તારું પ્રારબ્ધ તને શોધી લેશે. જો તેં તારી તૈયારી કરી હશે અને તારા અંદરના કાર્યને તક ઝડપવાની જરૂર હશે ત્યારે તે તને શોધી લેશે.** કાર્લો કેસ્ટાનેડા એ આ કેટલું સારી રીતે કહ્યું છે. 'તમે લડવૈયા હોવ કે નહીં, આપણા બધામાં એક ઘન સેન્ટીમીટરની તક એવી છે જે વખતોવખત આપણી સામે આવીને પડે છે. સામાન્ય માણસ અને લડવૈયા વચ્ચે ફરક એટલો જ છે કે આ ઘન સેન્ટીમીટરની તક જ્યારે ઉછળે છે ત્યારે લડવૈયો જાગૃત અને સજાગ રહે છે અને આવી તક માટે રાહ જોતો હોય છે તેથી તેને પકડી પાડે છે."'

"ચોક્કસ."

"અહીં જવાબ છે. તમારા પ્રારબ્ધને શોધવાની ચિંતા છોડી દો. તમે તમારી જાત સુધી પહોંચવામાં સમય ગાળો અને દુનિયાને દેખાતો ખોટો ખેલ છોડી દો અને તમારા અંતરમાં ઝાંકવું જરૂરી છે કે તમે ખરેખર કોણ છો. તમારા સ્વ-સાથેના સંબંધો ફરી બાંધવા માટે ધ્યાન કેન્દ્રિત કરો. તમારા મનના ઊંડાણવાળા અને સચ્ચાઇવાળા મૂલ્યોને જાણો. તમારી પસંદગી અને અગ્રિમતાને જાણો. એવું નથી કે બીજાએ શીખવેલા મૂલ્યો મહત્ત્વના નથી પણ તમને હૃદયથી સમજાય તે મૂલ્યોનું મહત્ત્વ સૌથી વધારે છે. તમને કઇ વસ્તુ હકીકતમાં ખુશી આપી જાય છે તે જાણો. તમારા અંતરાત્મામાં એક પધ્ધતિ બનાવો અને તમારી જાગૃતિના તેજમાં તેના ઉપર કાર્ય કરો, જેથી જખમો ભરાઇ જાય. જેવું તમે જાણી લો કે તમે કોણ છો અથવા સમજો કે તમારું ધ્યેય તમારી ખૂબ નજીક છે. જ્યારે તમે જાણી લો કે તમે ખરેખર કોણ છો અને તમે ખરેખર શું કરી શકો ત્યારે તમારી સામે ઉપસ્થિત થયેલી પેલી એક 'ઘન સેન્ટીમીટરની તક' તમે પકડી શકો છો. અને મારામાં શ્રદ્ધા રાખ, એમ થશે."

"ભલે, આ સંપૂર્ણ અર્થ સભર છે. જેમ તમે કહો છો તેમ, 'આંતરિક કાર્ય' કરવા માટે હું તૈયાર છું. અરે મારો સૌથી ખતરનાક ડર જાણવા માટે પણ હું તૈયાર છું."

"તું જાણે છે કોઇએ તને તારા ડરો આપ્યા હતા? કોઇકે તે ડરોને તને સમજાવ્યા હતા."

"ખરેખર?"

"હાસ્તો વળી. તારા જન્મ વખતે તું ખરેખર ડરથી મુક્ત હતો. તારા જન્મ વખતે તું તારી સંપૂર્ણતામાં હતો. હેન્રી એમીયલે એક વખત લખ્યું છે કે 'બાળપણ સ્વર્ગનો આશીર્વાદ છે કારણ તે જીવનની ક્રૂરતા પર આનંદનો ટૂકડો આપે છે. દરરોજના આ બધા હજારો જન્મો એ નિર્દોષતામાં તાજા ઉમેરા છે. જે આપણા ખરડાયેલા સ્વભાવ વિરુદ્ધ

લડે છે."'

"કેટલું સાચું છે. જુલીયન. મોટાઓ કરતાં બાળકો વધારે ઉત્ક્રાંતિ પામેલા છે. કારણ આપણે શીખવાના પાઠો તેઓ વધારે સારી રીતે શીખવી જાય છે. હું જાણું છું કે ઘણી વખત આ સત્ય હું ભૂલી જાઉં છું. ઘણી બધી રીતે બાળકો આપણા શિક્ષકો છે. આપણે તેમને માનીએ તે કરતાં તેઓ ઘણું વધારે જાણે છે."

"સાચી વાત છે. દોસ્ત નવજાત શીશુ તરીકે આપણે ખરેખર સંપૂર્ણ હોઇએ છીએ. હજી પણ જે શક્તિએ દુનિયા બનાવી છે. તેની સાથે આપણે જોડાયેલાં છીએ. પણ જેમ આપણે મોટા થઇએ તેમ આપણી આજુબાજુના વાતાવરણમાંથી આપણે ડરો પકડી પાડીએ છીએ. આપણે 'ખરડાઇ' જઇએ છીએ. આપણે આમ કરીએ છીએ કારણ આપણે દુનિયામાં સમાવું છે અને બધાં જેવા બનવું છે. આપણા માતા-પિતા આપણને પ્રેમ કરે અને આપણી પ્રશંસા કરે એમ આપણે ઇચ્છીએ છીએ. તેથી આપણે તેમને નમૂનારૂપ માની અને તેમના ડરો લઇએ છીએ, માન્યતાઓ બાંધીએ છીએ અને ખોટી ધારણાઓ કરીએ છીએ જેથી આપણે તેમના જેવા બની શકીએ. **આ ક્ષણે તમે જે છો તે ખરેખર તમે જે છો તે નથી. આ દુનિયામાં હોવાના પરિણામરૂપ તમે કોઇકના જેવા બન્યા છો.** તમારી આજુબાજુના વાતાવરણમાંથી તમે ધારી લીધેલા બધા ડરોને કાઢી નાખવા તમારે ભૂતકાળમાં જઇને તમારા બધા ડરોના મૂળને શોધવા પડશે. પછી તમારી માનસિકતાના તમે ભાગરૂપ ન રહો ત્યાં સુધી તમારે તેના પર કાર્ય કરવું પડશે. તમારે તમારા જીવન પ્રત્યે વધારે ધ્યાન આપવું પડે અને તમારે શીખવા જેવા પાઠો પ્રત્યે પ્રત્યાઘાત દર્શાવવો પડે ત્યારે તમે તમારી જાતને જાણો જેથી તમારું પ્રારબ્ધ તમને બોલાવતું આવે. તમારે તમારી જાત પ્રત્યે કડક થઇને તમારી કથા ચકાસવી પડે."

"મારી કથા?"

"દરેક પોતાના જીવનની એક કથા સર્જે છે, જો તે ફક્ત પોતાની જાતને કહે તો પણ કેટલાંક માટે આ કથા એટલે તેઓ બલીનો બકરો કેવી રીતે બન્યા એ સમજવું. તેઓ જેવા છે તેવા છે કારણ ખરાબ બનાવો તેમની સાથે બની ગયા છે. આ દુનિયામાં ઘણા બધા આજે વ્યવસાયિક બકરા છે."

"શા માટે?"

"કારણ બકરા બનવું સહેલું છે. તમારી જીંદગી જેવી દેખાય છે તેને માટે તમારે જવાબદાર બનવું પડતું નથી. તમારા જીવનમાં જે બધું નથી થતું તે માટે તમે કોઇને પણ દોષ આપી શકો, કયારેય પોતા તરફ જોઇને જોઇતા બદલાવ આણવાની જરૂર હોતી નથી. **પણ જ્યારે તમે બકરા બનો ત્યારે તમને જે બકરા બનાવે છે તેને તમારી શક્તિઓ સમર્પિત કરો છો. એ જીવવાની એક મહત્વની રીત છે.** "

"કેટલું સાચું છે." મારું માથું હકરાત્મક રીતે હલાવતાં મેં જવાબ આપ્યો.

"આવા લોકો એવી કથા સર્જે છે કે તેમનાં સ્વપ્નો સાકાર કરવાની ઉંમર વહી ગઇ છે અથવા તેમની ઇચ્છા મુજબનો સાથી મેળવવા માટે તેઓ એટલા આકર્ષક રહ્યા નથી અથવા તેમને જે કરવાની ઇચ્છા છે તે કરવા જેટલા તેઓ હોંશિયાર નથી. આવાં બહાના ચાલ્યા કરે છે. મારો મુદો્ એ છે કે : **તમે સૌથી સારું એ કરી શકો કે તમે જાત સાથે સંબંધ જોડો.** "

"જેમ તમે હિમાલયમાં કર્યું હતું એમ જ ને," હું બોલી ઉઠયો.

"જેમ મેં હિમાલયમાં કર્યું હતું એમ જ," જુલીયને જવાબ આપ્યો. "મોટાભાગના

લોકો પોતાની જાત સાથેનું અનુસંધાન ગુમાવી દે છે. તેઓ ખરેખર કોણ છે તે તેઓ ભૂલી જાય છે. તે મને દુઃખી કરી જાય છે. આપણામાંના દરેકે દરેકના ડીએનએમાં મહાનતા આલેખાયેલી છે. આપણું જીવન આનંદથી ભરપૂર, ઉત્સાહિત અને સત્યમ, શિવમ, સુંદરમથી સમૃદ્ધ બનાવાયું છે. આનંદ મેળવવો એ આપણો જન્મસિદ્ધ હક્ક છે. પણ એ આપણે આપણી રીતે મેળવીએ છીએ. આપણે માધ્યમકક્ષાના પાંજરામાં પૂરાઇ જઇએ છીએ. આપણે માનીએ છીએ કે આપણી સાથે ચમત્કાર થઇ શકે નહીં. આપણે ડરીને નાના ક્ષેત્રમાં રમીએ છીએ. આપણે ઉત્તમ શકયતાઓ તરફ આગળ વધતા નથી કારણ આપણું કોઇ અપમાન કરશે તો? લોકો આપણને પ્રેમ કરશે નહીં તો? અથવા આપણું જીવન અટકી પડશે તો? એમ માનીને અટકી જઇએ છીએ."

"કેટલું સાચું છે."

જુલીયને અતિઉત્સાહથી ચાલુ રાખ્યું. "આપણે ખોટી માન્યતાને પંપાળતા હોઇએ છીએ કે ફક્ત પૈસો જ આપણને આનંદ આપી શકે અને તેથી આપણે આપણો આત્મા વેચી દઇએ છીએ. આપણે જાણતા જ નથી કે આપણે શું છીએ અને આપણે શું બની શકીએ છીએ. આપણે અજાણતાં જ આપણા આંતરિક વૈભવને છોડીને દુન્યવી શક્તિને માન આપતા થઇ જઇએ છીએ. આપણે ખરેખર ભૂલી ગયા છીએ કે ખરેખર આપણે કોણ છીએ? અને તમે જાણતા ન હોવ કે તમે કોણ છો અને તમે ખરેખર શું બનવા માંગો છો? તમે તમારા પ્રારબ્ધે આપેલી તક કેવી રીતે ઓળખશો અને તેને પકડશો? **તમે તમારી જાતને જાણો અને હું વચન આપું છું કે તમારું પ્રારબ્ધ તમને શોધી લેશે.** "

જુલીયને પોરો ખાધો. "મિત્ર આપણું પહેલું શીખવવાનું સત્ર પૂરું કરવાનો સમય આવી ગયો છે. રાત્રે મોડું થઇ ગયું છે અને મને ખાત્રી છે કે એક રાત માટે આટલું ઉત્તેજન પૂરતું છે."

જુલીયને તેનો માંસલ હાથ મારા ખભા પર મૂકયો અને અમે ડ્રેસીંગ રૂમ તરફ વળ્યા અને હૉલ તરફ ચાલવા લાગ્યા. જુલીયનની સાથે રહેવાથી જ મને શાંતિ મળી.

"અને હું એટલું જ માંગું છું કે મારામાં શ્રદ્ધા રાખ. જો તારી ઇચ્છા હશે તો હું તને તે સ્વપ્નેય કલ્પ્યું ન હોય તેવી જગ્યાએ લઇ જઇશ. ફ્રેડ્રીક ફ્રોસ્ટે નોંધ્યું છે કે : 'દરેક માણસમાં એક મહાન શક્તિ રહેલી છે. જ્યારે એ શક્તિ જાગૃત થાય છે. ત્યારે ચમત્કાર ઘટે છે.' મેં પર્વતના ઉત્તુંગ શિખરોમાં શોધેલાં રહસ્યો હું તને કહીશ. તારે જે જાણવાની જરૂર છે અને જીવનમાં આસ્વાદ આણવા માટે જોઇએ તેટલું હું તને કહીશ. ફક્ત 'તારા જીવનના બધા બંધનો એકવાર તોડી નાંખ, મારા મિત્ર."

"તેનાથી તમે શું કહેવા માંગો છો?"

"જો આ કથન મને ખૂબ ગમે છે. જો આપણે મહાન અને સર્વોત્તમ જીવન જીવવું હોય તો આ વાક્ય દરેકે દરેક વ્યક્તિને પોતાના ડરોને જીતવાનું કહે છે. મેરી કોલ્મોન્ડેલે એક વખત કહ્યું હતું. 'આ જુઓ અને લઇ લો તે તમને મદદરૂપ થશે."'

જુલીયને તેના ઝભ્ભાના ખીસ્સામાંથી એક ચબરખી કાઢી એવું લાગતું હતું અને ઘણા વપરાશથી એ ચોળાઇ ગઇ હતી. તેમાં આમ લખ્યું હતું:

'દરેક વર્ષે જ્યારે હું જીવું છું ત્યારે મને સમજાય છે કે જીવન, આપણે ન આપેલા પ્રેમમાં, આપણે ન વાપરેલી શક્તિઓમાં, સ્વાર્થી હરકતો જેમાં કોઇ જોખમ નથી, અને જેમાં દુઃખ છુપાડવાની જહેમત છે, તેમાં વેડફાય છે અને આપણે આનંદ

ગુમાવીએ છીએ. જીવનમાં એક વખત પણ બધાં બંધનો અને લગામો છૂટ્ટી મૂકવાથી લાંબા સમયે કોઇ ગરીબ બનતું નથી.'

"અદ્‌ભૂત વાક્ય છે, જુલીયન. મહેરબાની કરીને સમજી લો કે તમે મને જે પણ કંઇ કરવાનું કહેશો તે કરવા હું તૈયાર છું." મેં ઝડપથી પ્રત્યુતર આપ્યો. જુલીયનના જીવન શિક્ષણ માટેના આમંત્રણમાં રહેલી મહાન તકને પારખતા મેં કહ્યું. મારા ઘણા મિત્રો જેઓ પણ ધંધો કરે છે તેમની પાસેથી જીવન ગુરુ હોવાનું મૂલ્ય હું સમજું છું અને ખરા વખતે જુલીયન મારા જીવનમાં આવ્યા તેને હું આશીર્વાદરૂપ માનું છું. "મારામાં આમૂલન બદલાવ આવતાં કેટલો સમય લાગશે?"

"મિત્ર, **વ્યક્તિગત બદલાવ કંઇ હરીફાઇ નથી. હકીકતમાં કેટલીક વખત તમે સખત મહેનત કરો તો બદલાવ લાંબા સમયે આવે છે.** તેથી ઘણા લોકો સ્વના સંશોધનને એક મહાન રમત તરીકે ઘણે છે અને પાગલ કરી નાંખે તે ઝડપથી આ ઝખમો ભરવા દોડે છે. તેઓ પુસ્તકો વાંચે છે. તેઓ એક પછી એક માર્ગદર્શકને મળે છે અને શિબિરો ભરે છે. જે ગહન પ્રશ્ન સાથે તેઓ લડત લડે છે તેમનો જવાબ તેમને જાણવો છે. પણ જે માણસ ડરેલો છે તે વ્યક્તિગત વિકાસની ક્રિયા માણી શકતો નથી અને તેમના જીવન રહસ્યોને ઉકેલી શકતા નથી."

"ખરેખર?" મેં પૂછયું, આ સાંભળીને મને આશ્ચર્ય થયું. આપણા સમાજનું પ્રતિપાદિત મૂલ્ય છે કે "ઝડપી એ સારું" અને જુલીયન આ માન્યતાને તરછોડતો હતો તેનાથી તેની આજુબાજુ ઊભું થયેલું રહસ્ય ઘેરું બનતું હતું અને તેનું તત્વચિંતન તેને સમર્થન આપતું હતું.

"વિશ્વાસ રાખ કે તમારો સમય જ કુદરતનો સમય નથી. ક્રિયામાં ધીરજ રાખો. તારે બધા જ જવાબો હમણાં તો જાણવા જરૂરી નથી જ. જ્યારે તું કોઇપણ વિદ્યા શીખવા તૈયાર થઇશ અથવા કોઇ પાઠ ભણવાનો હશે ત્યારે તને શીખવવામાં આવશે. કોઇપણ ચલચિત્રના અડધમાં જ તને બધા જ વાર્તાના ફેરફારો અગાઉથી ખબર હોય તો એમાં મજા શું આવે? મિત્ર, **તારું જીવન એક સાહસકથા જેવું છે. જેમાં અડધી મજા તો એ જ છે કે આગળ શું થવાનું છે તે તમે જાણતા નથી. જીવન એટલું પ્રવાહી છે કે બધું હમેશાં બદલાતું રહે છે. તમે વિચારો કે આમ થશે તે એ જ રીતે થાય એવું નથી. એ જ આ આખી પ્રક્રિયાની મજા છે. તે પણ એક અનુપમ ભેટ છે."**

"તમારા કહેવાનો અર્થ શું છે?"

"જીવનના ધ્યેયનો એક ભાગ એ છે કે બધું રહસ્યમય છે એ સ્વીકારવાનું ફક્ત શીખી લેવું. તમારી આખી મુસાફરીનો એક ભાગ છે કે તમારે જેમ ઇચ્છા હોય તેમ જીવનના કાર્યો ન થાય તેનો ડર બધી રીતે તમારે જતો કરતાં શીખી લેવું. તમારી અપેક્ષા મુજબ જીવન ક્યારેય જતું નથી. એક વખત તમે જાણો કે તમે ધીરજ રાખી શકો છો અને તેના બધા સાહસો માણી શકો છો. જરા પાછળ ફરીને જુઓ. આજ દિવસ સુધી તમારું જીવન કેવું રહ્યું છે. તમે જેમ જીવન વિતાવવાનું આયોજન કર્યું હતું તેવું જ છે?"

"છેલ્લા થોડા મહિનાઓમાં મેં ઘણીવાર વિચાર્યું કે મેં કયારેય ધાર્યું નહોતું કે તે આવું હશે."

"ખરું છે. દરેકનું જીવન એવું જ હોય છે. જો તું મારા પ્રશ્ન ઉપર લાંબો અને ઊંડો પ્રત્યાઘાત આપે તો મારું ધારવું છે કે તેં કેટલાક ખરાબ બનાવોની અપેક્ષા નહીં રાખી

હોય, તેમ તારા જીવનના ઉત્તમ બનાવો માટે પણ કહી શકાય એવું તું શોધી શકીશ."

"હા, એ સંપૂર્ણ સાચું છે, જુલીયન. હું અત્યારે ખરાબ સમયમાંથી પસાર થઇ રહ્યો છું. પણ પ્રમાણિકપણે કહું તો મેં સ્વપ્ને પણ વિચાર્યું નહોતું કે મારા જીવનમાં હું આટલી સફળતા મેળવી શકીશ એ મારે કબૂલ કરવું જ રહ્યું. સંપૂર્ણપણે અનપેક્ષિત કેટલાક સુંદર બનાવો બન્યા જ છે."

"બરાબર, તેથી ખરેખર બોધ એ છે કે જીવન પર કોઇનો કાબૂ નથી અથવા તેની મહાન રૂપરેખા કોઇ સમજતું નથી. પણ, મારામાં વિશ્વાસ રાખ, છતાં એમાં સંપૂર્ણતા છે. અરે આજે તું જે અનુભવી રહ્યો છે તે સમય જતાં એક સુંદર આશીર્વાદ લાગશે. જેનાથી તારામાં મૂલ્યોનો અતિશય વિકાસ અને સમૃદ્ધિ તારા જીવને તારા માટે આણ્યા છે એવું તું અનુભવીશ."

"આ માટે તમે ગંભીર છો?"

"પૂર્ણપણે ગંભીર છું," જુલીયન બોલ્યા.

તેમણે ઉમેર્યું: "ઘણાં લોકોને આ વાત પચતી નથી કે તેમનાં આયોજનો અને ધ્યેય તેમણે જે ઇચ્છયાં હતાં તે રીતે ન પણ થઇ શકે. આ પ્રકારના વિચારો તેમનો પોતાના પરનો કાબૂ દર્શાવે છે અને તેમના વિચારો કાબૂમાં લેવાની જરૂરીયાત પાછળ ડર હોય છે. આ લોકો કુદરતની પ્રક્રિયામાં માનતા નથી. આવા લોકોને તેમના માટેના બધા સર્જનોના સ્ત્રોતમાં ઓછો પ્રેમ અને શ્રદ્ધા હોય છે. હા, આયોજનો કરો અને ધ્યેય બનાવો. સખત મહેનત કરો અને તમારે જે જોઇએ તે તરફ આગળ વધો. તે જવાબદાર વ્યક્તિનું કામ છે. એ હકીકત છે કે ઇચ્છાઓ રાખવાથી ઘણાં લોકો જીવન પ્રત્યે સભાન બને છે. **પણ તમારા આયોજનો અને ધ્યેય ખૂબ હલકા હાથે પકડો.** ઘણીવખત વિશ્વ તમને અનપેક્ષિત સમૃદ્ધિનો ખજાનો મોકલી દે છે. જો તમે તમારી પકડમાં જ મશગૂલ હશો તો એને શોધતા રહેશો. જે તમારા માટે તમે વિચારો છો તે ઉત્તમ છે. પણ તમારા માટે જે ખરેખર ઉત્તમ છે તે કદાચ તમે ખોઇ બેસો."

"મેં આવું કંઇ ક્યારેય સાંભળ્યું નથી. ભારતના પેલા સંતો ખરેખર ખૂબ અદ્ભૂત લોકો હશે."

"મારા મિત્ર, આ વાક્ય તેમના માટે પૂરતું નથી, તો હું તને જે કહી રહ્યો હતો તે તરફ પાછા ફરીએ," જુલીયન બોલ્યા અને તેઓ મારે જે શીખવું જોઇએ તેના પર લેસરના કિરણોની જેમ કેન્દ્રિત રહ્યા. "તમારા પ્રારબ્ધના માર્ગને કાબૂમાં રાખવાની તમારી માનસિક જરૂરીયાતને જતી કરો. કારણ તમે ગમે તેટલો ભગીરથ પ્રયત્ન કરો પણ તમે તેમ કરી શકતા નથી. એટલું ચોક્કસ કે તમે ડહાપણ ભરી પસંદગી કરી શકો અને તમારી પસંદગી ઉપર ભાર મૂકી શકો. પણ છેવટે તમે કાબૂમાં રહી શકતા નથી. માનવ તરીકે આપણે એટલા ઉદ્ધત છીએ. આપણે વિચારીએ છીએ કે વિશ્વ કરતાં આપણે વધારે હોંશિયાર છીએ. આ જ વિશ્વએ સૂર્યાસ્ત અને મેઘધનુષ્ય બનાવ્યા છે. આજ વિશ્વએ તારાઓ અને ચંદ્ર સર્જ્યા છે. આપણે વિચારીએ છીએ કે જે શક્તિએ જે બધું અસ્તિત્વમાં છે તેનું સર્જન કર્યું છે તેના કરતાં આપણે આપણી કાળજી વધારે રાખી શકીએ છીએ. જ્યારે તમે એમ વિચારો છો તે કેટલું હાસ્યાસપ્દ છે. તેથી આપણામાં શ્રદ્ધા થોડી છે."

"તે બધું આપણા ડરને લીધે છે. હું સમજવા માંડયો હતો."

"બરાબર," જુલીયને જવાબ આપ્યો. "ડર જ સૌથી મોટો મુદો્ છે જેને લીધે લોકો ટૂંકી અને અધિકાર વગરની જીંદગી જીવે છે. તારા મૂળ પ્રન્નનો વિચાર કરીએ કે આ

બદલાવ કેટલા સમયમાં આવશે તો મારે ફરીથી કહેવું છે કે વ્યક્તિગત વિકાસ એ કોઇ હરીફાઇ નથી કે તમે અંતિમ લીટી સુધી પહોંચી જાઓ. તેના બદલે એ એક **સજીવ** ક્રિયા છે. જે જ્ઞાન હું તને આપી રહ્યો છું તેને તારા ઊંડાણમાં ઉતારી એકત્વ પામવા માટે તારે થોડો સમય આપવો જરૂરી છે. જ્યારે તું ચોક્કસ પાઠ શીખવા તૈયાર થયો હોઇશ ત્યારે તને તે માટે સંપૂર્ણ અનુભવ થશે અથવા ચોક્કસ વ્યક્તિ તને એ બોધપાઠ શીખવવાની તક પૂરી પાડશે. અને એક વખત તે પાઠ શીખ્યા પછી તેને સમજીને જીવનમાં ઉતારવા માટે સમય આપવો પડશે. કોઇ ઉતાવળ નથી. આ એક મજાની સફર છે. કોઇપણ પ્રશ્નમાં શ્રદ્ધા રાખ કે તું જે છે તેને માટે જ ફકત તું ત્યાં છે."

"ભલે, હું થોડી વધારે ઢીલ કરીશ. હું સમજું છું કે એ રેસ નથી. હું મારામાંના બદલાવને તમે જેમ કહ્યું તેમ 'સજીવતાથી' લઇશ, જુલીયન." મેં કહ્યું.

જુલીયને મને લાંબા માર્ગ પર દોર્યો જેથી અમે પાછા તખ્તા સુધી પહોંચ્યા. કોઇએ સીમેન્ટની જમીન પર ફેંકેલા સોડાની બોટલને જોતાં તેને ઉંચકીને તેમણે કહ્યું, "દરેક નાની હરકત મહત્વની છે." મને ચોક્કસપણે સમજણ પડી નહીં કે આવી ટીપ્પણી કરવાનો મતલબ શું છે પણ મેં શાંતિ રાખી.

"આવતા અઠવાડિયા અને મહિનાઓમાં હું તને સાત તબક્કાની પ્રક્રિયા શીખવીશ કે જે તને નવજાત શીશુ તરીકેની તારી સંપૂર્ણતા તને પાછી મેળવી આપશે. આ ક્રિયા તારામાંના ઉત્તમ અને ઉચ્ચને જાગૃત કરશે. પણ તારે ધીરજ રાખવી પડશે. જો તેમાંનું અંતિમ તારણ તું સમજીશ તો માનવ તરીકે ઉચ્ચ પ્રકાશનો સ્વાદ અનુભવીશ."

"ઉચ્ચ પ્રકાશ? અરે વાહ!" જે આનંદ મારી રાહ જોતો હતો તે સમજતાં મેં કહ્યું.

"મિત્ર તારે તારી સફર પૂર્ણ ગંભીરતાથી લેવી પડશે. આ સાત તબક્કા જે સ્વ-જાગૃતિના છે જે હું તને કહેવાનો છું તેના પર હિંમતથી આગળ વધવું પડશે અને તારે જરૂરી આંતરિક કાર્ય કરવાની તૈયારી રાખવી પડશે. મહેરબાની કરીને જાણી લે કે દરેક પગલે તારી પાસે પસંદગી હશે. માનવ પાસે હમેશાં પસંદગી હોય છે જ્યારે તેમનું પ્રારબ્ધ ખુલતું હોય ત્યારે પણ હું જે કાર્ય માટે તને ઉત્તેજન આપી રહ્યો છું તેનો તું વિરોધ કરી શકે છે અથવા તેને ગળે લગાડી શકે છે. અને જો તું પ્રગતિને પસંદ કરીશ અને તારા ડરોને જીતવાની દિશામાં આગળ વધીશ તો વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને મહાનતામાં તું ઉંચે ને ઉંચે પહોંચીશ. તું એ શોધી શકીશ કે જીંદગી શેને માટે છે. જે વૈશ્વિક સત્યો અને કુદરતી નિયમો આ દુનિયાના કાર્યો ચલાવે છે. તે તને સમજાવા લાગશે. એક વખત તે તું જાણી લે પછી તેમની સાથે તારી જાતને ગોઠવીને તારી પસંદગી કરી શકીશ. જે કુદરતી નિયમો દુનિયાને ચલાવે છે. તેની સાથે તારી સંવાદિતા થયા પછી તારું જીવન **આપોઆપ** કાર્ય કરશે. તને સત્યો સમજાશે. તને સમજાશે કે તું ખરેખર કોણ છે. તારી વ્યક્તિગત તેજસ્વીતા અને અનંત શકયતાઓ જે તારા જીવનમાં પ્રવેશવા તૈયાર છે તે તને સમજાશે. ત્યારે તારું જીવન ચમત્કારિક બની જશે."

"આની કોઇ કિંમત છે, જુલીયન?" જ્યાં સાંજે ઉત્સાહિત કરનાર વક્તા પહેલાં બોલ્યા હતા તે તક્તા નજીક પહોંચતા મેં પૂછયું, "મેં સાંભળ્યું છે કે આવા વ્યક્તિગત શિક્ષક ખૂબ મોંઘા હોય છે."

"અલબત્ત એમ નથી. મારી સેવાઓ મફત છે. ફક્ત મને કેળાં આપતો રહેજે," જુલીયને ગાલમાં હસતાં કહ્યું. "ગંભીરતાથી, લોકો ખરેખર શું છે તે તેમને સમજાવવાના અભિયાન પર છું જે માણસને મારા જ્ઞાનની જરૂર હોય તેને મદદ કરવામાં મને સૌથી

વધારે આનંદ આવે છે. **આ અદ્ભુત ગ્રહ ઉપર જીવવાનું ભાડું હું સ્વાર્થરહિત સેવા આપીને ચૂકવું છું.** સંપૂર્ણ સક્રિય, સ્વ-જાગૃત માનવ હોવું એટલે શું એ લોકો જાણે તેમ હું ઇચ્છું છું. અત્યારે હું જે જીવન દુનિયામાં જોઉં છું તેથી હું દુઃખી છું," ચાલતાં ચાલતાં ઉભા રહીને જુલીયને કહ્યું. તેઓ એક ક્ષણ શાંત અને સંપૂર્ણ સ્થિર રહ્યા પણ તેમની આંખોમાંથી આંસુ ટપકવાં લાગ્યા.

"આ જગ્યા છે જ્યાં લોકો સ્વપ્નો કેવી રીતે જોવાં તે ભૂલી ગયા છે. મારે લોકોને ફરીથી સ્વપ્નો જોવામાં મદદ કરવી છે. માનવજાત આવા સ્વપ્નો જોવાના બંધનમાં બંધાય તે અમૂલ્ય નથી? કલ્પના કર આપણી દુનિયા કેવી દેખાશે. કલ્પના કર આપણે આપણી પાછળ કેવો વારસો આપણાં બાળકો માટે છોડી જશું! મારે લોકોને ફરીથી વિશ્વાસ કરવામાં મદદ કરવી છે. મારે લોકોને ફરીથી જીવવામાં મદદ કરવી છે. તેથી મારા મિત્ર, મારી ફરજ છે કે મારે તને મદદ કરવી. તને કંઇક કામમાં આવવાનો મને આનંદ થશે. ખરા અર્થમાં હું દુનિયાનો સેવા આપનાર નેતા છું. મારા એમ કહેવામાં ખરાબ ન લગાડતો. બીજાને આપવામાં મને ખૂબ આનંદ થાય છે. આટલો બદલો મારા માટે પૂરતો છે," જુલીયને કહ્યું.

"જુલીયન, હું તમારો આભારી છું," જે માણસ મને મદદ કરવામાં આટલો રસ દાખવે છે તેને મારા હૃદયથી બિરદાવતાં મેં કહ્યું.

"આપણા સમાજમાં 'ફરજ' શબ્દ નકારાત્મક રીતે ઘણીવાર વપરાય છે. ઘણાં લોકોને આ વિચાર પસંદ નથી કારણ 'ફરજ' ની લાગણી તેમને બંધનકર્તા લાગે છે અને તેમને તે ક્ષણમાં જીવતાં રોકે છે. મારા માટે 'ફરજ' શબ્દ એટલે સ્વતંત્રતા અને આનંદ છે. ભારતના મહાન કવિ રવિન્દ્રનાથે આને મારા કરતાં વધારે સભ્યતાથી કહ્યું છે, 'હું સૂઇ ગયો અને સ્વપ્ન જોયું કે જીંદગી 'આનંદ' છે અને જ્યારે જાગ્યો ત્યારે સમજયો કે જીંદગી 'ફરજ' છે. અને પછી હું કામ પર ગયો અને કંઇક સરસ બન્યું. મેં જાણ્યું કે 'ફરજ' આનંદ હોઇ શકે.' સેવા આપવી એ મારું પ્રારબ્ધ છે. અને હું જે કામ કરવા નિર્માયો છું તે કરું છું. આ પૃથ્વી પર જે કાર્ય કરવા મને મોકલવામાં આવ્યો છે તે કરું છું. જે મારા માટે ફક્ત આનંદ અને અમૃતવર્ષા સમાન છે. વુડરો વિલ્સન સાચું બોલ્યા છે જ્યારે તેમણે નોંધ્યું : **'તમે અહીં ફક્ત જીવવા નથી આવ્યા. તમે અહીં દુનિયાને વધારે સમૃધ્ધ, વધારે ધ્યેયનિષ્ઠ બનાવવા અને આશા અને આત્મસંતોષના અહેસાસને જગાવવા આવ્યા છો. તમે અહીં દુનિયાને સમૃધ્ધ બનાવવા માટે છો જો તમે આ અમૃત ભૂલી જાઓ તો તમે ગરીબ બની જાઓ છો.'** "

"ભલે, જુલીયન," મેં જવાબ આપ્યો. "હું તમને વચન આપું છું કે હું સારો વિદ્યાર્થી બની રહીશ. હું તમારા શાણપણને સાંભળીશ. તમે જે કહેશો તે બદલાવ આણવા હું બંધાઉં છું. મને શોધી કાઢવા બદલ આભાર. તમારો ખૂબ ખૂબ આભાર. મને એવી લાગણી થાય છે કે આજની રાત પછી મારી જીંદગી પહેલાં હતી તેવી ક્યારેય નહીં રહે."

"મિત્ર, અહીં તું સાચો છે. કાલે સવારે મને 'ક્યુ' હોટેલમાં મળજે. ત્યાં આપણે આપણો પહેલો પાઠ પૂરો કરીશું."

"તે મને ગમતી હોટલોમાંની એક છે." હું હસ્યો.

"હું જાણું છું," સમતોલન જાળવતાં જુલીયને કહ્યું. "હું ત્યાં રહું છું. જેમ મેં કહ્યું ભૌતિક રીતે સુંદર જીવન જીવવામાં કંઇ ખોટું નથી. તમે જેવા હોવ તેવી જીંદગીને ન બનાવો."

"આ જાણવાથી આનંદ થયો. ખૂબ સખત મહેનત કરીને મેં જે મેળવ્યું છે. તે બધું છોડી દેવું પડે તો મારામાંના ઉત્તમ મનુષ્યને જાગૃત કરવો આનંદદાયક ન હોત. આમાંની કેટલીક વસ્તુઓ જેમ કે મારી બોટ મને કેટલો આનંદ આપે છે. ઉનાળાના દિવસોમાં મને પાણી ઉપર રહેવું કેટલું ગમે છે. થોડીવાર પહેલાં મેં વિચાર્યું કે તમે કહેશો કે પરમ પ્રકાશ પામવા માટે મારું જે કંઇ છે તે બધું વેચીને પર્વતના શિખર પર એકાંતમાં રહેવું જોઇએ."

"મને લાગે છે કે આ શકયતા ઘણી રીતે બાજુ પર મૂકવી જોઇએ. કોઇપણ વ્યક્તિ પોતાને દુનિયાથી જુદા કરી અને તેનું જીવન એકાંતમાં ગાળે તો તેને શાંતિ મળે જ છે. જ્યારે તમે સાવ એકલા હોવ ત્યારે કોઇપણ વસ્તુ કે વ્યક્તિ તમને હેરાન કરી શકતી નથી. પેલા સાધુના બારામાં મેં વાંચેલું હું ક્યારેય ભૂલીશ નહીં કે જેમણે સાત વર્ષ એકાંતમાં તિબેટના મંદિરોમાં ગાળ્યા હતા. તેઓ ઘણીવાર મહીનાઓ માટે શાંતિમાં ચાલ્યા જતા અને તેમનું મન સ્થિર કરીને અશુદ્ધિઓને દૂર કરતા સમય આવ્યો કે તેમને લાગ્યું કે તેઓ પરમ-પ્રકાશ પામવાના તબક્કે પહોંચી ગયા છે તેથી તું જાણે છે તેમણે શું કર્યું?"

"મને જણાવો."

"તેઓ ન્યુયોર્ક પાછા ફર્યા. જે દિવસે તે પાછા ફર્યા ત્યારે તેઓ આ મહાન શહેરમાં ખરીદી કરવા ગયા અને થોડી ક્ષણોમાં તેમના મન પરનો બોજો ગાયબ થઇ ગયો. ભૂગળાંઓનાં અવાજ, મોટાં થતાં ટોળાં અને પાગલ કરી નાંખતી દોડ તેમને ડરાવી રહી. પ્રકાશ પામેલી વ્યક્તિનો આવો પ્રતિભાવ ન હોઇ શકે. હવે હું એમ કહેવા માંગતો નથી કે શાંતિ અને એકાંત તમારા ઉચ્ચત્તમ સ્વ સાથે જોડાવા માટે જરૂરી નથી. ખલીલ જીબ્રાન, મહાન તત્વચિંતકે લખ્યું છે : 'મોઢાથી બોલી શકાય તેનાં કરતાં કંઇક મહાન અને પવિત્ર છે. શાંતિ આપણા આત્માને જાગૃત કરે છે અને આપણા હૃદય સાથે ગણગણાટ કરે છે અને બંનેને ભેગાં પણ કરે છે. શાંતિ આપણને આપણાથી જુદાં કરે છે અને આત્માને તરતો મૂકે છે અને આપણને સ્વર્ગની નજીક લઇ જાય છે.'"

"સુંદર વાક્યો છે," જુલીયને હમણાં જ કહેલી ઉત્તમ ઉક્તિમાં તરવાનો અનુભવ કરતાં મેં કહ્યું.

"સાચેસાચ, તેથી શાંતિ અને એકાંત, તારા જીવનમાં જે શકયતાઓ ઉભી થવાની છે, તેને માટે જરૂરી છે. પણ અહીં શહેરની વચ્ચે રહીને પરમ પ્રકાશ પામવા માટે ખરેખર વ્યક્તિમાં હિંમત અને શક્તિ જોઇએ છે. તમે જ્યાં છો ત્યાં આંતરિક શાંતિ પ્રાપ્ત કરવા માટે ખરેખર ડહાપણની જરૂરીયાત છે."

"તમે મળ્યા એ સાધુનું શું થયું? મને આશ્ચર્ય થાય છે કે ન્યુયોર્ક શહેરમાં તેમણે કેવા પ્રત્યાઘાતો આપ્યા હશે?" મેં મોટેથી આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"આ સાધુઓ શિવાનાના સંતો તરીકે ઓળખાય છે. ખૂબ થોડા લોકો તેમને શોધી શકે છે, કારણ તેઓ હિમાલયના એક અત્યંત અંદરના ભાગમાં રહે છે અને તારે જાણવું જરૂરી છે કે આ સાધુઓ **હકીકતમાં** પરમ પ્રકાશ પામેલા લોકો છે. તમે તેમને દુનિયાના **કોઇપણ** ભાગમાં રાખો અને તેમને **ગમે તેવી** પરિસ્થિતિમાં મૂકો છતાં હું તને વચન આપું છું કે તેઓ સંપૂર્ણ આરામમાં અને ઊંડી શાંતિમાં રહે છે. આ સંતો ચમત્કારિક માણસો કરતાં કોઇ રીતે ઉતરતા નથી. હું જાણું છું કે તેમના જેવા મનુષ્યો મને ફરી ક્યારેય નહીં મળે." જમીન પર નજર રાખીને જુલીયન બોલ્યા, મને લાગે છે કે તેઓ સાધુઓને યાદ કરી રહ્યા હતા.

"ક્યુ હોટલમાં સવારે કેટલા વાગ્યે તમે ઇચ્છો છો કે આપણે મળી શકીએ?" મેં ખૂબ

ધીમેથી પૂછયું.

"સવારે પાંચ વાગ્યે."

"તમે મશ્કરી કરો છો?"

"મિત્ર, આમ કહેવાથી હું તારી મશ્કરી કરી રહ્યો છું?" જુલીયને આંખ મિચકારી ઉત્તેજીત થઇને પૂછયું. "જો તારે સાધુઓનું શાણપણ જોઇતું હોય તો તેમના જેવા બનવું પડશે. આ સંતો માને છે કે વહેલી પરોઢના સમયમાં શીખવા માટે અને અંતઃજ્ઞાન માટેની ચમત્કારિક શક્તિ હોય છે."

અને આ માન્યતાના વાક્ય સાથે જુલીયન મારી નજીક આવ્યા અને મને ઝડપથી ભેટયા અને તેમના ઝભ્ભાને બંને બાજુ લહેરાવતા ચાલ્યા ગયા. હું ત્યાં ઘણી મિનિટો માટે શાંત ઉભો રહ્યો. હું હકીકતમાં હલ્યો નહીં. હું મારા સારા નસીબને માની શકતો નહોતો. જ્યારે મેં વિચાર્યું કે મારે જે સવાલોના જવાબો જોઇએ છે તે ક્યારેય નહીં મળે, બસ ત્યારે જ એક સાચા ગુરુએ મારા જીવનમાં પ્રવેશ કર્યો.

એ ઓડીટોરીયમમાંથી બહાર નીકળતાં કોઇનું ચામડાનું પાકીટ જમીન પર પડેલું મેં જોયું. ચોકીદારને અથવા રાતના અધિકારીને આપી દેવાના ઇરાદાથી મેં તેને ઉપાડયું. મારી જીજ્ઞાસા મારા ઉપર હાવી થઇ ગઇ અને તેમાં શું છે તે ચકાસવા મેં તેને ખોલ્યું. તેમાં કોઇ પૈસા અથવા ક્રેડીટ કાર્ડ કે કોઇ ઓળખ પત્રો નહોતા. હકીકતમાં પાકીટ ખાલી હતું. ફકત એક વસ્તુ સિવાય. એક વાળેલા કાગળીયામાં કંઇક હતું જેથી મને આશ્ચર્ય થયું. અમારા પ્રાદેશિક છાપાવાળાએ જુલીયન અને તેના સાહસો માટે લખેલા લેખની એક પ્રત હતી. મેં તે કાગળીયું બહાર કાઢયું અને તેના તરફ તાકી રહ્યો. મને ખાત્રી હતી કે જુલીયને તે મારા માટે મૂકયું હશે. તે લેખના છેલ્લાં બે વાક્યો નીચે લાલ લીટી કરવામાં આવી હતી. જેમાં લખ્યું હતું, "જુલીયન માન્ટલે – સંન્યાસી જેણે તેમની બધી સંપત્તિ વેચી દીધી. માને છે કે માનવના આત્મામાં રહેલી શક્તિ દુનિયાને સારી બનાવવા પાછળની તાકાત છે. તેમણે દરેક વ્યક્તિ જવલંત જીવન કેવી રીતે બનાવી શકે તે માટેનું સત્ય શોધ્યું છે અને કદાચ જો તમે નસીબદાર હશો, તો તમે તેમના હવે પછીના વિદ્યાર્થી હશો."

મેં તે કાગળ સરખી રીતે વાળ્યો અને મારા શર્ટના ખીસ્સામાં મૂક્યો- મારા હૃદયની ખૂબ નજીક.

પ્રકરણ : ૩

સાધક આદેશની શક્તિ અને પ્રારબ્ધનો ગુહ્ય અર્થ સમજે છે

ફક્ત કલ્પના કરો કે તમારા જીવનનો ધ્યેય આનંદ જ છે – પછી જીંદગી ક્રૂર અને અર્થ વગરની બની જાય છે. તમારે માનવતાના ડહાપણને જીવનમાં ઉતારવું પડે. તમારી બુદ્ધિ અને હૃદય તમને કહેશે કે જે શક્તિઓએ તમને આ દુનિયામાં મોકલ્યા છે તેની સેવા માટે જીવન છે. ત્યારે જીવન આનંદમય બની જાય છે.

- લીઓ ટૉલ્સટોય

રાતની થોડી ઉંઘમાં પણ હું પડખાં ફેરવતો હતો તેમાં મેં ક્યારેય ન જોયું હોય તેવું વિચિત્ર સ્વપ્ન આવ્યું. મને સ્વપ્ન આવ્યું કે હું ઉભી ગલીમાં નગ્ન અવસ્થામાં દોડી રહ્યો છું. મને બીજું સ્વપ્ન આવ્યું જેમાં હું મારી મોટર જે પુલ પરથી દોડતી હતી તેમાં પૂરાઇ ગયો હતો અને દરિયામાં પડયો. અને મને હજી એક સ્વપ્ન આવ્યું જેમાં મારી પાસે ઉડવાની શક્તિ હતી. આ દરેક સ્વપ્નનું હું જેમાંથી પસાર થઇ રહ્યો હતો તેમાં કંઇક મહત્વ હતું એમ હું માનું છું. મેં ક્યાંક વાંચ્યું હતું, “સ્વપ્નો આત્માની ભાષા છે.”

નગ્ન અવસ્થામાં શેરીમાં દોડવું એ કદાચ મારા હૃદયની ચાહત હતી કે આ બધી ઝંઝટ ફેંકી દઉં – સામાજિક મહોરું – જે મેં સમાજમાં બંધબેસતા બનવા માટે પહેર્યું હતું અને આખું જીવન બીજા જેવા બનવામાં વિતાવ્યું હતું. સ્વપ્ન વધારે અધિકાર આપતું હતું પણ ખુલ્લા પડી જવાનો ડર પણ હતો. ડૂબતી મોટરમાં બંધ થઇ જવું એ કદાચ કાલે રાત્રે મને જુલીયનના મળ્યા પછી લાગેલો ડર હતો. તેમણે કહેલી કેટલીક વાતોમાં મને શંકા હતી. હું ખરેખર મારું જીવન બદલી શકીશ? જો હું આત્મ-મંથન કરું અને મારી જાતને જાણું તો મારું પ્રારબ્ધ મને મળી જશે? મધ્યમ કક્ષાનું જીવન જીવવાનું ઘણાં લોકોએ છોડી દીધું અને તેમના અસ્તિત્વનો ધબકાર જે તેમના માટે જ બન્યો હતો તે ખોઇ નાખ્યો, એ બધું સાચું હશે? અને જુલીયનના સ્વ-જાગૃકતાના સાત તબક્કા શું હશે? જુલીયનની અદ્ભૂત બુદ્ધિમત્તાને તો કોઇ પડકારી શકે તેમ નહોતું, જ્યારે મેં જુલીયન ઉપર વિશ્વાસ મૂકયો ત્યારે તેમણે મને કહેલા વિચારો રહસ્યમય લાગતા હતા.

અને ઉડવા વિષેનું સ્વપ્ન, મને મારું મન કહેતું હતું કે તેને મારા અંતરતમ ભાગ સાથે એટલે મારા આત્મા સાથે કંઇ લેવા દેવા હતી, જે મારામાં રહેલી ઉત્તમ શક્તિઓ વધારવા માટે છે. પેલી ધર્મશાળાના ઓરડામાં બે દિવસ પહેલાં મારા મનમાં ઉદ્‌ભવેલા શબ્દોનો મેં

વિચાર કર્યો. **જીવન એક ખજાનો છે અને તમે તમારા વિષે જાણતા હોવ તેના કરતાં તમે અનેક ઘણાં વધારે છો.** વહેલી સવારના અંધારામાં મારા સ્વપ્નો વિષે વિચારતો હતો. જુલીયન જેવા ડાહ્યા અને કાળજી લેનારા ગુરુ સાથે મારા જીવનને સારું બનવું જ પડશે એમ મારા મનમાં દઢ થતું ચાલ્યું.

અમારી બોટીક હોટલોમાં 'ક્યુ' હોટેલ મારી સૌથી મનગમતી સંપત્તિ હતી. ફેશનેબલ અને આબરૂદાર વ્યક્તિઓમાં એ ખૂબ જાણીતી હતી. ખૂબ મુશ્કેલીથી હું ૪. ૩૦ વાગ્યે સવારે ઉઠયો. પણ જુલીયન સાથેની મારી મુલાકાતમાં હું મોડો પડવા માંગતો નહોતો. હું જાણતો હતો કે તેઓ સમયસર પહોંચી જશે અને તેઓ વચન-પાળવામાં પાક્કા હતા. મારા પિતાએ મને એમ કહ્યું હતું.

મેં ગાડી 'ક્યુ' હોટલ તરફ હંકારી કે જે આકર્ષક અને મનભાવન હોટલ હતી. મેં જોયું કે તેની સામેની બાજુએ એક સુંદર ગાડી પાર્ક કરેલી હતી. એ ફેરારી હતી. લાલ, ચમકતી અને નવી નકોર. હું તેના ઉપરથી મારી આંખ હટાવી શકયો નહીં. મને મારા બચપનમાં મારા પિતા સાથે જુલીયનના ઘર પાસેથી પસાર થવાની યાદ તાજી થઇ. જ્યારે આ કાર હું જોઇ રહેતો હતો.

મને મારા પિતાની તીવ્ર યાદ આવી ગઇ. તેઓ મહાન હતા. તેમના મૃત્યુને ઘણાં વર્ષો પસાર થઇ ગયાં. આજે પણ જ્યારે હું એ વિષે વિચારું છું ત્યારે હું દુઃખી થઇ જાઉં છું. હું તમને રોજ યાદ કરું છું. હું મારાં બાળકોને પણ ખૂબ યાદ કરું છું. હું દર અઠવાડિયે તેમને જરૂરથી મળું છું અને તેઓ મારા હ્રદયના ટૂકડા છે. હું ઇચ્છું છું કે હું બધો વખત તેમની સાથે હોઉં. કંઇપણ હોય, જેમ મેં કહ્યું તેમ આ ફેરારીએ ઘણી સારી યાદો તાજી કરાવી.

મેં ફેરારીની પાછળ મારી ગાડી પાર્ક કરી તેવો નવો જેક નામનો માણસ આવ્યો અને મારું અભિવાદન કરવા લાગ્યો.

"સુપ્રભાત, મિ. સેન્ડરસન અને 'ક્યુ' માં તમારું સ્વાગત છે." તેણે હાસ્ય સાથે કહ્યું, "શેઠ, તમને જોઇને આનંદ થયો."

"જેક તને જોઇને પણ આનંદ થયો," મેં ગંભીરતાપૂર્વક કહ્યું. "આ કોની દીકરી છે?" ગાડી બતાવીને મેં પૂછયું.

"મને ચોક્કસ ખાત્રી નથી. પણ હું એટલું જાણું છું કે આ અઠવાડિયે આ હોટેલમાં એક સાધુ રહેવા આવ્યા છે. બધા તેમની વાતો કરે છે. સવારે લગભગ ૪ વાગ્યે તેઓ ગાડી હંકારી લાવ્યા છે, મેં મારી પાળી શરૂ કરી કે લગભગ તુરંત જ તેઓ આવ્યા. આ માણસને ખરેખર ફેરારીને ચલાવતાં આવડે છે. તમારે તેમને રસ્તા ઉપર ગાડી ચલાવતા જોવા હતા! જો તમને વાંધો ન હોય તો હું કહી શકું કે માણસ ઘણા આત્મવિશ્વાસવાળા છે અને તેમણે મને વીસની બક્ષિસ પણ આપી."

મહાન જુલીયન માન્ટલે હમેશાં આશ્ચર્યનો આંચકો આપે છે. હું જાણતો હતો કે તેમની પાસે થોડી સંપત્તિ છે. પેલાં છાપાના લેખમાં તે જણાવ્યું હતું. જેમાં લખ્યું હતું કે તેમને તેમની જૂની જીવનપધ્ધતિમાં પાછા જવામાં બિલ્કુલ રસ નહોતો. પણ એટલું ચોક્કસ હું જાણતો હતો કે જુલીયન હજી પણ જીવનનાં બધાં પાસાં માણતા હતા. તેમણે તેમની અત્યંત ધનાઢય જીવન પધ્ધતિ અને ઉત્તમ વસ્તુઓના શોખ માટે ક્યારેય દિલગીરી વ્યક્ત કરી નથી. પણ આવી વસ્તુઓ તેમના જીવનની પ્રાથમિકતા નહોતી. તેઓ આ બધી વસ્તુઓ જે પ્રકારનો આનંદ આપે તે તેઓ માણતા હતા પણ એ બધું તેમની જરૂરીયાત નહોતું.

જુલીયનને ફેરારી ક્યાંથી મળી કે 'ક્યુ' માં રહેવા જેટલા પૈસા ક્યાંથી મળ્યા તેની મને ખબર નહોતી. **વિશ્વમાં દરેક વસ્તુ યોગ્ય રીતે જ થાય છે. તેમાં મને હમણાંથી વિશ્વાસ બેઠો હતો.** મેં જેક સાથે હાથ મેળવ્યા અને લોબીમાં પ્રવેશ કર્યો. સુંદર ઇટાલીયન કેર-ટેકર મારીઆએ મારું અભિવાદન કર્યું અને બોલી, "મિ. સેન્ડરસન, મિ. જુલીયન તેમની રૂમમાં તમારી રાહ જુએ છે. સુપ્રભાત."

"તેઓ કયા રૂમમાં છે, મારીઆ?"

"અમે તેમને લોટસ-લોફર આપ્યો છે."

"તે તો આ હોટેલનો સૌથી ખર્ચાળ રૂમોમાંનો એક છે!" મેં આશ્ચર્ય સાથે કહયું.

"એમાં એવું થયું કે તેઓ અહીં આવ્યા અને એક રૂમ માટે પૂછયું. તેમણે કહ્યું કે કોઇ પણ પ્રકારનો રૂમ અમે આપશું તેમાં તેમને કોઇ વાંધો નથી. અને તેઓ એટલા નમ્ર અને મૈત્રીપૂર્ણ બોલ્યા કે અમે તેમને હોટલમાંનો અમારો સૌથી સારો રૂમ આપ્યો. મને લોટસ-લોફર ગમે છે કારણ તે ખૂબ મોટો નથી પણ મને તેમાં શાંતિ અને શક્તિ વર્તાય છે."

મેં મારું માથું હલાવ્યું અને હસ્યો. હું લીફટમાં બેસીને જુલીયન હતા તે માળે પહોંચ્યો. જેવો હું જુલીયનના રૂમ તરફ ચાલ્યો કે મેં રેકોર્ડ કરેલા મ્યુઝીક સાથે કોઇને ગાતાં સાંભળ્યું. એ ગાયન એટલું મોટેથી નહોતું કે અમારા કોઇ અતિથિ ઉંઘમાંથી ઉઠી જાય પણ એ ધ્યાન ખેંચે એવું જરૂર હતું. જેવો હું મારા ગંતવ્ય સ્થાન તરફ આગળ વધ્યો કે મને સમજાયું કે આ મહાન ગાયક બીજું કોઇ નહીં પણ જુલીયન માન્ટલે હતા.

જેવા મેં બારણે ટકોરા માર્યા કે વિચિત્ર દશ્ય સાથે દરવાજો ખુલ્યો. જ્યાં જુલીયન બોકસીંગ કરવાની નવી સફેદ ચડ્ડી પહેરીને હાસ્ય સાથે ઉભા હતા. તેમનું શરીર ચમકતું લાલ હતું અને તેમની ચામડી સાથે મજબૂત સ્નાયુઓ દેખાઇ આવતા હતા. જો મારા પિતાની ઉંમરની કોઇ વ્યક્તિ જીવતી હોય તો આટલી વ્યવસ્થિત શારીરિક અવસ્થામાં મેં ભાગ્યે જ કોઇને જોયા હતા. જુલીયનના વાળ ચીવટથી પાછળની બાજુએ ઓળેલા હતા અને તેઓ શાંત પણ શક્તિથી ભરપૂર લાગતા હતા. તેમના હાથમાં સંતરાના રસનો ગ્લાસ હતો.

"સુપ્રભાત મિત્ર, અંદર આવી જા," તેમણે ખૂબ જ પ્રભાવિત રીતે કહ્યું. "હું સંગીત સાંભળી રહ્યો હતો. એ ડેવ મેથ્યુસનું 'ગ્રેવડીગર' નામનું ગીત છે. મને તે ગમે છે. મારા માટે એનો અર્થ છે કે જ્યારે સગવડ હોય ત્યારે પૂરતું જીવી લેવું. પૂર્ણ જીવન જીવવું. દરેક ક્ષણ માણવી પછી ભલે તે આદર્શોથી ઉતરતી હોય. કારણ જલ્દીથી જીવન પૂરું થઇ જવાનું છે. આપણે જાણીએ તે પહેલાં આપણે છ ફૂટ ઊંડે દફનાઇ જવાના છીએ. પહેલાં વરસાદની બૂંદો અનુભવવી અથવા આપણા બાળકોને હસતાં જોવાં અથવા ઉગતા સૂર્યને જોવો એ બધા સાદા આનંદો ભૂતકાળ બની જાય છે. મિત્ર, હું તને કહું જે વસ્તુઓની આપણા જીવનની વીસી, ત્રીસી કે ચાલીસીમાં ખૂબ કિંમત હોય છે તેની જીવનના અંતમાં કોઇ કિંમત રહેતી નથી. અને અત્યારે જે વસ્તુઓની કિંમત સૌથી ઓછી હોય તેની કિંમત સૌથી વધારે થઇ જાય છે. જેમ કે ઊંડા માનવીય સંબંધો, દયાળુ કાર્યો, સુંદર શારીરિક અવસ્થા, આપણા કાર્યમાં નિપૂણતા આણવી, પરંપરા બનાવવી અને આપણામાંની ઉત્તમ વ્યક્તિને બહાર લાવવા દરરોજ સમય ફાળવવો વગેરે. **મૃત્યુ શૈયા પર કોઇ પોતાના બેંક એકાઉન્ટમાં વધારે પૈસા અથવા તેમના ગેરેજમાં મોટી ગાડી હોય એમ ઇચ્છતું નથી. તેના બદલે જ્યારે આપણે છેલ્લો શ્વાસ લેતા હોઇએ ત્યારે આપણે ઇચ્છીએ છીએ કે આપણું જીવન હિમ્મતવાળું, અધિકાર આપતું અને ખૂબજ પ્રેમાળ હોય.** "

"કેટલું સાચું છે, છતાં આપણે આપણા જીવનના મહત્ત્વના વર્ષો કીર્તિ અને સંપત્તિ મેળવવા પાછળ વેડફીએ છીએ."

"સાચું છે આપણે એમ કરીએ છીએ કારણકે આપણી આજુબાજુના લોકોએ આપણને શીખવ્યું છે કે આ મૂલ્યો મહત્ત્વના છે. પણ આપણી પાસે પસંદગી છેઃ આપણે ટોળાએ આપેલા મૂલ્યોથી ખરીદાઇ જઇએ અથવા આપણે આપણા પ્રત્યે સચ્ચાઇ રાખવાની હિંમત દાખવીએ અને આપણી અંદરની સચ્ચાઇ સુધી પહોંચી આપણને જે સાચી લાગે તે રીતે જીંદગી જીવીએ. ફરીથી પૈસો ખરાબ નથી. ખરેખર તો આ અદ્‌ભુત વસ્તુ જો આપણે યોગ્ય અને સારી રીતે વાપરીએ તો તે આપણાં માટે ઘણો આનંદ લાવે છે. પૈસા બનાવવા એ સારી વાત છે અને જો તમારે સુંદર જીવન જીવવું હોય તો પૈસો તમારા જીવનની પ્રાથમિકતાઓમાંની એક છે."

"તે એમ જ હોવું જોઇએ પૈસા કમાવા એ મારી સૌથી અગ્રિમ પ્રાથમિકતા ન હોવી જોઇએ."

"બરાબર, જે શક્તિએ તમને અહીં મોકલ્યા તેની પ્રત્યે તમારી સજાગતા, જ્યારે તમે પૃથ્વી ઉપર હોવ ત્યારે કંઇક કરી છૂટવાની ભાવના, તમારા કુટુંબને પ્રેમ કરવો અને તમારા આત્માને ઢંઢોળવો આ બધાની પહેલાં પૈસાને મૂકવાની ભૂલ ન કરી શકાય. યાદ રાખ ઘણાં બધાં પ્રકારના ઐશ્વર્યો છે તેમાનું નાણાકીય ઐશ્વર્ય એક છે. મારા હિસાબે જેના સંબંધો સમૃધ્ધ છે અને પ્રેમભરી જ્ઞાતિ છે તે સમૃદ્ધ છે. જેનું જીવન સાહસિક, ઉત્તેજનાથી ભરપૂર અને સતત જ્ઞાન મેળવવામાં લીન હોય તે જુદી રીતે સમૃદ્ધ છે અને જે દરેકના જીવન સાથે આત્માથી જોડાયેલું હોય અને સવારે સત્ય તરફ જાગૃતતા અને શાંત થઇને ઉઠે તેણે હજી બીજા પ્રકારની સમૃદ્ધિ ભેગી કરેલી છે. આપણી જાત-આપણો સમાજ જેણે આપણને શીખવ્યું છે કે આર્થિક સંપત્તિ એક જ એવું ઐશ્વર્ય છે જેની પાછળ પડી જવું જોઇએ. જે જૂઠ્ઠાણું છે અને પૈસા એ એક જરૂરીયાતની વસ્તુ છે. પૈસાએ ઐશ્વર્યનું **બાય-પ્રોડકટ** છે."

"આ બાય-પ્રોડકટ શું છે?"

"બીજાનું ભલું કરવું અને મૂલ્ય વધારવું. તમે જે કરો તેની મહાનતા પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરો. બીજાઓની જીંદગી **સારી બનાવવા** માટે તમે જે કંઇ સમર્પિત કરી શકો તે કરો. તમારા વ્યવસાયિક અને વ્યક્તિગત જીવનમાં દરેકે દરેક કાર્યમાં ખરેખર સારા બનો. પૈસા તેની પાછળ આવશે તેની ખાત્રી હું આપું છું. મિત્ર, **પૈસા એ અનિચ્છા છતાં જીવનમાં જરૂરી બાયપ્રોડકટ છે જેને ખર્ચીને બીજાને જે જોઇતું હોય તે લાવી શકાય. તમે લોકોને મદદ કરીને જે કિંમત વધારી છે તેના બદલામાં વિશ્વ એ આપેલું પેમેન્ટ પૈસો છે. તમે જેવું વાવો તેવું લણો."**

"અરે, જુલીયન," હું વચ્ચે બોલ્યો. "તમારો ઝભ્ભો ક્યાં છે? હું જાણું છું કે કાલે રાત્રે તમે કહ્યું હતું કે સભ્યતાના અંચળાને કાઢી નાખો પણ આ જરા વધારે પડતું નથી? પણ સારા કુસ્તીબાજ લાગો છો." જો કે મેં મજાક કરી. હું જાણતો હતો કે હું જુલીયનની મજાક કરી શકું છું, એ મજાના માણસ છે.

"મિત્ર, મારા ઝભ્ભા ધોલાઇમાં ગયા છે. તારી પાસે ઘણો મોટો સ્ટાફ છે. મને માન છે. તેમણે કહ્યું કે થોડા કલાકોમાં તેઓ ઝભ્ભા પાછા લાવશે. તેથી અત્યારે હું કુસ્તીના વેષમાં આરામ કરું છું. આ સંગીતને હું ચાહું છું. સંગીત મારા આત્માને ગાતો કરી મૂકે છે. તેથી એ મારી જીંદગીમાં ખૂબ મહત્ત્વનું છે. તેનાથી મને અત્યંત ખુશી થાય છે. હું સંગીત વગરનું

જીવન કલ્પી શકતો નથી."

સાધુ ડેવ મેથ્યુસ, રમણીય હોટલને અને સારી વસ્તુઓને ચાહે છે. મને ધક્કો લાગ્યો. જુલીયને તેમના સંતરાના રસના ગ્લાસને ખાલી કર્યો અને સીડી પ્લેયર બંધ કર્યું. તેમણે મારી પ્રત્યે નમ્રતાથી જોયું, "હું આશા કરું છું કે આ ચડ્ડી પહેરીને દરવાજો ખોલવાથી તને શરમજનક નહીં લાગ્યું હોય. હું મારા પહેરવેશ વિષે વધારે વિચારતો નથી. મને આજે સવારે એટલી બધી મજા આવી. શિવાનાના સંતોને ભારતમાં મળીને મેં એક વાત વિકસાવી છે. જેને હું 'જીવનની લાલસા' કહું છું. જીવનની લાલસા વિકસાવવા જે કરવું પડે તે બધું કરવું. જીવનના સાદા આનંદો માટે આપણે બાળક તરીકે જે આનંદો આપણને મળે તે આપણે ભોગવવા જ જોઇએ. મારા માટે આ બધા આનંદો પાણીમાં પથ્થર પરથી કૂદવું અથવા કડકડતા શિયાળામાં બરફ પર દેવદૂતો બનાવવા જેવું છે. અથવા જ્યારે તમે તદ્દન એકલા હોવ ત્યારે સંગીત પર નાચવા જેવું છે. આજકાલ હું એટલા કામમાં છું કે જ્યારે હું વકીલ હતો ત્યારે સમાજના જે નિયમો મને સતાવતા હતા તે હું ભૂલી જ ગયો છું. તે વખતની કોઇપણ બાબતો મને અત્યારે મહત્વની લાગતી નથી. વર્તમાનમાં હું સંપૂર્ણ કાર્યરત છું તેથી તે બધાં કાર્યોમાં જ જીવન છે. **હવે જ જીવન જીવું છું, મિત્ર** . જેમ મેં પહેલાં કહ્યું તેમ ભૂતકાળ કબર છે. જીવન જીવવા માટે છે. આપણામાંના ડાહ્યા આ જાણે છે. જેમકે મહાન લેખક અને તત્ત્વચિંતક પાઉલો કોલ્હો તેમની ચોપડી 'અલકેમીસ્ટ' માં આ વિચાર સ્થાયી કરે છે કે 'હું ફક્ત વર્તમાનમાં રસ ધરાવું છું. જો તમે તમારા વર્તમાનમાં ધ્યાન કેન્દ્રિત કરી શકો તો તમે સૌથી સુખી માણસ બનો. તમે અનુભવશો કે રણમાં પણ જીવન છે. અને સ્વર્ગમાં પણ તારાઓ છે. આદિવાસીઓ પણ લડે છે કારણ તેઓ માનવજાતનો એક ભાગ છે. તારા માટે જીવન એક મિજબાની, એક મહાન ઉત્સવ હોવો જોઇએ કારણકે જીવન આ ક્ષણ છે જેમાં આપણે જીવીએ છીએ."'

"જુલીયન, આ બધા પાઠોની હું નોંધ ઉતારી લઉ?" મેં ખૂબ નમ્રતાપૂર્વક પૂછ્યું.

"ના હમણાં નહીં. સ્વની શોધ માટે લખવું ખૂબ જ અગત્યનું છે. જે સાધુઓને હું હિમાલયમાં મળ્યો હતો તેમણે રોજની નોંધપોથીની અત્યંત વધારે કિંમત મને શીખવી છે. મિત્ર, શિસ્તથી મારું જીવન બદલાઇ ગયું. જેમ તું બીજા માણસને ઊંડા વાર્તાલાપથી જાણી શકે તેમ જ દરરોજ સવારે નોંધપોથી લખવાથી તું તારી જાતને જાણી શકીશ. મારે શું જોઇએ છે અને એ મેળવવા માટે મારી સામે કયા અવરોધો હતા તે મેં શોધી કાઢયું. મારી નોંધપોથીથી મારા શીખવાની પ્રક્રિયાની નોંધ થઇ જે લાગણીઓ અવ્યક્ત હતી અને મને અવરોધતી હતી તેને વાચા મળી અને મારે કેમ જીવવું છે તેનું વચન મારી જાતને આપેલું તેનું તત્વજ્ઞાન શબ્દોમાં મૂકાયું. જો કે નોંધપોથી એ લાગણીઓને સ્વચ્છ કરવાનું અને જખમ ભરવાનું ઉત્તમ સાધન છે પણ તેનાથી મન-કેન્દ્રિત રહે છે. અને અત્યારે હું ઇચ્છું છું કે તું મનથી બહાર નીકળીને તારા હૃદયની નજીક રહે. મારે તને તારી બુદ્ધિથી બહાર કાઢી લાગણીઓ તરફ દોરવો છે. તેં તારી આખી જીંદગી મનથી જીવી છે અને એ તને કયાં ઢસડી લાવ્યું છે?"

"હજી હું ખૂબ ખરાબ પરિસ્થિતિમાં છું," મેં મારી પૂર્ણ પ્રામાણિકતાથી જવાબ આપ્યો.

"ભલે, તેથી કદાચ, ફક્ત કદાચ, એક કે બે તત્વો ખૂટતાં હશે," જુલીયને ખૂબજ દયાળુ અવાજે કહ્યું, "મિત્ર, મારું ધારવું છે કે તારે તારું હૃદય ખુલ્લું મૂકવાની જરૂર છે. અને મનમાં નહીં પણ જે ક્ષણે હૃદયમાં જેમ થાય તેનાથી જીવવાની જરૂર છે. તું ક્યારેય સૂર્યોદય અને સૂર્યાસ્ત સામે જોઇને બેઠો છે. અને તું કામ માટે વિચારતો હોય અથવા તારે

તે દિવસે કરવાના કામનું સમય-પત્રક બનાવતો હોય, તારી સામે જે કામ છે તેની સંપૂર્ણતામાં ધ્યાન આપવાને બદલે કોઇ પ્રશ્ન વિષે વિચાર કર્યો છે?"

"હાસ્તો."

"ભલે, તેં આમ કર્યું કારણ કે તું જ આ બધું સંભાળે છે. **મન એકદમ ઉત્તમ નોકર છે. પણ ત્રાસજનક માલિક છે** . આયોજન માટે શાંત પ્રત્યાઘાતો માટે અને ભૂતકાળની ભૂલો જે ફરી ન થાય તેને માટે મન એક ઉત્તમ સાધન છે. જે થોડા અપવાદ સિવાય વાપરી શકાય છે. મન તમને જ્ઞાન મેળવવા અને જીવનના પાઠો ભણાવવામાં મદદ કરે છે. ઘણાં માણસો માટે મન જ બધું હોય છે પણ તે દરેક કાર્ય કરતું નથી. ગઇકાલે રાત્રે મેં તને કહ્યું હતું તેમ હૃદયથી ચાલતું મન જ સમતોલ જીવન આપે છે. હૃદય અને મનની ભાગીદારી અને તેમનો તાલ-મેલ જ મહત્વનો છે. સૂર્યોદય જીવને આપેલી દરેક ભેટ સ્વીકારવાનું હૃદયને કહે છે. હૃદય જાણે છે કે જીવન વર્તમાનમાં જ જીવવું જોઇએ."

જુલીયન શાંત થઇ ગયા. લોટસ-લોફટમાંથી આખું શહેર દેખાતુ હતું. ટ્રાવેલ અને લીઝર નામનું મેગેઝીન કહે છે કે આ દુનિયાના સૌથી સારા હોટલના રૂમોમાંનો આ રૂમ એક છે.

"અરે, હા, આ કારનું શું છે?" મને નીચે ઉભેલી ફેરારી યાદ આવતાં મેં પૂછયું. મને કહેવામાં આવ્યું કે આજે વહેલી સવારે તમે તેને ડ્રાઇવ કરી લાવ્યા છો. તમે સૂતા નથી?"

"સુંવું છું ને, શરીરને સારા આરામની જરૂર છે. બધા લોકો જેટલું ઉંઘે છે તેટલું હું ઉંઘતો નથી. જીંદગી ટૂંકી છે અને હું સમય વેડફતો નથી. હું કાલે મરી શકું છું-કોણ જાણે? તેથી હું દરેક દિવસે સંપૂર્ણ જીવું છું. ગુમાવવા કરતાં જીંદગી ખૂબ મજાની છે. મારે જીંદગીમાં કંઇ કરીને વારસો છોડી જવાનો છે. મને કેટલીક અદ્‌ભુત ભેટ મળી છે. જે છે એક ધ્યેય. જેથી મારે ઘણાં લોકોનાં જીવન સમૃધ્ધ કરવાની પ્રાર્થના કરવાની છે. **એક વખત તમને કોઇ ઉચ્ચ ધ્યેય મળી જાય જે તમારા જીવનનો હેતુ હોય તો પછી તેમાંથી તમારી લગન પેદા થાય છે અને તે તમારા જીવનને શક્તિ પૂરી પાડે છે. તમારા મહાન ધ્યેયને પામીને તમારા જીવનને અસામાન્ય ધીરજ પ્રાપ્ત થાય છે.** એક વખત તમે તે કામ કરો તો તમને ઉત્તેજના થાય છે. અને આ કોલ માટેની તમન્ના તમારા સામાન્ય જીવન માટે ઉંઘવાની જરૂરીયાત અને ઇચ્છા ઘટાડી દે છે. ઘણાં લોકોને ઉંઘનો નશો હોય છે. તેઓ તેમના જીવનનો થાક ઉતારવા અને સમય પસાર કરવા ઉંઘે છે. જ્યારે મહાન જીવન અને અનંત શકયતાઓ માણસોના જીવન સાથે એકરૂપ થઇ જાય છે ત્યારે તેમની અંદર દુઃખનો કૂવો બનવા લાગે છે. ઘણાં લોકોને આનું ધ્યાન હોતું નથી. આ બધું આંતરમનમાં થાય છે. પણ એનો અર્થ એ નથી કે આ બધું નથી હોતું જે તેમને દરેક ક્ષણે, દરેક પસંદગીમાં અને દરેક સ્તરે મદદ કરે છે. તેથી આપણામાંના ઘણા દર્દને દૂર રાખવા ઉંઘનો ઉપયોગ કરતા હોય છે."

"આ સમજણ ખૂબ મહત્વની છે, જુલીયન. મેં આ બધું ક્યારેય વિચાર્યું નહોતું. મેં હમેશાં વિચાર્યું છે કે દર્દ હમેશાં ખૂબ સહન કરવા માટે જ હોય છે." મને સમજાયું.

જુલીયને હકાર ભણ્યો અને ચાલુ કર્યું. "જે લોકોએ પોતાનું જીવન કોઇ ધ્યેય માટે વાપર્યું તેમની સામે જો, જેવા કે બેન્જામીન ફ્રેન્કલીન, મહાત્મા ગાંધી, માર્ટીન લ્યુથર કીંગ જુનીયર, મધર ટેરેસા અને નેલ્સન માન્ડેલા. તેઓ કોઇ પ્રકારની સફર સાથે જોડાયેલા હોય છે. જેના માટે તેમનું જીવન નિર્માયું હોય છે. આનાથી તેમનાં હૃદય જોડાયેલા હોય છે. આથી તેઓ જે કરી રહ્યા છે તેના પ્રત્યે અત્યંત ભાવુક હોય છે. **અને જ્યારે ફક્ત**

બુધ્ધિથી જોડાયેલાં હોવ તેના કરતાં લાગણીથી કોઇ ધ્યેય પ્રત્યે જોડાયેલા હોવ ત્યારે તમે વધારે ઉત્સાહિત થાઓ છો અને વધારે શક્તિશાળી બનો છો. મિત્ર, આ તબક્કે આ વિષેનો વિચાર હોવો જ પૂરતું છે. તમારા હૃદયને સનાતન કારણ સાથે જોડો બુધ્ધિને નહીં. પછી તમારી બેઠકનો પટ્ટો બાંધી લો કારણ તમારી જીંદગી ખીલવાની છે."

"મારી જીંદગીનો મુખ્ય આધાર શું છે તે જાણવા માટે મારે ધંધો અને મારું અત્યારનું કાર્ય છોડી દેવું પડશે? તમે જે લોકોને ગણાવ્યા તેઓ સ્વાતંત્ર્યના ઘડવૈયા અથવા સામાજીક કાર્યકર્તા હતા. એમાં કંઇ ખોટું નથી, જુલીયન પણ એ બધું મારા માટે નથી."

"ખરેખર સારો મુદ્દો છે. ચોખ્ખી વાત છે. તું તારું ધ્યેય તારી સફર નક્કી કરી શકે છે. જે તને યોગ્ય લાગે તે. હૃદયને ઉત્સાહિત કરે તેવું કંઇ શોધી કાઢવા તારે તારો ધંધો છોડવાની જરૂર નથી. ઘણી વખત આ બધું દષ્ટિબિંદુ બદલવા માટે જરૂરી હોય છે. દાખલા તરીકે આટલી બધી હોટલોના માલિક તરીકે તું ઘણાં બધાંના જીવનમાં ફરક લાવી શકે તેમ છે. એને માટે ઉત્સાહિત થવાની જરૂર છે."

"હું કરી શકું તેમ છું?"

"ચોક્કસ. જે બધા લોકો તારા માટે કામ કરે છે તેઓ ઘર કરતાં વધારે સમય તારી સાથે ગાળે છે. તેઓ દરેક સવારે તેમનાં કુટુંબને છોડીને તારા સ્વપ્નને પૂરું કરવામાં તને મદદ કરવા અહીં આવે છે. તેમના જીવનના દિવસોના સૌથી ઉત્તમ કલાકો તમને આપે છે એમ ધારી લે. આના બદલામાં જો તું તારી મહેનતથી એવું વાતાવરણ સર્જે જેથી તારી ઓફીસમાં માનવ બનીને રહેવું ફરી સલામત થઇ જાય. કલ્પના કર, તારા કામદારો માટે કામ એક આનંદદાયક અનુભવ બને અને ઓફીસ વિકસવાની, શીખવાની અને તેમની કુદરતી સર્જનાત્મકતા બહાર લાવવાની જગ્યા બને. જો તેમના કાર્યને આનંદદાયક બનાવવાનું તું અગ્રિમતામાં રાખે અને જ્યાં મહાન મૂલ્યો સાચવવા એ એક શિરસ્તો બને એવું વાતાવરણ ઉભું થાય તો કેવું, વિચાર કર. જો તું આમ કરવાનું પસંદ કરે તો તારી દરેક હોટલમાં તું આ પ્રકારનું વાતાવરણ સર્જી શકે છે. તેના માટે જરૂરી છે સમય, મહેનત અને થોડી સર્જનક્ષમતા. થોડા સમય પહેલા હું લંડનમાં હતો ત્યાં હું ઇઆન શ્રાજરની સેન્ટ માર્ટીનસ્સ લેનમાં રહ્યો હતો. આ હોટલ એક આદર્શ ઉદાહરણ છે જ્યાં લોકો આનંદી, સર્જનશીલ અને પોતાના કામને પ્રેમ કરનારાં હતા. અને મારે તને કહેવું જોઇએ કે તેમનો ઉત્સાહ ચેપી હતો. મને મેં ત્યાં ગાળેલો સમય ગમ્યો. યાદ રાખ. **લોકોને તેની સાથે ધંધો કરવો ગમે છે જે લોકો કાર્યને ચાહે છે.** "

"હા, એ સાચું છે." મેં નોંધ્યું.

"જરા વિચાર કર કે જ્યારે તને ખબર પડે કે તું માનવોના હૃદયમાં કામ માટે અને ધંધા માટે એક ખાસ જગ્યા બનાવી રહ્યો છે તો તને કેટલો ઉત્સાહ થશે. અને જો તું તારી કેટલીક સમજણ બદલે તો જે લોકો તારા માટે કામ કરે છે તેમને સેવા આપીને તું આ અનુભવ કરાવી શકીશ. જે ગ્રાહકો તારી પાસે આવે છે તેમના માટે તું શું કરી શકે. એ વિચારથી જ તું લાગણીથી તેને માટે બંધાઇ જઇશ અને તને કામની ઘણી હોંશ થશે. તું તારા અને તારી ટીમના પ્રયત્નોથી સુંદર યાદો સર્જી શકીશ. તું તેમને હસાવીને સારી લાગણી ઉભી કરી શકીશ. ઘણાં તારા માણસો રજા પર હશે તેમને માટે તું જે કરી શકે તે કરીને તેમને આનંદ કરાવી શકે છે. માની લે કે તું રોજ સવારે વહેલો ઉઠે છે અને તારા ગ્રાહકો માટે અવિસ્મરણીય અનુભવ સર્જવામા તારું મન પરોવે છે. તો તે તને ગમશે?"

"ચોક્કસ. આવી તક છે તે વિચારીને જ મને ઉત્સાહ અને ધગશની લાગણી થાય છે.

અને જેમ હું આ નિર્ણયોમાં ઊંડો ઉતરીશ તેમ મારી ધગશ વધશે તે હું જોઇ શકું છું. તમે કોઇ ખાસ ધ્યેય સાથે જોડાયેલા અને બંધાયેલા છો. તેથી અમારામાંના ઘણાં કરતાં ઓછું ઉંઘો છો. તે હવે મને સમજાય છે. અને એ પણ સમજાય છે કે જેને તમે 'કારણ' કહો છો તે તમને શક્તિ અને ઉર્જા બંને પૂરા પાડે છે."

"મિત્ર, ખરું છે. તે મને શક્તિ અને આશા આપે છે. **કંઇપણ હોય જે માનવો તને ધંધો વધારી આપે છે. તેમની સાથેનો અમૂલ્ય અનુભવ હોય અથવા તો કોઇ દુનિયાને બચાવવા નીકળ્યા હોય પણ આવા કારણો ઉર્જા પેદા કરે છે.** ખૂબ મોટો વિચાર યાદ રાખવો. તમારામાં જે ઉચ્ચ અને ઉદા્ત બીજાને આપવા જેવું છે તે જ્યારે તમને તમારા ઉચ્ચ ધ્યેય સાથે જોડે છે. ત્યારે તમારો આત્મા એવું અનુભવે છે કે તમારું જીવન કોઇ મહાન કારણ માટે ખર્ચાય છે. તમારું હૃદય ક્યારેય ન બન્યું હોય એટલું વિશાળ અને ખુલ્લું બને છે. મારા મિત્ર, એટલું જાણ કે તમારી બુદ્ધિ તમે આયોજનો, પ્રત્યાઘાતો અને શીખવામાં વાપરો છો જે ઘણી વખત મર્યાદિત હોય છે. ઘણાં લોકોનાં મન મોટેભાગે આપણે આ શા માટે ન કરાય તેનાથી અને નિષ્ફળતાની અસરો શોધવા માટેની રીતો (તરીકા) થી ભરાયેલું હોય છે. મન આપણને ઘણી વખત નાના બનાવી દે છે. **હૃદય અને લાગણીઓ તમને સ્વતંત્ર બનાવે છે. તેઓ આપણને ઉપરના સોપાન ચઢવાનું કારણ બની મહાનતા સુધી પહોંચાડે છે. તે જોમ પૂરું પાડી ઝનૂન આપે છે અને તમારા આત્માને રમવાનું મેદાન આપી આમંત્રણ પૂરું પાડે છે.** "

"તમે જે મને કહી રહ્યા છો તે મને ઘણું કિંમતી લાગે છે. મારું ધારવું છે કે ધ્યેય અથવા જીવનનું કારણ શોધવું એ પણ લોકોને આકરા સમયમાં આધાર પૂરો પાડે છે."

"ઘણો સારો મુદો્ છે!" તેમણે આશ્ચર્યથી બિરદાવ્યું. "મારે કહેવું જોઇએ કે તું શ્રેષ્ઠ વિદ્યાર્થી છે. અત્યાર સુધીમાંનો ઉત્તમ છે." ચાંદીના વાઝમાં પડેલા એક માત્ર ગુલાબ તરફ જતાં અને તેની સુવાસ લેતાં તેમણે કહ્યું "લીયોનાર્ડા-ડા-વીન્ચી એ જ્યારે નોંધ્યું કે, 'તમે તમારો રસ્તો નક્ષત્રોના આધારે નક્કી કરો તો તમે ગમે તેવા તોફાનમાં મુસાફરી કરી શકશો. એક વખત તમે તમારા જીવનનું મુખ્ય ધ્યેય નક્કી કરશો તો આ કેન્દ્રિય હેતુ જેની હું વાત કરું છું, એ તમારા માટે ધ્રુવના તારાનું કામ કરશે અને તમારા સારા અને ખરાબ સમયમાં તમને દોરવણી આપશે."

જુલીયને પારો ખાધો અને તેના તાંબા જેવા હાથને વાળમાં ફેરવ્યો. "હું શા માટે ઓછું ઉંઘું છું તેવા તારા સવાલનો વાંકો જવાબ આપવા બદલ મને માફ કર. પણ મને ખ્યાલ આવ્યો કે મેં જે તને કહ્યું છે તે તારા જીવનને ઉચ્ચતર બનાવવા માટે ખૂબ જરૂરી હતું. તારું ધ્યેય શોધ અને પછી સ્વમાન અને પ્રેમથી કાર્ય કર. પ્રેમ એ સહકાર્યનું કિંમતી પ્રેરક બળ છે. અને અત્યંત લગનથી ઉત્તમ કામ કરવા માટે એ કર. અને વિશ્વ તે ધાર્યું ન હોય તે રીતે તને વળતર આપશે."

"સ્વમાન, પ્રેમ અને ઉત્તમતા પ્રત્યે લગન – આ શબ્દો મને ગમે છે. "

"સુંદર જીવનના સર્જન **માટે સકારાત્મક** ગર્વ હોવો એ ખૂબ અગત્યનું છે. તું જાણે છે મહાત્મા ગાંધીજીએ એક વખત કહ્યું હતું, 'તમારે ગમે તેટલું નાનું કામ કરવાનું હોય પણ તેને તમે કરી શકો તેટલી સારી રીતે કરો; તે તમે ખૂબ અગત્યનું કામ કરતા હોવ તેટલી જ જહેમત અને કાળજીથી કરો. કારણ તે નાનાં કામોથી જ દુનિયા તમારી કિંમત આંકે છે.' અહીં તેનો અનુક્રમ છે, મિત્ર, જ્યારે તમે જે પણ કાર્ય કરો તે દરેક ઉત્તમ રીતે કરો. જેમ કે કામ ઉપર નેતા તરીકેનું તમારું પાત્ર કરતા હોવ અથવા વ્યક્તિગત જીવનમાં

પિતા તરીકેનું તમારું પાત્ર હોય, જેથી કરીને આખા દિવસનું કાર્ય જે રીતે તમે કરો તેનાથી સકારાત્મક ગર્વની લાગણી ઉભી થાય છે. આનાથી સ્વમાન અને આત્મવિશ્વાસ વધે છે જેથી ઝનૂન અને જોશ વધે છે. જેથી પહેલાં હું કહેતો હતો તે 'જીવન પ્રત્યેની ચાહત' વધે છે. તમે તમારી માટે સારું અનુભવો છો. જે લોકો પોતાની માટે સારું અનુભવે તે મહાન કાર્યો કરે છે. અને મહાન વસ્તુઓ સર્જે છે. આથી કરીને તેમની ઉત્તમતાની કક્ષા હજુ ઉપર જાય છે. આ ઉપર જતા ધોરણો ને લીધે લોકોના જીવનમાં આનંદ, અર્થ અને પરમ શાંતિ હમેશાં વધે છે."

"આ સાંભળીને મારો ઉત્સાહ વધે છે." બારીની નજીકના પાતળા નકશીદાર સોફા પર બેસતાં મેં કહ્યું. "હવે, મારે પૂછવાનું છે કે આપણા બધાએ વિશિષ્ઠ રીતે આપણો ધ્યેય શોધી કાઢવો એ આપણી ફરજ છે અને જો આપણે આધિપત્યની જીંદગી જીવવી હોય તો તેનું અનુસરણ કરવું આપણી ફરજ છે?"

"ઘણો મોટો સવાલ છે, મિત્ર. કોઇ એનો જવાબ જાણતું નથી કે તેઓ કેમ કરે? ઘણાં માને છે કે તેઓ બધું જાણી ચૂક્યા છે, કારણકે જે લેખકો કહે છે કે તેમને સર્જન સાથે સીધો સંબંધ છે તેવા લોકોની ચોપડીઓ તેમણે વાંચી હોય છે. જ્યાં સુધી તમને પરમ-પ્રકાશનો અનુભવ ન થયો હોય ત્યાં સુધી તમને એનો જવાબ ખબર ન હોય – વધારેમાં વધારે તમે એટલું સમજી શકો અને સમજણ વિકસાવી શકો છો કે તમને જે સાચું લાગે છે તેમ જીવવાથી જીવન કેવું જાય. વ્યક્તિગત રીતે હું માનું છું કે આપણા જીવનને ખૂબ પહેલાંથી લખવામાં આવ્યું હોય છે અને સામાન્ય રીતે આપણા જીવનનું પહેલાં જ આયોજન થયેલું હોય છે. તેને તમે નસીબ કહો કે વિધાન. આમ કહીને હું એમ પણ માનું છું કે આપણા જીવનની રાહમાં જે પ્રવેશે તેને માટે આપણી પાસે ઘણી પસંદગી પણ હોય છે. જે છેવટે આપણું પ્રારબ્ધ સર્જે છે. ઘણું ખરું એ એવું છે કે આપણા જીવનની પછી પાતળી રૂપરેખા આપણા માટે આકાશમાં રહેલા પેલા ડાહ્યા આર્કિટેકે બનાવી હોય છે અને આપણા ભાગે તે ચિત્રને ઉંડાણમાં આલેખવાનું આવે છે. મારે હજી ફરીથી કહેવાની જરૂર છે કે: આપણું જીવન કેવું જશે તેને માટે આપણે ઘણું કહેવાનું હોય છે. આપણે આપણા જીવન સ્વપ્નો અનેક રીતે જોઇએ છીએ. એમાં શક નથી કે માનવ તરીકે આપણી સાથે જે બને છે તેના ઉપર આપણો કાબૂ નથી, તે નસીબનો એક ભાગ છે. જીવન પોતાની રીતે જ વહ્યા કરે છે. પણ જે જીવન આપણા ભાગે આવ્યું છે તેના પ્રત્યે આપણે કેવા પ્રત્યાઘાતો આપીએ છીએ તેના ઉપર આપણો ભયંકર કાબૂ હોય છે. તેથી અહીં ભાગીદારી છેઃ **તમારાથી થાય તેટલું કરો. સૌથી સારું જે જીવનના દરેક પાસાને તમે જાણતા હોવ તે રીતે ઉત્તમતાથી કરો. અને બાકીનું જીવનને કરવા દો. આ ખરેખર એમ થવા દેવું અને એમ કરવું વચ્ચેનું ખૂબ નાજુક સમતોલન છે.** ઘણી વખત આપણે ખરેખર આપણું પ્રારબ્ધ ઘડી શકીએ છીએ, અને સામાન્ય રીતે સારી વસ્તુઓ જે લોકો સારા કામ કરે તેમની સાથે બને છે. એવું નથી કે જીવન એક નક્કી કરેલી રૂપરેખા મુજબ જાય છે અને તમે જે દર્શાવો છો તેનાથી કોઇ ફરક પડતો નથી. એ અર્થ વગરનું છે અને જે લોકો પોતાના જીવનની જવાબદારી ઉઠાવતા ડરતા હોય તેમણે ઉભું કરેલું મૃગજળ છે. પણ એક વખત તમે તમારામાંનું સૌથી સારું કામ કરો. પછી **સમય જવા દો અને વિશ્વાસ રાખો કે જે પરિણામ આવશે તે તમારી સૌથી સારી ઉત્ક્રાંતિ માટે સંપૂર્ણ જરૂરી અને બંધબેસતું હશે.** "

"ખરેખર તો એ જ તમારા જીવનનો હેતુ છે એવું તમારું સૂચન છે, જુલીયન, ખરું ને?"

"હા, હું માનું છું કે જીવનનો હેતુ વિકાસ અને સ્વને યાદ રાખવાનો છે. વિકસવું અને યાદ રાખવું કે આપણે ખૂબ તેજસ્વી પ્રાણી પહેલાં હતા, જેવા આપણે જન્મ્યા ત્યારે આપણી સંપૂર્ણતાને આપણી આજુબાજુની દુનિયાએ ધૂળમાં મેળવી તે પહેલાં આપણે બગડયા અને આપણે કોણ છીએ તે પ્રત્યે નિદ્રાધીન બન્યા તે પહેલાં, આપણે કેટલું સુંદર અને હિંમતવાળું કાર્ય કરવા નિર્માયા છીએ."

"જુલીયન, હજી મને ખાત્રી નથી કે આપણે એક વિશિષ્ઠ ધ્યેય છે કે પ્રારબ્ધ છે. હું જાણું છું કે આ ગહન વિષય છે અને ઘણો મોટો પ્રશ્ન છે પણ મારા માટે ખૂબ મહત્વનો છે. શું હું કોઇ વિશિષ્ઠ કાર્ય કરવા માટે નિર્માયો છું? શું કોઇ વિશિષ્ઠ સ્ત્રી જે મારા આત્માને ઓળખે તેને મારે શોધી કાઢવાની છે? મહેરબાની કરીને તમે આના ઉપર વિશિષ્ઠ ટીપ્પણી આપશો?"

"સૌથી પહેલાં મારું ફરીથી કહેવું છે કે, ઘણી બધી રીતે તારા સવાલોના કોઇ જવાબો નથી. આપણી મર્યાદિત દષ્ટિથી અને માનવીય સ્તરે તું જે સમજવાનો પ્રયત્ન કરે છે તે સમજણ બહારનું છે. પણ હકીકત એ છે કે તું પ્રશ્ન પૂછે છે તેનો અર્થ એ છે કે તું ઉંડાણમાં જઇ રહ્યો છે અને તને યોગ્ય જીવનનું તત્વ વિચારી રહ્યો છે. મારામાંની એક વ્યક્તિ કહી રહી છે કે આ બધું જીવનનું રહસ્ય છે, અને મારામાંની બીજી વ્યક્તિ તને કહી રહી છે કે મારો અંતરાત્મા જે જવાબો શોધી રહ્યો છે તે તને કહી શકે છે. મહેરબાની કરીને એટલું જાણી લે કે જે સંતોને હું ભારતમાં મળ્યો હતો તેમના આત્મા પરમ-પ્રકાશને પામ્યા હતા અને સામાન્ય માણસને ન સમજાય તે બધું હું તને કહું છે તે ખાત્રીપૂર્વકના લોકો પાસેથી આવે છે."

"હું સમજું છું." સહેજ અધીરાઇપૂર્વક મેં કહ્યું કારણ હું તે અજાણ્યા રહસ્યોને સાંભળવા માંગતો હતો જે મારી સમજણને હમેશ માટે બદલી નાખવાનું હતું.

"હું માનું છું કે આ માર્ગ જ કામ કરે છે. આપણા ઉત્તમ જીવન માટે ઘણાં શકય માર્ગો લખાયેલા છે. આપણા મકાનને આશીર્વાદ આપવા માટે ઘણાં દરવાજા મૂકાયેલા છે. જેમ કે તમને કામ પરથી ઘર તરફ લઇ જવાના ઘણા રસ્તા હોય છે, તમારી પાસે ઘણા રસ્તા છે જે તમને મહાન જીવન તરફ લઇ જાય છે, જે જીવન તમારા માટે લખાયેલું હોય છે અને ત્યાં જવું ઘેર પહોંચવા જેવું છે. ઘણા ધંધા તમને તમારા નસીબ તરફ લઇ જાય છે. તેમ જ તમને ઘણા આત્મીય લોકો મળી જાય છે જે તમને જુદા જુદા પાઠો ભણાવે છે પણ બધા તમને પ્રગતિ તરફ અને તમારામાંના ઉત્તમને જાગૃત કરે છે. તમારામાંના ઉચ્ચતર અને ઉત્તમતર જીવનને પામવું એ જ તમારા જીવનનું મુખ્ય ધ્યેય હોય છે. તેજસ્વીતા, પ્રેમ અને નીડરતા માટે ઘર બનાવવું એ જ તમારા અસ્તિત્વનું કારણ છે, જે તમે ભૂલી ગયા છો. તારી આધિપત્યવાળી જીંદગી મેળવવા તું કયા માર્ગ કે રાહનો ઉપયોગ કરે છે તે તારા પર આધાર રાખે છે. કોઇ એક માર્ગ બીજા માર્ગ કરતાં સારો નથી. તે બધા જુદા લાગે છે. કોઇ એક માર્ગ કદાચ લાંબી મુસાફરી હોઇ શકે, જેમ કે કોઇ એક રસ્તો તમે લો તો ઘેર જવા માટે તમારે લાંબી મુસાફરી કરવી પડે અને ખાડા ટેકરાવાળો રસ્તો પાર કરવો પડે. બીજો રસ્તો મહામાર્ગ જેવો તમને સરળતાથી વાદળાં રહિત મુસાફરી કરાવી તમારા ધ્યેય સુધી પહોંચાડે, એ બધું તમારા પર આધાર રાખે છે. તમારા જીવનની મહત્વની ક્ષણોમાં તમે કેવી પસંદગી કરો છો તેના ઉપર આધાર રાખે છે. મિત્ર, **તારા જીવન માટે લખાયેલી કહાનીનો તું સહલેખક છે.** "

"ભલે, જુલીયન, તો હવે મારે પૂછવું જ રહ્યું. આ સાદા અને સામાન્ય આયોજન મુજબ જે માર્ગ તમે અમારા જીવન માટે આલેખ્યો તે અમારા માટે બનેલા મહામાર્ગને

પસંદ કેવી રીતે કરવો?"

"**ફક્ત સારું કામ કર અને સારો બન,** " સીધો જવાબ મળ્યો. આ આપણી દુનિયા ફેરફાર ન કરી શકાય તેવા કુદરતી નિયમોની સાંકળથી ચાલે છે. આ નિયમો એ જ કુદરતી શક્તિએ બનાવ્યા છે જેણે આ દુનિયા બનાવી છે અને તમને અહીં મોકલ્યા છે. તમે સોકરની રમત નિયમો જાણ્યા વગર ન રમી શકો. જીવન પણ એક રમત જ છે. અને એને રમવા માટે અને જીતવા માટે તમારે નિયમો જાણવા જરૂરી છે. તે નિયમો સાથે સુસંગત થઇને જીવો અને તમારા જીવનની ગાડી ચાલશે. બ્રહ્માંડ તમને જીતાડવા માંગે છે, તે તું જાણે છે? તમારે ફક્ત તમારા પોતાના માર્ગ પરથી નીકળવાની જરૂર છે અને રમતના નિયમો તમને જલ્દીથી રમત શીખવી દેશે. અને રમતના નિયમો શીખવામાં થોડી મહેનત, શાંતિથી કરેલા ઊંડા વિચારો અને તત્વચિંતક બનવાની સાચી લગન જોઇએ છે."

"તત્વચિંતક બનવાનું?" મેં પ્રશ્ન પૂછયો.

"ચોક્કસ 'તત્વજ્ઞાનની' વ્યાખ્યા છે. 'પ્રેમનું ડહાપણ'. દરેકે દરેક જે પોતાના પ્રારબ્ધના માર્ગ પર ચાલવાની અને મહાન જીવવાની આશા રાખે છે. તેમણે ડહાપણને વિકસાવવાની સમજણ રાખવી પડે અને જીવન શેને માટે છે તે સમજવાની તૃષ્ણા હોવી જોઇએ. આ દુનિયા ખૂબ સુંદર બની જાય જો આપણે આપણી જાતને તત્વચિંતક, વિચારક, કલાકાર માનીએ તો જીવનશિલ્પ બનાવવાની પ્રક્રિયા ખૂબ મજેદાર અને અર્થપૂર્ણ બને. તેથી આ શાશ્વત કુદરતી નિયમો તરફ પાછા વળો અને તમારી રોજીંદી ક્રિયાઓ તેનાથી થવા દો અને આપોઆપ તમે તમારી મહાન જીંદગી તરફનો મહામાર્ગ મેળવી લેશો."

"ગમે તેમ આ કુદરતી નિયમો છે શું?" વધારે જાણવાની ઇંતેજારથી મેં પૂછયું.

"જ્યારથી દુનિયાની શરૂઆત થઇ ત્યારથી આ નિયમોને લીધે દુનિયા ચાલે છે. આ નિયમો અગત્યના સિદ્ધાંતોથી બનેલા છે. જેમ કે, 'હમેશાં લોકોને જે જોઇએ તે તેમને આપો જેથી તમારે જે જોઇએ તે તમને મળે.' અદ્‌ભૂત તાલમેલ કેળવો, 'આજની ક્ષણમાં જીવો' 'તમે બની શકો તેટલા દયાળુ માણસ બનો.' તમારાથી બનતું કરો અને તમે જે કરો તે ઉત્તમ કરો,' 'પ્રમાણિક બનો,' અને 'હિંમતથી સ્વપ્નો જુઓ.' આપણામાંના ઘણાં આ જાણતા હોય છે પણ થોડા તે માટે જીવે છે. વોલ્ટરે એક વખત કહયું હતું : 'સામાન્ય બુદ્ધિ બધું જ છે પણ સામાન્ય નથી."'

"ખરી વાત છે, જુલીયન. આજકાલ જો કોઇ વસ્તુ સુઘડતા ભરી અને અટપટી ન હોય તો આપણે તેની કિંમત ઓછી આંકીએ છીએ. છતાં મોટેભાગે સત્યો ખરેખર સાદાં હોય છે, ખરું ને?"

"જો એ સાદાં ન હોય તો એ સત્યો નથી," જુલીયને સંતની જેમ જવાબ આપ્યો.

"હવે તમારું કહેવું છે કે 'આ કુદરતી નિયમોથી તમારાં કામ કરવાથી તમે તમારા મહાન જીવન માટે મહામાર્ગ અપનાવો છો. જો આ નિયમોને માન ન આપો તો તમારે ઘેર જવાનો લાંબો રસ્તો લેવો પડે છે.' પછી તમે એમ કહો છો કે આપણામાંના જે લોકો દુઃખ અને દર્દ જીવનની સફરમાં ભોગવે છે. અને આખું જીવન મુસીબતોનો સામનો કરે છે એમ જ ને? તેઓ કુદરતી નિયમો તોડે છે અને તેઓ પેલા ધીમા અને વાંકા રસ્તાઓ પર હોય છે?"

"જો મિત્ર, જે તે નોંધ્યું છે, દરેક માણસનો પૃથ્વી પર સારો અથવા ખરાબ સમય આવે છે. જો તેઓ સંતોની જેમ જીવે તો પણ. આપણા જીવનના માર્ગમાં દુઃખદાયક બનાવો આપણને તે સમયે જે પાઠ શીખવાનો હોય તે શીખવામાં મદદરૂપ થવા જરૂરી છે.

ખરાબ અનુભવો આપણા જખમો ભરવામાં, ઊંડા ઉતરવામાં અને તત્વચિંતન વિકસાવવામાં મદદરૂપ થાય છે. આ બધું મુલત્વી રાખવા જેવું નથી. કારણ કોઇ સંપૂર્ણ નથી. તેથી અપૂર્ણ હોવાથી, જો આપણે દયાળુ, ઉદાત્ત અને હિંમતવાળું જીવન જીવીએ તો પણ હજી આપણે વધારે પાઠ શીખવાના છે, ખરું ને?"

"આ પૂર્ણ અર્થવાળું છે." જુલીયનના શબ્દો સાથે રમતાં મેં હસીને કહ્યું.

"તેથી આપણામાંના સૌથી જાગૃત લોકોને પણ દુઃખ અને દર્દનો સામનો કરવો પડશે. કારણ ઉપરની કક્ષાની સમજણ અને ઉત્ક્રાંતિ મેળવવા માટે કેટલાક અનુભવો અને પાઠ ભણવા જરૂરી છે. 'આ ભૂલો નથી કે સંબંધિત બનાવો નથી. બધા બનાવોમાંથી આપણે કંઇ શીખવાનું છે એ આશીર્વાદરૂપ છે.' એલીસાબેથ કુલ્લર રોઝે કહ્યું છે. હવે તને સમજાયું કે, દુઃખ અને દર્દ બેઉ કેમ અદ્ભુત અને જરૂરી છે?"

"હા"

"એક સંતે ખૂબ સરસ કહ્યું છે કે જીવન નદીના બે કિનારા જેવું છે. એક કિનારા પર સુખ અને બીજા પર દુઃખ છે. અને જેમ આ નદીમાં આપણે આગળ વધીએ છીએ તેમ ચોક્કસપણે આપણે બંને કિનારા સાથે અથડાઇએ છીએ. સાચી આવડત એ છે કે કોઇ એક કિનારે વધારે રહેવું નહીં."

"સરસ. મને આ રૂપક ઘણું ગમ્યું, જુલીયન. તેથી કોઇનું જીવન દુઃખ અને વિટંબણા વગરનું નથી કારણ આ બધું આપણને પાઠ ભણાવવા માટે હોય છે. આપણે ગમે તેટલા ઉપર ચઢેલા હોઇએ તો પણ આપણે પાઠ ભણવાના હોય છે?"

"ખરું છે. લોકોને વિટંબણાઓ મુશ્કેલીઓ છ ફૂટ જમીનની નીચે રાખે છે. જીવવું હોય તો મુશ્કેલીઓ, દુઃખ અને દર્દનો સામનો કરવો જોઇએ. આ વસ્તુઓ વિકાસ, પ્રગતિ અને જીવનભર શીખવાના સાધન છે. ડહાપણ ભેગું કરવાની તક જીવનના અનુભવોમાં છે અને અધિકારપૂર્વકની શક્તિ મેળવવાનો તકતો છે, જો આપણે એમ પસંદ કરીએ તો એ યાદ રાખવું પણ આપણે એ ભૂલવું જોઇએ નહીં કે જીવન વિજયોની વહેંચણી અને સુંદર સમયનું પણ બનેલું છે. કોઇ ખરાબ સમય કાયમ રહેતો નથી. કોઇ દુઃખ કાયમી નથી કોઇ મુશ્કેલી અનંત નથી. એમ લાગે છે કે આ બધું ક્યારેય નહીં જાય જે આપણે અનુભવીએ છીએ પણ એ સત્ય નથી. જો તમે ચાહો તો જીવનમાં ઋતુઓ અને અનેક પ્રકરણ હોય છે. અને મુશ્કેલીનો સમય છેવટે આપણને વધારે સારા બનાવીને જાય છે. આમાંથી ખરો મુદ્દો તારવવાનો એ છે કે **મેં જેની વાત કરી તે કુદરતી નિયમો પ્રમાણે જો આપણે જીવીએ અને તેમને માન આપતાં આપણે આપણું જીવન જીવીએ તો આપણે ઘણા સમય સુધી મહામાર્ગ પર રહીશું અને દુઃખ અને ખતરાઓવાળા રસ્તાને છોડી દઇશું. આ રીતે, આપણે ખરેખર તો આપણા દુઃખને ઘટાડી શકીએ છીએ.** "

"તેથી, જો દુઃખ આપણને આપણે જરૂરી પાઠ શીખવવા આવે, જેમ કે 'સારા માણસ બનો' અથવા 'તમારા જીવન સાથે નાના પ્રયોગો કરવાનું છોડી દો,' જો તમે સચ્ચાઇ અથવા નિયમો, તમે જે કહો તે, જાણી લો તો આપણે દુઃખ ભર્યા રસ્તા પર ચાલીને શીખવાની જરૂર નથી. આપણે જીવનમાં ઓછા દુઃખ સહન કરવા પડે છે કારણ દુનિયાને ચલાવનારા નિયમોનું સમતોલન ગુમાવતાં જ દુઃખ ઉત્પન્ન થાય છે. અને આપણે નાટકીય ઢબે આપણી સામે આવતી જીંદગીને અસર કરી શકીએ છીએ."

"ઉત્તમ મિત્ર," જુલીયને ખુશીથી તેમની મુઠ્ઠી હવામાં ઉછાળતા આનંદથી કહ્યું. "પણ યાદ રાખ તું હજી પણ કદાચ મુશ્કેલીઓ અનુભવે કારણ આપણે અપૂર્ણ છીએ અને

હમેશાં તમારે કંઇ શીખવાનું હોય છે અને આ પાઠો ઘણી વખત એવી રીતે આવે છે કે તે દુ:ખદાયક હોય છે. તે એમ જ હોય છે. પણ હા, આપણે સંપૂર્ણ વ્યક્તિગત જવાબદારી આપણા જીવનની લઇએ છીએ અને તેવા દિવસોમાં ડહાપણભરી પસંદગી કરીએ તો આપણે આપણું દુ:ખ ઓછું કરી શકીએ છીએ. આમ આપણે આપણા નસીબને ઘડી શકીએ અને સુખી જીંદગી જીવવાની શક્તિ મેળવી શકીએ."

"અરે," જુલીયને સીડી પ્લેયર પાસે જઇને સીડીના બોકસમાં જોવાનું શરૂ કરતાં કહ્યું, "**બ્રહ્માંડ તારા હૃદયની લગનથી અજાણ્યું નથી.** તારા માટે આલેખાયેલા આયોજનનો એક ભાગ તારા માટે જે ખોટું છે તે ક્યારેય થવા નહીં દે. આ બધું તને સુખી કરવા માટે છે. તારું પ્રારબ્ધ કયારેય તને એવા કંઇક તરફ નહીં દોરે કે જે તને દુ:ખી કરે. જો તને ધંધો કરવો ગમતો હોય તો તારા માટેનું આયોજન કદાચ તારા જીવનનું કાર્ય કયારેય ડૉકટર કે એકટર બનવા પાછળ કેન્દ્રિત નહીં હોય. જો માણસ લેખક બનવા માંગતો હોય તો તે જ્યારે કોમ્પ્યુટર પાસે એકલી હોય ત્યારે તેનું હૃદય ભરાઇ આવે છે અને બીજી કોઇ વસ્તુનું મહત્ત્વ ન હોય તેમ સંપૂર્ણ ધ્યાનથી અને ઝનૂનથી તે લખે છે. તેના આત્માનું ધ્યેય તેને ડોર-ટુ-ડોર સેલ્સવુમન બનાવવાનું નથી જ. **ખરેખર બ્રહ્માંડ ઇચ્છે છે કે તમે જીતો અને તમે ખરેખર ખૂબ ખુશ થાઓ એવું આયોજન હોય છે.** "

જુલીયને તેમણે ભેગી કરેલી કેટલીક સીડી મને બતાવી, જેમ કે નાનું બાળક તેનાં ગમતા રમકડાં એક સારા મિત્રને બતાવે. એમાં મોરશીબાનું પાર્ટસ ઓફ ધ પ્રોસેસ, કોલ્ડપ્લેનું અ રશ ઓફ બ્લડ ટુ ધ હેડ, બોન જેનીનું સૌથી વધારે વેચાણ ધરાવનારું અને બીજી બે મેં ક્યારેય જોઇ નહોતી: એક અવર લેડી પીસ નામના કોઇ ગ્રુપનું ગ્રેવીટી અને બીજું લોઇડ કોલેનું ધ નેગેટીવ્સ હતાં.

"જુલીયન, તમારી પસંદગી ઘણી તેજતર્રાર છે. તમે પૃથ્વી પર સૌથી સુખી સાધુ હશો."

આથી તેઓ હસ્યા. તેમનો આખો ચહેરો પ્રકાશમય થઇ ગયો. "મિત્ર, એનું એવું છે કે સંગીત તમારા આત્માને ગાતો કરી મૂકે છે. અને આ મારા જીવનનું એક મીઠામાં મીઠું સુખ છે. હું મ્યુઝીકની અને ચોપડીઓની દુકાનમાં ઘણો સમય વિતાવું છું. આ બંને મારા આનંદના વિષયો છે."

જુલીયનની વિખરાયેલી પથારી પર ત્રણ ચોપડીઓ ખૂબ વાંચવાને લીધે લગભગ ફાટેલી હાલતમાં જોવા મળી: મેડીટેશન્સ બાય માર્કસ ઓરેલીયસ, ધ ગ્રેટેસ્ટ સેલ્સમેન ઇન ધ વર્લ્ડ બાય ઓજી મેન્ડીનો અને એક શીર્ષક આકર્ષક હતું. 'સંતો દુ:ખ અને અધિકારીઓ' આ શીર્ષક અને લેખકો મને ખૂબ આશ્ચર્ય પમાડતા હતા. રૂમમાં તેમના કેટલાંક કપડાં હતા. અને તેમની થેલી એક ખૂણામાં પડી હતી. એમાં શંકા નહોતી કે જુલીયન ખૂબ સાદાઇથી જીવતા હતા.

જુલીયને એક જોડી ખાખી ચડ્ડીની, સફેદ ટી-શર્ટની અને એક જોડી સેન્ડલ રાખ્યા હતા. મેં જોયું કે તેઓ સેન્ડલ 'ધ ગેપ' નામની દુકાનમાંથી લાવ્યા હતા. મને વધારેને વધારે સમજાઇ રહ્યું હતું કે જુલીયન પાસે ખૂબ થોડી સંપત્તિ હતી અને તેઓ જીવનની મુસાફરી ખુબ ઓછી વસ્તુઓથી કરતા હતા. પણ તેઓ એ બધા આધ્યાત્મવાદીઓમાંના નહોતા કે જેઓ ખરી દુનિયાથી મોં ફેરવી લે અને ધૂની બની જાય. આ દુન્યવી આનંદો પ્રત્યેનો તેમનો પ્રેમ હતો. અને તેને માટે તેઓ દિલગીર જરાપણ નહોતા. તેમનું આખું તત્વચિંતન મને ઘણું સમતોલ લાગ્યું. હૃદય અને મન વચ્ચેનું સમતોલન સ્વપ્નોની પાછળ દોડી તેમને

સાચાં કરવા અને જે થતું હોય તે થવા દઇ અને ઉચ્ચ આયોજનમાં શ્રદ્ધા રાખવાનું સમતોલન. આપણે ઘણી રીતે અપૂર્ણ માનવો છીએ તે સમજીને આપણા આધ્યાત્મિક જીવનના ધ્યેયમાં પાછા ફરવું અને જેઓ આ દુનિયામાં ઘણાં આનંદો સાથે રહે છે અને કોઇપણ ગ્લાનીની લાગણી ન રાખતાં તે આનંદો અનુભવવા આ બંને બાબતોની જાગૃતિ પ્રત્યેનું સમતોલન. **છેવટે, મને એવું લાગ્યું કે જુલીયન એક સુવર્ણમય નિયમમાં માને છે કે સ્વર્ગ અને પૃથ્વી વચ્ચે સુંદર જીવનનું સમતોલન કરવું અને તે મને સાચું લાગ્યું.**

જુલીયને ઓજી મેન્ડીનોની ચોપડી ખોલી અને પીળી શાહીથી દર્શાવેલાં વાક્યો બતાવ્યાં. “મિત્ર, આ સત્યની હિરાકણીઓ વાંચી?” એ વાક્ય ખૂબ સાદું હતું. જેમ મેં હમણાં બધાં સત્યો શીખ્યા હતા. એ વાકય આમ હતું: “હું આ પૃથ્વી પર જેમ તેમ નથી આવ્યો. હું અહીં એક ધ્યેય માટે આવ્યો છું અને તે ધ્યેય છે પર્વતમાં વિકસિત થવાનું નહીં કે રેતીનો કણ બની સંકોચાઇ જવાનું.”

“જુલીયન તમારો આભાર,” મેં ખૂબ ધીમા અવાજે કહ્યું.” મારી જીંદગી બચાવવા માટે આભાર.”

પ્રકરણ ૪

સાધક શીખે છે પોતાને છેતરવાના ગુના વિષે અને તેમાંથી પોતાને કેવી રીતે છોડાવવું તેના વિષે

તમારી દીર્ઘદષ્ટિને વિકસાવો, તમારા આદર્શોને પંપાળો, તમારા હૃદયને હચમચાવી મૂકે તેવા સંગીતનો સંગ્રહ કરો. સુંદરતા જે તમારા મનને ઘડે છે. એકલતા જે તમારા આત્યંતિક વિચારને પકડી પાડે છે, આમાંની બધી આનંદદાયક પરિસ્થિતિઓ વધે છે. બધું સ્વર્ગીય છે, આમાં જો તમે તેમના પ્રત્યે પ્રામાણિક હોવ તો તમારી દુનિયા બને છે.

- જેમ્સ એલન, એસ યુ થીન્ક

તમે કેમ ગભરાઇ શકો? જોખમ! કાંઇપણ જોખમ! આ અવાજો અને લોકોના સૂચનો માટે મતલબ ન રાખો. તમારા માટે પૃથ્વી પર નિર્માયેલું અઘરામાં અઘરૂં કામ કરો. તમે જાત માટે કામ કરો. સચ્ચાઇનો સામનો કરો.

- કેથેરીન મેન્સફીલ્ડ

જુલીયન જાણતા હતા કે હું ઊંડા વિચારોમાં છું અને તેમણે મને થોડી ક્ષણો માટે એકલો છોડી દીધો, જેથી જે તેમણે મને આપ્યું હતું તેને હું ક્રિયાન્વીત કરી શકું. જ્યારે તેઓ બાથરૂમમાં હતા ત્યારે આટલાં વર્ષો મેં કેવું જીવન વિતાવ્યું તેના ઉપર મેં વિચાર કર્યો. નળના પાણીના અવાજ સાથે હું તેમને ગાતા સાંભળી શકતો હતો. મને ખ્યાલ આવ્યો કે ભૂતકાળમાં મેં ઘણી ભૂલો કરી છે તેથી મારા મનમાં ખૂબ નિરાશાની લાગણી થઇ આવી. આ ભૂલોને મારા ફાયદામાં ફેરવવાની બદલે અને વિકાસ અને શિક્ષાનું ઇંધણ ગણવાની બદલે તેમાંના બોધને મેં ગણ્યો નહીં અને વિકાસની તક પ્રત્યે આંધળો બની રહ્યો અને મારી જાત પ્રત્યે દયાનાં રોદણાં રોતો રહ્યો. મને દુઃખ થયું કે જુલીયનનું તત્ત્વચિંતન મને નાની ઉંમરમાં ન મળ્યું અને તેમણે કહેલા કુદરતી નિયમો સાથે સુસંવાદિતાથી જીવ્યો નહીં. કેટલાં બધાં કિંમતી વર્ષો પસાર થઇ ગયાં. મારા માટે જે ઉત્તમ છે તેવા રસ્તામાં ચાલવા માટે એ વર્ષો વાપર્યાં હોત તો જીવન સૌથી વધારે સચ્ચાઇવાળું હોત, બીજાઓની અપેક્ષાઓ માટે જીવનની હોંશિયારી અને આવડત ખર્ચી નાખવામાં શું અર્થ? ટોળું મને ગળી ગયું હોત અને મેં મારા નાશની પરવાનગી તેમને આપી હતી.

જ્યારે જુલીયન આવ્યા તો તેમણે મારી ફરતે હાથ વિંટાળ્યો. મને કેવું લાગે છે તે તેઓ વર્ણવી શકે તેમ હતા. “માફ કરી દેવું એ સમજણનું ફળ છે.” ડાહ્યા સાધુએ કહ્યું, “તારા માર્ગમાં જ્યાં તારે હોવું જોઇએ ત્યાં જ તું છે. જીવને આ સમજણ અને જાગૃતિ

જે રીતે તારામાં આણી છે તે સ્વીકાર અને તારામાં સ્વને માફ કરવાની સુંદર સમજણ વિકસે છે. તું તારા પ્રત્યે જરા વધારે પડતો સખત થઇ ગયો હતો." મને તેમના અંતરાત્માના અવાજની શક્તિથી આશ્ચર્ય આપતાં ધીમેથી તેમણે કહ્યું.

તેઓ મને રૂમમાંથી બહાર લાવ્યા. દિવાલ ઉપર સુંદર કલાત્મક વસ્તુ લટકતી હતી અને ન જાણેલા સંગીતકારોના કોમળ સૂર લોબીમાં લહેરાતા હતા. એવું લાગતું હતું કે હોટલના મહેમાનો હજી ઉંઘતા હતા.

"જુલીયન હજી વધારે મને કહો," મેં મારી જાતને સંભાળતાં કહ્યું અને મારા હોંશીયાર અને આધુનિક જીવન શિક્ષક, મને જે ડહાપણ આપવા માંગતા હતા તેને સાંભળવા તૈયાર થયો.

"મિત્ર, કેમ છે," તેમણે લીફટ તરફ ચાલતાં કહ્યું. "જે વ્યક્તિ માનવ તરીકેની સૌથી મોટી રમત રમે છે, જે તેની મહત્તમ શક્તિથી તેના છેવટના ધ્યેય તરફ ચાલે છે તે માણસ જ પોતાને ચાહે છે." તેમણે કહ્યું, "**ઉત્તમ જીવન જીવવું એ પોતાના પ્રત્યેના પ્રેમનું પ્રતિપાદન છે.** "

"મેં ક્યારેય આ ગણકાર્યું નથી," મેં કહ્યું.

"જો કોઇ આ પૃથ્વી પર જાણે કે તે મહાન જીવન જીવે છે ખરા અર્થમાં મોટો માણસ હોય જેમને પોતાના પ્રત્યે ઘણું સ્વ-માન હોય છતાં જે કુદરતી શક્તિએ તેને બનાવ્યો છે તેના પ્રત્યે પણ ઊંડું માન હોય. આજકાલ 'આજની ક્ષણમાં જીવવું' અને 'અત્યારને માણો.' માટે ઘણી વાતો થઇ રહી છે. મને ખોટો ન સમજતાં, સારી રીતે જીવવા માટે આ બધી વસ્તુઓ જરૂરી છે. હું એમાં માનું છું અને તેને સંપૂર્ણ રીતે અનુસરું છું. આપણાં ટૂંકા સાથમાં તેં આપણી વાતચીતમાં પણ એ સાંભળ્યું હશે. પણ એ બધું સરભર થાય છે. તારાઓ સુધી પહોંચવાનો સમય કાઢવામાં કંઇ ખોટું નથી અને તમારામાંની આવડતને મોટા પાયે પ્રકાશિત થવા દો. ખરેખર તો, **જ્યારે તમે મહાન ધ્યેય રાખો અને મોટાં સ્વપ્નોને પકડવા દોડો તો તમે ખૂબ જ સર્જનાત્મક કામમાં ગૂંથાયેલા છો. તમે તમારી કલ્પનાશક્તિ અને આવડત કંઇક સુંદર કરવામાં ખર્ચો છો. તે કાર્યની સર્જનાત્મકતા છે.** "

"સારું ચિંતન છે. મેં ખરેખર ક્યારેય વિચાર્યું નહોતું કે મારા અર્થપૂર્ણ ધ્યેયને પૂરું કરવામાં સર્જનાત્મકતા રહેલી છે. પણ એમ છે ખરૂં ને? એક વિચાર માત્રમાંથી કંઇક સર્જન કરવું એમ જ છે. નવો ધંધો કરવો, નવું ઉત્પાદન બજારમાં મૂકવું, તમારા ખરા શોખને પૂરો કરવો, એ બધું એક કલાકાર તેના મનના વિચારને સુંદર કલામાં પરિવર્તિત કરે એના કરતાં જૂદું નથી."

"હા અને આપણે આપણાં સ્વપ્નોને સાકાર કરીએ ત્યારે આપણે કોને અનુસરીએ છીએ?"

"મને ખ્યાલ નથી."

"આપણે આખી દુનિયાને બનાવનાર અનંત શક્તિશાળી તાકાતને અનુસરી એ છીએ. તમે તે તાકાતને 'ભગવાન', 'બ્રહ્માંડ' અથવા 'કુદરત' કહો છો. તમે જે લેબલ લગાડો તે ફક્ત શબ્દ છે અને મારે એ શબ્દમાં અટવાવું નથી. મુદ્દો એ છે કે તમારે જે જોઇએ તે ખૂબ પ્રેમ અને ઝનૂનથી કરો તો તમે તારાઓ અને સમુદ્રને સર્જનાર જેટલી શક્તિ મેળવો છો. એક પ્રકારની જાદુઇ શક્તિ તમારા જીવનમાં પ્રવેશે છે. અને જે બનાવો બને છે તે તમારી સમજની બહાર હોય છે. તમે સાચા રસ્તા પર છો તે દર્શાવતી નિશાનીઓ

દેખાવાની શરૂઆત થાય છે. જ્યારે તમે કારમાં બેસીને ઘેર જતા હોવ અને એક પછી એક દસ લીલી લાઇટ દેખાય ત્યારે તમને આશ્ચર્ય થાય કે હમણાં તમે જેને હિંમત કરીને પૂછયું તે સાચો છે કે તમે પોતે સાચા છો અથવા યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિ તમને બોલાવે છે, અને તમને એ નક્કી કરવામાં મદદ કરે છે કે તમે જે કામ કરો છો તે તમારા માટે સૌથી યોગ્ય છે. અથવા તમે તમારા દાંતના ડૉક્ટર પાસે દાંત સાફ કરાવવા ગયા હોવ અને એક પુસ્તક તમારે હાથ લાગે તેમાં તમારા સૌથી મુશ્કેલ કોયડાનો આદર્શ જવાબ સમાયેલો હોય. પેલું કહેલું છે ને કે : '**સાયુજ્ય એ ભગવાનની અજાણ્યા રહેવાની રીત છે.** "'

"અરે, એ સારું કહ્યું, જુલીયન."

"હું જાણતો નથી," અમે હલકા ઉજાસવાળી લોબીમાં લીફટમાંથી ઉતર્યા ત્યારે તેમણે કહ્યું. કાચની બારીમાંથી સૂર્ય પ્રકાશ આવતો હતો અને જરબેરાના ફૂલ લોબીમાં એક આહ્લાદક વાતાવરણ ઉભું કરતા હતા. મને આ હોટલ માટે ગર્વ હતો અને હોટલ સરસ હતી. મેં અહીં જે સર્જ્યું હતું તેથી મને સારૂં લાગ્યું.

"જ્યારે તમે તમારી પૂરતી મહેનત કરો અને ઉપરવાળાને શરણે જાઓ તો આખું બ્રહ્માંડ તમને કાર્યમાં મદદ કરે છે અને તમને ઉડવા માટે પાંખો અને પવન આપે છે. માણસ તે જ જુએ છે જે પોતાના આદર્શો માટે કાર્ય કરે છે અને પોતાને જેની માટે ભગવાને બનાવ્યો છે તે બનવા મહેનત કરે છે. આ પ્રકારના પ્રયત્નો જે આખી દુનિયાને જુએ છે તેની નજર બહાર રહેતા નથી. હવે, યાદ રાખ તારે જેમ જોઇએ તેમ જ બધું થતું નથી. અહીં સમસ્ત બુદ્ધિ કામે લાગી હોય છે જેના તર્કો આપણને સમજાતા નથી. પણ તમે ફકત તમારાથી બનતું કરો અને બાકીનું જીવનને કરવા દો, અને જે થાય તેને સ્વીકારો, અને સમજો કે આમાં જ તમારૂં ભલું છે તો જીવન અદ્ભુત બની જશે. ખરેખર તમે અપેક્ષા રાખી હશે તેના કરતાં સારૂં બનશે."

જ્યારે હું આ બધું સમજવા પ્રયત્ન કરતો હતો ત્યારે જુલીયન લોબીની જમીન પર ઉતરી ગયા અને કંઇક વિચિત્ર કસરતો કરવા લાગ્યા. આગળની પાટલી પર બેઠેલાઓ એ જોવા લાગ્યા અને પછી હસવા લાગ્યા. મારીયા પ્રવેશી જુલીયને જે ધાર્યું તે કર્યું તેમાં બે મત નહીં. બીજાઓએ એમને માટે શું વિચાર્યું તેના ઉપર તેમણે ધ્યાન આપ્યું નહીં. જે તેમને સાચું લાગ્યું તે તેમણે કર્યું તેવું ચોખ્ખું વર્તાતું હતું. તેમણે જીવન પોતાની રીતે જીવ્યું. તે જ સફળતાનો સાચો અર્થ છે એવું જ તેમણે મને શીખવ્યું હતું.

"હું નીચે માથું રાખીને યોગ કરૂં છું, યોગ એક એવી પધ્ધતિ છે જેનાથી મને શક્તિ મળે છે અને તંદુરસ્તી સચવાય છે જે હું દરરોજ કરૂં છું. તારે યોગ કરવાનો પ્રયત્ન કરવો જોઇએ તે હજારો વર્ષથી સારા પરિણામો આપે છે. તે કામ લાગે છે. અરે, જો મેડોના અને સ્ટીંગ એના માટે કસમ લેતા હોય તો તે એટલાં ખરાબ ન હોય, હેં ને?" તેમણે પોતાની મુદ્રા પર ધ્યાન કેન્દ્રિત કરતાં હસતાં હસતાં કહ્યું તેમના સ્નાયુઓ સરસ રીતે દેખાવા લાગ્યા.

તે મુદ્રામાં થોડી વાર રહ્યા પછી તેઓ પગ પર ઉભા થયા અને બોલવા લાગ્યા. "ગમે તેમ હું મારા મુદ્દા પર આવું. આજે ઘણાં બધા આધ્યાત્મવાદીઓ એક રોગથી પીડાય છે જેને હું 'આધ્યાત્મની સહાનુભૂતિ' કહું છું. તમને તમારા સ્વપ્નો માટે મોટું અને ઘણું કામ કરવાની મનાઇ કરશે, કારણકે તે તમારા પ્રારબ્ધ અને પરિણામને મર્યાદિત કરશે. કેટલું અર્થ વગરનું છે! તેમણે નાટકીય રીતે તેમના હાથ હવામાં ઉછાળતાં કહ્યું.

"હા, અત્યાર સુધીમાં મેં તને પૂરૂં સમજાવ્યું છે એવી આશા છે. જેઓ પોતાની ઉત્તમ

જીંદગી જીવે છે. જે જીવન તેમના પ્રારબ્ધે તેમના માટે ઇચ્છયું છે. તેમણે 'તે કામ કરવું' ને 'તે કામ થવા દેવું' ની વચ્ચે સુક્ષ્મ સમતોલન જાળવ્યું છે. હું કબૂલ કરૂં છું કે વધારે પડતી મહેનત કરવી એટલે નદીના વહેણને ધક્કો મારવો અને પરિણામને એક તરફી બનાવવું. પણ ઘણા આધ્યાત્મવાદી સાધકો એવું માને છે કે મહેનત કરવી, શિસ્તબદ્ધ થવું અને તમારે જે જોઇતું હોય તે મેળવવાનો પ્રયત્ન કરવો એ બીમારી અને આધ્યાત્મ વગરનું હોય છે. સત્યથી વેગળું કંઇ હોતું નથી. ધ્યેય ઘડવું, સમયનું સંચાલન કરવું અને ગણતરીપૂર્વકનું જોખમ લેવું જેથી તમે ઇચ્છયું હોય તે મેળવી શકો એ ખરેખર વધારે આધ્યાત્મિક છે કારણ તમને મળેલી હોંશિયારી અને શક્તિ તમે યોગ્ય કાર્યમાં વાપરો છો. અતિશય કાર્ય કરનારા દુનિયાના લોકો આ અંતિમમાં માને છે પણ તેમના વિચારો હજી અસમતોલ અને અંતિમ છે. અને જ્યાં સુધી મને લાગે વળગે છે ત્યાં સુધી અંતિમતાવાદ એ એક પ્રકારની બીમારી છે."

"વધારે પડતા આધ્યાત્મવાદી બનવું વ્યક્તિ માટે શક્ય છે?"

'શક્ય છે એક ઓરડામાં પુરાઇને, ધ્યાન કરવું અથવા આખો દિવસ પ્રાર્થના કરવી જેથી તમારા સપનાં પૂરાં થવાના નથી અને વિચિત્ર માન્યતાઓ એ ચમત્કારિક વિચારોથી વધારે કંઇ નથી. તે ખરેખર છેતરામણું છે. મેં તને કહ્યું હતું કે હું માનું છું કે આપણા પ્રારબ્ધ માટેનું કાચું આયોજન તૈયાર હોય છે. જે પ્રારબ્ધ આપણે આ દુનિયામાં આવ્યા તે પહેલાં લખાયેલું હોય છે. આમ કહ્યા પછી માણસને ભગવાને કારણો શોધવા યથેચ્છા મન આપ્યું છેઃ **આપણા પ્રારબ્ધને જીવનમાં લાવવા આપણે કેટલાંક પગલાં ભરવા જોઇએ.** આપણે ઘણી ખાલી જગ્યાઓ ભરવાની છે અને ઘણાં મીંડા જોડવાના છે. તમારે તમારા સ્વપ્નાં જીવવા માટે ઘણો પ્રયત્ન કરવાનો છે. અને ઘણો ત્યાગ કરવાનો છે. તમારે શિસ્તબદ્ધ હોવું જોઇએ અને યોગ્ય પસંદગી પણ કરવી જોઇએ. તમારા કાર્યોને પ્રત્યાઘાતો હોય છે. અને તમારાં સપનાનો પાક ઉતારવા માટે તમારે બી વાવવાં જરૂરી છે. આ કુદરતનો બીજો નિયમ છે અને જો તને મારામાં વિશ્વાસ ન હોય તો કોઇ પણ સફળ ખેડૂતને પૂછઃ તેઓ તને કહેશે કે તેમના ખેતરમાં સખત મહેનત અને યોગ્ય બી ન ઉગાડો તો કંઇ ઉગતું નથી. જો તેઓ ફક્ત ધ્યાન કરશે અને પ્રાર્થના કરશે તો તેઓ ખેતર ગુમાવી દેશે."

"મને તે યોગ્ય લાગે છે," મેં કહ્યું. "હું કલ્પના કરી શકતો જ નથી કે મારા પ્રારબ્ધને જો હું મારી તરફ આકર્ષવા પ્રયત્ન ન કરૂં તો હું પ્રારબ્ધ ને પામી શકું તેથી હું તમારી સાથે સહમત છું, જુલીયન, જો હું વધારે વિચારૂં છું તોઃ માનવ તરીકે આપણને વધારે શક્તિઓ ભગવાને આપી જ ન હોત જો આપણને તેની જરૂરત ન હોત તો."

વહેલી સવારની તાજી હવામાં અમે બહાર નીકળ્યા.

"બરાબર, આપણને જે આપવામાં આવ્યું છે. તે દરેકને આપવામાં આવ્યું છે. તેનું કંઇ કારણ છે. આપણને આપવામાં આવેલી દરેક ભેટ સાથે જવાબદારી પણ છે જેને આપણે ઘડીએ છીએ, વિકસાવીએ છીએ અને બીજાઓનાં જીવન સમૃદ્ધ કરવા માટે દુનિયામાં વાપરીએ છીએ. લોકો જીવન પાસેથી જે જોઇએ તેની ઇચ્છા કરતા નથી અને પછી હિંમતથી આગળ વધતા નથી તેઓ છેવટે તેમનામાં ડરને પંપાળે છે. તેઓ ડરી જાય છે. તેમને જખમો હોય છે જે રુઝાવાની જરૂર હોય છે અને જરૂરીયાતોને ચકાસવા અંધારું હોય છે."

"તેમના જીવનમાં કેવા પ્રકારના ડર આવતા હશે, જુલીયન?"

"હારનો ડર, સફળતાનો ડર, અજાણ્યાનો ડર, કોઇ નકારે તેનો ડર, બધાથી જૂદા પડવાનો ડર, પૂરા સારા ન બન્યાનો ડર. આમ હું આગળ બોલી શકું. જો કોઇ પોતાનાથી બનતું બધું ન કરે, અને તેમની ઊંચી રમતને શરણે જાય અને ઉત્તમતાના બાંધેલા ધોરણે જીવે તે મૂળભૂત રીતે ડરેલો માણસ છે તેને સાજો કરવાની જરૂર છે. હવે મારે સ્પષ્ટ રીતે કહેવું જોઇએઃ પૃથ્વી પર એક પણ આત્મા એવો નહીં હોય જેને કોઇ ડર ન હોય જે તેને તેની સાચી શક્તિઓથી જીવતાં રોકે છે. વળી માનવ થવાની શરત જ એ છે કે તે અપૂર્ણ છે. અને મોટાભાગની અપૂર્ણતા માણસ પોતાના મૂળભૂત સ્વભાવને છોડી દે છે તેમાંથી અને આપણા જૂદા જૂદા ડરોમાંથી આવે છે. (આ દુનિયામાં સફર કરતાં કરતાં) તે જાણવું."

"તો, આજ કાલ લોકો બોલે છે, 'પરિણામની ચિંતા ન કરો' અને 'વર્તમાનમાં રહો' એ ડર દર્શાવે છે ખરૂંને?"

"ખરેખર એમ નહીં, મિત્ર. આ તત્ત્વજ્ઞાન થિયરીમાં સાચું છે પણ, જે રીતે તે જીવનમાં મૂકાય છે તે ખોટું છે. મેં તને શીખવેલું વાક્ય યાદ કરઃ **તમે તમારાથી બનતું કરો અને બાકીનું જીવન માટે મૂકી દો.** તમારા સપનાને પકડો. તમારે જેવું જીવન જોઇએ તેવું બનાવવા બધું કરી છૂટો. જેનાથી તમને ડર લાગે તે કામ કરો, અને તમારે દુનિયામાં જે કરવાનું છે તે તમારું હૃદય જાણે છે તે મહાનતાને સાંકડી ન બનાવો. માનવ તરીકે તમારી શક્તિ મુજબ તમે બધું કરો અને ઇચ્છાઓ પૂરી કરવા પ્રયત્ન કરો અને ત્યારે જ પરિણામને જતું કરો. તમારા ભાગે આવતા સૂત્ર માટે બધું જ કરી છૂટયા પછી આરામ કરો અને તમારા ભાગે જે પરિણામ આવે તે સ્વીકારો. તમે જે કરી શકો તે બધું તમે કર્યું છે. તમે જવાબદારીપૂર્વક વર્ત્યા છો, અને ઉત્તમ નિર્ણય લીધા છે અને તમારી શક્તિઓથી થઇ શકે તેટલી ઉત્તમ પસંદગી કરી છે. હવે ઉચ્ચ શક્તિને તમારું કાર્ય લઇ લેવા દો અને તમારે જ્યાં જવા નિર્માયુ છે ત્યાં તમને દોરવા દો. જીવનને તમારા પ્રારબ્ધ તરફ લઇ જવા દો. આ સમયે તમારે શાંત થઇને શરણાગતિ સ્વીકારવી."

"ભલે મને સમજાય છે. ફરી પાછું પેલું સમતોલન કરવાનું. મારે મારા ભાગનું કામ કરવાનું પછી જીવનને કુદરત અથવા અનંત શક્તિ અથવા ભગવાન આપણે જે લેબલ ઉચ્ચ શક્તિને લગાડીએ તેને છેવટે બધું સોંપી દેવાનું, બાકીનું તે કરશે અને જે પરિણામ આવે તે મારે સમજવું જરૂરી છે કે આ પરિણામ કોઇ કારણસર છે."

"તે પરિણામ તારા માટે સર્વોત્તમ હોય છે અને તે તને તારે જ્યાં જવાનું હોય ત્યાં લઇ જાય છે. **જો તમે તમારાથી બનતું બધું કર્યું અને કુદરતી નિયમો સાથે સુસંગત થઇને જીવો પછી જે આવે તે આશીર્વાદરૂપ હોય છે પછી ભલે શરૂઆતમાં તે શાપરૂપ લાગે.** "

"ખૂબ શક્તિશાળી વિચારો છે, જુલીયન. ખૂબ જ શક્તિશાળી. તેથી આ કહેવાતા આધ્યાત્મવાદીઓ અને જતું કરવાની, ધ્યેય વગરનું જીવન જીવવાની અને ક્ષણોમાં જીવવાની તેમની વાતો એ લોકો કરે જે ખરેખર ડરી ગયા હોય છે. તેઓ નાનામાં રમે છે અને તેમના ડરોને તેમના જીવન પર હાવી થવા દે છે. તેઓ સંતુલન ગુમાવે છે." જુલીયને મને હમણાં જ શીખવેલાનો સારાંશ અને નીચોડ કાઢતાં મેં કહ્યું.

"હા, ઘણા ખરા માટે, 'આધ્યાત્મવાદ' એટલે તેમનામાંના ડરેલા નાના બાળકો આ બધું ચલાવે છે તેના ઉપર ઢાંકપિછોડો કરવા પહેરેલું એક મહોંરુ જ છે. તેમને ડર છે કે તેઓ નાપાસ થશે અથવા એટલા સારા ન નીવડે અથવા રસ્તો કદાચ મુશ્કેલીઓવાળો

હોય. તેથી કોઇપણ જવાબદારીથી તેમને બચાવવા તેઓ બહાના શોધે છે. તેઓ તેમની જીંદગી નક્ષત્રોના સ્થાન પરથી જીવે છે અથવા કોઇ જ્યોતિષિ કહે તે તેમનું નસીબ હોય છે. મને ગલત ન સમજતો, મિત્ર, ભારતમાં મેં સમજ્યું છે કે નક્ષત્રશાસ્ત્ર એ એક અદ્‌ભુત વિજ્ઞાન છે, જે ઘણું આધારભુત છે. ખરેખર એ બધું સંતુલિત છે. મારી સંપૂર્ણ જીંદગી તેના આધારે જીવવી એ કોઇ રમતમાં બકરો બનવા જેવી વાત છે. મારા તુક્કાઓ, મારી નિષ્ક્રિયતા અને મારી ભૂલોનો નક્ષત્રો સાથેનો સુમેળ કરવો અને માનવ તરીકેની મને આપવામાં આવેલી શક્તિઓને નક્ષત્રો, ચંદ્ર અથવા તારા ને આપી દેવા જેવું છે. તે નબળી રીતે જીવવાનું છે. **યાદ રાખ, તું તુક્કાઓમાં નથી પણ મહાન તાકાતમાં રહેલો છે. તું તારી માનસિકતામાં નથી પણ તેના કરતાં તાકાત ઘણાં ડહાપણમાં છે.** "

"જુલીયન, હું તમને શું કહેતા સાંભળી રહ્યો છું કે કેટલાંક માટે તેમને જીવનમાં જે જોઇએ એની પાછળ જવાની જરૂર નથી. એ પણ તેમની સંપૂર્ણ શક્તિ ખર્ચીને કારણ તે ખરેખર બેજવાબદાર કામ છે કારણ તેઓ ભગવાને તેમને આપેલી ભેટરૂપી તાકાતને વાપરતા નથી."

"કાલે રાત્રે ડ્રેસીંગ રૂમમાં મેં જે કહ્યું હતું તેની જેમ 'આનંદ મેળવવો એ આપણો જન્મસિદ્ધ હક્ક છે.' આપણે અસામાન્ય વસ્તુઓ આપણા જીવન સાથે કરવા નિર્માયા છીએ અને દુનિયાને અસામાન્ય ભેટ આપવા માટે પણ. માર્ટીન લ્યુથર કીંગ જુનીયરે કહ્યું છે કેઃ 'દરેકમાં મહાન બનવાની શક્તિ રહેલી છે. કીર્તિ માટે નહીં પણ મહાનતા માટે ખરી જ.' પણ આપણે આપણી જાતને છેતરીએ છીએ. આપણે આપણી જાતને શરમાળ અને નાની રાખીએ છીએ. આપણે આપણી આજુબાજુના લોકો આપણા જીવનને ચલાવવા જે પદ્ધતિની માન્યતા આપે છે, તે છેઃ 'હિંમત ન કરો,' 'સ્વપ્નો ન જુઓ,' 'ખૂબ તેજસ્વીતાથી ન ચમકો નહીં તો તમે નીચે પડશો અને હારશો.'"

અમે દિવસના સૂર્યપ્રકાશમાં ચાલવા લાગ્યા. પેલી ફેરારી જે લોકો હોટલમાં આવતા હતા તેમાંના ઘણાંનું ધ્યાન ખેંચતી હતી. આ એક અદ્ભુત સાધન હતું અને તે ખૂબ જ સારી પરિસ્થિતિમાં હતી. જો કે તેનું મોડેલ જૂનું હતું. જુલીયને જ્યારે એ નોંધ્યું ત્યારે તેઓ હસ્યા.

"ચાલ મિત્ર, આપણે કારમાં ફરી આવીએ."

હું આજ સુધી ફેરારીમાં બેઠો નહોતો તેથી તેના રોમાંચકારી અનુભવના દરેક તબક્કાથી આનંદિત થયો. આછા બદામી રંગની સીટો ઉપર હું આરામથી બેઠો, મેં આંખો બંધ કરી અને ઇટાલીયન ચામડાની સુગંધ લેતો સમૃદ્ધિમાં લહેરાયો. જુલીયને ચાવી ફેરવી અને તેનું એંજીન જીવંત બની ગયું. તેમણે ગર્વિષ્ઠ રીતે ગાડીને પહેલા ગીયરમાં નાખી અને હોટલમાંથી ગાડી ઉડી અને જોનારાં કારને અને તેમાં બેઠેલા બે નસીબદાર લોકો સામે તાકી રહ્યાં.

જુલીયને સીડી પ્લેયર ચાલુ કર્યું. અત્યંત સુંદર સાઉન્ડ સીસ્ટમમાંથી 'ઝરનું બ્યુટીફુલ ડે' વાગતું હતું. અને અમે શહેરની શાંત ગલીઓમાંથી નીકળીને ફ્રી-વે તરફ જવા લાગ્યા જે અમને પ્રદેશની અંદરની તરફ લઇ જવાનો હતો.

"અરે જુલીયન, ગમે તેમ પણ આ ગાડી કોની છે?" મેં પૂછયું.

"આ એક રહસ્ય છે," તેમણે કહ્યું અને તેમની આંગળીઓ સંગીતના તાલમાં થીરકવા લાગી.

"તમે મને એટલું તો કહો આપણે ક્યાં જઇ રહ્યા છીએ?"

"કેમડેન કેવઝ" જુલીયને જવાબ આપ્યો અને તેમનો પગ એક્સલેટર પર પડયો. તેમની આંખો સંપૂર્ણપણે રસ્તા પર કેન્દ્રિત હતી અને તેમના ચહેરા પર તેમના મનનો આનંદ ઝલકતો હતો. સ્પષ્ટ લાગતું હતું કે આ કાર ચલાવવી તેમને ખૂબ ગમે છે.

મેં કેમડેન કેવઝ વિષે સાંભળ્યું હતું. ઝરણાની બાજુમાં એ પ્રાચીન ગુફાઓ હતી અને પુરાતત્વના સંશોધકો ત્યાં ઘણીવાર સંશોધન કરવાનું સાહસ કરતા હતા. જુલીયન મને ત્યાં શા માટે લઇ જતા હતા તેનો મને કોઇ ખ્યાલ નહોતો. અને મેં પૂછયું નહીં.

"મિત્ર, હવે મારા માટે એ સમય આવી ગયો છે કે સ્વ-જાગૃતિના સાત સોપાન હું તને શીખવવાની શરૂઆત કરૂં. ગઇ કાલે રાત્રે અને આજે વહેલી સવારનું બધું પ્રાથમિક હતું. તું સરસ શીખે છે. હું જાણું છું કે આવતા મહિનાઓમાં તું તેનું ઉત્તમ પરિણામ જોઇ શકીશ. મેં તારી આંખોમાં જોયું ત્યારે ત્યાં 'નિશ્ચય' હતો એમ હું કહી શકું. મારા માટે નિશ્ચય એ ખૂબ મોટો અને મહત્ત્વનો શબ્દ છે. નિશ્ચયપૂર્વકનું જીવન જીવવું એ ખૂબ મહત્ત્વનું અનુસરણ છે. 'નિશ્ચયાત્મકતા' અને 'જવાબદારીપૂર્ણ' બે શબ્દો તારા વ્યક્તિત્વને ભરી દેશે. તું આ શબ્દો વખતોવખત યાદ કરજે અને તારી જાતને તેના માટે ખર્ચી નાખજે."

"હું વચન આપું છું કે હું આ શબ્દોને ગંભીરતાપૂર્વક લઇશ જુલીયન." મેં પૂરા સન્માનથી કહ્યું.

"તારા જીવનને મહાન બનાવવા અને તારા પ્રારબ્ધને મેળવવાના માર્ગમાં સ્વ-જાગૃતિના સાત સોપાન ખૂબ જ અસરકારક પ્રક્રિયા છે. જે મહાન શક્તિએ તને આ દુનિયામાં મોકલ્યો છે. તેણે આપેલી શક્તિઓને વિકસાવવામાં અને તારામાંના ઉત્તમને જાગૃત કરવાની રૂપરેખા સમાન આ સાત પગલાં છે. આ દુનિયામાં બહુ થોડા લોકોને આજે આ સાત સોપાન વિષે ખબર છે. પણ આ પરિસ્થિતિ જલ્દી બદલાઇ જશે." હવામાં રહસ્ય ઘૂંટતાં જુલીયને કહ્યું. "જ્યારે કોઇ સાધક પોતાના મૂળ તત્ત્વ તરફ સફર શરૂ કરે છે ત્યારે તેણે આ સાત સોપાનના માર્ગ પર ચાલવું પડે છે. મન, શરીર અને આત્માના પહેલા અનુભવની પરિસ્થિતિમાં જ્યારે તેઓ પૂર્ણ અને પવિત્ર હોય છે."

"અને જો હું સાત સોપાન ચઢી જાઉં તો હું કેવો માણસ બનું?" મેં આશાથી અને આશ્ચર્યથી પૂછયું.

"મિત્ર, જો તું આ સાત સોપાન ચઢી જાય તો લોકો જેને 'પરમ-પ્રકાશ પામેલા' કહે છે તેવો તું બને. આ પૃથ્વી પર ફક્ત ગણતરીના માણસો જ આપણા પહેલાં આ પ્રક્રિયાના અંત સુધી પહોંચ્યા છે પણ આ પરિસ્થિતિ પણ બદલાશે."

"આ ઘણું અઘરૂં વચન છે, જુલીયન."

"મને ખબર છે અને હું એ પણ જાણું છું કે જે પદ્ધતિની હું વાત કરવાનો છું. તે સમજવામાં ખૂબ સહેલી છે પણ તેને વાસ્તવિકતામાં તમારા જીવનમાં ઉતારતાં મુશ્કેલીઓ આવે છે. મહેરબાની કરીને મને ગલત ન સમજતો. હું એમ નથી કહેતો કે એ પધ્ધતિને અનુસરવું અઘરૂં છે. ખરેખર તો તેમાંનો થોડો ભાગ તો ખરેખર ખૂબ સહેલો છે. ફક્ત એટલું જ કરવાનું છે કે તમારે તમારી જાતને આ પ્રક્રિયા શીખવામાં સંપૂર્ણ અર્પણ કરવી પડે અને ત્યાં સુધી એ ક્રિયા ચાલુ રાખવી પડે જ્યાં સુધી તે તમારો બીજો સ્વભાવ ન બની જાય."

"ભલે, તો સ્વ-જાગૃતિના આ સાત સોપાન શું છે?," મેં પૂછયું.

"પહેલું સોપાન એ છે કે પૃથ્વી પર આજે ઘણાં લોકો એ કરે છે. આ સોપાન અચેતન જીવન જીવવાનું છે. ચક્રો અને વાચાને સુષુપ્ત રાખવી. આ 'સુષુપ્ત જીવન' નું સોપાન

કહેવાય છે કારણ વ્યક્તિગત ઉત્ક્રાંતિની આ અવસ્થાની શરૂઆતમાં લોકો, દુનિયા કેવી રીતે ચાલે છે અને તેઓ એમાં કેવી રીતે વસે છે તે વિષે સૂતા ઝડપાય છે. જે લોકો આ સોપાનમાં જ આખી જીંદગી વિતાવી નાંખે છે તેવા લોકો માટે હું અહીં નથી. હું તેમને સારા ખોટા કહેવાવાળો કોણ? જ્યારે આપણે આ સાત પગથિયાંની વાત કરીએ તો મારે તને હકીકત કહેવી જ જોઇએ કે ચેતન અવસ્થાનું આ સૌથી નીચેનું પગથિયું છે. તું જોઇ શકીશ કે આપણાંમાંના જે પહેલા સોપાનમાં હશે તેમને સત્ય સાથે કોઇ સંબંધ હોતો નથી."

"તમે શું કહેવા માંગો છો, જુલીયન?"

"જો આવતાં થોડાં અઠવાડિયામાં હું તને આપણી આ દુનિયા કેવી રીતે ચાલે છે તેનાં થોડાં સત્યો કહીશ અને આવી દુનિયામાં **અધિકાર પૂર્વકની** સફળતા મેળવવા તારે શું કરવું તે પણ કહીશ. સત્યો પ્રત્યે બેફિકર રહેવું તે જ સુષુપ્તાવસ્થા છે. જીવન શું છે અને આપણે અહીં શા માટે આવ્યા છીએ તે પ્રત્યે ગેરસમજ આપણને અચેતન કરે છે. અને પૃથ્વી પર મોટાભાગનાં લોકો આ જ પ્રકારના છે જે દુ:ખદાયક છે. જેમ મેં તને ગઇકાલે રાતે કહ્યું હતું તેમ આ પરિસ્થિતિ જલ્દીથી બદલાય છે અને જલ્દીથી ઘણાં લોકોમાં આ ચેતન અવસ્થાની સ્થિતિમાં ફેરફાર થશે. તેં 'ધ મેટ્રીક્સ?' પિકચર જોયું?" જુલીયને પૂછયું.

"હા, મેં જોયું, ઘણી વિશિષ્ઠ અસર ઉપજાવે છે," મેં પ્રતિસાદ આપ્યો.

"મિત્ર, આ પિકચરમાં વિશિષ્ઠ અસરો કરતાં ઘણું વધારે હતું. આ પિકચર માંથી મોટાભાગના આટલું જ સમજયા છે. અને ઘણાં માટે તો આ બીજા પિકચરોની જેમ જ એક હોલીવુડની એકશન ફિલ્મ હતી. પણ અમારામાંના સાધકો માટે કે જે લોકો આપણે અહીં શા માટે છીએ એવા પ્રશ્નો આપણે ચર્ચ્યા તેવા અને ખરી દુનિયાના પ્રશ્નોના જવાબોની શોધમાં છે તેમને માટે 'ધ મેટ્રીક્સ' એક અધ્યાત્મનો અનુપમ ટૂકડો હતો. આ ઘણું ઉંડાણવાળું પિકચર છે. હકીકતમાં જરા આગળ વધીને કહું તો 'ધ મેટ્રીક્સ' અત્યાર સુધીમાં બનેલી આધ્યાત્મિક ફિલ્મોમાંથી સૌથી ઉત્તમ છે."

"તમે ગંભીરતાપૂર્વક કહો છો?" જુલીયનના વાક્યથી આશ્ચર્ય પામતાં મેં કહ્યું.

"ચોક્કસ. ફિલ્મમાં નીઓના પાત્રને જે રૂપક સમજાવવામાં આવ્યું છે તે સમજ- આપણી આખી દુનિયા જે આપણે ઉઘાડી આંખે જોઇએ છીએ અને અત્યારે આપણે જેમ સમજીએ છીએ તે એક કલ્પનાથી વધારે કંઇ નથી. આપણે આ જૂઠ્ઠાણું આપણને વેચી રહ્યા છીએ. અને આ ફિલ્મમાં પાત્રોને લાગતું હતું કે સાચી દુનિયાનું બધું જ કમ્પ્યુટરથી બનાવેલું કાલ્પનિક છે જેને મેટ્રીક્સ કહેવાય છે. આ જ હોલીવુડની ફિલ્મનો એક ભાગ છે જે વૈજ્ઞાનિક કલ્પના છે. આપણી આ દુનિયા, હકીકતમાં કમ્પ્યુટરથી સર્જેલી કલ્પના નથી. પણ અત્યારે તું જે સાચી દુનિયા તરીકે જોઇ રહ્યો છે. મિત્ર, તે પણ એક કલ્પના જ છે."

"મને લાગે છે કે, જુલીયન, તમે મને ગોટાળે ચઢાવો છો. જે દુનિયાને હું જોઇ રહ્યો છું. અને જે હું વિચારી રહ્યો છું જે જોઇ રહ્યો છું તે નથી એમ કહીને તમે ખરેખર શું કહેવા માંગો છો?"

"જો, તને જે રીતે જોવાનું શીખવવામાં આવ્યું છે તેના પરિણામ સ્વરૂપ દુનિયાને આજે તું આમ જુએ છે. તું જ્યારે નાનો બાળક હતો ત્યારથી તને શીખવવામાં આવ્યું અને એવી પરિસ્થિતિમાં મૂકીને કેટલીક વસ્તુઓ મનાવવામાં આવી છે. જેમ કે તને

કહેવામાં આવ્યું કે સમાજમાં રહેવું હોય તો બધા કરે છે તેમ કરવું જોઇએ. તને શીખવવામાં આવ્યું કે જ્યારે તું ખૂબ ખુશ હોય ત્યારે તારે ગણગણાવું નહીં અને જ્યારે તારામાં ખૂબ ઉત્સાહ હોય ત્યારે ખૂબ મોટાં સપનાં જોવાં નહીં. તું શીખ્યો કે જો તું બધાંથી જૂદો થઇશ તો લોકો તને સ્વીકારશે નહીં અને તેથી તને સફળતા મળશે નહીં. તને શીખવવામાં આવ્યું કે સાચું બોલવું નહીં ખૂબ પ્રેમાળ બનવું નહીં. નહીં તો લોકો તારો ફાયદો ઉઠાવશે. તને શીખવવામાં આવ્યું કે સંપત્તિ અને બાહ્ય તાકાત તને અનંત ખુશી આપશે."

"આપણને આ માન્યતાઓ કોણે શીખવી?"

"તમારા માતા-પિતાએ, તમારા શાળાના શિક્ષકોએ, ધર્મગુરુઓએં તમારા મિત્રોએ, ટીવી અને પ્રસાર માધ્યમોએ."

"અને મને શીખવવામાં આવ્યું છે તે શું સત્ય નથી?"

"મોટે ભાગે લોકોને ખબર હોય તેના કરતાં ઘણું બધું દુનિયામાં થઇ રહ્યું છે. અથવા મને વધારે સારી રીતે સમજાવવા દેઃ તું અત્યારે જે વિચારે છે કે હું આ છું તે તું ખરેખર નથી. તું તારા સ્વપ્નોમાં પણ કલ્પના ન કરે તેટલી શક્તિ અને તાકાત તારામાં છે. તું મહાન કાર્યો કરવા સર્જાયો છે. અને આ સુંદર અને વિશાળ દુનિયા માટે જે માનવાનું તને શીખવવામાં આવ્યું છે તેમાંનું ઘણું સદંતર ખોટું છે."

"જેમ કે?"

"સૌથી પહેલાં **અદશ્ય રીતે આપણે સૌ જોડાયેલાં છીએ. આપણે સૌ એક જ કુટુંબના ભાઇ-બહેનો છીએ. એ એક ખોટી માન્યતા છે કે આપણે જુદાં છીએ. હજારો વર્ષોથી સંતો અને અભ્યાસુઓએ આપણને કહ્યું છે કે આપણે એક જ કપડાના ટૂકડા છીએ અને જ્યારે તમે એક વ્યક્તિનું અપમાન કરો છો ત્યારે તમે તમારી જાતનું પણ અપમાન કરો છો.** આ કુદરતનું મૂળભૂત સત્ય છે, છતાં પ્રથમ તબક્કામાં આપણી મર્યાદિત સમજણને લીધે આપણે સમજી શકતા નથી. તેથી આપણે સુષુપ્ત છીએ. જે પુરવઠો મર્યાદિત છે એમ આપણે માનીએ છીએ તેને માટે આપણે એકબીજા સાથે હરીફાઇ કરીએ છીએ. આપણે એકબીજાને સાથ આપતા નથી. આપણે ડરના માર્યા સંગ્રહ કરીએ છીએ અને બીજા પાસેથી ખૂંચવી લઇએ છીએ.

"ડરના માર્યા?"

"હા, આપણને ડર છે કે જો બીજો જીતી જશે તો આપણે હારવું જ પડશે. આપણે ડરીએ છીએ કે દુનિયામાં દરેકને માટે પૂરતો પૂરવઠો અને સંપત્તિ નથી. આપણે પ્રામાણિકપણે બીજાને મદદ કરતાં ડરીએ છીએ કે આપણે કોઇપણ રીતે કંઇક ખોઇ બેસીશું, પણ આના પાછળનું સત્ય આપણે સમજતા નથી કે જેટલી વધારે આપણે બીજાને મદદ કરીશું તેટલી વધારે સંપત્તિ આપણા જીવનમાં પ્રવેશશે. આ બ્રહ્માંડનું એક શાશ્વત સત્ય સાદાઇથી કહીએ તોઃ **જ્યારે તમે બીજાને મદદ કરવાની જરૂરીયાતમાંથી તે મદદને હૃદયની નિશ્ચયતામાં ફેરવો છો ત્યારે જીવનને સફળતાનો વિસ્ફોટ કરવો જ પડે છે.** "

"ખૂબ શક્તિશાળી વાક્યો છે." મેં નોંધ્યું.

"તેથી જ્યારથી આપણે મળ્યા ત્યારથી આ પહેલા તબક્કા ઉપર હું જોર આપતો હતો તે છે, સ્વની છેતરામણી. આપણે સંપૂર્ણતામાં જનમ્યા છીએ જ્યાં કોઇ ડર નથી, પૂર્ણ ડહાપણ છે. અમર્યાદિત શક્તિઓ છે અને પવિત્ર પ્રેમની સ્થિતિ છે. સમાજમાં

બંધબેસતા ન થવાના ડરમાં આપણે આપણા મૂળભૂત સ્વભાવને ભૂલી જઇએ છીએ અને આપણી આજુબાજુની દુનિયાના મૂલ્યો, માન્યતાઓ અને વ્યવહાર અપનાવીએ છીએ. દુનિયા તેનો મૂળ માર્ગ ભૂલી ગઇ છે અને ક્યારેય ન ઉભી થઇ હોય તેટલી દુ:ખ ભરી પરિસ્થિતિ થઇ છે. આજે પૃથ્વી પર સૌથી વધારે ઘૃણા અને ડર દેખાય છે." જુલીયને થોડા દુ:ખ સાથે કહ્યું. "સમાજને છોડીને તમારા મૂળ પ્રત્યે પાછા ફરવા માટે ઘણી હિંમત જોઇએ. પણ તે જ તો આગેવાની લેવાની છે. સમાજને છોડવાનો અને તમે જે ખરેખર છો તેના પ્રત્યે વફાદાર રહેવાનું. 'હીરા તમને વખારમાં મળતા નથી, ચંદનના ઝાડની હાર હોતી નથી, સિંહોના ટોળાં હોતા નથી અને તમને પવિત્ર માણસો ઘણા મળતા નથી.' સંત કબીરે કહ્યું છે."

"શા માટે કોઇ જાણી કરીને પોતાની જ જાતને છેતરે અને જૂઠી જીંદગી જીવવાનું શરું કરે?"

"સરસ સવાલ છે. પહેલાં મને કહેવા દે કે જ્યારે તમે ખરેખર તમારી જાતને છેતરો છો ત્યારે તમારો અંતરાત્મા જાણે છે કે તમે શું કરી રહ્યા છો. આપણા દરેકમાં સાક્ષી હોય છે. આપણા અધિકારી જીવનના ઊંડાણમાં – આપણે જે કરીએ તે બધું જુએ છે. આ જગ્યા જે બધું જાણે છે તેને સામાન્ય રીતે અંતરાત્મા કહે છે. જ્યારે આપણે અધિકારપૂર્વકનું જીવન ન જીવતા હોઇએ ત્યારે તે સાક્ષી જુએ છે. જ્યારે આપણે કોઇને છેતરીએ અથવા જૂઠું બોલીએ અથવા સ્વાર્થી રીતે વર્તન કરીએ ત્યારે સાક્ષી જુએ છે. જ્યારે આપણે કૃપણ થઇને આપણું સન્માન આપણા જીવનમાં ઓછું કરીએ છીએ અને આપણામાં રહેલી શક્તિઓ જે આપણને આપવામાં આવેલી છે તે પ્રમાણે ન વર્તીએ ત્યારે સાક્ષી આપણને જુએ છે. જ્યારે આપણે દુનિયાને આપવાના પ્રેમમાં ઉણા ઉતરીએ છીએ ત્યારે સાક્ષી આપણને જુએ છે. આપણા ખરા વ્યક્તિત્વને આ રીતે છેતરવાથી ધીમું અને દુ:ખભર્યું મૃત્યુ મળે છે. આપણે આપણી સાથે શું કરીએ છીએ એ સાક્ષી માની શકતો નથી. એ માની શકતો નથી કે આપણે આટલાં જૂદાં રૂપો ધરાવીએ છીએ. આપણી માનવતા પ્રત્યેનો આવો ગુનો જોઇ તેની સહનશક્તિ ખૂટી જાય છે અને તેથી તે ધીમે ધીમે કામ કરવાનું બંધ કરી દે છે. તેથી માણસ તરીકેનું સ્વ-માન આપણે ગુમાવીએ છીએ. અને આપણી યોગ્યતા પૂરી થઇ જાય છે. આપણે દુ:ખ, ક્રોધ અને ચીડીયાપણાની લાગણી અનુભવીએ છીએ. શારીરિક રીતે આપણે શક્તિ અને તેજ ગુમાવીએ છીએ અને છેવટે માંદા પડી જઇએ છીએ. આપણે આપણી સાથે આ બધું કરીએ છીએ પણ એ અજાણતાં થાય છે. આપણે કોણ છીએ અને આપણે કેવી રીતે જીવવું તેના માટે આપણે જૂઠ્ઠાણું ચલાવીએ છીએ અને એ આપણને મરણ શરણ કરે છે. પછી મૃત્યશય્યા પર આપણને સમજાય છે કે આપણે જે રીતે જીવવા માટે હતા તેવું જીવન આપણે જીવ્યા નથી. પણ, ત્યારે ખૂબ મોડું થઇ ગયું હોય છે."

"તો લોકો શા માટે પોતાની સાથે આવું કરતા હશે?" મેં પૂછયું.

"કારણ આપણને તેનાથી સારાની ખબર હોતી નથી. આ બધું જ્યારે આપણે નવજાત શીશુ હોઇએ છીએ ત્યારે ચાલુ થઇ જાય છે. અને નાના બાળક તરીકે દુનિયા કેવી રીતે ચાલે છે તે શીખવા માટે પોતાના માતા-પિતા તરફ જુએ છે. આપણે તેમના પ્રેમના ભૂખ્યા હોઇએ છીએ. તેથી તેમના જેવા બનવા માટે આપણે જે કરવું જોઇએ તે કરીએ છીએ. આપણે માનીએ છીએ કે તેમની જેમ વિચારીને, અનુભવીને અને કામ કરીને આપણે તેમના વખાણ સાંભળી શકીશું. કમનસીબીથી આ બધું કરવામાં આપણે આપણી સાચી જાતને પાછળ મૂકી દઇએ છીએ."

"સ્વની છેતરામણી." મેં કહ્યું.

"બરાબર. તેથી તારામાંથી ઉત્તમને જાગૃત કરવા અત્યારે જે તું પુખ્ત વયનો છે ત્યાંથી તું એક વખત જેને જાણતો હતો તે નવજાત શીશુની અવસ્થામાં જવાની સફર તારે કરવી જ પડે. એ ઘર તરફ પાછા જવાની સફર છે. એ તમારા મૂળભૂત સ્વભાવ તરફ પાછા ફરવાની સફર છે. આપણે જે બનવાનું સ્વપ્ન જોયું છે તે માટેનું બધું આપણામાં છે. માર્ગમાં ચાલતાં આપણે એ ભૂલી ગયા છીએ અને તેથી જ સ્વ-સુધારણાનો વિચાર હું માનું છું કે અર્થ વગરનો છે પૃથ્વી પરના દરેક વ્યક્તિને સુધરવાની જરૂર છે અને કોઇ સંપૂર્ણપણે સુધરી શકતું નથી અને આમ કરવાનાં સૂચનો બદલામાં આપણને ગુનાનો અહેસાસ કરાવે છે, કે ગમે તેટલું કરો તે પૂરતું નથી. **દરેકે દરેક વ્યક્તિની ફરજ સ્વ-સુધારણાની નથી પણ સ્વને યાદ કરવાની છે.** સ્વને યાદ કરવું એટલે અધિકારત્વની જે તાકાત આપણે ગુમાવી છે તે પાછી મેળવવી અને આ દુનિયાની સફર દરમ્યાન આપણે જે બગડયા છીએ અને આપણી ડરોથી ભરેલી દુનિયામાંથી ફરી નવજાત શિશુની સ્થિતિમાં પાછા ફરવું."

"અને આ 'બગડવાની પ્રક્રિયા' જો તમે ઇચ્છો તો આપણને કલ્પનાની દુનિયામાં ધકેલે છે અને જીવનની સચ્ચાઇ અને માનવીય વિચાર શક્તિમાંથી કચરો નીચે બેસી જાય છે. અને કચરો અથવા વ્યક્તિગત સંબંધ જે આપણને બધા જૂઠાણા શીખવ્યા છે તેમાં રહેલો છે. આપણી વૈચારિક અને જાગૃતિની દુનિયા જે આપણે આ પ્રક્રિયાના પહેલા તબક્કામાં જોઇએ છીએ તે ખરેખર કલ્પના જ છે. ખરેખર એ એક જુઠાણા જેવું જ છે. આપણે જે જોઇએ છીએ એ સત્ય નથી પણ આપણા આજુબાજુના લોકો એ આપણને જે જોવાનું શીખવ્યું અને તેમણે જે અર્થ આપ્યો તેનું સાયુજ્ય છે."

"આ તો લગભગ એવું જ થયું કે આપણે પ્રયોગશાળાના ઉંદરો છીએ જેઓ ટ્રેડમીલ પર ચીઝના નાના ટુકડા માટે દોડવા માટે તૈયાર કરાયા હોય છે." મેં કહ્યું.

"હું તેની સાથે સહમત છું. યાદ રાખ, **આપણે દુનિયા જેમ છે તેમ નથી જોતા પણ જેવા આપણે છીએ તેમ જોઇએ છીએ.** આપણી વ્યક્તિગત માન્યતાઓ, જે બધી અંધશ્રદ્ધા, ડરો, ધારણાઓ અને મૂલ્યો જે આપણે આપણા માતા-પિતા, નાની ઉંમરમાં શિક્ષકો અને દુનિયાના લોકોથી આ સમાજમાં બંધબેસતા થવા શીખ્યા અને લોકો આપણને ચાહે તે માટે આ દુનિયા બનેલી છે એમ માનીએ છીએ."

"ઘણું આશ્ચર્યજનક, જુલીયન. ખરેખર માનવું મુશ્કેલ છે. એક વખત પણ મેં ક્યારેય વિચાર્યું નથી. હું જે દુનિયા જોઇ રહ્યો છું અને જેમાંથી હું પસાર થઇ રહ્યો છું તે ખરેખર શું છે, તે સત્ય સામે ક્યારેય પ્રત્યાઘાત આપે ખરી."

"થોડા વખત પહેલાં, હું બીજા માણસને શીખવતો હતો અને અમે કલાસરૂમમાં બેઠા હતા. જ્યાં તેને લગતો પાઠ હું ભણાવતો હતો. તેણે મને સવાલ પૂછયો અને મેં ઘણી નરમાશથી જવાબ આપ્યો. તરત જ તેની શારીરિક ભાષા બદલાઇ અને તે ગુસ્સે થઇ ગયો. તે જે માનતો હતો તેના ઉપરથી તેનો આ ઉલટો પ્રત્યાઘાત હતો. તેણે સમજાવ્યું કે તેને એમ લાગ્યું કે મેં તેને નકારી કાઢયો છે. આ વાતની હકીકત એ હતી કે મેં એવું કંઇ કર્યું નહોતું. જ્યારે અમે તેની આવી નારાજગીના મૂળ તરફ ગયા ત્યારે સમજાયું કે તે ઘણો પડી ભાંગ્યો હતો. તેના પિતા વધારે પડતી અપેક્ષાઓવાળા વ્યક્તિ હતા જેઓ ઘણી વખત મારા વિદ્યાર્થીને આવી લાગણી કરાવતા કે લોકોએ એને નકારી કાઢયો છે. તે માણસમાં એવી માન્યતા ઘર કરી ગઇ હતી કે લોકોએ મને નકાર્યા છે. અને આ બનાવની

રીતે તેના જીવનમાં ઘણા પ્રસંગો બન્યા. આ જાણવું મારા વિદ્યાર્થી માટે ખૂબ જરૂરી હતું. યાદ રાખ. જાગૃતિ પસંદગી પહેલાં આવે છે અને પસંદગી પછી બદલાવ આવે છે." જેવું જુલીયને આ કહ્યું તેવો તેમણે ફ્રી-વે છોડીને એક નાની ગલી પકડી જે સીધી કેમડેન ગુફાઓ તરફ જતી હતી.

"તેનો અર્થ શું છે?"

"એક વખત તને ખબર પડે કે તારા જીવનમાં શું બરાબર નથી ત્યારે તું બીજી વસ્તુની પસંદગી કરે છે. અને આ નવી પસંદગી તને સકારાત્મક બદલાવ તરફ લઇ જાય છે. જેમ કે, તમારી અછતની માનસિકતા છે. તમે વિચારો કે તમે દુનિયાના સૌથી મોટા દાનવીર છો પણ એ સાચું નથી. તમારા મનના ઊંડાણમાં શું ચાલે છે તે ખરેખર તમારે જાણવું નથી. આ વસ્તુનું સત્ય એ છે કે તમે ખૂબ સ્વાર્થી છો અને તમારાથી બને તે બધું તમારે તમારા માટે રાખવું છે. તમારી આગળપાછળના લોકો તમારું સ્વાર્થીપણું જાણે છે. તેઓ કહી શકે કે, તમે દુનિયામાં પુષ્કળ પુરવઠો છે એમ માનતા નથી તેથી તમે સંગ્રહ કરો છો. જો તે લોકોએ વ્યક્તિગત ઉત્ક્રાંતિનો અભ્યાસ કર્યો હોય અને કોઇ તબક્કે પહોંચ્યા હોય તો, તેઓ જાણે છે કે તમે આવું કેમ કરો છો. કારણ કોઇ કારણસર તમે ડરમાં છો. તમારી પાસે છે તે ગુમાવવાનો ડર કોઇ તમારો ફાયદો લેશે તેનો ડર, હારનો ડર-અત્યારે અંદર ઉપસ્થિત થતા પ્રશ્નો મહત્ત્વના નથી. જેમ પૃથ્વી પરના દરેક વ્યક્તિને થાય છે તેમ તેઓ જાણે છે કે ડર જ તમારા વર્તનનું મહત્ત્વનું પાસું છે અને તેઓ જાણે છે કે તમે નાના હોવ ત્યારે તમે જે અપમાન સહન કર્યા હોય તે. ગમે તેમ પણ તું વિચારે છે કે તું પ્રેમાળ અને દાનવીર છે. હવે, ધારી લે કે લોકોનો તારી માટેનો પ્રામાણિક અભિપ્રાય લેવાની તારામાં હિમ્મત છે કે માણસ તરીકે તારે ક્યાં સુધરવાની જરૂર છે. અને ધાર કે તું જેને પ્રેમ કરે છે તેમનામાં પણ સત્ય બોલવાની હિમ્મત છે. તે લોકો કહેશે કે તેઓ તને અત્યાર સુધી આ રીતે જાણે છેઃ તારું કાર્ય અછતની માનસિકતામાંથી થયેલું છે અને તું તારી જાત માટે જે વિચારે છે એટલું આપનાર તું ખરેખર છે નહીં. જો તું તેમને સાંભળે તો તારામાં જાગરૂકતા ઉત્પન્ન કરશે. જે પડછાયો ખરેખર આંતરમન પર હતો તે હવે જાગૃત મન પર પડે છે જ્યાં તું જોઇ શકે છે. **સ્વ-પરિક્ષણ એ વ્યક્તિગત મહાનતા તરફ જવા માટેનું પહેલું પગલું છે.** આવી માન્યતાઓ ક્યાંથી આવી અને આવા ડરો પહેલાં ક્યાં શરૂ થયા તેના માટે તું સંશોધન કરી શકે છે. હવે આ નવી જાગૃતિ તને નવી પસંદગી તરફ દોરશે જો તું તે પસંદગી કરવા ઇચ્છે તો. આ નવી પસંદગી તું વધારે આપતો થઇ શકે અને તારી જૂની વર્તણુંક અને સ્વાર્થીપણાને છોડી શકે છે. તારા વિચારો, લાગણીઓ અને વર્તનમાં તેં ઇચ્છયો હોય તેવો બદલાવ લાવે છે અને પછી તારું જીવન બદલાઇ જાય છે. સરસ નાનકડી પ્રક્રિયા છે એવું નથી લાગતું?"

"ખૂબ રસપ્રદ છે, જુલીયન. હું જાણું છું આપણે લગભગ ગુફાઓ સુધી પહોંચી ગયા છીએ. વાહ, આ દુનિયાનો સુંદર ભાગ છે," મેં પીળાં ફૂલોથી ભરેલા મેદાનો જોતાં કહ્યું. રસ્તાની સાથે સાથે ઝરણું વહેતું હતું અને ઓકના ઝાડની હારો લાગતી હતી. "બાકીના સાત સોપાનનું શું? પહેલા સોપાનમાં લોકો જીવનની સચ્ચાઇ પ્રત્યે અજાણ હોય છે અને તેમને દુનિયા ખરેખર કેવી રીતે ચાલે છે તેનો ઘણો થોડો ખ્યાલ હોય છે. તેઓ ખરેખર તો તેમના ડરો, ખોટી માન્યતાઓ અને દુનિયાને એકતરફી વાતો પ્રત્યે સુષુપ્ત હોય છે. મને સમજાયું કે ઘણાં લોકો આ તબક્કામાં જીવે છે જેને લીધે દુનિયામાં આજે છે તેવી ગડબડ છે. આપણે આપણા મૂળભૂત સ્વભાવથી છૂટા પડી ગયા છીએ. આપણા એક વખતના શુદ્ધ ચરિત્રમાંથી આપણે ખોટા રસ્તે ચઢી ગયા હોઇએ છીએ. આવી પોતાની છેતરામણીને

લીધે આપણે આત્મશ્લાઘા કરતાં થઇ ગયાં છીએ. હું ધારું છું કે જેવા આપણે આપણો પ્રેમ, નિડરતા અને અસામાન્યતા છોડી દઇએ છીએ અને આપણી જાતને સમાજમાં ભેળવવા તૈયાર કરીએ છીએ ત્યારે આપણા અંતરતમમાં આપણે કદાચ અજાણપણે આપણને ધિક્કારતા થઇએ છીએ. મોટેભાગે લોકો મુરઝાયેલા અને ક્રોધમાં હોય છે. તેમાં કંઇ નવાઇ નથી."

જુલીયને તેનું હોર્ન વગાડવું શરૂ કર્યું તેમણે તેમની મુઠ્ઠી હવામાં ઉછાળી અને બીજો હાથ સ્ટિયરીંગ પર મૂકીને તેમાં ફેફસાં ફાડી નાખતા અવાજે "આ સુંદર દિવસ" ગાવાનું શરૂ કર્યું. તેમણે મને કહેલું હું બરાબર સમજયો હતો તેથી તેઓ ખુશ હતા. હું જાણતો હતો કે મારા શિક્ષક બનીને તેઓ ખુશ હતા અને હું વિદ્યાર્થી બનીને આનંદમાં હતો. હું જુલીયન પાસેથી જે શીખી રહ્યો હતો તે ખરેખર મૂલ્યવાન હતું. હું જે સાંભળી રહયો હતો તે ઘણાં લોકો સાંભળે તો દુનિયા કંઇક જૂદી જ જગ્યા હોત. આ દુનિયા વધારે ન્યાયી, અધિકારવાળી અને પ્રેમાળ જગ્યા હોત. તે વખતે જ મેં નિર્ણય કરી લીધો કે જે માહિતી મને મળે છે તેમાં હું પૂર્ણતા પ્રાપ્ત કરીશ અને તેનો ફેલાવો પણ કરીશ. આજકાલ કેટલાક સકારાત્મક શબ્દો નકારાત્મક અર્થમાં વપરાય છે. હકીકતમાં તેનો અર્થ છે "સારા સમાચાર પ્રસારવનાર." હું જુલીયનનો સંદેશો ફેલાવનાર બનીશ. હું સમાચાર કહેનાર બનીશ.

જુલીયને ઘાસવાળા મેદાનમાં કાર પાર્ક કરી અને અમે ગુફાઓ તરફ ચાલવા લાગ્યા. તેમણે તેમના સેંડલ્સ કાઢી નાખ્યા અને ઉઘાડા પગે ચાલવા લાગ્યા. અમારી આસપાસના કુદરતના અનુપમ સૌંદર્યને જોતાં જુલીયન ગીત ગણગણવા લાગ્યા અને તેમણે કંઇજ કહ્યું નહીં. જેવા અમે એક ગુફાની નજીક પહોંચ્યા તેવા તેઓ બોલવા લાગ્યા.

"સાત સોપાનમાંથી પહેલું છે 'સુષુપ્ત જીવન'. યોગ્ય સવાલ પૂછવાથી યોગ્ય જવાબ મળે છે. તું જાણે છે? સવાલો સ્વ-જાગૃતિ માટેનું શક્તિશાળી સાધન છે ખરેખર તો તેનાથી એક નાનો મુદ્દો ઉભો થાય છેઃ જ્યારે હું ન હોઉં ત્યારે એક મોટો સવાલ એ હોઇ શકે 'મારા જીવનમાં હવે પછી હું શું સહન નહીં કરું?' ગમે તેમ, હું જાણું છું કે તું તારી જાતને છેતરીને હવે પછી જે તારી જીંદગી નથી તે નહીં જીવે. સાત સોપાનમાંથી બીજું છે, 'યોગ્ય સમયે પસંદગી'. એક વખત તું જાણી જાય કે તું સમાજને અનુસરે છે અને અધિકારત્વભરી જીંદગી જીવતો નથી પછી તારી પાસે પસંદગી આવે છે."

"આ જ વસ્તુ 'ધ મેટ્રીક્સ' માં નીઓને પસંદગી આપવામાં આવી છે કે બ્લુ ગોળી કે લાલ ગોળી તે ગળશે, ખરું ને? જુલીયન હવે મને સમજવા લાગ્યું છે કે આ પિકચર કેટલું ઊંડાણવાળું અને અર્થપૂર્ણ હતું. મારે એ ફરીથી જોવું પડશે," મેં વચન આપ્યું.

"સારો વિચાર છે અને તું સાચો છે. એક વખત તું જાણી જાય કે સમાજ તને જે વાસ્તવિકતા સમજાવવા માંગે છે તે તારા માટે એક મૃગજળ જ છે ત્યારે તારી પાસે પસંદગી હશેઃ તું હમેશાં જીવતો હતો તેમ જીવવાનું ચાલુ રાખવું અને એમ કરવામાં તારા જીવનમાં દુઃખ અને સામાન્ય જીવન પસંદ કરવું અથવા લાલ ગોળી લેવી, એટલે કે તારા ઉત્તમ જીવન પ્રત્યે આગળ વધવું. કવિ ડેવિડ વાઇટે એક વખત કહેલું કયારેય ભૂલવું નહીં. 'કોઇપણ આત્મા પોતાની રીતે કામ કરતાં એક જગ્યાએ અસફળ થશે તો બીજી કોઇ જગ્યાએ સફળ થશે. તમારી પોતાની જાત માટે હિંમત બતાવવા કરતાં કોઇ વસ્તુ મહત્ત્વની નથી.' ત્રીજું સોપાન છે 'આશ્ચર્ય અને શકયતાઓ પ્રત્યે જાગરૂકતા.' આ તબક્કે, તમે નવી આંખોથી જોવાનું શરૂ કરો છો. તમે પહેલાં કયારેય જોયું ન હોય તે સત્યો તમે જોવા લાગો છો. તમે સમજવાનું શરૂ કરો છો કે દુનિયા તમે જીતો એમ ઇચ્છે

છે અને તે ભરપૂર પૂરવઠો, તકો અને વૈભવથી ભરેલી છે. તમે એમ પણ સમજવાનું શરૂ કરો છો કે તમારી આજુબાજુના લોકો સારા છે પણ જીવન દરમ્યાન તેમને મળેલા જખમોથી તેઓ ખરાબ કામ કરવા પ્રેરાય છે. હું એમ નથી કહેતો કે આપણી પાસે ગમે તેટલા દુઃખ સહન કર્યા પછી પણ પસંદગીઓ નથી હોતી. આપણી પાસે ત્યારે પણ પસંદગી હોય છે અને બધા દયાળુ, પૂર્ણ અને સારા થવાનું પસંદ કરી શકે છે. આ તબક્કે હું તને એટલું જ સૂચન કરૂં છું કે તું લોકોના વર્તનથી ખરા અર્થમાં જાણવા લાગે છે કે કયા લોકો સ્વાર્થી અને ઇજા પહોંચાડે તેવા છે. તું સમજી શકીશ કે જે લોકો આ રીતે વર્તે છે તેઓ દુઃખમાં છે. ખુલ્લા અને આનંદી હૃદયથી કોઇ ક્યારેય બીજાને ઇજા પહોંચાડતો નથી. સ્વ-જાગૃતિની પ્રક્રિયાના આ સમયે તું પણ તારી ઉત્તમતાને વધારે જાણી શકે છે. તું પોતાની છેતરામણી વધારે સ્પષ્ટપણે જાણી શકીશ અને તું ખરેખર શેનો બનેલો છે તે અનુભવી શકીશ. ઘર તરફ પાછા ફરવાની સફરમાં આ અત્યંત ઉત્સાહ આપતું સોપાન છે."

"ચોથું સોપાન શું છે?"

"તું 'સુષુપ્ત જીવન' માંથી બહાર નીકળી જાય. તારી ઉત્તમ જાતને જાગૃત કરવાના નિર્ણયની સમયસર પસંદગી કરે અને તને સમજાઇ જાય કે મૃગજળની પેલે પાર પણ દુનિયા છે. જે દુનિયા અસામાન્ય આશ્ચર્યો અને અમર્યાદિત શકયતાઓથી ભરેલી છે. ત્યારે તું ચોથા સોપાનમાં પહોંચી જાય છેઃ 'ગુરુ પાસેથી માર્ગદર્શન.' આ તબક્કે સાધક જુદા જુદા શિક્ષકો અને શીખવાના જુદા જુદા માર્ગો શોધવા લાગે છે. તારી જવાબો શોધવાની અને જખમો ભરવાની તમન્ના વધે છે. આ ખૂબ ગુંચવડાભર્યો સમય હોય છે. કારણ સાધક ઘણું જુદા જુદા પ્રકારનું જ્ઞાન મેળવે છે અને એને ભેગું કરવું મુશ્કેલ હોય છે. પણ સમય જતાં આ ગુંચવડો જ સ્પષ્ટતા અપાવે છે અને એવી ક્ષણ પણ આવે છે કે બધું નવું શીખેલું અને તમારી સમજણ એકરૂપ થઇ જાય છે. આ ખરા ડહાપણની શરૂઆત છે. આના પછી પાંચમું સોપાન આવે છેઃ 'આમૂલન બદલાવ અને પુનર્જન્મ', જે સૌથી મુશ્કેલ તબક્કો છે. પણ તે એક ન ભૂલાય તેવું પગલું છે. આ તબક્કે તમારામાંની ઉત્તમતા દરરોજ સામે આવે છે અને તમારી આખી દુનિયા બદલાવા લાગે છે. ખરી વાત એ છે કે બદલાવ સહેલો હોતો નથી. પણ આ પ્રક્રિયાના આ તબક્કાનો ફાયદો તને તારી બાકીની પૂરી જીંદગી સુધી થાય છે. છઠ્ઠું સોપાન છે, 'અખતરો કરવો.' સાધક તેના મૂળ ખજાના સુધી પહોંચે તે પહેલાં તેણે અખતરો કરવો પડે છે. અખતરાના બે હેતું છેઃ આ મુસાફરીમાં જે પાઠો તેણે ભણવા જોઇએ તે બધા પાઠ તેણે ભણ્યા છે અને બીજું એ જાણવું કે તેને ઇનામ મેળવવાની કેટલી તીવ્રતા છે. આ તબક્કે મોટા ભાગના લોકો છોડી દે છે. ઘણાં લોકો આ તબક્કે પાછા વળી જાય છે, તે દુઃખદાયક છે, જો તેઓ થોડી વધારે વાર ટકી રહે તો તેમની ઉત્તમ ભેટ એક ખૂણામાં પડેલી અનુભવાય છે. અને છેવટે, સાતમું સોપાન છે, 'સ્વની મહાન જાગૃતિ.' જેમ મેં કહ્યું તેમ ઘણાં થોડાં આ જગ્યા સુધી પહોંચે છે. તો તમે પરમ-પ્રકાશના તબક્કે પહોંચી જાઓ છો. અને તમારો મૂળભૂત સ્વભાવ જે પરિવર્તિત કરતો હતો તેવા તમે ફરીથી બની જાઓ છો. જ્યારે તમે દુનિયામાં આવ્યા ત્યારે જે કુદરતી શક્તિ સાથે તમે જોડાયેલા છો તે રસ્તા પર તમે પાછા ફરો છો. તમે નિડર, નિર્દોષ, શાશ્વત ડહાપણવાળા, પુષ્કળ શક્તિવાળા અને પવિત્ર પ્રેમવાળા બનો છો. કોઇ પડછાયા નહીં ફક્ત પ્રકાશ. તમે એવા તબક્કે પહોંચો છો- જો તમે ઇચ્છો અને શરણે જાઓ તો. પણ આ અંતિમ સ્થાન સુધી પહોંચવા તમારી જીવન પાસેથી જે અપેક્ષા હોય તેના કરતાં વધારે આપવું પડે છે. આથી એક વખત શૈલા ગ્રેહામે જે લખ્યું

હતું તેનો મને વિચાર આવે છે: 'તમને જે જોઇએ તે મળી રહે છે જો તમે પૂરતી તીવ્રતાથી માંગો તો તમારે તે વસ્તુ તમારા પૂર્ણ અસ્તિત્વથી જોઇતી હોય તો તમારી ચામડીથી તે બહાર નીકળીને જે શક્તિએ દુનિયાને સર્જી છે તેને જોડાઇ જાય છે.' "

"સુંદર શબ્દો છે," મેં સરાહના કરી.

"અને કોઇપણ મનુષ્ય પરમ-પ્રકાશ મેળવવા હમેશાં ઉત્સુક હોય છે તેનાથી સારી બીજી કઇ વસ્તુ દુનિયામાં હોઇ શકે?" જેવા અમે એક અંધારી ગુફામાં પહોંચ્યા કે જુલીયને પૂછયું. "હવે, મારે તને કહેવું જ જોઇએ કે સ્વ-જાગૃતિના સાત સોપાન એ કોઇ જાદુઇ ગોળી નથી, કે વ્યક્તિગત બદલાવ માટે તુરંત પરિણામ આપે તેવી પ્રક્રિયા નથી હું તને જુદા જુદા અનુભવો કરાવીશ જે તારા જીવનમાં આ સાત સોપાન લાવશે. હું તારો શિક્ષક છું તેથી મારી ફરજ બને છે કે આ સાત સોપાનની પ્રક્રિયા હું તને બતાવું. મારા તને મળવા પછી તને અઠવાડિયાં, મહિના કે વર્ષો પણ લાગી જાય તે મેળવતાં."

મને દુઃખનો એક સણકો આવ્યો. જુલીયન હમણાં જ ગઇકાલે રાત્રે મારા જીવનમાં આવ્યા છે અને આટલા જલદી તેમના જવાની વાત કરે છે. અમારા આ ટૂંકા સથવારામાં તેમણે મારૂં હ્રદય ઉત્સાહથી ભરી દીધું છે અને મને ઘણું ડહાપણ શીખવ્યું છે. હું જાણતો હતો કે તેમણે મને જે જ્ઞાન આપ્યું છે તેનો એક નાનો ભાગ પણ હું જીવનમાં ઉતારૂં તો મારૂં આખું જીવન જ બદલાઇ જાય.

ફરીથી એકવખત જુલીયન મારી લાગણીઓ પામી ગયા.

"અરે મિત્ર, ચિંતા નહીં કર, આપણે ઘણાં મોટાં કામ સાથે કરવાના છે અને હું અત્યારે તો થોડો વખત તારી સાથે છું અને જ્યાં સુધીમાં હું તને બધું શીખવી દઇશ ત્યાં સુધીમાં તને મારી જરૂર પડશે નહીં. તું તારી જાતે જ આનંદ કરતો થઇ જઇશ." તેમણે હ્રદયપૂર્વક હસતાં કહ્યું.

જુલીયને પછી મારો હાથ પકડયો અને નરમાશથી મને અંધારી ગુફામાં દોરી ગયા. લગભગ એક મિનિટ ચાલ્યા પછી તેમણે મને જમીન પર બેસી જવા કહ્યું અને મારી સામેની દિવાલ ઉપર તાકી રહેવાનું જણાવ્યું. "મિત્ર, તે દિવાલ પર તારું સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત રાખ. તારી આંખો ત્યાંથી ફેરવતો નહીં. વચન?"

"હું વચન આપું છું," મેં જવાબ આપ્યો.

ઓચિંતાનો ગુફામાં પ્રકાશ ફેલાયો. મારી પાછળ શું ચાલી રહ્યું છે તેનો મને ખ્યાલ નહોતો પણ હું જુલીયનને બધું ગોઠવતાં અનુભવી રહ્યો. મેં જેવું દિવાલ ઉપર જોવાનું શરૂ કર્યું, તેવું મારી સામેના પથ્થર પર જૂદી જૂદી છાયાઓ દેખાવા લાગી.

લગભગ દસ મિનિટ સુધી ગુફાની દિવાલ પર જૂદી જૂદી છાયાઓને નાચતાં જોયા પછી મેં જુલીયનને બોલતા સાંભળ્યા.

"તું ગુફાની દિવાલ ઉપર જે જોઇ રહ્યો છે. તે ફક્ત કાલ્પનિક છે, જૂઠ છે, હવે સમય આવ્યો છે કે તું સચ્ચાઇ જુએ, તું જોવા ઇચ્છે છે?"

"હા, હું જોવા ઇચ્છું છું." હજી મારી આંખો મારી સામે જે થઇ રહ્યું હતું તેના ઉપર સ્થિર રાખતાં કહ્યું.

"તો પાછળ ફર અને ખરેખર શું થઇ રહ્યું છે તે જો."

હું પાછળ ફર્યો અને જોયું કે જુલીયને નાનું તાપણું કર્યું હતું અને તેની પાસે ઘણાં બધા પથ્થરના આકારો હતા જે તેઓ તાપણાની આગળ ધરતા હતા અને આ આકારો ગુફાની મારી સામેની દિવાલ ઉપર છાયાઓ ઉભી કરતા હતા.

"ક્યારેય પ્લેટોનું 'રીપબ્લિક' વાંચ્યું છે મિત્ર?" જુલીયને પૂછયું.

"ના, ક્યારેય તેની નજીક પણ ફરકયો નથી."

"પહેલાં સારાં પુસ્તકો વાંચવા જરૂરી છે અથવા તને એમ લાગશે કે તારો સમય ખૂટી ગયો છે. ગમે તેમ પેલા પુસ્તકમાં એક વિભાગ છે જેમાં એક ગુફામાં આજ પ્રમાણે લોકો ટોળામાં બેઠા હોય છે. આ ટોળું દિવાલ ઉપર તને દેખાડેલી તેમજ છાયાઓ જોતું હતું. આમાં દુઃખની વાત એ છે કે સંપૂર્ણ જીવન આ ટોળું એમજ માનતું રહ્યું કે તેમણે જે જોયું તે જ સત્ય છે. તેમને ક્યારેય સચ્ચાઇની ખબર ન પડી કે તેઓ જે જોઇ રહ્યા છે. તે ફકત કાલ્પનિક છે. એક દિવસ આ ટોળામાંથી એક જણે જરા જુદા બનવાની હિંમત કરી. તેણે સાધક બનવાની હિમંત બતાવી અને તેણે સત્ય શોધી કાઢયું. તેણે જમીન પરથી પોતાની જાતને છોડાવી અને ટોળાને છોડી દીધું અને તેની પાછળ શું છે તે જોવાની હિંમત કરી, પેલી જુઠી છાયાઓ તેની સામે હતી તેની સામે જોઇ રહેવા કરતાં તેણે હિંમત બતાવી અને એણે જે જોયું તેનાથી તે ચમકી ગયો."

"તેણે પાછળ તાપણું જોયું હશે, હું શરત મારી શકું તેમ છું અને જે છાયાઓ તેની સામે મૂકવામાં આવી તે તાપણાની સામે મૂકેલી વસ્તુનું પ્રતિબિંબ માત્ર છે. તેણે જે હમેશાં માન્યું હતું તે માનવાનું તેણે જીવનમાં પહેલીવાર બંધ કરી દીધું અને તેણે સચ્ચાઇ જોઇ."

"બરાબર" પોતાનું માથું ઘણા સંતોષથી હલાવતા જુલીયને કહ્યું. "બરાબર નોંધ્યું છે અને એ નવી જાગૃતિથી તેનું જીવન બદલાઇ ગયું. હવે તને મારો મુદ્દો સમજાયો છે, ચાલો આપણે અહીંથી બહાર નીકળીએ. આ જગ્યા ઘણા વેળા વાંકળાવાળી છે," તેમણે હસતાં કહ્યું. જુલીયને તાપણું બૂજાવી નાખ્યું અને અમે ગુફામાંથી પ્રકાશ તરફ જવા લાગ્યા.

જુલીયને મને જંગલના રસ્તે નીચે તરફ દોર્યો. દેવદાર અને સેડારના ઝાડની સુગંધથી મારા પિતા સાથે જંગલમાં ફરવા નીકળતો ત્યારની બચપનની યાદો તાજી થઇ. મેં પાણીનો અવાજ સાંભળ્યો. જેવા અમે ધોધની નજીક ગયાં તો તેની ઉપર મેઘધનુષ્ય હતું.

"આ સારી નિશાની છે," જુલીયને આનંદથી જવાબ આપ્યો. "હવે આ ધોધની નીચે ઉભો રહે," તેમણે સૂચન કર્યું.

"તમે મશ્કરી કરો છો!"

"ના, ફક્ત થોડી મિનિટો માટે તારે એમ કરવું જરૂરી છે. તેનાથી તું ચોખ્ખો થઇ જઇશ. અને એક વખતની સંપૂર્ણતાની સ્થિતિ તેં ગુમાવી ત્યારથી તેં જે અપવિત્રતા ભેગી કરી છે તે બધી જતી રહેવા માટે રૂપક પણ બની રહેશે. ધોધની નીચે ઉભો રહે અને તારી આંખો બંધ કર. કલ્પના કર કે પાણીથી તારી બધી મર્યાદિત માન્યતાઓ, ધારણાઓ, ડરો અને એક પક્ષી ચિંતન ધોવાઇ રહ્યું છે."

જુલીયને જે મને કરવાનું કહ્યું તેમ મેં કર્યું. પહેલાં પાણી ઠંડું લાગ્યું પણ આ અનુભવ સરસ હતો. મને હલકાપણાની, આનંદી અને વધારે પવિત્રતાની લાગણી થઇ.

"હવે તારી જીંદગીમાં જે ખોટી કલ્પનામાં તું જીવ્યો તેના પ્રત્યે તું હવે સજાગ થયો છે." હું સૂકાવા માટે તડકામાં ગયો તેવું જુલીયને કહ્યું. "હવે તું તારી જાત માટે ખોટું ન કરવા માટે તૈયાર થઇ ગયો છે. જે સાંકળ તને જમીન સાથે બાંધી રાખે છે તે છૂટ્ટી કરી દે અને તારી ઉત્તમ જીંદગી તરફ આગળ વધ. આમ કરતાં-જુઠ્ઠાણું જતું કરીને તારા માટે જે જીવન છે તે તું જીવીશ. આપણે જેને માટે આટલા ઝનૂનથી કાર્ય કરીએ છીએ તે તને મળશેઃ **સ્વતંત્રતા.** હવે સ્વ-જાગૃતિના સાત સોપાનમાંથી પહેલું સોપાન છોડવા તૈયાર છે."

પછી જુલીયને મને મારી આંખો બંધ કરવાનું કહ્યું અને ધોધની બાજુના ઘાસના મેદાનમાં બેસવાનું કહ્યું. "આ શબ્દો મહાન લેખક હરમન હસેના છે. અને મિત્ર એ તારા હૃદયની ખૂબ નજીક રાખજે. તેઓ આજે સવારે તું જે શીખ્યો છે તેને શબ્દોમાં મૂકે છે." જુલીયન મોટા અવાજે બોલ્યા જાણે આ શબ્દો બોલીને તેઓ આ સત્ય કુદરતને જણાવવા માંગતા હોય એમ લાગ્યું.

"**તમારે જીવવાનું અને હસવાનું શીખવાનું છે. તમારે રેડિઓ પરનું કચડાયેલું સંગીત સાંભળવાનું શીખવાનું છે અને તેની પાછળના અર્થને પકડવાનો છે અને એની તોડફોડ પ્રત્યે હસવાનું છે. ત્યાં તમે છો. આનાથી વધારે તમારે કંઇ કરવાનું નથી.** "

પ્રકરણ – ૫

સાધક, માનવ કરી શકે તેવી એક માત્ર મહત્ત્વની પસંદગી શોધી કાઢે છે

માનવ પોતાનું જીવન ઉદાત્ત કરવાની આવડત સભાન પગલાં લઇને કરી શકે છે. તે હકીકત મને ખૂબ ઉત્સાહજનક લાગે છે. આ કંઇક એવું છે કે તમે કોઇ ચોક્કસ ચિત્ર બનાવો અથવા કોઇ પુતળું બનાવો અને તેથી થોડી સુંદર વસ્તુઓ બને છે. આપણે જે માધ્યમથી વાતાવરણ અને માધ્યમને જોઇએ છીએ તેને નકશીદાર અને રંગીન બનાવીએ તેના કરતાં તે વધારે ગૌરવશાળી છે. જે આપણે નૈતિક રીતે કરી શકીએ છીએ.

- હેન્રી ડેવિડ થોરો

જ્યાં આપણે સ્વ-જાગૃતિનાં સાત સોપાનમાંથી પહેલું પૂરું કર્યું હતું તે જગ્યા આપણે છોડી દઇએ છીએ. જુલીયન ફરીથી તેમની લાલ રંગની ફેરારીમાં હતા.

“આત્માને પામવાના અને જાગૃત કરવાના માર્ગ પર દરેક સાચો સાધક એવી જગ્યા પર પહોંચે છે જ્યાં તેને પસંદગી કરવાની તક આપવામાં આવે છે. જે તેની જીંદગી નાટકીય રીતે બદલી નાંખે છે. કેટલીક વખત આ બદલાવની ઘડી અત્યંત દુઃખી બનાવોથી આવે છે જેવા કે કોઇ સ્નેહીનું મૃત્યુ, માંદગી, નાણાંકીય તંગદિલી અથવા કોઇ કરૂણાજનક બનાવ. કેટલીક બીજી વખત આવી તક સહજ રીતે ઉભી થાય છે. કારણ સાધક ઉપરની કક્ષાના જીવન માટે તૈયાર હોય છે અને તેણે આ શકયતા ઉભી કરવા માટે ઘણું આંતરિક મન્થન કર્યું હોય છે.” જુલીયને કહ્યું અને તેમણે મહામાર્ગ પર મોટો વળાંક લીધો જે અમને પાછા જે શહેરમાંથી અમે આવ્યા હતા ત્યાં લઇ જાય. “તમે અત્યાર સુધી જે આત્માની છેતરામણીમાં અટવાયેલા હોવ તેમાંથી સ્વ-જાગૃતિના સાત સોપાનમાંથી પહેલું સોપાન પૂરું કરીને સાધક તરીકે તમારા ઉત્તમ જીવનના સત્યને શોધવા માટે તમારે આ સમયે બીજા સોપાનમાં પહોચવું જ પડે.”

“અને હું ધારું છું કે જુલીયન, સાધક જે રીતે આ સમયે પસંદગી કરે છે તે ઘણી રીતે તમારૂં પ્રારબ્ધ નક્કી કરે છે. એક નિર્ણય કરવાથી તમે મને પહેલાં શીખવેલા મહામાર્ગ પર સવાર થઇ શકો છો. અને બીજો રસ્તો લેવાથી તમે ખાડા ટેકરાવાળા રસ્તા પર સવાર થઇ જાઓ છો.”

“હા, એ સાચું છે, મિત્ર. એક સાચો નિર્ણય તમને યોગ્ય પસંદગી કરાવે છે અને તેથી

તમે ખૂબ ઇચ્છાથી તમારા અધિકારપૂર્વકના જીવનના રસ્તા પર ધ્યાનથી અને વધારે આત્મવિશ્વાસપૂર્વક આગળ વધો છો અથવા તમને તમારા એક વખતના જીવન માટે ગ્લાનિ થાય છે કે જ્યારે તમે સૂઇને ઉઠતા અને પાછા સૂઇ જતા. **છેવટે પસંદગીનો સમય તમને તમારા ઉત્તમ જીવનને પસંદ કરવાનો મોકો આપે છે અથવા તમે નાના થઇને પેલા ઘેટાના ટોળામાં રહો જ્યાં અજાણતાં બધાં દિવાલ પરથી ખાડામાં પડે છે. હું તને મારા વ્યક્તિગત અનુભવમાંથી એક વસ્તુ કહીશ. જો બે નિર્ણયોમાંથી તું ઉચ્ચ અને ઉત્તમ ને પસંદ કરતો નથી તો જીવન તને ગ્લાનિ અને હૃદયભંગનો અનુભવ અંતે કરાવશે જ. હૃદયને એ જાણ થાય છે કે તારી પાસે જે શક્તિઓ છે તેને વાપરવાનો મોકો તને મળ્યો પણ તેં એ ગુમાવ્યો છે ત્યારે તે અનુભવથી હૃદય તૂટી જાય છે. તમારા ઉત્તમ જીવનને સ્વીકારવાનો મોકો નકારવો એ તમને જે શક્તિએ પેદા કર્યા છે તેમનું અપમાન છે** ." જુલીયને હમેશ કરતાં વધારે ધ્યાન અને ભાર દઇને કહ્યું. ઓચિંતાનો તેમણે મહામાર્ગ છોડીને શહેરની નાની ગલીમાં આવેલી એક નાના સમૂહની હોસ્પીટલમાં જવાનો રસ્તો લીધો.

"જુલીયન, આપણે અહીં શા માટે જઇ રહ્યા છીએ?" કંઇક મુંજાઇને મેં પૂછયું. જુલીયનનું શિક્ષણ હમેશાં આશ્ચર્યો અને રોમાંચથી ભરપૂર હોય છે.

"તું જો" ગેબી અવાજ આવ્યો.

જેવા અમે હોસ્પીટલના મુખ્ય રીસેપ્શન વિભાગ આગળ પહોંચ્યા કે બે સુંદર નર્સોએ આવીને જુલીયનનું અભિવાદન કર્યું. "અરે, વ્હાલા", એક જરા તોફાની અવાજે બોલી, "અહીં મળવા આવવા બદલ આભાર." બીજી હસી અને મશ્કરીમાં બોલી, "અરે, જુલીયન, છેવટે તેં જાતે કરવાનું વિચાર્યું?" અને બંને ખડખડાટ હસી પડી અને મારા ગુરુને ભેટી પડી. "ખરૂં કહું છું, જુલીયન," જે પહેલાં બોલી હતી તેણે કહ્યું, "તમને ફરીથી મળવાથી આનંદ થયો, ઉપર જાઓ, તેઓ તમારી રાહ જોઇ રહ્યા છે."

"બાનુઓ તમે થોડીવાર માટે મારા મિત્રની ધ્યાન રાખશો?" જુલીયને પૂછયું." મારે એક મિનિટ માટે ગીફ્ટ-શોપમાં જવું જરૂરી છે."

જ્યારે જુલીયન તેમના કામે ગયા ત્યારે શું થઇ રહ્યું છે તે જાણવાનો મેં પ્રયત્ન કર્યો. મારે કેટલાક સવાલોના જવાબો જોઇતા હતા.

"તમે બંને જુલીયનને કેવી રીતે ઓળખો છો?" મેં પૂછયું.

"અરે, એ તો લગભગ દરરોજ અહીં આવે છે." બેમાંની એકે કહ્યું, "એ અહીંના સૌથી સારા કાર્યકર્તા છે." તેઓ થોડાં અઠવાડીયાં પહેલાં એક દિવસ અહીં આવ્યા અને હકીકતમાં તેમણે કહ્યું કે તેઓ કંઇક મદદ કરવા માંગે છે. ખાસ કરીને 'ટર્મીનલ કેર વોર્ડ' માં કામ કરવા માટે પૂછયું. મને હજી યાદ છે. તેઓ કહેતા હતા કે 'તેમણે માનવજાત માટે કંઇક કરીને સેવાનું સાધન બનવું છે.' જુલીયન ઘણા આદર્શવાદી છે. તમે જાણો છો?"

"હું જાણું છું," મેં હકારાત્મક ડોકું હલાવ્યું.

જુલીયન હાથમાં મોટો પુષ્પગુચ્છ લઇને પાછા ફર્યા. "મિત્ર, આવ અહીં કેટલાક ખાસ લોકો છે જેને તું મળે એમ હું ઇચ્છું છું."

નિર્મળ સ્વચ્છ દિવાલોવાળા લાંબા કોરીડોરમાં અમે ચાલ્યા. આખી જગ્યા એમોનિયા અને કૉલનની વાસથી ઉભરાતી હતી. લાંબા રસ્તા પછી મોટી પહોળી લાઉન્જ આવી. જેવા અમે એમાં દાખલ થયા કે છ જણા ત્યાં બેઠાં હતા તેઓએ ઉભા થઇને અભિવાદન કર્યું અને હાસ્ય સાથે જુલીયનને ભેટયા. એ સ્પષ્ટ જણાતું હતું કે તેમને જુલીયન માટે

ઘણું માન હતું. અને એ પણ સ્પષ્ટ હતું કે તેમના આવા ભાવ પ્રદર્શનથી જુલીયન હલી ગયા હતા. મેં તેમની આંખોમાં આંસુ જોયાં. મેં જે જોયું તે એમણે જોયું.

"પુરુષ રડે તેમાં કંઇ ખોટું નથી." તેઓ મારા કાનમાં ગણગણ્યા." આ વાત ક્યારેય ભૂલતો નહીં. જે માણસ તેની લાગણીઓ બંધ રાખે છે તેનામાં સંવેદનશીલ, કરૂણા અને લાગણીશીલતાની ખામી હોય છે. આવા લોકો જ યુદ્ધ શરૂ કરે છે, ગુના કરે છે અને ધિક્કારની લાગણી ફેલાવે છે. મિત્ર, તારી લાગણીને રોકવી નહીં. તે તારા અધિકારપૂર્વકના જીવનનો એક અગત્યનો ભાગ છે."

પછી અમારી સામે ભેગા થયેલાં ટોળાંને સંબોધન કરીને મોટેથી બોલ્યા. "આ સન્નારીઓ અને સજ્જનો મારા મિત્ર છે." તેમણે કહ્યું. "સન્નારીઓ અને સજ્જનો મારા મિત્રને આવકારો." બધાએ મારી સાથે હસ્તધનૂન કર્યું. મને બેસવાનું કહેવામાં આવ્યું. એમ મેં કર્યું.

"અમે તમારી રાહ જોતા હતાં, જુલીયન. આ એ જ માણસ છે જેની સાથે વાત કરવાનું તમે મને કહ્યું હતું?" એંસી વર્ષના લાગતા માણસે પૂછયું. તેમણે ચેક્સવાળો શુટ, સફેદ શર્ટ અને બો ટાઇ પહેર્યાં હતા. તેમના પાતળા થતા ગ્રે વાળને પાછળની બાજુ કાળજીપૂર્વક ઓળ્યા હતા.

"હા, પીટર આ એ જ માણસ છે. લગભગ એક અઠવાડિયા પહેલાં હું તમને મળવા આવ્યો ત્યારે તમે મને જે કહ્યું હતું તે. તમે એને પણ કહો. તમારા શબ્દો ખૂબ શક્તિશાળી હતા. મારી ઇચ્છા હતી કે તે તમારા પાસેથી જ સાંભળે."

"સારું" તે વૃદ્ધ માણસે કહ્યું," મેં અમારા મિત્ર જુલીયનને અહીં કહ્યું કે "હવે મારા જીવનનો અંત નજીક છે પણ મારી સૌથી મોટી ગ્લાનિ એ છે કે મને મારી અંદર ગાઇને સંગીત પેદા કરતાં આવડતું નથી. હું જાણું છું કે મારા હૃદયના ઊંડાણમાં એક ગીત છે. જેને અભિવ્યક્તિની જરૂર છે." તેમણે કાવ્યાત્મક રીતે કહ્યું. "મારી અંદર સર્જનાત્મક ધ્યેય છૂપાયેલું છે જેને જાણવાની અને મારામાંથી બહાર કાઢવાની જરૂર છે. મારો કહેવાનો અર્થ એ છે કે આપણી જીંદગી દરમ્યાન આપણે કોઇ વિશિષ્ઠ કાર્ય કરવા નિર્માયા હોઇએ છીએ. આપણે દરેકે દરેક ખૂબ ખાસ પ્રાણી છીએ જેને ચમત્કારીક શક્તિઓની તાકાત અને ન માની શકાય એવી આવડત હોય છે."

"પીટર અહીં પ્રોત્સાહન આપવા માટેના વક્તા હતા." એક સ્ત્રીએ મશ્કરી કરી. આખું ટોળું હસવા લાગ્યું. એમ કહેવામાં આવ્યું છે કે મુક્ત હાસ્ય હૃદયથી સૌથી નજીક આવેલું છે. જ્યારે આપણે સમૂહમાં હસીએ છીએ ત્યારે આપણા સામાજીક મતભેદો બાજુ પર મૂકાઇ જાય છે અને આપણે ખરા માણસો સાથે જોડાઇએ છીએ. આ સુંદર વસ્તુ પકડી રાખવા જેવી છે. એક જ ક્ષણમાં જુલીયને કહેલું સત્ય મને સમજાયું: આપણે બધા એક જ કુટુંબના ભાઇ બહેનો છીએ. આપણે બધા અદશ્ય બંધનમાં બંધાયેલા છીએ, મારા અંદરના અવાજને જેને હું જાણું છું તેણે મને કહ્યું કે આ સત્યને અવગણવું એટલે ટોળાંની ખોટી માન્યતાઓને બઢાવો આપવા જેવું છે. આપણે જૂદા નથી, મને સમજાયું. આપણે અજાણ્યા બંધનથી બંધાયેલાં છીએ. એવું વધારે માનવું પડે જ્યારે આપણે હસીએ છીએ એવું મેં શોધી કાઢયું છે કે જ્યારે આપણાં દુ:ખ એકબીજાને વહેંચીએ ત્યારે પણ આપણે જોડાએલાં હોઇએ છીએ. જો દુનિયામાં દરેકે દરેક અડધો કલાક ભેગાં મળીને આપણાં વ્યક્તિગત દર્દો આપણા જીવન દરમ્યાન આપણે અનુભવ્યાં હોય તે એકબીજાને કહીએ તો આપણે મિત્રો બની જઇએ. કોઇ શત્રુ ન રહે અને કોઇ યુદ્ધ ન થાય.

પેલા વૃદ્ધજને ચાલુ કર્યું, "જેમ મેં કહ્યું કે **મારું સૌથી મોટું દુઃખ એ છે કે મેં મારી જાતને સાંભળી નહીં.** હું જાણતો હતો કે જીવનમાં હું ઘણાં મોટાં કાર્યો કરી શકું છું. જ્યારે હું નાનો હતો ત્યારે હું ખૂબ સારો લેખક હતો. મારા કૉલેજકાળ દરમ્યાન સાહિત્યને લગતા ઘણાં ઇનામો મેં જીત્યા હતા. પણ મારી માને મને હિસાબનીશ બનાવવો હતો. મારી માએ કહ્યું કે જો હું તેને નહીં સાંભળું તો તે જીવનભરની ભૂલ હશે. ખરેખર મેં મારા અંતરઆત્માને ન સાંભળ્યો અને મને જે કરવું ગમતું નહોતું તે કરીને મેં જીવનભરની ભૂલ કરી છે. અને હવે તું જાણી લે કે ડૉક્ટરોએ મને કહ્યું છે કે મારી પાસે થોડા અઠવાડિયાં છે. ત્યારે મારી પસંદગી પર મને ખેદ છે. મને લાગે છે કે મેં મારું આખું જીવન વેડફી નાખ્યું. પલકવારમાં સત્યાસી વર્ષ જતાં રહ્યા એવું લાગે છે કે હજી ગઇકાલે જ હું મારી પત્ની માર્ગારેટ સાથે પરણ્યો હતો. હજી ગઇકાલે જ જાણે હું મારા છોકરાંઓને જન્મતાં જોઇ રહ્યો છું હવે માર્ગારેટ મરી ગઇ છે અને મારાં છોકરાં તેમની પોતાની જીંદગી જીવવા ચાલ્યા ગયા છે. તમારું જીવન તમે કલ્પના પણ ન કરી શકો તે ઝડપે પૂરું થઇ રહ્યું છે. દિવસો અઠવાડિયામાં પસાર થાય છે. અઠવાડિયાઓ મહિનાઓમાં અને મહિનાઓ વર્ષોમાં ઉડી જાય છે. તું અત્યારે ઘણો યુવાન લાગે છે, પણ ધ્યાન રાખ. તું જાણે તે પહેલાં તું મારા જેવો દેખાવા લાગીશ. જીંદગી એવી જ છે. તેથી તમારી માટે જે જીંદગી મુકરર છે તે જીંદગી જીવો. રાહ જોતા રહેવા માટે તમારી જીંદગી ગણી મહત્ત્વની છે જાગૃત થવા, માટે તમારી જીંદગી ઘણી મહત્ત્વની છે. જાગૃત થવા માટે મૃત્યુ આવે ત્યાં સુધી રાહ જોવાની જરૂર નથી. મેં મારી માની જીંદગી જીવી જ્યારે મારામાં મારી પોતાની જીંદગી જીવવાનું ડહાપણ હોવું જોઇતું હતું. મેં મારી જીંદગી બીજાઓને ખુશ કરવામાં પસાર કરી. અત્યારે એ બધા ક્યાં છે? જે લોકોને ખુશ કરવા માટે હું જીવ્યો તે લોકો મારી પાસે નથી. **તમારી મૃત્યુશય્યા પર દરરોજ સવારે જેને તમે દર્પણમાં જુઓ છો, ફક્ત તે વ્યક્તિને જ જવાબ આપવાનો છે. તમે તેના પ્રત્યે સાચા બનો.** મેં પોતાની જાતને છેતરવાનો ગુનો કર્યો છે. જુલીયનના શબ્દોમાં કહું તો તે ખરેખર મને મારી નાખવાનું છે, આ કેન્સર નહીં."

ઓરડામાં સંપૂર્ણ શાંતિ છવાઇ ગઇ. પીટરના મિત્રો નીચું જોઇ ગયા. લગભગ બધા દુઃખ અનુભવતા હતા તેનું કારણ એ નહોતું કે તેઓ એક દુઃખી જીવનની કહાની સાંભળી રહ્યા હતા. પણ તેમને એ પણ યાદ હતું કે થોડા વખતમાં તે એમની સાથે નહીં હોય. **જીંદગી એટલી છેતરામણી છે. અત્યાર સુધી મેં ખરેખર તે અનુભવ્યું નહોતું. આપણી આવડત પ્રમાણે તેનો ઉપયોગ કરીને અને તે અમૂલ્ય ખજાનાની રખવાળી કરવાની જરૂર છે. જીવન પાછું નહીં મળે તે જ તેને અતિશય પવિત્ર બનાવે છે.** અને છતાં, ટોળામાં જીવતા મોટાભાગના લોકો તેને માટે ક્યારેય પોઝનું બટન દબાવતા નથી અને સાઇઠ સેકન્ડ માટે પણ વિચારતા નથી કે તેઓ પૃથ્વી પર શા માટે છે અને તેમણે કયું કાર્ય કરવાનું છે.

અમે કેમડેનની ગુફાઓમાંથી નીકળ્યા. ત્યારે જુલીયને મને એક નાનકડી વાર્તા કહી હતી. એક ડાહ્યા સંત એક ભિખારીને એક દિવસ સસ્તામાં મળી ગયા. ભિખારી એ જાણતો નહોતો કે તે કોની સાથે વાત કરી રહ્યો છે, તેણે સંતને ઉભા રાખીને ત્રણ સવાલો પૂછયાઃ તમે અહીં શા માટે છો? તમે ક્યાં જઇ રહ્યા છો? ત્યાં જવા માટે કોઇ મહત્ત્વનું કારણ છે? સંતે ભિખારીની સામે જોયું અને પૂછયું તું દિવસના કેટલા પૈસા મેળવે છે. તેમને મળેલા પ્રામાણિક જવાબને સાંભળીને સંતે કહ્યું "મહેરબાની કરીને તું મારી સાથે આવ અને મારું કામ કર. હું મારું ધ્યાન કરવા રોજ સવારે બેસું તે પહેલા તારે આ ત્રણ

સવાલો મને પૂછવા હું તને દસ ગણા પૈસા આપીશ."

ત્યારથી હું શીખ્યો છું કે આ માણસના ડહાપણનો પ્રત્યાઘાત છે. દરરોજ આ સવાલો આપણને પૂછાય તેની આપણને લગન લાગવી જોઇએ. જેવા કે આપણે શા માટે અહીં છીએ, આપણે કેવી જીંદગી જીવીએ છીએ અને જીવને આપણને આપેલી ઉત્તમ ભેટનો આપણે ઉપયોગ કરીએ છીએ કે નહીં. આપણે જીવન પ્રત્યે ધ્યાન આપવું જોઇએ. આપણે આપણાં સ્વપ્નો સાથે ફરી ફરી જોડાવું જોઇએ. આપણું વિશ્વ ખરેખર મિત્રતાથી ભરેલી જગ્યા છે. અને આપણે એવા સપનાં જોઇ શકતા નથી કે જે સપનાંને જીવંત કરવાની શક્તિ આપણામાં ન હોય. "વિશ્વ આપણે જીતીએ એમ ઇચ્છે છે." જુલીયન ઘણીવાર કહે છે, "આપણે આપણા જૂના રસ્તામાંથી નીકળીને નવો ચીલો પાડવો પડે છે."

પીટરની વાતોથી મારા મન ઉપર ઊંડી અસર થઇ હતી. હું જાણતો હતો કે જુલીયન એમ થાય એમ ઇચ્છતા હતા. મારે કેટલાક નિર્ણયો લેવા જરૂરી હતા. મારે એકવખત મારા ઉદા્ત જીવન માટે છેવટનો નિર્ણય કરવાની જરૂર હતી.

અમે લગભગ અડધો કલાક હોસ્પીટલમાં ગાળ્યો. જ્યાં અમે હર્બલ ચા પીધી અને જુલીયને બનાવેલા મિત્રો સાથે સારી સારી વાતો કરી. જુલીયને થોડી મિનિટો તેમના માટે ઓરડામાં ફૂલ ગોઠવવામાં ગાળ્યા. તે ખૂબ દયાળુ અને અતિશય લાગણીશીલ માણસ હતા. અમે તેમની મહેમાનગતિ માટે આભાર માન્યો અને આખા ગ્રુપ સાથે અમે ફેરારી તરફ ચાલવા લાગ્યા. બધા ખરેખર જુલીયનને ચાહતા હતા અને બધાએ એ કારના ખૂબ વખાણ કર્યા.

"આમ જેમ તું અધિકારપૂર્વકના જીવન પ્રત્યે આગળ વધીશ. જેમ તું સમાજને છોડી દઇશ અને તારાં મૂલ્યો, તારી માન્યતાઓ અને તારા હૃદયની ઇચ્છાઓ મુજબ જીવવાનું શરૂ કરીશ. ત્યારે સાધક તરીકે તારા માટે ચોક્કસ પસંદગીનો સમય આવશે. આ તબક્કે તું કેવા પ્રત્યાઘાતો આપે છે તેના પર તારી બાકીની જીંદગીની પ્રગતિનો આધાર છે." જુલીયને સારાંશ કહ્યો અને અમે પાર્કિંગની જગ્યા તરફ આગળ વધ્યા ત્યારે મારા નવા મિત્રો અમને આવજો કહી હાથ હલાવી રહ્યા હતા. "હેરીઓટ બીચેર સ્ટોવ એ લખેલું ક્યારેય ભૂલતો નહીં. 'કબ્રસ્તાન પર લખાયેલ ન બોલાયેલા શબ્દો અને અધૂરાં રહેલા કાર્યોએ સૌથી ખરાબ આસૂં છે.' કાર્ય કરનાર બન, જે શાંત આત્મા બહાર જાય છે અને પોતાનું ઉચ્ચ જીવન શોધે છે. તને ખબર હોય તેટલું સારું કાર્ય કર. પછી જતું કર અને તને જે મળે તે આનંદપૂર્વક સ્વીકાર અને પૂર્ણ ચોકસાઇથી માન કે આ જ કુદરતે તારી માટે નિર્માણ કર્યું હતું."

"ગુરુજી, સમજી ગયો. અરે તમે મને હજી કહ્યું નથી કે આ કાર કોની માલિકીની છે. આ તમારી જ છે, હેં ને?"

"ના, આ મારી નથી. પણ આવું કંઇક ખરીદવા માટે હમણાં હું ખૂબ હલકો ફરી રહ્યો છું. હું ખૂબ સાદો માણસ છું. પણ આ મારી હતી," જુલીયને કબૂલ કર્યું. "આ મારી જૂની ફેરારી છે."

"ખરેખર?" મને આશ્ચર્ય થયું. "હું જ્યારે નાનો હતો ત્યારે મારા પિતા તમારા ઘરની બાજુથી મને કારમાં ફેરવતા. તે વખતે આ ગાડી સામે હું તાકી રહેતો હતો. મને આ બચ્ચું ખૂબ ગમે છે."

"મને ખબર છે," જુલીયને જવાબ આપ્યો. "હું વખતો વખત તને તેના સામે જોઇ

રહેલો પકડી પાડતો હતો." તેમણે આંખો મીંચકારી.

"ખરેખર?"

"સાચે. એક વેપારી ગ્રાહકે આ ગાડી હું ભારત ગયો તે પહેલાં મારી પાસેથી ખરીદી હતી. તેણે કહ્યું હતું કે જો હું ઇચ્છું તો આ ગાડી હું પાછી ખરીદી શકીશ. અને કોઇ સવાલો પૂછવામાં આવશે નહીં. તેમણે એ પણ કહ્યું હતું કે જ્યારે હું શહેરમાં પાછો આવું તો હું તેને ફેરવી શકું છું. તેઓ મારા પ્રત્યે ઘણા માયાળુ હતા. તેમણે જ્યારે હું અહીં આવ્યો ત્યારે આ ઉધાર આપી છે."

અમે ઘણીવાર સુધી શાંતિથી ગાડી ચલાવી. જેવા અમે હોટલના રસ્તા પર આવ્યા કે જુલીયને ગાડી થંભાવી. બેલમેન અમારી સામે હસ્યો અને મને થમ્સઅપ ની નિશાની બતાવી. એવું લાગ્યું કે તે ખૂબ પ્રભાવિત થયો હતો.

"મિત્ર, મસાજ વિભાગ ખોલી નાંખ. તારા માટે કંઇ છે. હું તને છોડીને જાઉં, જે બદનસીબીથી હમણાં થોડી મિનિટોમાં થવાનું છે. ત્યારે હું ઇચ્છું છું કે તું વર્તમાનમાં રહે. મારે મસાજનું ટાઇમ ટેબલ છે અને માલીશ કરાવવામાં હું ક્યારેય મોડો પડતો નથી. આ ભેટ હું મારી જાતને નિયમિતપણે આપું છું."

"મેં ક્યારેય ધાર્યું નહોતું કે તમને મસાજ આટલો પ્રિય હશે." મેં જવાબ આપ્યો.

"શા માટે નહીં? મસાજની પ્રક્રિયા તમારું તેજ વધારવા, તમારામાંના ઝેરી પદાર્થોને કાઢવા અને તમારી તંદુરસ્તી વધારવાનું સુંદર સાધન છે. મારા માટે હું એને 'સફળતાનું બંધારણ' કહું છું."

"જે મેં આખા અઠવાડિયા માટે નક્કી કરેલું કામ છે. જેનાથી હું તંદુરસ્ત, આનંદી અને ઊંડી શાંતિ અનુભવું છું. રોજની કસરત, ખૂબ આરોગ્યપ્રદ ખોરાક ધ્યાન, કુદરત સાથે સમય ગાળવો દર સાત દિવસે માલિશ કરવો, એટલું હું મારા માટે કરું છું જેથી હું લાંબું જીવું અને જે કામ કરવાનું મને કહેવામાં આવ્યું છે તે કરતો રહું. મારા જીવનમાં મારું ધ્યેય છે અને હું તે પૂરું કરવા માંગું છું. અઠવાડિયે માલિશ કરાવવો કેટલાક લોકો માટે ઘણું ખર્ચાળ છે પણ મારા માટે એ રોકાણ છે ખર્ચો નહીં. એ પૈસા સારી રીતે ખર્ચ્યા કહેવાય. જો હું હોસ્પીટલના રૂમમાં પડયો રહું તો હું કોઇને કંઇ કામનો નથી. આમ કહીએ તો મારા મસાજનો ખર્ચો મારા ધંધાનો ખર્ચો છે."

"જુલીયન, આમ વિચારવું રસપ્રદ લાગે છે."

"મિત્ર, આજનો દિવસ તારા માટે ઘણો મોટો છે. મેં જે કેટલાંક બી વાવ્યાં છે તે વખત જતાં સુંદર આત્મજ્ઞાનમાં વિકાસ પામશે. મારા પર એટલો વિશ્વાસ રાખ કે આજે તને ઘણાં મોટા સિદ્ધાંતો શીખવા મળ્યા છે."

"જુલીયન, આજના આ દિવસ માટે હું તમારો હમેશાં આભારી રહીશ. તમે મને પાયાનું જ્ઞાન આપ્યું છે. હું તે જાણું છું અને જે રીતે તમે મને શીખવ્યું છે તેથી તે ન ભૂલાય એવું બન્યું છે. મને ખ્યાલ નહોતો કે શીખવું આટલું મજાનું યાદ રહી જાય તેવું અને રમતાં રમતાં થઇ શકે છે."

"શીખવું એ મજાનું, યાદ રહી જાય તેવું અને રમતાં રમતાં થઇ શકે છે. બુદ્ધિ અને હોંશિયારીથી પુસ્તકમાંથી શીખવું સારું છે. પણ તમને લાગણીથી બાંધેલા રાખે તે રીતે શીખવું વધારે શક્તિશાળી અને આત્મસાત હોય છે. તેથી તમારે જરૂર હોય તે શીખવવા માટે હું અનુભવો ગોઠવવાનો પ્રયત્ન કરું છું. અનુભવ એ ઉત્તમ શિક્ષક છે. ગમે તેમ આજનો દિવસ ઘણો સારો હતો."

મેં માલિશનો ઓરડો ખોલ્યો અને ત્યાં એક સુંદર પેકેટ મને મળ્યું. એવું સ્પષ્ટ દેખાતું હતું કે જુલીયને જાતે પેકીંગ કર્યું છે પણ તેમની મહેનત અને ખાસ વિચારો માટે હું તેમને પૂરા માર્કસ આપું છું.

"જુલીયન, આભાર. હું કલ્પના કરી શકતો નથી કે અંદર શું હશે પણ તમારા તરફથી જે પણ કંઇ હશે તેની મારે મન ઘણી કિંમત છે."

"અરે, આમ જોઇએ તો, આ પણ તારા માટે જ છે," તેમણે ફેરારીની ચાવી મને આપતાં કહ્યું.

"તમે ઇચ્છો છો કે હું ગાડી પાર્ક કરું?" જુલીયનને કોઇપણ રીતે મદદ કરવાની ઇચ્છાથી મેં પૂછયું.

"ના, મિત્ર," તેઓ અટકયા. "આ કાર તારી છે."

હું બાઘો બની ગયો. શું જુલીયન તેમની પહેલાંની કાર મને આપી રહ્યા છે? જો સાચું કહું તો હું કલ્પના કરી શકું તેમ નથી કે મારું સ્વપ્ન સાચું થાય છે. અત્યારે પણ અત્યંત વૈભવી અવસ્થાની ફેરારી ગાડીનો વિચાર મને રોમાંચ આપી ગયો.

"મિત્ર, અત્યારે હું તને પસંદગીનો સમય આપવા માંગતો નથી. જે રસ્તા ઉપર તું છે તે-રસ્તાથી આડો ફંટાય-સાધકની સફર જ તો. જેવો તું સચ્ચાઇ શોધવા તારી આંખો ખોલીશ તો તું તારી સામે પસંદગીનો સમય જોઇશ. તારા જીવન માટે સ્વ-જાગૃતિના સાત સોપાન લાવવા માટે હું મારાથી બનતું બધું કરવા માંગું છું અને તેથી મેં કેટલાક યાદગાર અનુભવો ઉભા કર્યા છે જે તને દરેક તબક્કે તેનું હાર્દ સમજાવશે હવે હું તને પસંદગી આપું છું અને હું સંપૂર્ણ રીતે ગંભીર છું. તારે જોઇતી હોય તો આ ફેરારી તું રાખ. મારો આનાથી પહેલાંનો ગ્રાહક આની સાથે ખૂબ હળી ગયો હતો. તેણે કહ્યું મને જોઇએ અને તને જોઇએ એ એક જ છે. મેં તેને ભૂતકાળમાં ખૂબ મદદ કરી હતી. પણ એક નાનો સવાલ છે."

"હું સાંભળું છું," મેં સૌથી ખરાબ થવાની સંભાવનાના ડર સાથે હસતાં કહ્યું.

"સારું, જો તું કાર પસંદ કરે તો હું તારો શિક્ષક રહીશ નહીં. વાત એમ છે કે મારું શિક્ષણ અથવા આ ગાડી અને છતાં આપણે મિત્રો રહી શકીએ છીએ. પણ પછી મારે મારા બીજા કામ માટે જવું પડશે. તું સમજ્યો આ વાત છે. પસંદગી એના માટે છે. કંઇ સારું કોઇ ત્યાગ વગર આવતું નથી. પસંદગી એ છે કે તું જે દુનિયાને જાણે છે તેને છોડી દેવી અને તારા ઉત્તમ જીવન પ્રત્યે આગળ પગલાં ભરવાં એ ઉત્તમ જીવન મેળવવા દુનિયામાં જે વસ્તુ તારે જોઇતી જ હોય તેનો ત્યાગ કરવો. તારે આ ફેરારી કરતાં વધારે કિંમતી હોય. ઘણાં લોકો માનતા હોય છે કે તેમના જીવનને બદલતાં મહિનાઓ અને વર્ષો જાય છે. ખરેખર તો એક ઝાટકે તમારું જીવન બદલાઇ જાય છે, નિર્ણય એ કરવાનો છે કે જે જીવન તમે જીવતા હોવ તેમાં તમે ક્યારેય પાછા નહીં જાઓ. ભલે કંઇ પણ થઇ જાય. આ નિર્ણયને બંધાયેલા રહેતાં કેટલીક વખત મહિનાઓ, વર્ષો અને ક્યારેક દસકાઓ લાગી જાય છે."

"સુંદર તફાવત છે, જુલીયન" મેં કહ્યું,

"મિત્ર, તેથી એ તારી પસંદગી છે. આ મોંઘી અને સુંદર સ્પોર્ટ કાર અથવા તારી જાત પ્રત્યે વફાદાર બનવાની તક એ સંપૂર્ણ તારા પર આધાર રાખે છે."

"જુલીયન," મેં નિસાસો નાંખતાં જવાબ આપ્યો. "તમે મને મારી નાંખશો." મેં હસીને ઉમેર્યું, "તમે મારો જવાબ જાણો છો. હું મૂર્ખ નથી. હું શિક્ષણ પસંદ કરું છું. હું મારું

મહાન જીવન પસંદ કરું છું!” મેં કહ્યું.

જુલીયન મારા નિર્ણયથી આનંદ પામીને તાળી પાડી ઉઠયા. “જ્યાં સુધી મને લાગે વળગે છે ત્યાં સુધી પસંદગીના સમયે આ એક જ પસંદગી કરવાની રહે છે. આસમાન સુધી પહોંચવાની પસંદગી અને જે તમારા માટે નિર્માયુ છે તે જીવન તરફ આગળ વધવાનું. પણ હું તને શું કહું, તારામાં વસ્તુઓ પ્રત્યે ખેલદીલી છે. હું તને બીજી ઓફર આપું છું. જો તને આ ગાડી મારા મિત્રને ત્યાં મૂકી આવવામાં વાંધો ન હોય તો તું શહેરમાં આંટો મારી શકે છે. કરીશને?”

“કરીશ.”

જુલીયન મને ભેટી પડયા અને કાર મારે હવાલે કરી. પછી તેમણે તેમનું ડોકું ગાડીમાં નાખીને કહ્યું. “આજથી સાત દિવસ પછી આપણે મળીશું. મહેરબાની કરીને સવારે પાંચ વાગ્યે. મારે સાત સોપાનમાંથી તને ત્રણ શીખવવાના છે. તું જે શીખીશ તે તને ગમશે. ત્યાં સુધી તારા પ્રત્યે નરમાશથી વર્તજે. તું ઘણા બધા બદલાવમાંથી પસાર થઇ રહ્યો છે તેથી તારી સંભાળ રાખનારી ક્રિયાઓ માટે સમય ફાળવજે. જંગલમાં લાંબો સમય માટે ચાલવા જજે. તને ગમતું સંગીત સાંભળજે. માલીશ કરાવજે અને હા, શાંતિ, સ્થિરતા અને એકલતા અનુભવવાનો સમય કાઢજે. તું સારું કરી રહ્યો છે. મિત્ર આપણે ફરી જલ્દીથી મળીશું.”

અને આ સૂચનો સાથે, પહેલાંનો જાણીતો વકીલ જે અત્યારે જાણીતા સાધુ અને સંતમાં ફેરવાયો છે જે જીવન-શિક્ષક છે એ ‘ક્યુ’ હોટલમાં દાખલ થઇને અદશ્ય થઇ ગયો, હું ફેરારીની સીટ ઉપર ઘણા વખત સુધી બેસી રહ્યો. આખા દિવસના પ્રત્યાઘાતો અને મારા અંદરના ઉંડાણ પ્રત્યે ધ્યાન આપતો જે મને જાણીતા જીવનના મહામાર્ગ તરફ લઇ જઇ રહ્યા હતા. મેં જુલીયનની આપેલી ભેટ ખોલી. તે પ્લેટોના ‘રીપબ્લિક’ ની નવી નકોર પ્રત હતી. જેવા મેં પાના ઉલટાવ્યા તેવા મેં આગળના બે કોરા પાના પર જુલીયનનું લખાણ જોયું જે નીચે પ્રમાણે છેઃ

વહાલા ડેર,

સૌથી પહેલાં, હું તારી હિંમતની કદર કરું છું. ટોળાંના ગુરુત્વાકર્ષણની તાકાતને છોડીને વધારે સાચી જીંદગી જીવવા માટે ખૂબ મનોબળ અને તાકાત જોઇએ છે. અવકાશયાન તેના ઉડાનની પહેલી ત્રણ મિનિટમાં ખૂબ વધારે બળતણ વાપરે છે પછી આખી પૃથ્વીની પરિક્રમામાં રહેવા માટે તેને ઓછું બળતણ જોઇએ છે. તેનું કારણ પણ આજ છે. દુનિયા તરફનો ખેંચાવ હોય છે. જેમાંથી નીકળવા ખૂબ તાકાત લાગે છે. પણ મિત્ર જીવનભરની ગ્લાનિ અને દુઃખ દૂર કરવા તેમાંથી નીકળવું જ જોઇએ.

જ્યાં સુધીમાં તું આ ચોપડી વાંચીશ ત્યાં સુધીમાં તેં જીવનનો મહાન નિર્ણય કરી લીધો હશે, જે છે તારા પ્રારબ્ધને રસ્તે ચાલીને તારા ઉત્તમ જીવન તરફ જવું (હું જાણું છું કે તું એ જ પસંદ કરીશ. તારા પિતા ડાહ્યા અને મહાન માણસ હતા અને હું જાણું છું કે ફળ ઝાડથી ખૂબ દૂર પડતું નથી) હવે માણસ તરીકે મહાન રમત રમવા માટે તને મદદ કરે તેવી રોજીંદી પસંદગી કરવા હું તને આમંત્રણ આપું છું. તારા માટે નિર્માણ થયેલું સુંદર જીવન જીવવાની જો તારી ઇચ્છા હોય તો આવતા અઠવાડિયા અને મહિનાઓમાં તારા જીવનને સંકુલિત રાખવા આ પાંચ વસ્તુ કરવી જરૂરી છે. હું આ પાંચને રોજની ભક્તિ કહીશઃ

૧. દરેકે દરેક સવારે પાંચ વાગે ઉઠી જવું. જે લોકો વહેલા ઉઠે છે તેઓ જીવનમાં ઉત્તમને પામે છે.

૨. પહેલી સાઇઠ મિનિટ તારી જાતને એકબાજુ બેસાડી રાખ જે તારા દિવસનો ‘પવિત્ર કલાક’ હશે. આ તારો પવિત્ર સમય તારામાંથી ઉત્તમ તને આપવા માટે જોઇતી અંદરની મદદ માટે જરૂરી છે. આ સમય ડહાપણનું સાહિત્ય, ધ્યાન કરવું, પ્રાર્થના કરવી, તારા જીવનના કોઇ તબક્કા પરના પ્રત્યાઘાતો આપવા, તારા સ્વપ્નો તરફની પ્રગતિ માટેની તારી નોંધ અથવા આવતા દિવસના કલાકોમાં તને સફળતા અનુભવવા માટે કરવું પડતું ઊંડું ચિંતન અપાવે છે. આ પરંપરા રોજ પાળવાથી તું ઉચ્ચ જીવન જીવીશ અને દુનિયામાં તું તેજસ્વીતાથી ચમકીશ.
૩. કોઇ તારી પાસેથી ક્યારેય કલ્પના પણ ન કરે તેનાથી વધારે કાળજી, કરૂણા અને ચારિત્ર્યની કક્ષા દર્શાવવાની સાધના કર એમ કરવાથી નવી દૂનિયા બનાવવાનો તારો ભાગ તું ભજવી જઇશ.
૪. ઉત્તમને પામવા માટે કોઇ તારી પાસેથી અપેક્ષા રાખે તેના કરતાં ઉચ્ચ કક્ષા દર્શાવવાની સાધના કર. પુષ્કળ સંપત્તિ અને સંતોષ તને પાછો મળશે.
૫. પૃથ્વી પર અત્યારે જેટલા મહાન લોકો છે જેમને તું જાણતો હોય ને વિચારતો હોય, અનુભવતો હોય અને અનુસરતો હોય તેના કરતાં વધારે પ્રેમાળ બનવાની સાધના કર. (જે તું છે) તારું જીવન ક્યારેય પહેલાં જેવું નહીં રહે અને તને ઘણાં જીવનના આશીર્વાદ મળશે.

છેવટે મને કહેવા દે કે હું માણસ તરીકે તારી પ્રશંસા કરું છું. જેમ પહેલાં હતા તેવા ઘણાં અને ખૂબ સારાં સમયમાંથી પસાર થઇશ. “દરેક શિશિરના હૃદયમાં વસંત ઉજાગર થાય છે. દરેક રાતની પાછળ હસતું પ્રભાત હોય છે.” આ ખલિલ જીબ્રાને લખ્યું છે. તું જાણે છે કે આ સાચું છે.

તારો ચાહક ..... જુલીયન

મને જરા પણ શંકા ન રહી કે મારા જીવનની સૌથી સુખદાયક ઋતુ હજી મારી સામે છે. મને કોઇ શંકા ન રહી કે મારા માટે વધારે સારું હજી આવવાનું છે.

પ્રકરણ ૬

સાધક આશ્ચર્યો અને શકયતાઓમાંથી પસાર થાય છે

હું જીવન સાથે યુદ્ધ પર છું, જેમાં દરેક આનંદ માટે હું અવિરત શોધ કરવા કટીબદ્ધ છું, સવાલોના જવાબોનું સંશોધન કરૂં છું અને તેના દુ:ખમાં લથબથ થયેલો છું. મેં જીવનને ભારે નુકશાન કર્યું છે, અને તેનો શિકાર કર્યો છે.

- મેરીટા ગોલ્ડન

દુનિયા એક મહાન પુસ્તક છે. જેઓ આને ઉથલાવતા નથી તેઓ એનું એક પાનું જ વાંચી શકે છે.

- સેન્ટ ઓગસ્ટાઇન

જે અઠવાડિયામાં હું છેલ્લે જુલીયનને મળ્યો હતો, ત્યારથી ઘણા મોટા બદલાવ આવવા લાગ્યા હતા. મને બધું બદલાયેલું હોય તેવી લાગણી થતી. એમ લાગતું હતું કે હું મારી શરતોએ જીંદગી જીવવા લાગ્યો હતો અને પહેલાં હતો તેના કરતાં જીવન પ્રત્યે વધારે ચેતનવંતો બન્યો હતો. હું જે વિચારતો, અનુભવતો અને કાર્ય કરતો તેની પસંદગી પર મેં ધ્યાન આપવા માંડયું હતું. અને આ દરેક કાર્ય એક અદ્‌ભુત સાયુજ્યથી અને યોગ્ય સન્માનથી થતું હતું. મારા આખા જીવનમાં મેં અનુભવ્યાં હોય તેના કરતાં વધારે આત્મવિશ્વાસ અને આંતરિક શાંતિ તેના બદલામાં અનુભવાતાં હતા. ઘણી રીતે મને લાગ્યું કે મારી શક્તિઓ વિસ્તરી રહી છે. મેં જીવંતતા અનુભવી અને મને ઘણાં આનંદની અનુભૂતિ થઇ. મને લાગ્યું કે હું મારી જાતે વધારે સારી પ્રત બની રહ્યો છું. હું જાણતો હતો કે હું જાગૃત બની રહ્યો છું.

તેમ છતાં સાંચું કહું તો, ઘણાં ડરો મારામાંથી બહાર આવવા લાગ્યા. જ્યારે સાધક તેની આધિપત્યવાળી અને મહાન જાતને ઓળખી પોતાને જાણવાના રસ્તે આગળ વધે છે ત્યારે ઘણાં ડરો તેણે ક્યારેય વિચાર્યા ન હોય તે રીતે ઊભા થાય છે. જ્યારે આપણે મદહોશીનું જીવન જીવતાં હોઇએ ત્યારે આપણા સુશુપ્ત મનમાં પડેલાં ઘણાં ડરો આપણામાં ધરબાયેલા હોય છે. જાગૃત મનથી આપણને ખબર પણ હોતી નથી કે તે ડરો આપણામાં છે. પણ અદશ્ય રીતે આપણા જીવનને ચલાવવામાં અને આપણી પસંદગીમાં તે અસરકારક રીતે પ્રગટ થાય છે. જેવા આપણે જાગૃત થઇએ અને આપણે આપણી

જીંદગી વધારે સચ્ચાઇથી જાણવાનો પ્રયત્ન કરીએ ત્યારે આપણા ડરો પ્રકાશમાં આવવા લાગે છે. ત્યારે આપણે તેમનો સામનો કરવો રહ્યો. આની જ લગભગ બધાને ભીતી હોય છે.

પણ મેં અનુભવે શીખ્યું કે આપણા ડરો ઘાસના રાક્ષસો હોય છે. જો આપણે તેમને નકારીએ તો, તેઓ ભીતરમાં પડયા રહે છે અને આપણા જીવનને કોતરી ખાય છે જેથી આપણે આપણાં સ્વપ્નોથી દૂર રહીએ છીએ. પણ જો આપણે તેમનો સામનો કરીએ. જો આપણે તેમને જાણી શકીએ તો અને તે ડરામણા રાક્ષસોને બહાર આણવા પ્રયત્ન કરીએ તો આપણને જાણ થાય છે કે આપણે વિચાર્યું હતું તેના કરતાં એ ઘણાં નાના છે. જેમ સૂર્યપ્રકાશમાં પડછાયો ઝાંખો પડી જાય છે તેમ જ માનવ જાગૃતિના પ્રકાશમાં ડરોનું પણ બાષ્પીભવન થઇ જાય છે. તમે જાણો છો જેની આપણે ના પાડીએ તે હમેશાં રહે છે. જો આપણે આંતરિક સુધારણા કરવાની તૈયારી ન બતાવીએ અને આપણા ડરોને ન ઓળખીએ તો તે ડરો હમેશાં આપણા પર હાવી થઇ જાય છે. પણ જો આપણામાં હિંમત હોય અને આપણે આપણાં ડરોને ઓળખીએ તો તે આપણામાં હલચલ મચાવે છે અને છેવટે ચાલ્યા જાય છે. આપણે જેની ના પાડીએ તે ખરેખર પહેલાં સામે આવે છે. જો આપણે મિત્રભાવ રાખીએ તો આપણામાં જરૂરથી બદલાવ આવે છે.

જુલીયને એક વખત મને વાર્તા કહી હતી કે દિવસના મધ્યભાગમાં શિખરને માપતાં માપતાં એક માણસ પર્વત ચઢી રહ્યો હતો. હવે સૂર્યાસ્ત પહેલાં સલામત જગ્યાએ પાછા ફરવું એ ઘણું અઘરું હતું. જેવું તેણે ઉતરવાનું શરૂ કર્યું તો તેણે નોંધ્યું કે સૂર્ય ડૂબતો જતો હતો. તેણે તેની ઝડપ વધારી પણ કલાકો પસાર થઇ ગયા અને પ્રકાશ ઝાંખો થતો ગયો અને સૂર્ય ક્ષિતિજમાં ઢળવા લાગ્યો. તે માણસ ડરવા લાગ્યો અને ઘણાં પ્રકારનાં ડરો તેના મનમાં ઉભરાવા લાગ્યા. તેને લાગ્યું કે જો એ પર્વતની તળેટીમાં નહીં પહોંચે અને અડધે રસ્તે રહી જશે તો તે ખૂબ જ ખતરનાક સ્થિતિમાં મૂકાઇ જશે. કદાચ તે મૃત્યુના મુખમાં પણ ધકેલાઇ જાય.

છેવટે સૂર્યાસ્ત થઇ ગયો અને પર્વત ચઢનારે પોતાની જાતને ખૂબ જ અંધકારથી ઘેરાયેલી જોઇ. ખૂબ ગભરાયેલા તેણે કંઇક પકડવા માટે ફંફોસ્યું, એમ કરતાં પર્વતપરના એક પથ્થરની તિરાડમાં ઉગેલી એક વેલ તેના હાથમાં આવી અને તે માણસે તે ડાળી પકડીને આખી રાત પસાર કરી, તે ડરનો માર્યો ઠરી ગયો હતો. તે માનતો હતો કે જો તે ડાળી મૂકી દેશે તો તે પડી જશે અને પથ્થરોની વચ્ચે અથડાઇને મૃત્યુ પામશે. તેના માટે રાત એક દુઃસ્વપ્ન બની ગઇ – ફક્ત ભયાનકતા જ.

પણ જેવું સવારના પ્રકાશનું પહેલું કિરણ તેના પર પડયું કે તે હસવા લાગ્યો. તેણે જે જોયું તે એ માનવા તૈયાર નહોતો. **તેનો ડર એક મૃગજળ હતું.** ફક્ત અડધો ફૂટ નીચે એક સપાટ મોટું પગથિયું હતું. અંધારામાં એ જોઇ શકયો નહોતો. પણ અજવાળામાં તેને સમજાયું કે ફક્ત અડધો ફૂટ નીચે જતાં તેણે આખી રાત સલામતી અને આરામથી ગાળી હોત. તેણે તેનો ડર ઓળખ્યો નહીં. હકીકતમાં તેની ગભરામણ અર્થ વગરની હતી. અને મને સમજાયું છે કે ડર આવા જ હોય છે. તે આપણને નાના અને બંધાયેલા રાખી આપણી જીંદગી બગાડી નાંખે છે. અને આપણા દરેક ડર જે આપણને મર્યાદિત બનાવે છે તે ખરેખર અડધો ફૂટ ઊંડા હોય છે. એ ડરોને તમારા પર હાવી ન થવા દો. તેમને તમારી જીંદગી બગાડવા ન દો.

હું 'ક્યુ' માં બરાબર સવારે પાંચ વાગ્યે આવી ગયો. વહેલી સવારે ઉઠવાનું સહેલું હતું અને તેને લીધે મને મળતા વધારાના કલાકો હું આનંદમાં ગાળતો હતો. જેમ જુલીયને

સૂચવ્યું હતું તેમ દિવસની શરૂઆતનો આ ભાગ હું 'પ્રથમ પડાવ' તરીકે વાપરતો હતો. જેમાં હું આયોજન, ભવિષ્યનો કંઇ વિચાર, કોઇ વિચારનો સામનો અથવા ડહાપણની મહાન ચોપડીઓ વાંચવામાં કરતો. આથી દરેક મહાન જીવનના પાયાના જરૂરી સત્યો સાથે હું જોડાયો. વહેલી સવારનું વાંચન મને પ્રોત્સાહિત કરતું, મને યાદ અપાવતું કે કોઇ પણ જીવન, ભલે તે ગમે તેટલું સુંદર હોય, પણ સવાલો અને મુશ્કેલીઓથી પર નથી. જે લોકોને કોઇ મુશ્કેલીઓ નથી હોતી તેઓ તેમની કબરમાં હોય છે. ખરેખર, પ્રશ્નો અને મુશ્કેલીઓ હોય તો માણસ વધારે મોટો, મજબૂત અને ડાહ્યો બને છે. જ્યારે આ મુશ્કેલીઓ આવે ત્યારે આપણે કડવા બનીને જીવન મુશ્કેલ છે એવી ફરિયાદ કરીએ છીએ અથવા આપણે મુશ્કેલીઓનો સામનો કરીએ અને વધારે સારા માણસ બનીએ. સામાન્ય રીતે જ્યારે આપણે ખુબ દુઃખમાં હોઇએ છીએ ત્યારે આપણે ખરેખર કોણ છીએ અને આપણે કયું કાર્ય કરવાનું છે તેની સાથે એકરૂપ થઇએ છીએ. એક વખત માર્ટીન લ્યુથર કીંગ જુનીયરે કહ્યું હતું, 'માણસની ખરી કિંમત જ્યારે એ વિશ્વાસથી કામ કરતો હોય ત્યારે નહીં પણ મુશ્કેલીઓ અને વિટંબણાઓમાં એ કેવી રીતે વર્તે છે તે જાણીને થાય છે.'

જેવો હું લોબીના દરવાજામાંથી પસાર થયો કે મેં જુલીયનને ડેસ્ક-સ્ટાફ સાથે વાતો કરતા જોયા. તેમણે તેઓને હસાવ્યા અને તેની સાથે તેઓ પણ આનંદ લઇ રહ્યા હતા. તેમને હસતા સાંભળીને મને હસવું આવ્યું. તેમનું હાસ્ય એટલું પવિત્ર, સારું અને બાળક જેવું હતું. હું જુલીયન જેવાને હજી સુધી મળ્યો નથી. તેઓ એટલા સરળ હતા કોઇ દંભ નહોતો. મને લાગ્યું કે તેઓ એવા માણસ હતા જેવા આપણાંમાના દરેકને બનવાની ઇચ્છા હોયઃ રમતિયાળ, પ્રેમાળ, ડાહ્યા અને નીડર.

મને એ જોઇને આશ્ચર્ય થયું કે આજે જુલીયને પોતાનો ઝભ્ભો પહેર્યો હતો. મેં આશા રાખી હતી કે આજે પણ તેમણે સામાન્ય વેષ રાખ્યો હશે પણ તેમનો પહેરવેશ અને તેમાંથી છતો થતો વૈભવ મને આનંદ આપી ગયા. મને સમજાયું કે જુલીયનને શિવાનાના સંતોનો પારંપારિક વેષ ગૌરવ બક્ષતો હતો. મને એવી લાગણી પણ થઇ કે આ ઝભ્ભો તેમને તેમણે પસંદ કરેલા માર્ગની જ નહીં પણ તે સંતોની પણ યાદ આપી જતો હતો.

"સુપ્રભાત મિત્ર," એમણે લોબીની સામેની બાજુથી ઘાંટો પાડયો. "આ વહેલા ઉઠનારાઓ સાથે થોડી મજા કરી રહ્યો હતો. આપણે બધા મહત્ત્વની સંસ્થાના સભ્યો છીએ. તમારા જીવનને મહાન અને સુંદર બનાવવા માટે એના કરતાં સારી બીજી કોઇ શિસ્ત નથી. "

"હું તમને સાંભળું છું, જુલીયન. અને આ બધાની મને આદત પડતી જાય છે."

"ભલે સરસ", તેઓ આ તરફ આવ્યા અને તેમનો તાંબા જેવો હાથ ખૂબ પ્રેમથી મારા ખભે મૂક્યો. "હું તને યાદ કરતો હતો, તું જાણે છે."

"હું પણ તમને યાદ કરતો હતો, જુલીયન. આપણે ગયે અઠવાડિયે મળ્યા ત્યારથી આજનું શિક્ષણ શેના ઉપર હશે તે જાણવાની મને ઇંતેજારી હતી."

"આજે સ્વ-જાગૃતિના સાત સોપાનમાંથી ત્રીજું સોપાન હું તને શીખવીશ. ત્રીજું સોપાન નવી દષ્ટિથી જોવા વિષે છે, તે તું જાણે છે. મિત્ર, પૃથ્વી પર આજે ઘણાં લોકો ટોળાંને અનુસરીને અંધારામાં જીવન વિતાવે છે. તેઓ ખોટી જીંદગી જીવે છે. તેમને લાગે છે કે જેમ તેઓ જીંદગીમાં દિવસો પસાર કરે છે તેમ તેમને સચ્ચાઇ દેખાય છે. પણ તેઓ બધા, પેલા ટોળામાં લોકો ખોટાં ચિત્રોને ગુફાની દિવાલ પર સાચાં સમજતા હતા તેમાંનો એક ભાગ જ છે. તેઓ મૃગજળ જુએ છે. તેઓ સમજી શકે તેના કરતાં જીવન ઘણું

વધારે છે. જીવનની માન્યતાઓ, મૂલ્યો અને ધારણાઓ તેમના અંતર આત્માથી તેઓ જાણે છે કે તે ખરી નથી જેથી તેઓ તેમની જાતને છેતરે છે. તેમણે બીજા તેમની પાસેથી અપેક્ષા રાખે તેમ જીવવું જોઇએ નહીં. તેમણે મધ્યમવર્ગીય અને કંટાળાજનક જીંદગી જીવી અને તેમનાં સ્વપ્નોને દાટી દેવાની જરૂર નથી. તેમણે આ શૃંખલા તોડીને તેમની મહાન જીંદગી જીવવા તૈયાર થવું જોઇએ અને તેમણે નવી દષ્ટિથી નિહાળવું જોઇએ જે દષ્ટિ સત્ય જ જૂએ તે દષ્ટિ ખોટું ન જ જુએ."

"તેથી, જુલીયન તમે મને યાદ કરાવી શકો કે ત્રીજું સોપાન શું કહેવાય છે?" અમે હોટલ છોડીને જેવા ટેક્સીમાં બેઠા કે મેં પૂછયું.

"ત્રીજું સોપાન 'આશ્ચર્યો અને શક્યતાઓની જાગરૂકતા' કહેવાય છે. જ્યારે સાધક ઘરના માર્ગ પર પોતાની જાત પ્રત્યે સાચો બને છે. પોતાના પ્રારબ્ધ તરફ આગળ વધવું- જેઓ જુઠ્ઠી જીંદગી છોડી દે છે એ પહેલું સોપાન છે અને એક પસંદગીના સમયે જે જીવન તેમને માટે બનેલું છે તે જીવન જીવવાનો નિર્ણય કરવો એ બીજું સોપાન છે અને પછી એણે ત્રીજા સોપાનમાં પ્રવેશ કરવો જ પડે છે. આ વખતે જ માણસ સમજે છે કે તેણે જોયેલી અને જાણેલી દુનિયા કરતાં તદ્દન જૂદી દુનિયા પણ છે. આ જગ્યા માણસ માટે અદ્ભૂત છે. ફક્ત તેના માટે વિચાર. સાધકે ટોળાંની ધૂંસરી ફગાવી દીધી હોય અને તે પોતાના અધિકારનું જીવન જીવતો હોય તેને કોઇ મર્યાદા નથી. **તે શકયતાઓ સાથે રમવા તૈયાર છે** . બીજા શું વિચારે છે તેની પરવા કર્યા વગર તેને જે સાચી લાગે છે તેવી માન્યતાઓ, મૂલ્યો રાખે છે અને વર્તન તે કરે છે. તે પોતાની જાત પ્રત્યે સચ્ચાઇ દર્શાવે છે. તે પહેલાં ક્યારેય ન ગયો હોય તેટલા ઊંડાણમાં જઇને પોતાના ડરોને સમજવા, તેના વર્તનને સમજવું અને તેની આજુબાજુના લોકોએ દુનિયામાં સફળ થવા માટે જે શીખવવું હોય તે રીતે જીવન જીવવું. આ સમય છે ઘણા બદલાવનો એટલી ખાત્રી છે. પણ આ સમય ઘણી ઉત્તેજનાનો પણ છે."

"એ કેવી રીતે?"

"કારણ તે ખરેખર સચ્ચાઇ જોવાનું શરૂ કરે છે. તેઓ સમજવાનું શરૂ કરે છે કે આ આપણી દુનિયા એક ચમત્કાર છે. આ સમસ્ત બ્રહ્માંડ આશ્ચર્યો અને શકયતાઓનું છે. હા, આ તબક્કે સાધક 'જાણીતું છોડીને', અત્યાર સુધી તેણે જે જગ્યાએ વર્ષો વીતાવ્યાં તે છોડીને સીધો અજાણ્યા માર્ગ પર જ્યાં અચોક્કસતા અને રહસ્યો છે તે તરફ ચાલી જાય છે. અને હા, આ બધું ડર ઉત્પન્ન કરે છે કારણ માનવજાત જ્યારે પોતાની સુવિધાઓ છોડે છે ત્યારે હમેશાં ડર પામે છે. પણ અજાણ્યા માર્ગના ગર્ભમાં નવી શકયતાઓ વિકસે છે. જાણીતાના ગર્ભમાં કંઇ નવું હોતું નથી કારણ જો એમ હોય તો કંઇ નવું રહેતું નથી ખરું ને?" જુલીયને પૂછયું.

"મને લાગે છે કે હું તમને સમજી રહ્યો છું." જુલીયન પોતાના તર્ક તરફ જઇ રહ્યા છે. તે સમજીને મેં જવાબ આપ્યો. "તમારું કહેવું છે કે આ અજાણી વસ્તુઓમાં જ ફક્ત વિદેશી જગ્યાઓ એ મારા જીવનની શકયતાઓ રહેલી છે, ખરુંને?"

"હા, એમ જ કોલમ્બસ એ પહેલો યુરોપિયન હતો જેણે નવી દુનિયા જોઇ કારણ એ જે જગ્યાઓ જાણતો હતો તેને છોડવા તૈયાર હતો અને જે જગ્યાઓ નવી હતી, વણખેડાયેલી હતી, જે એને ડરાવતી હતી ત્યાં ગયો હતો. બધી શોધખોળો અને બધાં સંશોધનો જ્યારે માણસે અજાણ્યા દેશમાં જવાની હિંમત કરી તેના પરિણામરૂપ છે. તમારે તમારા ડરો તરફ જવું જોઇએ. વ્યક્તિ તરીકે વિકસવા માટે નવી જગ્યાએ જવાની તૈયારી

હોવી જોઇએ અને માનવ તરીકે જે ખજાનો શોધાવા માટે તમારી રાહ જોઇ રહ્યો છે તે શોધવો જોઇએ. દુનિયામાં રહેવા માટે તમારે હમેશાં નાના અને શરમાળ રહેવું પડે છે."

"સમજ્યો," મેં સંતોષ સાથે કહ્યું.

"તેથી પરમપ્રકાશના માર્ગ પર સાધક જે ખોટી જીંદગી જીવ્યો તે મૂકી દે છે અને તેની સાચી જીંદગી અને અધિકારપૂર્વકની શક્તિ મેળવવાની પ્રાથમિક પસંદગી કરે છે. તેથી તેની દુનિયાને જોવાની દષ્ટિ બદલાય છે. તે ખરેખર દુનિયાને નવી દષ્ટિથી જોવાની શરૂઆત કરે છે. તેની સામે સદંતર નવો અનુભવ હકીકતમાં ખૂલ્લો થાય છે. તે આશ્ચર્યોથી સમૃદ્ધ અને નવી પસંદગીઓની નવી દુનિયામાં પદાર્પણ કરે છે. હું જાણું છું કે આ તારી જીંદગીમાં થવાનું શરૂ થઇ ગયું છે. અને તે સજાગતાથી આ માર્ગ પસંદ કર્યો છે તો હજી વધારે તારા માટે ઉજાસ આવશે."

"તમે મને કોઇ ઉદાહરણ આપી શકશો?"

"ચોક્કસ, જેવો તું ત્રીજા સોપાનમાં પ્રવેશીશ કે તે ક્યારેય નહીં અનુભવેલી લાગણીઓ અનુભવીશ. અથવા વધારે ચોકસાઇથી કહું તો તું જ્યારે નાનો બાળક હતો ત્યારે તું જે અનુભવતો હતો તેવું અનુભવવાની શરૂઆત કરીશ. પણ જ્યારે તને દુનિયાએ શીખવ્યું કે બહુ મોટેથી ગાવું અથવા ખૂબ તેજથી ચમકવું એ નમ્રતા નથી તેથી તે લાગણી દબાઇ ગઇ. તને એવા આનંદના અનુભવની શરૂઆત થશે કે જે તારી આંખમાં પાણી લાવી દે અને એવા પ્રકારની લાગણી થશે જે આ સૂર્યથી ભરેલા દિવસમાં તારા હૃદયના ધબકારા વધારે જોરદાર કરી નાંખશે."

"આવી શાંતિ," મેં ઉત્સાહથી કહ્યું અને જુલીયને કહેલા અદ્ભૂત અનુભવ માટે આતુર બની ગયો અને હું જાણતો હતો કે આમાંથી કહેલા થોડાં અનુભવો જ્યારથી તેમનું શિક્ષણ ચાલુ થયું ત્યારથી શરૂ થઇ ગયા હતા.

"તું તારા અનુભવો નવી કક્ષાએ અનુભવીશ અને મારે કહેવું જોઇએ કે તું કેટલીક ઉચ્ચ લાગણી જ નહીં અનુભવે પણ ઘણાં વર્ષોમાં ન અનુભવેલી કેટલીક નિમ્ન લાગણીઓ પણ અનુભવીશ." જુલીયને કહ્યું, "હા, આ તબક્કે તને વધારે આનંદ અને રમૂજ મળશે જે વર્ષોથી તે અનુભવ્યું નથી. પણ તને તારા ભાગના દુઃખનો કૂવો પણ મળશે. પહેલાં ક્યારેય તારી જાતને જાણી ન શકયો હોય તેટલો તું તારી જાતને જાણીશ. કારણ એક વખતની ખોટી જીંદગી તું છોડીને સચ્ચાઇની જાગૃતિ તરફ આગળ વધી રહ્યો છે અને સચ્ચાઇ એ છે કે તારા દુઃખને તેં નકાર્યું છે. અને તું એક વખત હતો એ માણસને તેં છોડી દીધો છે. તારા મૂળ સ્વભાવને છેતરીને સ્વની છેતરામણીથી તેં છોડી દીધી છે, તારામાંનો એક ભાગ મરી ગયો છે. અને તેણે તને દુઃખ આપ્યું છે. તેં તારા અધિકારપૂર્વકની જાતને છોડીને આ દુનિયા અપનાવી જે દુનિયા પ્રેમને બદલે ડરોથી ભરેલી છે, ત્યારથી તારામાં એક નિરાશા વ્યાપ્ત છે. એટલું જ નહીં પણ દુનિયાએ તેને જુદી જુદી રીતે દુઃખ પહોંચાડયું. લોકોએ તારી આશાઓ કચડી નાંખી. લોકોએ તારા આત્માને જડ કરી નાંખ્યો. લોકો તારા સ્વપ્નો પર નાચ્યા. લોકોએ તને કહ્યું કે આમ કામ કર જે તું જાણતો હતો કે તારા માટે સાચું નહોતું. તેઓએ તને વસ્તુઓથી ડરતાં શીખવ્યું અને તારામાંનો મોટો અને ઉત્તમ માણસ જાણતો હતો કે આ તારા માટે ખોટું છે."

"બીજાઓ ચાહે તે માટે ટોળામાં બંધબેસતાં રહેવું જોઇએ," મેં જુલીયને મને શીખવેલું યાદ કરતાં ટાપશી પૂરી.

"એમ કે, તો તારે આ દુઃખની પ્રક્રિયામાંથી પસાર થવું જ પડે. તારે તારા જખમો જે

તું લઇને ફરે છે તેની સાથે પનારો પાડવો જ પડે અને તારા જૂના ઘા જે તારા અભાન અવસ્થાનો એક ભાગ બની ગયો છે, તેનો સામનો કરવો જ રહ્યો. તેમ કરતાં નેરો બેન્ડની લાગણી લોકોને ભૂખરી અને રંગ વગરની તરફ લઇ જાય છે જે પહોળી થતી જાય છે. જેમ તમે દુ:ખ અને દર્દ વધારે ગળા નીચે ઉતારો તેમ તમે વધારે આનંદ અને સુખ અનુભવો છો. તમે સૂર્યોદયની હલચલ અનુભવો છો અને ઇન્દ્રધનુષથી આનંદો છો. તમે એક વખત વિચાર્યું હોય તેના કરતાં દુનિયા વધારે રંગીન અને વિશાળ જગ્યા છે એમ તમે અનુભવશો. લાંબા સમયથી ન અનુભવ્યો હોય તેવો ઉત્તમ પ્રેમ તમે અનુભવશો. અને આ પ્રેમ તમારા આગળપાછળના લોકો માટે નહીં હોય પણ તમારા પોતાના માટે હશે.”

“અમૂલ્ય.”

“ત્રીજા સોપાનમાં, તમારા જીવનનાં મૃગજળને તમે છોડી દો છો અને દુનિયા ખરેખર શું છે – આશ્ચર્યજનક સુંદરતાથી ભરેલી જગ્યા – તમારા જીવનની ઝડપ વધારતી સાંયોગિક ઝડપને પણ તમે જોવા લાગશો. મારા મિત્ર, તું સમજ, તમે જીવન જીવવામાં જે હિમ્મત અને સમજણ બતાવી તેથી આખું બ્રહ્માંડ ઇચ્છે છે કે તમે જીવો અને તે વધારે આશીર્વાદ તમારા ઉપર વરસાવશે. તેની લીલી બત્તી તને મળશે. એવી વસ્તુ બનશે જે તમારી સુધબુધ હરી લેશે. તમારા જીવનમાં યોગ્ય સમયે યોગ્ય લોકો આવશે. જેમકે તેઓ તમને મદદ કરવા દેવદૂત મોકલવામાં આવ્યા હોય, જે તમને જોઇએ તે આપે અને કેટલીકવાર તમને એવું જ લાગશે કે અદશ્ય હાથ તમારું માર્ગદર્શન કરી રહ્યા છે અને તમે તમારી કલ્પનામાં પણ જે જીવન જીવવાનું વિચાર્યું ન હોય તેવી સુંદર જીંદગી તમને આપશે. તમારા સુસ્વપ્નો તમારી હકીકત બનવા લાગશે.”

જેવી ટેક્સી શહેરની ઉજ્જડ ગલીઓમાંથી પસાર થઇ કે જુલીયને તેમના ઝભ્ભાના ખીસ્સામાંથી એક કપડાનો ટુકડો કાઢયો. હું એક પણ શબ્દ બોલું તે પહેલાં તેઓએ મારી નજીક આવીને ધીમેથી એ મારી આંખો પર બાંધી દીધો.

“જુલીયન, તમે શું કરો છો?” મેં આશ્ચર્ય અને ઉત્સાહના સંમિશ્ર ભાવથી કહ્યું. “હું કંઇ જોઇ શકતો નથી.”

“મિત્ર, જરા આરામથી. આમાં એક મુદ્દો છે. તું સમજ આ ગ્રહ પર આજે ઘણાં લોકો આંખે પાટો બાંધીને તેમના જીવનનું સાહસ ખેડે છે. આમ કહીએ તો તેઓ અંધારામાં હોય છે. તેઓ દુનિયાના સાચા કામ અંગે સંપૂર્ણ અજ્ઞાન હોય છે અને અને તે દુનિયામાં તેમણે શું કરવાનું છે તે પણ જાણતા નથી. ઘણાં લોકો ખરેખર તો હું કોઇની પ્રત્યે અપમાન દર્શાવવા માંગતો નથી. હું ફક્ત કેટલાંક સત્યો કહું છું. જે એક જ રીતે વર્ણવી શકાય છે જેમ કે ‘અપૂર્ણતાની બેહોશી’”

“જુલીયન, ખરેખર તમે શું કહેવા માંગો છો?” મેં પૂછયું, અમે અમારી ટેક્સીમાં અજાણ્યા ગન્તવ્ય સ્થાન તરફ જઇ રહ્યા હતા.

“ભલે, કોઇપણ કારીગરી શીખવવામાં પછી ભલે તે કારીગરી સાયકલ ચલાવવાની હોય અથવા કારીગરી મહાન જીવન જીવવાની હોય. ચાર ચઢાવ શીખનારે પાર કરવા જ પડે જો તમને માસ્ટરી મેળવવી હોય તો પહેલો ચઢાવ છે ‘અપૂર્ણતાની બેહોશી.’ આ તબક્કે, વિદ્યાર્થી અપૂર્ણ જ નથી હોતો પણ તે સંપૂર્ણ અણજાણ હોય છે કે તે અપૂર્ણ છે. બીજા શબ્દોમાં કહીએ તો આ તબક્કે વિદ્યાર્થી જાણતો નથી કે તે શું જાણતો નથી. જો, બાઇકનું ઉદાહરણ લઇએ તો વિદ્યાર્થી બાઇક ચલાવવાનું જાણતો નથી અને એને ખબર જ નથી કે બાઇક ચલાવવા તેણે કયું જ્ઞાન જોઇએ તે પણ એને ખબર નથી. દુ:ખની વાત

એ છે કે ઘણાં લોકો તેમના જીવનના ઉત્તમ વર્ષો આ રીતે શરૂઆત કરનારની કક્ષામાં જ રહે છે."

"લોકો જીવન આંખે પાટા બાંધીને જીવે છે. તેઓ અનજાન હોય છે કે તેઓ ખરેખર કોણ છે અને તેઓ કેવી રીતે જીવવા નિર્માયા છે." મેં આંખે પાટો એમને એમ રહેવા દઇને, ચોક્કસ કર્યું.

"એમ ત્યારે આવા લોકો તેમની જાત કેવી રીતે પ્રત્યાઘાત આપશે તેને માટે સમય લેતા નથી અને પસંદગીની ગુણવત્તા અને પ્રકાર જોતા નથી અને જીવન રમવાના મેદાનમાં માનવ તરીકેની મહાન જીંદગી જીવવા તેમણે શું કરવું જરૂરી છે. હવે જો સુધરવાની ઇચ્છા હોય તો કેટલાક લોકો બીજી કક્ષા સુધી પહોંચે છે, જેને 'અપૂર્ણતાની જાણકારી' કહેવાય છે. આ કક્ષાએ શીખનાર હજી કારીગરીની બાબતમાં અપૂર્ણ જ છે પણ તેને એટલી જાણકારી આવી ગઇ છે કે એ શું જાણતો નથી અને શું જાણવું જરૂરી છે. બાઇકની બાબતમાં તે હજી એ ચલાવી શકતો નથી. પણ એ જાણે છે કે તેણે તેનું સમતોલન વધારે સંભાળવું જોઇએ, તેણે હેન્ડલ સરખી રીતે પકડવું જોઇએ અને પેડલને એક ખાસ રીતે હલાવવાથી બાઇક આગળ જાય છે. જાગરુકતા વધે છે. તેથી તમે શું જાણતા નથી તે પણ સમજાય છે. નવી પસંદગી કરી શકાય છે. અને નવી અને સારી પસંદગી સકારાત્મક બદલાવ લાવે છે."

"'સજાગ અપૂર્ણતા' ના તબક્કે માનવ શું કરે છે. જ્યારે એને જીવનમાં ફક્ત જાણવાની હોય છે? તે કેવી દેખાય છે?"

"સરસ સવાલ છે," જેવી ટેક્સી ચાલી કે જુલીયને કહ્યું. "આવા માણસ હજી માસ્ટરીની જગ્યાથી ખૂબ દૂર છે. પણ તેને હકીકતની જાણકારી છે કે તેમની તીવ્રતા એ છે કે તેને શું ખબર નથી અને શેના પર કામ કરવાની જરૂર છે. તે હજી જીવન જીવવા માટે અપૂર્ણ છે તે જે ભૂલો કરે છે તે માટે જોઇતી જાગરૂકતા તેમનામાં છે. દાખલા તરીકે, તે જીવનના દરેક ક્ષેત્રને સમજે છે જ્યાં એ ડર એના પર હાવી થાય છે. અથવા દરેક વખતે તે સાયુજ્યની બહાર હોય છે. તે બધા પ્રસંગો સમજે છે જ્યાં એ અધિકારી નથી અથવા ઉત્તમતાની જગ્યાએ મધ્યમતામાં ચલાવવું પડે છે અને જાગરૂકતા પસંદગી પહેલાં આવે છે અને નવી પસંદગીઓ દરેકના જીવનમાં નવો બદલાવ લાવે છે, તેથી તે આગળ તરફ મહાન પગલાં લે છે. આ પ્રકારનું જ્ઞાન તેને ત્રીજી કક્ષા તરફ લાવે છે. જે 'સભાન પૂર્ણતા' તરીકે ઓળખાય છે. આ કક્ષાએ

વિદ્યાર્થી આવડત (પૂર્ણતા) મેળવે છે. હજી તેણે તે શું કરે છે તેના ઉપર ખૂબ ધ્યાન આપવું પડે છે; હજી એ માસ્ટરીની કક્ષાએ પહોંચ્યો નથી પણ એમાં કોઇ સંશય નથી કે તે સારી પ્રગતિ કરી રહ્યો છે. બાઇસિકલના રૂપકમાં બાઇક શીખનાર સાવચેત છે કે તે હેન્ડલ કેવી રીતે પકડે છે, અને કેવી રીતે તે સાયકલ પર સમતોલન કરે છે અને એ પેડલ કેવી રીતે ચલાવે છે."

"અને 'જાગૃત પૂર્ણતા' માં કોઇ શું કરે છે અને કેવું લાગે છે?"

તેઓ સારું ચલાવે છે. તેમણે ઘણા કુદરતી નિયમો જે દુનિયાને ચલાવે છે તે તેમને મળે છે. તેમની જીંદગી જે જૂઠાણા પર ચાલતી હતી તે છોડી દીધી છે અને સ્વની છેતરામણીમાં ખૂબ સાવચેત હોય છે. તેમણે ટોળાંને છોડી દીધું છે અને હવે પોતાની શરતે જીંદગી જીવે છે. તેમના હૃદયના શાંત અવાજને સાંભળીને અને સચેતન મનનાં સૂચનો જાણીને પણ તેમણે ખૂબ ધ્યાનથી અને ચોકસાઇથી તેમની રોજીંદી પસંદગી કરવી

જોઇએ. તેઓ જે કંઇપણ કરે તેના પર તેમણે ખૂબ ધ્યાન આપવું જોઇએ. ઘણાં સાધકો તેમની મહાન જીંદગી સુધી પહોંચવામાં અહીં સુધી પહોંચે છે અને મારે તમને કહેવું જોઇએ કે એ ઘણી અદ્‌ભૂત જગ્યા છે. પણ જો તું ઇચ્છે અને તું શરણે જાય અને ઉચ્ચ કક્ષાથી કામ કરે તો તારો ચઢાવ 'અભાન પૂર્ણતા' એ પહોંચે છે. આ પડાવ પર વિદ્યાર્થી ખરી માસ્ટરીની આવડત કેળવે છે. આ પડાવ પર, બાઇક સવારે વધારે કંઇપણ વિચારવાનું હોતું નથી. તે ઝડપથી બહાર આવે છે, બાઇક ઉપર કૂદે છે અને રસ્તા ઉપર દોડી જાય છે અને તેના ચહેરા પર આવતા પવનનો વિચાર કરે છે અને સૂર્યના કિરણો તેની પીઠ પર પડે છે. તેને હેન્ડલની સ્થિતિનો વિચાર કરવો પડતો નથી. અને આ કક્ષાએ કોઇપણ જીવન સંપૂર્ણપણે આજની ક્ષણમાં જીવે છે અને તે જે રસ્તે આગળ વધે છે તે માસ્ટરીથી ભરપૂર હોય છે. તે અનંત રીતે ડાહ્યો અને સચેત હોય છે. અને એ સુંદર વસ્તુ છે." ટેક્સી જેવી ઉભી રહી એટલે જુલીયને કહ્યું.

"આપણે પહોંચ્યા છીએ, મિત્ર. આપણે બિલ્ડિંગમાં અંદર પહોંચીએ ત્યાં સુધી મહેરબાની કરીને આંખનો પાટો રાખજે."

"આપણે ક્યાં છીએ?"

"ઘણી મહત્ત્વની વસ્તુઓમાંની એક આ ત્રીજા સોપાનમાં જે સાત સોપાન સ્વ-જાગૃતિનામાંનું એક છે. તમારામાં જતું કરવાની ઇચ્છા હોવી જોઇએ તમે જે કંઇ જાણ્યું હોય તે બધું છોડી દઇને નવી હકીકત સ્વીકારવી જોઇએ. હા, આ ઘણું મુશ્કેલ છે. પણ તમે ક્યારેય ન લીધું હોય તેવું આ પગલું છે. આમા બ્રહ્માંડની શક્યતાઓ ખોલી નાંખવી અને સારી અને કિંમતી ભેટોના યજમાન બનવું. લેખક મારસેલ પ્રાઉસ્ટે સારી રીતે નોંધ્યું છે કે : 'જીંદગી માટે રાહ જુઓ નહીં. તેને માટે તડપો પણ નહીં. હમેશાં અને દરેક ક્ષણે સાવધાન રહો, કારણ ચમત્કાર અહીં અને હમણાં થશે.' ઇ.ઇ. ક્યુમીંગ્સે હજી વધારે સરળતાથી કહ્યું છે. 'તમે ખરેખર કોણ છો તે જાણવા માટે વિકસવાની હિંમત જોઇએ છે!'"

અમે ટેક્સીમાંથી બહાર નીકળ્યા, જુલીયન મને હાથ પકડીને બિલ્ડિંગમાં લઇ ગયા, મારી આંખો પર પાટો બાંધેલો હતો.

"હવે મિત્ર, તું અંધારામાંથી છૂટકારો મેળવી શકે છે અને અદ્‌ભુત જગ્યામાં જા."

મેં પાટો છોડી નાંખ્યો મને તરત જ ખ્યાલ આવ્યો કે હું અહીંની એક આર્ટ ગેલેરીના હોલમાં હતો અને જુલીયન હસતા હતા.

"આખા મહિનાથી આ ગેલેરીમાં આંતરરાષ્ટ્રિય 'સાલ્વાડોર ડાલી' નું એકઝીબીશન લાગેલું છે. તેમનાં સૌથી પ્રખ્યાત ચિત્રો અહીં છે. તેમની કલા અમૂલ્ય છે. મેં અહીં દરરોજ કલાકો ગાળ્યા છે. ફક્ત આ પેઇન્ટીંગ્સને જોવામાં સાધકની મુસાફરીમાં ત્રીજું સોપાન મહત્વનું છે તેને લગતો મુદ્દો સમજાવવા હું તને અહીં લાવ્યો છું. જે એક વખત તમારા જીવનમાં જુઠ્ઠાણું હતું તે તમે એક વખત છોડી દો અને જાગૃત થવાની પસંદગી કરીને સચેત બનીને એ માર્ગ ઉપર ચાલો એટલે ત્રીજા સોપાનની પસંદગી તમારા માટે જરૂરી બને છે. અને તમે નવી દૃષ્ટિથી દુનિયાને જોવાનું શરૂ કરો છો. જેમ મેં કહ્યું તેમ આ રસ્તે ચાલવું હવે સહેલું નથી તે તું જાણે છે. 'તારા માટે મુકરર થયેલું ઉત્તમ જીવન તારે જીવવું હોય તો તે એક જ માર્ગ રહે છે. દરરોજ હિંમતને થોડા સાક્ષી જોઇએ છે. પણ તારી હિંમત ઉત્તમથી ઓછી નથી કારણ તારી પાસે કોઇ શરણાઇ વાગતી નથી અથવા કોઇ ટોળાં તારા નામનો પોકાર કરતાં નથી.' એવું રોબર્ટ લુઇસ સ્ટીવન્સને લખ્યું છે. જે

આંધળાપાટાએ એક વખત તારી દૃષ્ટિ અવરોધી હતી તે હવે આ વિશાળ, સુંદર અને સમૃદ્ધ એવી આ આપણી સાચી દુનિયા ભરી સમક્ષ આ સુંદર કલાકૃતિ રૂપે ઉભરશે. સલ્વાડોર ડાલીની કલા બીજા બધા ચિત્રકારો કરતાં ઉત્તમ છે. તેણે દુનિયાને જૂદા ચશ્માથી જોઇ છે જેના પરિણામ રૂપે તેમની શક્તિથી શ્વાસ થંભાવી દે તેવા ચિત્રો સર્જ્યા છે અને સર્જનાત્મકતાની શક્તિ દેખાડી છે. મારી ઇચ્છા છે કે એક વખત તું જે અંધકારમાં હતો તે જીવનમાંથી બહાર નીકળે. હું ઇચ્છું છું કે આવતા દિવસોમાં તું 'સભાન પૂર્ણતા' ના તબક્કે પહોંચે જેથી એક દિવસ તું 'અભાન પૂર્ણતાના' માસ્ટરી અને અધિકારપૂર્વકની શક્તિને ઓળખે. હું ઇચ્છું છું કે જે ખરેખર કલા કહેવાય તેવી જીંદગીનું તું સર્જન કરે. તારામાં તે શક્તિ છે. આપણા બધામાં એ શક્તિ છે જો ખરેખર વિચારીએ તો ત્યાં પહોંચવા માટે તમે જ્યારે આંતરિક કાર્ય કરો ત્યારે બધું આવે છે. મિત્ર, તારા જીવનનો સાલ્વાડોર ડાલી બન અને જો કેવી અદ્‌ભુત દુનિયા તારી સામે ખૂલી જાય છે."

બાકીની સવાર હું અને જુલીયન ગેલેરીમાં કલાનું મૂલ્ય સમજતા અને એકબીજાનો સાથ માણતા ફરતા રહ્યા. જુલીયન મારી સાથે ખીલી ઉઠયા અને તેમણે વકીલ તરીકે તેમણે સામનો કરેલી કેટલીક વ્યક્તિગત મુશ્કેલીઓની વાત કરી અને કયા સંજોગોમાં તેમણે વકીલાત છોડી અને જે પ્રશ્ન તેમને મુંજવતા હતા તેના જવાબો શોધવા તે ભારતમાં પર્વતારોહાણ કરતા રહ્યા તે કહ્યું. તેમણે પ્રખ્યાત બચાવ પક્ષકાર તરીકેના તેમનાં સાહસો અને લડાઇઓની વાર્તાઓ મને કહીને લાંબા સમયથી હું હસ્યો નહોતો એટલું હસાવ્યો અને ખૂબ જ પ્રખ્યાત પામેલું વકીલ તરીકેનું મૃત્યુ અને ખૂબ ઓછાએ જાણેલું તેમના એક માત્ર સંતાનનું મૃત્યુ જેનું કારણ હતું કે તેમની પત્ની જે વાહનમાં બેઠેલી તે પીધેલા ડ્રાઇવરે કરેલો અકસ્માત તે વાત મને કહી અને મારી આંખમાં આસૂં લાવી દીધા.

"જીવન પોતે જાતે જ તમારે માટે દુઃખ લાવે છે," જુલીયને કહ્યું, ત્યારે તેમણે પ્રખ્યાત માનસચિકિત્સક મિલ્ટન ઇરીકસનનું વાક્ય પૂરું કર્યું. તમારી જવાબદારી છે આનંદનું સર્જન કરવું! જીવને મને ઘણાં મોટા આંચકા આપ્યા અને હું જીવું છું કંઇપણ મને નીચે પાડી શકે તેમ નથી. મેં એ પણ શોધ્યું છે કે આપણા જીવન સાથે જે કંઇ પણ થાય તેનો કોઇ અર્થ નથી પણ આપણે જે અર્થ તેની સાથે જોડીએ તે અર્થ જીવનના પ્રસંગોનો બને છે. દુઃખ અને દર્દ તમારા નિર્ણયમાંથી જ ફક્ત આવે છે. આપણે નિર્ણય લઇએ છીએ અને બનાવોને 'સકારાત્મક' 'નકારાત્મક' લેબલ લગાડીએ છીએ પણ તેને ફકત આપણા જીવનને બદલનાર અને આપણને મહાન જીંદગી આપનાર એક તક તરીકે સ્વીકારી લો. 'ખરાબ અનુભવ' કે 'સારા અનુભવ' જેવું કંઇ ખરેખર છે જ નહીં. 'જીવન છે' હું શું કહું છું તને સમજાય છે. જેમ આપણે રસ્તાને સમજીએ અને આપણા જીવનના અનુભવોની પ્રક્રિયા આપણી હકીકતને ઘડે છે. આપણી દુનિયાના આપણા વિચારો, હું જીવનને એક રોમાંચક નજરાણું માનું છું. મુશ્કેલીનો સમય મારા વિકાસને બળતણ પૂરું પાડે છે અને મને વધારે ડાહ્યો બનાવે છે. સરળ બનાવો મને આનંદથી ભરી દે છે અને કુદરતની રમતના નિયમોના સંગાથે જીવન બદલો આપતું હોય તેમ લાગે છે. જેમ પીટરે આપણને ગયે અઠવાડિયે કહ્યું હતું. જીવન ખરેખર ટૂંકું છે, મિત્ર અને આપણી અંદર રહેલી મહાનતાને આપણે દરરોજ મળવું જોઇએ. જીવન એક રોમાંચક મુસાફરી છે અને હું એક વખત તેનો આનંદ અનુભવવા માંગુ છું."

પ્રકરણ ૭

સાધક ગુરુ પાસેથી સૂચનો મેળવે છે

પહેલાં પોતાની જાતને કહો તમે શું બનવા માંગો છો અને પછી તમારે જે કરવાનું હોય તે કરો.

- એપીકટેટસ

મારે શોધવું રહ્યું કે ભીખારીઓમાંનો સૌથી ગરીબ અને સૌથી ગર્વિષ્ઠ દાતા એ બધું મારામાં છે તો શું અને મારે મારામાં રહેલી ગર્ભિત દયાની જરૂરીયાત માટે ઉભા રહેવું પડે અને મારામાં એક દુશ્મન છે જેને પ્રેમ કરવો જરૂરી છે પછી શું?

- કાર્લ જંગ

આર્ટ ગેલેરીમાં જુલીયન સાથે મારી છેલ્લી વાતચીત થઇ પછી એક પૂરો મહિનો થઇ ગયો. હું દરરોજ સવારે વહેલો ઉઠી જતો હતો અને ઘણો સમય શાંત પ્રત્યાઘાતોમાં ગાળતો હતો. જ્યાં હું કયારેય નહીં ગયો હોઉં એટલા ઊંડાણમાં મારી જાત સાથે ઉતરતો હતો. મેં જુલીયન પાસેથી શિક્ષણ લીધું તે પહેલાં ક્યારેય સમજ્યા નહોતા તેવા અંતરંગ ઘણાં પ્રવાહો જે વર્ષોથી મારા પર હાવી હતા તેમને જાણ્યા. જાગરૂકતા ખરેખર નવી પસંદગી પહેલાં આવે છે. જો મને ખ્યાલ જ ન હોય કે મારે શું સુધારવાની જરૂર છે તો હું કેવી રીતે વધારે સારા માર્ગની પસંદગી કરી શકું? અને મારી નવી પસંદગીએ ખરેખર નવો બદલાવ આણ્યો. મને સમજાયું કે કેટલીવાર મેં મારી જાતને જાણીને ખતમ કરી અને મારા જીવનને મર્યાદિત બનાવ્યું હતું. મેં મારા વર્તનનો પીછો કર્યો અને પહેલી વાર મારા જીવનમાં ગંભીરતાથી સ્વ-પરીક્ષણ કર્યું અને આવા વર્તન માટેનું મૂળ કારણ શોધવાનો પ્રયત્ન કર્યો. આ સમય મારે માટે અતિશય ઉત્તેજનાપૂર્ણ હતો કારણ હું મારી જાતને જાણતો થયો હતો. આ સમય નૈરાશ્યનો પણ હતો. કારણ મને ખ્યાલ આવ્યો હતો કે હું મારી જાતને ફરી ફરી છેતરતો હતો.

જુલીયનથી જે અઠવાડિયાં હું દૂર રહ્યો, મને લાગતું હતું કે પહેલાંનું સ્વને હરાવનારું મારું વર્તન હું ફરી ન કરી બેસું જેણે મને આટલા દુઃખ અને દર્દમાં ધકેલ્યો હતો. પહેલાં જ્યાં હું નકારાત્મક પ્રત્યાઘાતો વિચાર્યા વગર આપી દેતો ત્યાં હું થોડું ખમીને પ્રત્યાઘાતો આપું છું. એ માનવું અઘરું હતું કે ક્યારે લોકો અથવા સંજોગો મારા મનના બટન દબાવી

દે છે. પહેલાંના સમયમાં મારી લાગણીઓ અથવા પ્રત્યાઘાતો માટે હું લોકોને અથવા સંજોગોને દોષી ઠેરવતો હતો. હવે, જુલીયનની સંત જેવી સમજણનો આભાર કે મને જે લાગણી થઇ તેની માલિકી મેં લીધી અને બધું મારી સાથે યોગ્ય થવા લાગ્યું હતું તે મેં અનુભવ્યું. મારા માટે એ અદભુત વસ્તુઓ થવા લાગી તેવું મેં અવલોકન કર્યું અને તેનાથી મને મારી જાત માટે ઘણું સારું લાગવા લાગ્યું. હું ધારું છું કે હું ખરેખર વિકસી રહ્યો હતો અને હું જે વ્યક્તિ બનવા નિર્માયો હતો તે બનતો જતો હતો.

મેં જુલીયનને ફોન કર્યો હતો, ત્યારે તેમણે કહ્યું કે ખરેખર વ્યક્તિગત વિકાસની આ એક નોંધપાત્ર નિશાની છે. તેમણે મને એ પણ જણાવ્યું કે હમણાં ન્યુરોસાયન્ટીસ્ટે શોધી કાઢયું છે કે માણસ પાસે ૦. ૨૫ સેકન્ડની તક હોય છે જેની વચ્ચે તેઓ આઘાત અને તેને લગતા પ્રત્યાઘાત વચ્ચે વિચારીને સારી પસંદગી કરી શકે છે. તેમણે સૂચન કર્યું કે આ ૦.૨૫ સેકન્ડમાં હું મારા વર્તનને ફેરવી શકું છું અને મારા જીવનને ફરી ઘડી શકું છું જેથી વધારે ઉચ્ચ નિર્ણયો લઇને જે મને વધારે જાગૃત સ્થિતિ પર પહોંચાડી શકે છે.

જુલીયને મને જે શીખવ્યું હતું તેના પર વધારે વિચાર કરતાં મને સમજાવા લાગ્યું કે જુલીયને તાત્ત્વિક, ડાહ્યું છતાં અસાધારણ રીતે કામ લાગી શકે તેવું તત્ત્વચિંતન સુંદર જીવન જીવવા માટે વિકસાવ્યું છે. હા, મારી રોજિંદી પસંદગીએ મારા જીવનના બદલાવમાં ખૂબ મોટી અસર ઉપજાવી છે. મારે જે જોઇતું હતું તે ઉત્પન્ન કરવામાં મારો ફાળો ઘણો મોટો હતો. હું માનવ તરીકે જે પસંદ કરું અને પામું તેના ઉપર મારા પ્રારબ્ધનું છેલ્લું પાનું નિર્ભર રહે છે. મારા શિક્ષણના સમય દરમ્યાન જુલીયને મને ઘણીવાર કહ્યું છે : "તમે તમારું સૌથી સારું કાર્ય કરો બાકીનું કુદરત પર છોડી દો." હું એટલું કરી જ શકું કે હું ઉત્તમ વ્યક્તિ બનવાનો પ્રયત્ન કરું અને જેટલી શકયતા હોય તેટલું સાચું જીવન જીવું આ હું મારા જીવનના દરેક તબક્કે કરી શકું. પછી જીવન ધૂંસરી હાથમાં લેશે અને મારે જ્યાં જવાનું નિર્માયુ છે ત્યાં મને લઇ જશે. હું જ્યાં પહોંચું તે મને હમેશાં ન પણ ગમે પણ જુલીયન એના ઉપર ભાર મૂકે છે કે મારે જ્યાં મને માર્ગદર્શન મળે તે જગ્યાએ શ્રદ્ધા રાખવી અને હું સૌથી વધારે વિકાસ, ઉત્તમ ઔષધ અને સૌથી અસરકારક શિક્ષણ પામીશ. છેવટે આ આખો શો એક ઉચ્ચ તાકાત ચલાવે છે. જે માનવ તરીકેની મારી મર્યાદિત સમજણ માટે સમજવું શક્ય નથી.

જુલીયનનું વ્યક્તિગત તત્ત્વચિંતન એ ભવિષ્ય અને પસંદગીની ભાગીદારીનું છે જે આપણા ન ઉઘડેલા નસીબ પર અસર કરે છે. જે મને હું નાનપણમાં રમતો હતો તે ટેનીસની રમતની યાદ અપાવી જાય છે. એવું લાગે છે મારા કાબૂમાં મારી બાજુની કોર્ટમાં શું થાય છે તેટલું જ છે. મારી ફરજ એટલી જ છે કે મારે ઉત્તમ સર્વીસ કરવાની છે અને સારો શોટ મારવાનો છે. મારા જીવન પ્રત્યે મારી ફરજ છે મારે મારો દિવો પ્રગટાવવો અને મારા સ્વપ્નો માટે કાર્ય કરવું. આનાથી કંઇ પણ ઓછું કરવું એ ભગવાને આપેલી ભેટનું અપમાન કરવા જેવું છે. પણ એક વખત મેં એવું કર્યું અને બોલ સામેવાળાની કોર્ટમાં જતો રહ્યો અને મારે મારી જાતને પરિણામથી વેગળી કરીને આરામ કરવો જોઇએ. મારે આપણા અનંત શાણા બ્રહ્માંડ સાથે મિત્રતા કેળવી શ્રદ્ધા રાખવી જોઇતી હતી. ફક્ત મારા ડરોએ મને પરિણામો માટે ચિંતા કરાવી એક વખત હું ડરને જતો કરું અને જુલીયને વચન આપ્યા મુજબ મારે વિશ્વના મહાન આયોજનમાં વિશ્વાસ રાખવો જોઇએ અને મેં જોયું છે કે **બધું સમુંસુતરું પાર ઉતરે છે.**

હું જુલીયનને છેલ્લે મળ્યો, તે લગભગ એક મહિનાથી આવી વ્યક્તિગત જવાબદારીઓ પ્રત્યે મારી સમજણ ઘણી વધી છે અને હું જવાબદાર પણ બન્યો છું.

જ્યારે મને સમજાયું કે મારા નસીબે મારા પ્રારબ્ધના નકશાને બગાડયો છે. ત્યારે મને પહેલાં કરતાં વધારે સારી રીતે સમજાયું કે આ દિવસોમાં મેં જે હરકતો કરી છે તેથી મારું પ્રારબ્ધ કેવું લાગશે જેને માટે ખાલી જગ્યા પૂરવા માટે મારી શક્તિ શું છે. જો હું આધિપત્યપૂર્વક કહું તો જે સાચું છે તે કરો, મારે મારી આવડત મારે જે કરવું છે તે માટે કામે લગાડવી જોઇએ અને મારા સપનાં પાછળ પડવું જોઇએ, મારા મનમાં મારું જીવન જે હતું તેનાં કરતાં વધારે સારું બનશે તે વિષે મારા મનમાં કંઇ શંકા રહી નહીં. જુલીયને મને કહ્યુ હતું, “ભગવાન તેને મદદ કરે છે જે પોતાને મદદ કરે. તમે ખરેખર તમારું નસીબ ઘડી શકો છો.” આમાં ખરેખર એક મહાન સમતોલન કામ કરતું હતું જે મારી પસંદગીની શક્તિ અને પ્રારબ્ધના હાથમાં, કંઇક સારૂં કરવા મહેનત કરવી અને કંઇક થવા દેવું, કરવું અને થવું વચ્ચેનું આ સમતોલન હતું.

મારા બધા નવા શિક્ષણમાં, કદાચ એક વાત મને ઘણી અસર કરી ગઇ છે. તે એ છે કે જે વસ્તુ હું મારા જીવનમાં નકારતો હતો તે પ્રત્યે વિકસતી જતી જાગરૂકતા. જુલીયન ખૂબ ભારપૂર્વક માનતા હતા કે “પોતાની નકારાત્મકતાનો સતત સામનો કરવો,” અને જેમ હું આ વાતને માનતો થયો તેમ જે વસ્તુથી હું ભાગતો હતો તે મારી સામે આવતું ગયું. સામ કીન નામના લેખકે એક વખત લખ્યું હતું કે “આપણે જેનાથી ભાગીએ છીએ તે આપણને પકડી પાડે છે.” કેટલા સાચા શબ્દો છે.

જુલીયને મને વિનંતી કરી હતી કે મારે તેમને અપંગ બાળકોના સ્ટોન ઇન્સ્ટીટયુટની શાળાના મકાનમાં મળવું. તેમણે આ મીટિંગનો સમય સાંજે મોડેથી રાખ્યો હતો અને મને નવાઇ લાગતી હતી કે મારા આ સાહસિક શિક્ષકે મારા ભણવાના આ સમયમાં શેનું આયોજન કર્યું છે. મને એ પ્રશ્ન પણ થતો હતો કે જુલીયન પાસે શીખવાનો મારો હક્ક કેટલો સમય ચાલશે. પ્રસાર માધ્યમોને ખબર નહોતી કે જુલીયન પાછા શહેરમાં આવી ગયા છે. અને હું જાણતો જતો કે જુલીયન ખૂબ નમ્ર વ્યક્તિત્વ ધરાવતા હતા. મારી સમજમાં હતું ત્યાં સુધી તેઓ હાલમાં હોસ્પીટલમાં સેવા આપતા હતા. જ્યાં હું પીટરને મળ્યો હતો, આર્ટ ગેલેરીમાં સેલ્વાડોર ડાલીનું અવલોકન કરતા હતા. મારી સાથે જ્યારે યોગ્ય સમય હોય ત્યારે રહેતા હતા અને ધ્યાન, વાંચન, પત્રકારત્વ તથા ધીરજથી પ્રત્યાઘાતો આપતા તે પોતાના ઉપર પણ ધ્યાન આપતા હતા. તેઓએ મને એ માહિતી પણ આપી હતી કે તેઓ જંગલામાં ફરવા જતા અને કુદરત સાથે વાતો કરતા. જુલીયન ખરેખર ખૂબ સાદા માણસ હતા. મને એ પણ સમજાવા લાગ્યું હતું કે આ સમયના જુલીયન ખરેખર મહાન માણસ હતા.

જેવો હું બિલ્ડિંગમાં પ્રવેશ્યો કે મેં કાગળનો ટુકડો જોયો, જે દિવાલ પર ચીટકાડવામાં આવ્યો હતો અને તેના પર જુલીયનનું લખાણ હતું. તેમણે લખ્યું હતું: “જીવન શાળાનો વિસ્તાર છે, આ પૃથ્વી આપણે શીખવાના બધા પાઠો શીખવાની આપણને તક પૂરી પાડે છે. આપણે ‘પૃથ્વી રૂપી શાળામાં’ રહીએ છીએ. અને તમારા ઘણાં શિક્ષકોમાંથી એક ખૂબ ઉત્સાહપૂર્વક તમારા આગમનની રાહ જોઇ રહ્યા છે. હું ૧૦૧ નંબરના રૂમમાં છું. આજની રાતના પાઠનું નામ છે, ‘ઉત્તમ સ્વની જાગૃતિ’ પાનાની નીચેના ભાગમાં નીચેના અક્ષરો હતાઃ ‘T.M.W.S.H.F ’ હું જાણતો હતો તેનો અર્થ The Monk Who Sold His Ferari . પત્રની બાજુમાં હસતો ચહેરો હતો.”

હું અંધારા રસ્તામાં ચાલ્યો. ઓચિંતાનો મેં ડ્રમ વાગવાનો અવાજ સાંભળ્યો. જેવો હું તે તરફ ગયો અને મને સમજાઇ ગયું કે તે અવાજ રૂમ નં. ૧૦૧માંથી આવે છે. મને ખ્યાલ નહોતો કે હવે શેની અપેક્ષા રાખવી. દરવાજો બંધ હતો અને ડ્રમનો અવાજ મારી નજીક

પહોંચતા મોટો થઇ ગયો. મારું હૃદય ચિંતામાં ડૂબવા લાગ્યું. દરવાજાની બીજી બાજુએ શું થઇ રહ્યું હશે?

"જે જગ્યાનો તમને ડર લાગે ત્યાં જાઓ." એવા એક વાક્ય ઉપર જીવવા હું નિર્ણીત હતો, જે જુલીયને શીખવ્યું હતું. તેથી મેં બહાદુરીપૂર્વક દરવાજો ઉઘાડયો અને અંદર ગયો. રૂમ અંધારામાં હતો પણ તેમાં અસંખ્ય નાના દિવડા મોટા ગોળાકારમાં ગોઠવેલા હતા, જે ઓછું અજવાળું આપતા હતા અને એ ગોળાકારની વચ્ચે બીજું કોઇ નહીં પણ જુલીયન ઉભા હતા. તેમનો ઝભ્ભો તેમણે પહેરેલો હતો અને તાલમાં નાટકીય ઢબે ડ્રમ વગાડતા હતા. તેમની આંખો બંધ હતી અને એ ખૂબ ધીમેથી નીચેનું વિધાન ગણગણતા હતાઃ "તમારા હૃદયમાં બધા જવાબો પડેલા છે. તમારા ડરો પ્રત્યે ચાલો અને તમે ઉડતાં શીખી જશો." આ વાકય તેમણે ફરીથી અને ફરીથી કહ્યું. એકપણ વખત તેમણે આંખો ખોલી નહીં. એવું લાગતું હતું કે તેઓ કોઇ બીજી દુનિયામાં હતા. મેં મારી પાછળ દરવાજો બંધ કર્યો અને શાંતિથી ત્યાં ઉભો રહ્યો. લગભગ પાંચ મિનિટ પછી, જુલીયને ડ્રમ વગાડવાનું બંધ કર્યું. ઓરડો શાંત થઇ ગયો. તેમણે તેમની આંખો ખોલી.

"ડેર, તારું સ્વાગત છે. મારી જૂનવાણી ન હોય તેવી શિક્ષણ પધ્ધતિ માટે ક્ષમા કર." તેઓ ગાલમાં હસ્યા. "હમેશની જેમ પરિણામથી નિર્ણય કર. જેમ સમય જશે તેમ તને ખ્યાલ આવશે કે મારી શિક્ષણ પધ્ધતિ તારા જીવનમાં નવા પરિણામો લાવશે. ફકત શ્રદ્ધા રાખ. આજ સુધી તું હોંશિયાર રહ્યો છે. તેને માટે મારે તારું સન્માન કરવું છે અને હું જાણું છું કે તે તારી મહાન જીંદગીને તારા તરફ આકર્ષી છે."

"જુલીયન, હું ક્યાં બેસું?" જીવનનું જે શિક્ષણ મને મળવાનું હતું તેના માટે મોટી અભિલાષા સાથે મેં પૂછયું.

"આ સત્યના વર્તુળની વચ્ચે, અહીં આવ. નેટીવ અમેરિકન ઇન્ડીયનો માને છે કે જીવન એક વર્તુળમાં જીવાય છે; તેને 'જીવનનું વર્તુળ' કહે છે. આપણા જીવનના અંતે, આપણે જ્યાંથી મુસાફરી શરૂ કરી, તે જગ્યાએ પાછા ફરીએ છીએ. વર્તુળ એ સંપૂર્ણતા અને એકતાની નિશાની છે. આજે રાત્રે આ વર્તુળમાં આપણે ફક્ત સાચું જ બોલશું. **યાદ, રાખ, જીવનનું ધ્યેય ઘરથી આપણી મુસાફરી પૂર્ણતા તરફ, એકરૂપતા તરફ પાછા જવું, તમારા અધિપત્ય તરફ પાછા જવું છે અને તેમાં નીડરતા, સર્વજ્ઞતા અને અસીમાંત પ્રેમ છે. જીવનનો હેતુ એકરૂપતાની ખોટ પૂરવાનો છે.** "

"હું આ 'એકરૂપતાની તિરાડ' શબ્દોના અર્થને સમજતો નથી. મારે સમજવો જોઇએ?"

"મિત્ર, આ શબ્દોનો હું તને પરિચય કરાવીશ કારણ તું તેના માટે તૈયાર છે. જ્યારે આપણે પહેલી વાર મળ્યા ત્યારે માનવ તરીકે આપણે જન્મ્યા પછી શું થાય છે તે મેં તને કહ્યું છે એ પ્રક્રિયા જેનાથી આપણે ખરેખર કોણ છીએ તેની સાથેનો આપણો સંબંધ તુટી જાય છે. આપણે જન્મે અધિપત્યવાળા અને પવિત્ર છીએ. આપણે નીડર અને ઘણા વિશાળ હૃદયવાળા જન્મીએ છીએ. જે કુદરતી નિયમો દુનિયાને ચલાવે છે તે જન્મતાંજ આપણે જાણીએ છીએ કે આપણે અહીં શા માટે છીએ. અને હું જાણું છું કે તું એ જાણે છે. પણ સમાજમાં બંધ બેસતા થવા માટે અને આપણી 'આજુબાજુનાને ખુશ કરવા માટે...'

"જે ટોળું હકીકતનાં થોડા અંશોને દિવાલ ઉપર જુએ અને સચ્ચાઇનું પ્રતિનિધિત્વ ન સમજે તેને શું કહેવું," કેમડેનની ગુફાઓમાં જુલીયને મને શીખવેલું રૂપક ટાંકતાં હું વચ્ચે

બોલ્યો.

"બરાબર છે." તેમણે તેમની મુઠ્ઠી હવામાં ઉછાળતાં ઘાંટો પાડયો. "આપણે આપણી જાતનું અધિકારત્વ મેળવવાની પ્રક્રિયા છોડીને – જે આપણે નથી-આપણી આજુબાજુના લોકોની માન્યતાઓ, મૂલ્યો અને વર્તનને સ્વીકારીને વર્તન કરીએ છીએ તેને સાંસ્કૃતિકરણ કહેવાય છે. જેવા આપણે આપણા સાચા સત્વને છોડીએ છીએ, અને આપણે સામાજીક નશામાં ખોવાઇએ છીએ કે એક ખાઇ બનવા લાગે છે. આપણે આપણો મૂળ સ્વભાવ છોડીએ છીએ અને વ્યક્તિત્વનું ખોટું મહોરું ધારણ કરીએ છીએ. આપણે એકરૂપતાની બહાર નીકળી જઇએ છીએ તેથી તેને 'એકરૂપતાની તિરાડ (ખીણ)' કહે છે. આપણે ખરેખર કોણ છીએ અને દુનિયા સામે આપણે જે જાહેર વ્યક્તિત્વ દર્શાવીએ છીએ તેની વચ્ચેની ખીણ મોટી અને આપણી જીંદગી ઓછા કામની થતી જાય છે. જેમ જેમ દંભ વધારે તેમ તેમ બ્રહ્માંડ આપણને ઓછો સહકાર આપશે કારણ આપણે ભૂલી ગયા છીએ કે આપણે કોણ છીએ અને આપણા માટે બનાવાયેલા કાયદા આપણે પાળતા નથી. વધારે એકરૂપતાની તિરાડથી આપણને આનંદની માત્રા ઓછી થાય છે. શક્તિ ઘટતી જાય છે અને આપણે ટૂંકી જીંદગી જીવીએ છીએ. આપણે વ્યક્તિત્વવાદના યુગમાં' જીવીએ છીએ જે જીંદગી આપણી માટે નથી. તમારું વ્યક્તિત્વ સાચું નથી. એ બીજાઓને ગમે તેવું તમે કંઇક પેદા કર્યું છે. જે ચાહવા માટે નથી. ડરથી તમે સામાજીક મહોરું પહેર્યું છે."

"તમે ગંભીર છો?"

"હું ગંભીર જ છું. નાનું બાળક પ્રેમનું ભૂખ્યું હોય છે જે ઘણા લોકો માને છે. આ બાળકને ડર હોય છે કે કોઇ તેને નહીં ચાહે તો. આ નાના બાળકને ડર હોય છે કે લોકોની અપેક્ષાઓમાં બંધ બેસશે નહીં તો શું થશે. આ નાનું બાળક તેના માતા પિતા અને તેની આજુબાજુના પુખ્ત વયના લોકો જેવું વર્તન કરે છે અને તેને લાગે છે કે આમ કરવાથી ટોળાની જેમ વર્તવાથી તેને જે સન્માનની અત્યંત જરૂર છે તે મળી જશે. તને સમજવાની શરૂઆત થઇ હશે કે આપણામાંના ઘણાં આ સચ્ચાઇના માર્ગ પર ચાલતાં ડરે કેમ છે? ખૂબ ઊંડે અને ઘણીવાર દેખાય નહીં તે કક્ષાએ તેમને ડર હોય છે કે તેમને પ્રેમ નહીં મળે. અને દરેક માનવની પ્રાથમિક જરૂરીયાત પૂરી થવી જોઇએ તેથી આપણે ગેરમાર્ગે દોરાઇએ છીએ. તેથી આપણે આપણી જાતને છેતરીએ છીએ, આપણાં સપનાં છોડી દઇએ છીએ અને એવા રસ્તા અપનાવીએ છીએ જે આપણે ક્યારેય ધાર્યું પણ ન હોય."

"અને આથી એકરૂપતાની તિરાડ ઊભી થાય છે જે આપણને કેદ કરે છે અને આપણા જીવનને મર્યાદિત બનાવે છે. અને આ બધું ડરને કારણે થાય છે. હવે મને સમજાય છે કે માણસે સ્વ માટે કાર્ય કરવું શા માટે જરૂરી છે. એક વખત આપણે આંતરિક કાર્ય કરીને આપણા ડરોમાંથી બહાર નીકળીએ જે આપણા પર હાવી હોય, આપણે આ પડછાયા માનવ જાગૃતિના પ્રકાશમાં દૂર કરી શકીએ અને જેમ તેં કહ્યું તેમ પડછાયાને પ્રકાશમાં આણતાં તે દૂર થઇ જાય છે. ડર આપણને છોડીને જાય છે."

"ડેર, ખરેખર તો ડર અદશ્ય થઇ જાય છે અને એની જગ્યા પ્રેમે લીધી. જેમ મેં તને કહ્યું તેમ અંધકાર એટલે પ્રકાશનો અભાવઃ એક વખત તમે માનવ જાગૃતિ અને સમજણના પ્રકાશમાં તમારામાંના અંધકારને હટાવો પછી તમે પ્રકાશથી ભરેલી વ્યક્તિ બની જાઓ છો. એક વખત જ્યાં ડર હતો ત્યાં પ્રેમ ભરાઇ જાય છે. યાદ રાખ આને જ 'પરમ પ્રકાશ' કહે છે. વ્યક્તિ પ્રકાશથી ભરાઇ જાય છે. દરેક પગલું જે તમને એકરૂપતાની તિરાડ ભરવામાં મદદ કરે છે તે દરેક પગલું પરમ-પ્રકાશ તરફનું પગલું છે જે ખરેખર તમે છો. જે દરેક પગલું તમે પ્રેમ તરફ ભરો છો જ્યારે ડર તમારા તરફ આગળ વધવા માંગે

છે. તમે યાદ રાખો તમારા મૂળ સ્વભાવ તરફ પાછા ફરો છો. જે કોઇ કાર્ય તમે તમારી ઉત્તમ જાતને દુનિયા સામે મૂકવા પ્રયત્ન કરો છો તેની અસર એ ઉપજે છે કે તમે જે આધિપત્ય સાથે જનમ્યા હોવ તે તરફ તમે પાછા ફરો છો. તેટલા માટે મેં તને કહ્યું કે સ્વ-સુધારણાનો આખો વિચાર અર્થ વગરનો છે. દરેક માનવનું કાર્ય સુધારવાનું નથી. આપણે ખૂબ ઉંડી કક્ષાએ સંપૂર્ણ છીએ અને તમે પૂર્ણતા ઉપર સુધારણા કરી શકો નહીં. મિત્ર, તને મેં સુવર્ણ બુધ્ધની વાર્તા કહી છે?"

"ના, હું માનું છું ત્યાં સુધી તને કહી નથી."

જુલીયન સત્યના વર્તુળની વચ્ચે પલોઠીવાળીને બેસી ગયા. જેવી દિવાની વાટ ફડફડવા લાગી કે ઓરડો રહસ્યમય બની ગયો. જુલીયન અત્યંત શાંત લાગતા હતા અને તેમની દૃષ્ટિ મારા અંતરાત્મા સાથે જોડાયેલી લાગતી હતી. લગભગ એવું લાગતું હતું કે તેઓ મારી અંદર જોઇ રહ્યા છે. જેઓ મારામાંથી ઉત્તમ અને ખરા મને બહાર લાવી રહ્યા હતા.

"ઘણાં વર્ષો પૂર્વે, પૂર્વમાં, સાધુઓની એક જમાત પાસે તેઓ જેને પૂજતા હતા તે બુદ્ધની ખૂબ મોટી સોનાની મૂર્તિ હતી. તેઓ તેમની સામે પ્રાર્થના કરતા, ધ્યાન કરતા અને તેમની સાક્ષીમાં તેમનું જીવન વીતાવતા હતા. એક વખત એવો આવ્યો કે જ્યાં તેઓ રહેતા હતા તે જગ્યા પર પરદેશીઓએ હુમલો કર્યો. દરેક સાધુને એ દહેશત લાગી કે તેમની જાતિની ગર્વીલી અને મોંઘી સંપત્તિ તેઓ ખોઇ બેસશે તેથી તેમણે તેનું રક્ષણ કરવા માટે વિચારવાનું શરૂ કર્યું. એક સાધુ ખૂબ સરળ છતાં અસરકારક આયોજન લઇને આવ્યા. બધા સાધુઓ ભેગા થઇને સવર્ણ બુદ્ધ પર માટીના થર લગાડી તે મૂર્તિને છુપાવવાનો પ્રયત્ન કરવો અને આયોજન પાર પાડયું અને હુમલાખોરોને ખબર ન પડી."

"ખૂબ રસપ્રદ છે."

"પણ મિત્ર આગળ વાત છે. વર્ષો પછી એક યુવાન સાધુ સવારે ફરવા ગયા હતા તેમણે પર્વતના ઢગલામાં કંઇક ચમકતું જોયું જ્યાંથી તેઓ ઘણીવાર પસાર થયા હતા. તેમણે તેમનાં સાધુ ભાઇ-બહેનોને બોલાવ્યા અને તેઓ બધા પડ ખોલવા લાગ્યા. અને જેવા તેમણે વધારે ને વધારે પડ ખોલ્યા જે સુવર્ણ બુદ્ધ ઉપર લગાડેલા હતા ત્યારે વધારે ને વધારે સોનું દેખાવા લાગ્યું. છેવટે, બધાં પડ ખોલવાથી સુંવર્ણ બુદ્ધ તેમના પૂરા તેજથી દેખાવા લાગ્યા. તેમણે અમૂલ્ય ખજાનો મેળવ્યો હતો."

"સારી વાર્તા છે," મેં હકારાત્મક રીતે કહ્યું.

"આજે રાત્રે આ સ્કૂલમાં આ રૂપક ખૂબ યોગ્ય રીતે લાગુ પાડી શકાય એમ છે. તું જાણે છે કે જીંદગી યોગ્ય શિક્ષણ માટે છે. જીવનના દરેક દિવસે જીંદગી તમને કંઇને કંઇ શીખવે છે. જો તમે તેના પર ધ્યાન આપો તો પણ મુશ્કેલી એ છે કે ઘણાં લોકો જરૂરી ધ્યાન આપતા નથી. મુશ્કેલી એ છે કે મોટાભાગના લોકો ઉંઘતા હોય અથવા અભાન હોય છે. જેમ તું જાણે છે કે સ્વ-જાગૃતિના સાત સોપાનમાંથી તે પહેલા સોપાનમાં જ રહે છે. પણ જેમ તમે જાગૃત થાઓ અને તમારી જાતમાંનું ઉત્તમ પાછું મેળવવા પ્રયત્ન કરો અને છેવટની સ્થિતિ પરમ-પ્રકાશને પામો ત્યારે તમને તમારો મૂળભૂત સ્વભાવ ખબર પડે છે. દરેક દિવસ તમને માટીના પડ ખોલવાની તક આપે છે જે માટીથી તમારી હોંશિયારી અને તમે ખરેખર શું છો તે સોનું મેળવી શકાય છે. હું ઘણીવાર કહું છું તેમ 'એકરૂપતાની તિરાડ' તમારા આંતર જ્ઞાનથી તમારી જાતને શોધવામાં મદદ કરે છે. તમારી નકારાત્મકતા માટે તમારી જાતને તપાસી તેનો સામનો કરવા માટે તમારે સમય કાઢવો જોઇએ. જ્યારે

તમે નિરાશ થાઓ, અથવા ડરી જાઓ ત્યારે બીજા ઉપર ગુનો નાખીને પોતાની જવાબદારી ફેંકી દેવી જોઇએ નહીં. જે વસ્તુઓ તમને ક્રોધ કરાવે અથવા ગુસ્સો અપાવે તેને માટે તમે બીજાને જવાબદાર ઠેરવો તો તમારા અંદરના પડછાયા જે તમને ચલાવે છે તેને ઓળખવાનો સારો મોકો તમે ગુમાવી દો છો. તમે અભાન અવસ્થામાંથી જે સભાન અવસ્થા પર આવે તેને ઊંડાણમાં જઇને સમજીને છૂટું મુકી દેવાની આવી તક તમે ગુમાવો છો. આપણા અસ્તિત્વને આજે આવા માટીના થર ચઢેલા છે. કેટલાકને બીજાઓ કરતાં વધારે થર ચઢેલા હોય છે. જેમ આપણા મૂળ અસ્તિત્વને ભૂલીને આપણે ટોળામાં જોડાઇએ તેમ આવા પડ ચઢતા જાય છે."

"અને આ પ્રક્રિયાને આપણે સાંસ્કૃતિકકરણ કહીએ છીએ," મેં ઉમેર્યું.

"બરાબર, આપણા જીવનનાં પડોને દૂર કરવાનો હેતુ એ છે કે આપણા અંદરનું સોનું ચમકી શકે અને દિવસના પ્રકાશમાં જોઇ શકાય, જેમ સાધુઓએ વધારે પડ ખોલવાથી સુવર્ણ બુદ્ધ વધારે ને વધારે દેખાવા લાગ્યા અને આનંદની વાત એ છે કે **દરેક હિમંતવાળું કાર્ય, દરેક સારું કાર્ય અને દરેક સ્વ-જવાબદારીનું કાર્ય તમારા માટે ત્વરિત બદલો લઇ આવે છે. દરેક વખતે તમને યોગ્ય લાગે તે તમારી સચ્ચાઇને અનુસરો અને ટોળાંને તમારા પર હાવી ન થવા દો. થોડું વધારે પડ ખોલો જે તમારા પર ચઢેલું છે અને તમારી સાચી ઓળખ તેમાં ચમકવા લાગશે. દરેક વખતે ડરને બદલે પ્રેમથી વર્તો જેથી તમે જે બનવા સર્જાયા છો તે બનશો. દરેક વખતે તમારાં સપનાં પૂરાં કરવા તમારા હ્રદયને સાંભળો, અને તમે જે છો તેવા થોડાં વધારે બનો છો.** યાદ રાખો આ રીતે તમે તમને ઓળખો છો. આ રીતે તમે તમારા પ્રારબ્ધ અનુસાર જીવો છો."

જુલીયને પોરો ખાધો. "તેથી આજે મારે તને શું શીખવવું જોઇએ. આ પૃથ્વીરૂપી શાળામાં સૌથી મહત્વનો પાઠ એ છે કે **જીવનનું ધ્યેય જ એ છે કે એકરૂપતાની તિરાડ ઓછી કરવી.** સૌથી ઉત્તમ સ્થિતિ એ છે કે આ તિરાડ હોવી જોઇએ નહીં અને દુનિયા સામે તમે જે છો તે વ્યક્તિ તરીકે જ આવો. ખરી રીતે તો દુનિયા સામે જે વ્યક્તિ આવે તે તમારા અસ્તિત્વનું સંપૂર્ણ દર્પણ હોય. તમારા જીવનમાં એવો કોઇ ડર ન રાખો જે તમારી પાસે દંભ કરાવે, જેથી તમે આ દુનિયામાં સમાઇ શકો. તમે એટલો પ્રેમ પોતાની રીતે પામશો કે બીજા તમારા માટે શું વિચારે છે તે જાણવાની જરૂર નથી. જ્યાં સુધી તમે તમારા પ્રત્યે પ્રામાણિક રહેશો. અને મિત્ર, માનવ તરીકે સફળ થવા માટે એટલું પૂરતું છે."

"જુલીયન, તમારૂં તત્ત્વ ચિંતન બહુ ગહન છે. ખરેખર જીવન બદલી નાંખે તેવું. આ પૃથ્વી રૂપી શાળામાં એકરૂપતાની તિરાડને ભરવા માટે મારે ખરેખર કયા ઉપાયો યોજવા જોઇએ?"

"હમેશાં જર્નલમાં લખતા રહેવું એ ઘણું શક્તિશાળી છે. આ તમને તમારી જાતને ઓળખવામાં મદદ કરે છે અને તમારી જાત સાથેના સંબંધો મજબૂત કરે છે. તમારી જર્નલ એ જગ્યા છે જ્યાં તમે તમારી જાતને મળી શકો છો અને એ જે જાગૃતિ લાવે છે તેનાથી તમે સારી પસંદગી કરી શકો છો. ધ્યાન અને શાંતિ પણ ઉપયોગી છે. દરરોજ એકલા શાંતિમાં સમય પસાર કરવો એ તમારી જાગૃતિનું સાધન છે, અને તમારા આધિપત્યની તાકાત પાછી મેળવી શકાય. પૃથ્વીરૂપી શાળામાં સફળ થવા માટે તમારે સારા શિક્ષકની જરૂર તો છે જ. આથી હું ગર્વપૂર્વક સ્વ-જાગૃતિના સાત સોપાનમાંથી ચોથાની વાત શરૂ કરી શકું છું."

"જાગૃતિના માર્ગ પર નીકળેલા સાધકો જૂની દુનિયા મૂકીને નવી દુનિયા તરફ મુસાફરી

કરે છે. જ્યારે તમે નવી જગ્યાએ જાઓ ત્યારે તમારે યોગ્ય દિશા માટે માર્ગદર્શનની જરૂર પડે છે જે તમને રસ્તો બતાવે. ચોથું સોપાન 'ગુરુ પાસેથી સૂચનો' મેળવવાનું છે. આ સોપાનમાં સાધક માટે શિક્ષક બનેલા પુસ્તકો અને બીજી બધી શિક્ષણ સામગ્રી આવે છે. આ ચોથા પગલામાં સાધક કલાકો સુધી લખે છે અને પુસ્તકો ઉપર પુસ્તકો વાંચે છે. ક્યારેક તમારામાં ગભરામણની લાગણી પણ આવી જાય. તમે નિરાશા અને ડરની લાગણી અનુભવો કારણ તમારી દુનિયા બદલાય છે. થોડા સમયમાં ઘણું બધું શીખવાનું છે. બધું જ બદલાતું હોય છે. ઘણાં જૂદા જૂદા માધ્યમોથી શીખીને તમે સારા વિદ્યાર્થી બની શકો છો. તમારૂં જીવન કેમ કાર્ય કરે છે અને તેમાં તમારૂં પાત્ર શું છે તેનું સત્ય જાણવાની તમારી તૃષા તમને વધારે દઢ નિશ્ચયી બનાવે છે."

"જુલીયન, બરાબર આમ જ હું અનુભવી રહ્યો છું. જેમ જેમ હું ધૂંસરી છોડી રહ્યો છું અને મારા જીવનના અજાણ્યા પ્રદેશમાં પ્રવેશું છું તેમ વધારે સવાલો મારી સામે આવીને ઉભા રહે છે. હું આશ્ચર્યમાં પડી જાઉં છું કે ખરેખર હું કોણ છું. મને નવાઇ લાગે છે કે મારૂં પ્રારબ્ધ શું છે. મને શંકા થાય છે કે મારા અંતરમાં ખરા મૂલ્યો શું છે. હું એવી ધારણા કરૂં છું કે મેં દુનિયામાં રસ્તો બનાવ્યો છે અને કુદરતના નિયમો છે જેની ઉપર દુનિયા બની છે તે મારે જાણવા છે. મને એની નવાઇ લાગે છે કે ભગવાન છે અને મેં જે સહન કર્યું તે મારે શા માટે કરવું પડયું અને મારે જાણવું છે કે મારી જીંદગી કેવી હશે અને મારે ઉત્તમ રીતે જીવવા શું કરવું જોઇએ જે સૌથી અધિકારપૂર્ણ જીંદગી હોય."

"જેઓ લડત આપે છે તે સારા છે. હકીકતમાં તું મોટા સવાલો પૂછે છે તેનો અર્થ છે કે તું વિકસી રહ્યો છે અને જાગૃત થઇ રહ્યો છે. તું ટોળાને છોડીને વધારે સભાન થઇ ગયો છે. તેથી તું આ બધું પૂછી રહ્યો છે. સરસ! યોગ્ય સવાલો પૂછવાથી ૯૦ ટકા યોગ્ય જવાબો મળે છે. એમ કરવાથી તમે તમારૂં અસ્તિત્વ અને સત્ય શોધી શકો છો. યાદ, રાખ, સવાલ કરવાથી જાણકારી વધે છે જે તારા હૃદયમાં પહેલેથી છે જ. યોગ્ય સવાલ પૂછો અને જે જવાબ તમે શોધી રહ્યા છો તે યોગ્ય સમયે મળી જ રહેશે."

"'યોગ્ય સમયે' એટલે તમે શું કહેવા માંગો છો, જુલીયન?"

"સારૂં, એક ચાવીરૂપ કુદરતી નિયમ છેઃ **આપણે સંભાળી શકીએ તેનાથી વધારે આપણને ક્યારેય મળતું નથી.** માર્ગ તમારા માટે પ્રેમથી આયોજવામાં આવ્યો છે અને તમે તૈયાર હોવ તેટલું જ્ઞાન અને સત્ય તમને મળે છે તેનાથી વધારે કયારેય મળતું નથી. તેથી બધા ટૂકડા તમારી પાસે ત્યારે જ આવે છે જ્યારે તમે તૈયાર હોવ. વિદ્યાર્થી ખૂબ ધીરજવાળો હોવો જોઇએ. પણ જવાબ આવશે."

જુલીયને ચાલુ રાખ્યું: 'વિશ્વાસ રાખ કે તું ત્યાં જ છે જ્યાં તારે હોવું જોઇએ. તું એ રસ્તા પર છે જ્યાં પહેલાં ઘણાં ડાહ્યા લોકો ચાલ્યા છે. તારો અનુભવ વિશિષ્ઠ નથી. ફક્ત શ્રદ્ધા રાખ અને તારી અંદર ઊંડે અને ઊંડે જવાની પસંદગી ચાલુ રાખજે. જે જવાબો તું શોધી રહ્યો છે તે તારામાં છે જ. હા પુસ્તકો, શિબિરો અને શિક્ષકો તને મદદ કરશે. પણ એક વાત યાદ રાખ : બીજા વ્યક્તિનું પુસ્તક વાંચવું એ તે વ્યક્તિના સત્યનો પ્રત્યાઘાત છે. શિબિરોમાં વક્તાઓને સાંભળવા એટલે તેમના સત્યો અને તેમનું તત્ત્વચિંતન તેમના જીવન માટે અને દુનિયા માટેનું છે. તમારી સફરના આ તબક્કે એ બરાબર છે. **શીખવું એ જે બીજાઓ સમજે કે તમને મદદરૂપ થશે. એ તમે ખરેખર શું વિચારો છો તે સમજવામાં મદદ કરે.** પણ એ સમજવાની ભૂલ ખરેખર ક્યારેય ન કરવી કે જે સત્ય બીજી વ્યક્તિનું છે તે ખરેખર તમારૂં સત્ય હોઇ શકે. વધારે પડતા બીજાને અનુસરવું નહીં. નેતા બનો. નેતા જ્યાં કોઇ ન ગયું હોય ત્યાં જાય અને તેનો પોતાનો માર્ગ અજવાળે છે.

આ આખું સાહસ તમારા અસ્તિત્વ માટે છે. સ્વ-પ્રભુત્વના માર્ગ પર જેમ તમે ઉપરના તબક્કે આગળ વધશો તો તમે તમારું પોતાનું તત્ત્વચિંતન વિકસાવશો કે જીવનનો રસ્તો કયો છે અને તેમાં તમારૂં સ્થાન કયાં છે. તમે બીજાઓના એ સત્યો પસંદ કરશો જે તમારા અંતરમન સાથે બંધબેસતાં હોય. તમે બીજાઓના ડહાપણ સાથે સમરૂપતા સાધશો જે ડહાપણ તમને સાચું લાગે છે. અને એ વિચારો જે તમને બંધબેસાતા નથી અને તમારા માટે કોઇ અર્થ દર્શાવતા નથી તે વિચારોને તમે નકારી નાખશો. આમ કરવામાં તમે તમારૂં ઉચ્ચ જીવન જીવવા માટે એક બંધારણ અને અધિકારપૂર્વકના નિયમો બનાવશો. મારી સફળતાની વ્યાખ્યા જ એ છે તમારૂં જીવન તમારી રીતે જીવવું. અને ખરી સફળતા એ જ છે કે તમે જે જીવન પસંદ કર્યું છે તેનું નિર્માણ કરવાની પ્રક્રિયામાં તમારા દિવસની પ્રત્યેક ક્ષણ વાપરાય. તમે બીજાઓએ તમને કહેલી જીંદગી જીવશો નહીં પણ તમારૂં હૃદય જેને માટે સાક્ષી આપે એમ જ જીવશો. અને આમ કરતાં તમે એક શક્તિમાં વિશ્વાસ સ્થાપશો જે આ દુનિયામાં તમને એક પ્રકારની તાકાત આપશે.

“જુલીયન, આ બધું પ્રશંસાપાત્ર છે. જેમ મેં કહ્યું તેમ અત્યારે બરાબર હું આ સ્થિતિમાંથી પસાર થઇ રહ્યો છું. મારી અંદરની ભૂખ જાગૃત થઇ છે. મેં ટોળાનો મારા પરનો કાબૂ ખૂબ પહેલાં મૂકી દીધો છે અને મારી અજ્ઞાનતા પ્રત્યે હું સભાન થયો છું. અને તેના પરિણામે હું એક પછી એક પુસ્તકો વાંચું છું. હું આ બધાં જવાબોની શોધ કરૂં છું. હું ધારૂં છું કે હું ખરેખર સાધક બન્યો છું.”

“હા, ડેર, તું સભાન બન્યો છે. તું જાગૃત છે. તું તારા ઘર તરફ જવાનો રસ્તો શોધી રહ્યો છે. કેટલાંક પુસ્તકો પરમપ્રકાશનો માર્ગ દર્શાવે છે અથવા છેવટે સકારાત્મક વિચારો દ્વારા આનંદમય જીવન દર્શાવે છે. કેટલાંક પુસ્તકો તને કહેશે બુદ્ધિથી નહીં પણ હૃદયથી જીવો. હજી કેટલાંક પુસ્તકો તને ‘મેળવનાર’ બનાવવાનું માર્ગદર્શન આપશે અને હજારો ધ્યેય બનાવવા ઉત્સાહિત કરી તમારે જે જોઇએ તેની પાછળ જવાનું કહેશે. અને બીજાં કેટલાક પુસ્તકો તમને ‘વર્તમાનમાં રહેવા’ નું આમંત્રણ આપશે. અને જીવનને હળવેકથી દર્શાવવા દો કે તેણે તેના ગર્ભમાં તમારા માટે શું રાખ્યું છે.”

“બરાબર, મારે શું માનવું? બધું એટલું એકબીજાથી વિરુદ્ધ છે. મારે દુનિયામાં જીવવું કે આધ્યાત્મિક જીવન સ્વીકારવું?”

‘ઓહ’, જુલીયને નિસાસો નાંખ્યો. “આ સવાલો તમારૂં પોતાનું સત્ય શોધવા માટે પૂછવા જ રહ્યા. તું ખરેખર પ્રગતિ કરે છે અને આ બધું સારૂં છે. તું એકરૂપતાની તિરાડને ભરવાના તરીકા શોધી રહ્યો છે. જેથી તું ખરેખર કોણ છે તે ફરી જાણી શકે અને તારા અસ્તિત્વને યાદ કરી શકે. જેથી તે ઘણાં જૂદા જૂદા પ્રયોગો કર્યા અને ઘણા શિક્ષકોને મળ્યો આ બધું બરાબર જ છે.” જુલીયને આત્મવિશ્વાસના સ્મિત સાથે કહ્યું.

“એવું લાગે છે કે બીજું ઘણું આવી રહ્યું છે. હું એકરૂપતાથી કેટલો દૂર છું તે નોંધવાનું મેં શરૂ કર્યું છે. મારી એકરૂપતાની તિરાડ ઘણીમોટી હોવી જોઇએ. હું દરેક પ્રસંગે મારા સામાજીક મોહરાને પહેરી રાખતો હોઉં એમ લાગે છે. મને લાગે છે કે મારૂં ઘણું જીવન ફક્ત બીજાઓ, મારા માતાપિતા અને મારી આજુબાજુના લોકોને ખુશ કરવામાં જ મેં કાઢી નાખ્યું. મને નથી લાગતું કે હું હવે શું હોઇશ તે જાણતો હોઉં. તમે કહ્યું કે પરમપ્રકાશ માપવા માટે ‘સ્વ-સંબંધો’ અને ‘પોતાની જાતને જાણવી’ એ સાધન રૂપ છે. મને ખરેખર ખ્યાલ નથી કે હું કોણ છું. પ્રામાણિકપણે કહું તો આ બધું મને દુઃખી કરી નાંખે છે.” મારી આંખમાં આંસું ઉભરાવા લાગ્યા. મેં આવી લાગણી ક્યારેય અનુભવી નહોતી.

"ડેર, આ દુઃખનો અનુભવ કર. મેં પહેલાં તને આવી વાત કરી હતી." ખૂબ પ્રેમથી તેમનો હાથ મારા ખભા પર મૂકતાં તેમણે કહ્યું.

"જેટલી વધારે તું તારી લાગણીઓ અનુભવીશ તેટલી વધારે તે તારામાં પૂર્ણ થશે. લાગણીઓ વરસાદી તોફાન જેવી હોય છે જેને શરૂઆત, મધ્ય અને અંત છે. અને એ રીતે તું દરેક લાગણી પૂર્ણ કરીશ. પછી ભલે તે લાગણી ક્રોધની, દુઃખની, નિરાશાની કે નાસીપાસ થવાની હોય. તું તારા પડો ઉખેડી રહ્યો હોઇશ અને તારામાં રહેલા સુવર્ણ બુદ્ધને યાદ કર.'

જુલીયન ધીરજથી રાહ જોતા રહ્યા ત્યાં સુધીમાં હું પાછો સ્વસ્થ બની રહ્યો.

"ડેર, જીવનનું ધ્યેય છે એકરૂપતાની તિરાડ ભરવી, સવાલ એ છે કે એવી કઇ પ્રક્રિયા છે કે જીવન તમને એ કરવા માટે જોર કરે છે. સમજ, જેમ મેં કહ્યું, બ્રહ્માંડ તમે જીતો એમ ઇચ્છે છે. જીવન એવી રીતે ગોઠવાયેલું છે કે તે તમને ખુશ કરવા બન્યું છે અને તમને મહાન બનાવવા ડીઝાઇન થયેલું છે."

"પણ મારે રમતના નિયમો પ્રમાણે રમવું પડેને;" મેં જવાબ આપ્યો. "જો હું એ પ્રત્યે સુષુપ્ત રહ્યો. હજી પહેલા સોપાનમાં તો કોઇપણ રીતે મારૂં જીવન આગળ વધી શકે નહીં."

"સરસ," જુલીયન આનંદથી મને ભેટી પડયા. તેમણે ફરીથી ડ્રમ વગાડવાનું શરૂ કર્યું પહેલાં ધીમેથી પછી પ્રેમથી. હું જાણતો હતો કે મેં જે ડહાપણ મેળવ્યું હતું તેને માટે આ રીતે મને માન આપી રહ્યા હતા. જુલીયને વગાડવાનું બંધ કર્યું અને ઓરડો ફરીથી શાંતિથી ભરાઇ ગયો.

"કુદરત, બ્રહ્માંડ, ભગવાન અથવા અનંત શક્તિ. તમારે બધાના સર્જકને જે નામ આપવું હોય તે આપો. જે પ્રક્રિયાથી તમારી એકરૂપતાની તિરાડ ભરે છે તેને 'પુનઃ ચક્ર' કહે છે. પુનઃચક્ર એ શબ્દ તમને સમજાવે છે કે જીવન કાર્ય કેવું છે. ખરેખર તો તે પધ્ધતિ સમજાવે છે જેથી, આપણે જીવન પ્રત્યે આગળ વધીએ. આપણી પાસે ચોક્કસ લોકો આવે છે અને આપણને શીખવતા પ્રસંગો ઉભા થાય છે જે પાઠ આપણે માર્ગમાં એ તબક્કે શીખવો જરૂરી છે. દાખલા તરીકે આપણી સફરના એક પડાવમાં આપણે માફ કરવાનો પાઠ ભણવો જરૂરી છે. આ સ્થિતિમાં આ બ્રહ્માંડ જેની સંપૂર્ણ રચના એવી છે કે તે આપણને વ્યક્તિ મોકલશે. દા.ત. જે આપણને છેતરી જાય. હમેશાં મુજબ આપણા જીવનમાં જે બને છે તેનો પ્રત્યાઘાત આપવા માટે આપણી પાસે પસંદગી છે. આપણે બીજાઓની જેમ બીજાને જવાબદાર ગણાવવાની રમત રમશું તો આવા 'શિક્ષકો' આપણા જીવનમાં આવતા રહેશે. આવા લોકોનું 'પુનઃ ચક્ર' રહેશે. મુશ્કેલી એ છે કે જો આના માટે તમે ના પાડશો જે પાઠ તમારે ભણવાનો છે તો વધારે શક્તિશાળી, વધારે તીવ્રતાથી અને વધારે દર્દજનક રીતે તે પ્રસંગ તમને ફરીથી મળવા આવશે."

'તેથી તે મારૂં ધ્યાન ખેંચી શકે, ખરૂંને?"

"હા, એટલું યાદ રાખ, ન જોઇતું સામે આવે પણ જેની સાથે તું સથવારો કરીશ તે આગળ જતાં પ્રગતિ કરાવશે. કુદરત ઇચ્છે છે કે તમે એકરૂપતાની તિરાડ ઘટાડો, તમે પૃથ્વીરૂપી શાળામાં આ પાઠ જરૂરથી શીખો અને એમ કરતાં તમારા અસ્તિત્વરૂપી ઘર તરફ આગળ વધો. અને આને વેગ આપવા પુનઃ ચક્ર શરૂ થાય છે. આ સફર તમારામાંનુ ઉત્તમ જાગૃત કરે છે. પણ જીવન કઇ રીતે પ્રક્રિયા કરે છે તે પ્રત્યે તમે અજાણ હોવ તો તમારે ભારે કિંમત ચૂકવવી પડે છે. જો તમે ધ્યાન રાખો અને તમારી વ્યક્તિગત

જવાબદારી પ્રત્યે સભાન અને જાગૃત હોવ જેથી કરીને તમે શાંત અને વિકસિત બનો ત્યારે તમે તમારે ભણવાનો પાઠ શીખો છો અને તમારા અસ્તિત્વની વધારે નજીક જાઓ છો. જેમ તેં સ્વીકાર્યું વિરોધ કરવાની બદલે તમારા પાઠ અને શિક્ષા તિરાડ ભરશે અને જીવન વધારે સારૂં બને છે."

"અમૂલ્ય", જીવન કેવી રીતે કાર્ય કરે છે તેની જુલીયનની સમજણ સાંભળીને આ એક માત્ર જવાબ મારા મનમાં આવ્યો. મને સમજાયું કે મારામાં ગુસ્સો, ક્રોધ અને ઇર્ષા આવે અને હું બીજાને દોષ આપું તો હું મારે ભણવાના પાઠ શીખવાની તક ને નકારી રહ્યો છું. જે પાઠ મારા જીવનમાં વધારે તીવ્રતાથી અને દર્દ લઇને પાછા આવશે. મારા માટે મહત્વનો મુદ્દો ફક્ત એટલો જ છે : **મારામાં જે થતું હતું તેની વ્યક્તિગત જવાબદારી લઇને અને મારા નકારાત્મક કાર્યના ખરા કારણોને જાણીને હું હકીકતમાં મારા જીવનને પુનઃચક્રમાંથી બચાવી શકું છું.** મારા પ્રેમથી ઓછા પ્રત્યાઘાતો માટે બીજાને દોષ આપવાની મનાઇ કરીને હું મારી જાતની ઇજાઓને

નાટકીય ઢબે ઓછી કરી શકું છું. હું કુદરતના નિયમો મુજબ રમું તો કુદરત મને શાંતિ આપે છે. જીવન કેવી રીતે કાર્ય કરે છે તે સત્ય પ્રત્યે જાગૃત થઇને હું મારી જાતને મોટું ઇનામ આપીશ.

જુલીયન ઉભા થયા અને સત્યના વર્તુળની બહાર નીકળ્યા અને વર્ગની સામેની બાજુએ આવેલા લખવાના બોર્ડ તરફ ગયા. તેમણે તેની પાસે ઘણાં દિવડાઓ મૂક્યા જેથી હું જોઇ શકું કે તેના ઉપર શું ચીતરેલું છે. તેમણે એક મોટું વર્તુળ ચોકથી દોર્યું. તેમણે તેના ચાર ટુકડા કર્યા. પહેલા ભાગમાં તેમણે લખ્યું "મન". બીજામાં લખ્યું "શરીર". ત્રીજામાં લખ્યું "સંવેદના" અને ચોથામાં તેમણે લખ્યું "આત્મા". વર્તુળના ઉપર તેમણે આ શબ્દો લખ્યા : "ચાર જાગૃતિઓ". તેમણે મારી સામે જોયું અને તેમનું પ્રવચન ચાલુ કર્યું.

"જેમ મેં તમને કહ્યું, નેતાની સફર તેના અસ્તિત્વરૂપી ઘર તરફ ફરી લઇ જવી. અને આ **નેતૃત્વની સફર** છે. જે એકરૂપતાની તિરાડ ભરવા માટે છે. એકરૂપતા એટલે પૂર્ણતા. પૂર્ણતા વર્તુળથી દર્શાવાય છે. જીવનનું ધ્યેય છે કે પૂર્ણતા પામવી. જીવનમાં પૂર્ણતા તરફ પાછા ફરવાની પ્રક્રિયાને **પુનઃચક્ર** કહેવાય છે. છેવટે કેટલીક વિશિષ્ઠ ક્રિયાઓ કરવાથી એકરૂપતાની તિરાડ ભરાઇ જાય છે. જાગૃતિના માર્ગમાં સૂચનોનો તબક્કો ચોથું સોપાન છે. જેમાં તમે પૂર્ણતા તરફ પાછા જવાની સભાનતાપૂર્વક પસંદગી કરો છો. તમારા અસ્તિત્વના ચાર ભાગ છે. જેને જાગૃત કરવાની જરૂર હોય છે. કારણકે તમારે ફરીથી પૂર્ણ બનવું છે. જ્યારે તમે આ ચારે ભાગ જાગૃત કરો ત્યારે તમે જાણી શકો કે ખરેખર તમે કોણ છો અને આ ચાર જાગૃતિ છે." જુલીયને બોર્ડ બતાવતાં કહ્યું "તમારી ઘર તરફ જવાની સફરમાં તમારે મન, શરીર, સંવેદના અને આત્માને જાગૃત કરવા પડે."

"આ બધું ખૂબ રસપ્રદ છે, જુલીયન. હું આ મુદ્દે મુંઝાતો હતો. કેટલાંક પુસ્તકોમાં લખ્યું છે કે જ્યારે આપણે આપણા મનને સૌથી ઉચ્ચ શક્તિએ લઇ જઇ શકીએ ત્યારે આપણે આપણા ઉચ્ચ જીવનને પામીએ છીએ. આ લેખકો કહે છે કે આપણે ઘણાં પુસ્તકો વાંચવા જોઇએ અને આપણી વૈચારિક શક્તિ વિકસાવતાં શીખવું જોઇએ. તેમનું માનવું છે કે જ્યારે આપણે વિચારો બદલીએ ત્યારે જીવન બદલાય છે."

"તે સાચું જ છે, ડેર. પણ વાત અહીં પૂરી થતી નથી. તમારી એકરૂપતા મેળવીને પૂર્ણતા તરફ પાછા ફરવામાં મનની જાગૃતિ ફક્ત **પચ્ચીસ ટકા જ** છે. હા તમારે તમારા

મનને જાગૃત કરવું જ જોઇએ એટલે તમારી માન્યતાઓ, ધારણાઓ અને ડરોને જીતવા જ જોઇએ. બીજાઓના સત્યોને પુસ્તકો, સીડી અને શિબિરોમાં જઇને શીખીને આ બધું શોધી શકાય છે. મનને જાગૃત કરવું જેને હું પહેલી જાગૃતિ કહું છું. જે વાંચનથી, ધીરજથી પ્રત્યાઘાતો આપવા અને શાંત રહેવાથી તમે જે રીતે જીવતા હોવ તેના ઉપર વધારે ધ્યાન આપી શકાય છે અને તમે જે નથી જાણતા તે માટે સભાન થઇ જાઓ છો. પહેલી જાગૃતિ એટલે જ્ઞાન, શિક્ષણ ભેગું કરવું અને તમારી ઉચ્ચ પસંદગી વિષે ચોકન્ના બની જવું. આ બુદ્ધિનું કામ છે. જે કાર્ય વિદ્યાર્થીએ આધ્યાત્મિક માર્ગ પર કરવું જરૂરી છે. પણ મનની જાગૃતિ સાથે પૂર્ણતા તરફ પાછા ફરવા માટે બીજા ત્રણ વિભાગની જાગૃતિ પણ જરૂરી છે અને એકરૂપતાની તિરાડ પણ ભરવી જોઇએ: શરીર, સંવેદના અને આત્મા. તમારે શરીરને પણ જાગૃત કરવું જ જોઇએ. તંદુરસ્ત મન, તંદુરસ્ત શરીર વગર એકરૂપતા આપતું નથી. તેથી ત્યાં સંપૂર્ણતા નથી. તેથી પહેલી જાગૃતિ સાથે તમારે બીજી જાગૃતિ સાથે કામ કરવું જરૂરી છે."

"તો મારા શરીરને જાગૃત કરવા મારે શું કરવું જોઇએ."

"નિયમિત કસરત, સારો ખોરાક, સૂર્યપ્રકાશ લેવો, માલીશ, ચોખ્ખી તાજી હવા, ખૂબ પાણી પીવું, વિટામીન અને સપ્લીમેન્ટસ લેવાં રેકી, યોગા ..."

"જુલીયન, હું સમજી ગયો," મેં જવાબ આપ્યો. "ઘણાં સાધનો મને ઉપલબ્ધ છે, ખરૂં ને?"

"બરાબર. બીજી જાગૃતિ શરીરની તંદુરસ્તી એટલે એ ખાત્રી કરવી કે તમારી શારીરિક તંદુરસ્તી સારી સ્થિતિમાં છે. અને **જ્યારે** તમે તમારા મન સાથે શરીરને જાગૃત કરો છો ત્યારે ખાત્રીપૂર્વક તમે તમારી સંવેદના જાગૃત કરો છો. આ ત્રીજું ઉત્થાન છે. એ જરૂરી છે કે તમારો જીંદગીભરનો ગુસ્સો તમે ગળી જાઓ. એ જરૂરી છે કે જો કોઇએ તમારૂં અપમાન કર્યું હોય અથવા તમારી લાગણી ઘવાઇ હોય તો તેને તમે માફ કરી દો. માફ કરવું એ તમે જાતે કરી શકો એવી વૃતિ છે. જાણે છે ને?"

"હું એ જાણતો નહોતો." મેં ગંભીરતાપૂર્વક કહ્યું.

"એમ, જ્યારે તમે કોઇ વ્યક્તિને માફ કરી દેતા નથી. તો એવું લાગે છે કે તે વ્યક્તિને તમે ખભા ઉપર ઉપાડીને ફરો છો. જે ઘણું વજનદાર હોય છે. અને એક વખત તમે એમને માફ કરી દો તો તમે એમને છોડી દો છો. તેઓ હવે તમને નીચે ખેંચતા નથી અને માનવ તરીકે તમે ઘણા મુક્ત બની જાઓ છો પણ મારે તને કહેવું જ જોઇએ કે કોઇને માફ કરવું એ કોઇના વર્તનને વખોડવા કરતાં જુદું છે. જેમ મેં પહેલાં કહ્યું હતું તેમ માફ કરવું એટલે ફક્ત એટલું જ સમજવું કે જે લોકો દુ:ખી છે તે દુ:ખદાયક કાર્ય કરે છે."

"અપમાનજનક વર્તન માટે કંઇજ ન કહેવું એ તંદુરસ્ત માનસિકતા કહી શકાય?" મેં પૂછ્યું.

"હું માનું છું કે હું તને એ સમજાવાનો પ્રયત્ન કરૂં છું કે તમારે બીજાઓ માટે નિર્ણય લેતાં પહેલાં તેમાં ઊંડા ઉતરીને તેમાં રહેલું સત્ય સમજવું જોઇએ. હું તને સમજાવા માંગું છું કે જે લોકો બીજાનું અપમાન કરે છે તેઓ પોતે અપમાનિત થયેલા હોય છે. જે લોકો પોતાને પ્રેમ ન કરે તે બીજાને પ્રેમ કરી શકતા નથી. **અને જે લોકોને સ્વમાન હોતું નથી તેઓ બીજાને સન્માન આપી શકતા નથી.** આ યાદ રાખ્યા કરવું જેથી તમે મુક્ત બની જાઓ છો. આ વાસ્તવિકતા અને શાશ્વત સત્યો તમારા મનમાં ઘૂંટયા કરો જેથી એ તમારા જહેમમાં ઉતરી જાય. તમારા ડરોને શબ્દોમાં મૂકશો તો તમે તેમાંથી બહાર નીકળી

જશો. યાદ રાખ, લાગણીઓ વરસાદી તોફાન જેવી હોય છે તે આવે છે, વરસે છે અને બંધ થઇ જાય છે. અને આપણે તેમને ફેંદતા રહીએ તો જખમની જેમ તે રૂઝતા રહે છે. જો આપણે તેમના ઉપર ધ્યાન આપીએ અને તેમને આપણે જાણીએ અને સમજીએ તો તે પૂરી થઇ જાય છે. અને આપણે વધારેને વધારે તંદુરસ્ત બનીએ છીએ."

"અને ચોથી જાગૃતિ આત્માની છે ને?" હું બોર્ડ પાસે ગયો અને વર્તુળનો ચોથો ટુકડો દર્શાવતાં મેં પૂછયું.

"સારો સવાલ છે. જ્યારે આપણો આત્મા જાગૃત થાય છે ત્યારે આપણે ઉચ્ચતમ સ્થિતિમાં હોઇએ છીએ. આ જુદા જુદા લોકોને જુદું જુદું લાગે છે. કેટલાંક માટે આત્મા પ્રાર્થનામાં અથવા ભગવાન સાથે વાત કરવામાં આવે છે. થોડાં બીજાઓ માટે કુદરતની સાથે વાર્તાલાપ કરવો અથવા સંગીત સાંભળવામાં આત્માનો પડઘો પડે છે. બીજાં થોડાં લોકો માટે સેવામાં, બીજાને મદદ કરવામાં અથવા પોતાના કરતાં બીજાઓ માટે ફના થવામાં આત્મા જાગૃત થાય છે. તમે ગમે તે સાધન અથવા રીત અપનાવો પણ એટલું યાદ રાખો. **આપણા મહત્વના ચારે પાસાં એકી સાથે જાગૃત થાય તેવી પ્રક્રિયા શરૂ કરવી જરૂરી છે.** "

"આમાં તો ખૂબ કાર્ય કરવું પડે તેવું લાગે છે, જુલીયન" મેં પ્રામાણિકપણે કહ્યું.

"યાદ રાખ, હજારો માઇલની સફર એક માત્ર પગલાંથી શરૂ થાય છે. આ બધું તારે અઠવાડિયામાં અથવા મહિનામાં કરવાનું નથી. દરરોજ ખાત્રીપૂર્વક તું કોણ છે તેની જાગૃતિ માટે તારે કંઇક કરવું પછી તે ભલે ગમે તેટલું નાનું કામ હોય. હું ખૂબ ભારપૂર્વક તને સૂચવીશ કે અહીં આ રૂમમાં તું નિર્ણય કર. દરરોજની પહેલી સાઇઠ મિનિટનો ઉપયોગ કર. તારો પવિત્ર કલાક તારાં ચારેય પાસા જાગૃત કરવા માટે. આ ખૂબ શક્તિશાળી અને અદ્દ્ભુત રસ્તો છે. જેથી કરીને તું તારું ઉચ્ચ જીવન અને પ્રારબ્ધ પામીશ."

"હું એટલું કરી શકું," મેં વચન આપ્યું, "હું દરરોજ સવારે, તમે જેમ કહ્યું હતું તેમ સમય કાઢું છું અને મારૂં આંતરિક કાર્ય કરું છું. આ ઘણું અર્થપૂર્ણ છે, જુલીયન."

"આ ઓરડામાં તું તારી જાતને વચન આપ કે તારા દરેક દિવસની શરૂઆતનો સમય તું ચારે મહત્વના તારા જીવનના પાસાં ઉપર કાર્ય કરીશ. તું તારો સમય લખવામાં, વાંચવામાં અથવા ધ્યાન કરવામાં વિતાવીશ. તું આ સમયનો થોડો ભાગ પ્રાર્થનામાં ગાળીશ અને આ કલાકનો થોડો ભાગ કસરત કરીશ. આ એક જ પદ્ધતિ ખરેખર તારા જીવનમાં બદલાવ લાવવા અને તારા દિવસમાં વણી લેવા યોગ્ય છે. આના માટે મારામાં શ્રદ્ધા રાખ. મિત્ર, તું સમજ, જો તું જીવન માટે કાર્ય નહીં કરે તો જીવન તારા માટે કાર્ય કરશે. તું જાણીશ એ પહેલાં દિવસો અઠવાડિયામાં અને અઠવાડિયાં મહિનાઓમાં ખર્ચાઇ જશે, અને તારૂં જીવન પૂરું થઇ જશે. તેજસ્વી અને સુંદર તારા જીવનને બરબાદ ન કર. તારી જાતમાં ઊંડા ઉતરવા અને તારામાંના સુવર્ણ બુદ્ધને જાગૃત કરવા તારા દિવસની શરૂઆતનો એક કલાક આંતરિક કાર્ય કર. આ એક મોટી ભેટ તું તારી જાતને આપી શકે છે."

જુલીયન સત્યના વર્તુળ તરફ ફર્યા.

"ગુરુ પાસેથી સૂચન મેળવવાના ચોથા સોપાનમાં એક છેલ્લી વાત. જે મારે તને કહેવી છે. તારે તારા નાશવંતપણા સાથે દરરોજ જોડાવું એ મોટું ડહાપણ છે. યાદ રાખ જીવન ટૂંકું છે અને કયારે એનો અંત આવશે તે તું જાણતો નથી. મિત્ર, કાલે આપણે બંને ન પણ

હોઇએ. તમારી ઉચ્ચ રમત રમવા માટે તમારી મહાનમાં મહાન શક્યતા આજે જ જીવી જાઓ. ડાહ્યા માણસો પોતાને દરરોજ યાદ અપાવે છે કે આજનો દિવસ છેલ્લો દિવસ હોઇ શકે. આમ કરતાં આખા દિવસમાં ડરવાને બદલે તેઓ પ્રેમ કરવા નિર્ણત થાય છે." જુલીયન તેમની બાજુમાં રહેલી પાટલી સુધી પહોંચ્યા અને એક સુંદર કાગળ ઉપાડયો.

તેમણે ચાલુ રાખ્યું, "જો આપણે ઇચ્છીએ તો આપણે સ્વને લખવા માટે આપણી પસંદગી અને આપણી તક ઉભી કરી શકીએ છીએ. દરેક દિવસ આપણી આત્મકથા લખવા માટેની તક પૂરી પાડે છે. જીવન આપણા ઉપર હાવી થવું જોઇએ નહીં. આપણા દિવસો પૂરા થાય તે પહેલાં આપણે યોગ્ય પગલાં લઇને પસંદગી કરવી જોઇએ, એકરૂપતાની તિરાડ ભરવી અને પુનઃચક્ર ઓછાં કરવાં. ચાર જાગૃતિઓ માટે આપણે દરરોજ કંઇક કરવાનો નિર્ણય કરવો જોઇએ, જેથી ઉચ્ચ અને ઉત્તમ જીંદગી જીવી શકાય. અને આપણી પસંદગીમાં આપણું વિશિષ્ઠ પ્રારબ્ધ ઘડાય છે."

"એક ખૂબ તાકાતવર કામ છે. તમે તમારી કથા પહેલેથી જ લખી નાંખો. તમે જેમ આલેખ્યું હોય બરાબર તેમ ન થાય પણ એક જૂની કહેવત છે : 'જો તમે જાણતાં ન હોવ કે તમે ક્યાં જાઓ છો, તો કોઇપણ રસ્તો તમને ત્યાં લઇ જાય.' કોઇ આયોજન ન હોય તેના કરતાં કોઇ આયોજન તો હોય, તું મારૂં તત્વચિંતન જાણે છેઃ દરેકે દરેકથી થાય તેટલું સારું કરવું અને બાકીનું કુદરત પર છોડવું. તમારાથી થાય એટલું સારૂં કરો, સ્વચ્છ ઇરાદો રાખો, તમારા સ્વપ્નોની પાછળ પડો, અને જે નસીબમાં આવે તે સ્વીકારો. જીવન બનાવો, બનાવવા પ્રયત્ન કરવો અને બનાવો થવા દેવા વચ્ચેનું નાજુક સમતોલન છે. તમારાથી શક્ય હોય તેટલું ઉત્તમ કાર્ય કરો. તમારું ધ્યેય નક્કી કરો અને ઇરાદાઓ દર્શાવો અને જે તમારા ભાગે આવે તેને સ્વીકારો અને સમજો કે જે થાય છે તે સારા માટે, ભલે પછી તત્કાલ એવું લાગે કે આ સારૂં થયું નથી. જીવન એક સુંદર જાળ છે જે સંપૂર્ણ રીતે ગુંથાયેલી છે. આપણે જે જોઇએ તે આપણને ન પણ મળે પણ આપણે જેની જરૂરીયાત હોય તે આપણને હમેશાં મળે છે. એજ જીવનનો સૌથી મોટો બોધપાઠ છે."

"તો મારે શું કરવું જોઇએ તેમ તમે ઇચ્છો છો?"

"હું ઇચ્છું છું કે તું તારા જીવનની કહાની લખે. હું ઇચ્છું છું કે તું તારી આત્મકથા લખે. મિત્ર, હું ઇચ્છું છું કે તું મહાન સપનાં જો અને તારૂં જીવન જે કાર્ય માટે નિર્માયુ હોય તે કરવા તારી પૂરી શક્તિ વાપર. આ એક સંવેદનાપૂર્ણ અનુભવ છે. આથી તારી આંખમાં આસું પણ આવી જાય. પણ હું ઇચ્છું છું કે તું તારી સંપૂર્ણ સંવેદનાથી આ બધું લખે અને સંપૂર્ણ પ્રેમથી લખે. આ કાર્ય માટે તારૂં હ્રદય ખુલ્લું મૂકી દે."

તે ઓરડામાં તે વસંતની રાતે, મેં દિવાઓથી ઘેરાઇને અને મારામાંથી સંપૂર્ણ ઇચ્છતા પૂર્ણ પ્રેમથી મેં મારા જીવનની કહાની લખી. મારે જેવી વ્યક્તિ બનવું હતું અને જેવું જીવન સર્જવું હતું તેના વિષે મેં લખ્યું. મારે કેવી સ્ત્રી જોઇએ અને હું કેવો પતિ બની શકું તે વિષે મેં લખ્યું. મારે કેવું કૌટુંબિક જીવન જોઇએ જેને માટે હું યોગ્ય છું તેના વિષે મેં લખ્યું અને મેં લખ્યું કે મારૂં જીવન માનવજાત માટે ઉપયોગી થાય. મૂલ્યો, ઉચ્ચ માન્યતાઓ અને ધોરણો જેને હું વળગી રહીશ તે માટે મેં પૂર્ણ શક્તિથી લખ્યું. તે રહસ્યમય રાતે વ્યક્તિ તરીકે મહાન રમત રમવા માટે અને મેં મારામાં જોયેલા પ્રકાશને સૂર્યના પ્રકાશમાં શોધવા માટે સમર્પી દીધી. મારામાંના સુવર્ણ પરના પડળો ઉખળી રહ્યાં હતાં. મને બાંધતી સાંકળો સતત તૂટી રહી હતી. હું સત્ય અને પરમ પ્રકાશ તરફ આગળ વધી રહ્યો હતો. હું જીવન તરફ ધસી રહ્યો હતો.

મારી આંખોમાંથી આસૂં ટપકવાં લાગ્યા. મેં જોરથી રડવાનું શરૂ કર્યું. પછી હું નાના બાળકની જેમ હીબકાં લેવા લાગ્યો. જુલીયન પણ રડવા લાગ્યા, તેઓ મારી હિંમત અને ઇચ્છાથી હચમચી ઉઠયા હતા, "મેં જે જગ્યાઓનો મને ડર હતો તે સ્થાનોનો સામનો કર્યો હતો." અને હું ઉતરી શકું તેના કરતાં વધારે ઊંડો ગયો હતો. હું અનુભવી રહ્યો હતો કે આ માણસનું હૃદય ઘણું વિશાળ છે. તેમણે મારી ફરતે તેમનો હાથ વિંટાળીને મને સંભાળવાની કોશિષ કરી. પછી તેમણે મારી પરવાનગી માગી કે મેં જે લખ્યું હતું તે તેઓ વાંચી શકે. હું મારા હૃદયનો વલવલાટ વહેંચવા તૈયાર હતો.

તેમણે કાગળો નીચે મૂકયા પછી તેમણે મારી સામે જોયું અને ફક્ત એટલું જ કહ્યું, "સુંદર, તું તારા ઘર તરફ પાછા જવાનો રસ્તો બનાવી રહ્યો છે."

પ્રકરણ : ૮

વિદ્યાર્થીએ બદલાવાની અને પોતાનું પુનઃ સર્જન કરવાની શરૂઆત કરી

"સ્વપ્નીલ એ છે જે ચાંદનીમાં પોતાનો રસ્તો શોધી લે, અને તેની શિક્ષા એ હોય છે કે બીજાઓ કરતાં પહેલાં તે પ્રભાત નિહાળી લે છે."

- ઓસ્કર વાઇલ્ડ

"નાની શંકા નાનું મનોરંજન, મોટી શંકા મોટું મનોરંજન."

- ઝેન કહેવત

"અંધારામાં તમારી આંખો જોવાનું શરૂ કરે છે."

- થીઓડોર રોથકે

મારા જીવનનો આ ખૂબ કપરો સમય હતો. જુલીયનને હું પેલી શાળામાં મળ્યો તેને છ અઠવાડિયાં થઇ ગયાં હતાં. હવે હું દુનિયાને નવી આંખોથી જોતો હતો, અને મારી જૂની દુનિયા જે પાયા પર આધારિત હતી તે પાયો હચમચવા લાગ્યો. ઘણી વખત મને થતું શું થઇ રહ્યું છે. અને કેટલીક વખત હું મુંઝવણ અનુભવતો. મારા છેલ્લા સત્રમાં મને જુલીયને સમજાવ્યું હતું કે જેવું હું મારા જૂના વિચારોને છોડીશ કે મારા બધા ડરો ઉભરી આવશે અને હું દુનિયાને જે રીતે જાણતો હતો તે વિચારો પર હું અટકી જઇશ. તેમણે કહ્યું હતું, કે હમેશની જેમ બધાની પાછળ મને પસંદગી રહેશે. અને જો હું આ ઘરના રસ્તા તરફ હું કોણ છું તે સમજવા માટે આગળ વધીશ અથવા હું નેતૃત્વની આ સફર છોડી દઇને ત્યાં જ રહીશ. જુલીયને જોસેફ કેમ્પબેલે કહેલાં વાકયો ટાંકયા હતા, જેમણે કહ્યું હતું: "વ્યક્તિગત સાહસનું જીવન જીવવું એ મહાનની જીંદગી છે અને આનો અનાદર કરવો એટલે પ્રગતિ થીજવી દેવી." મારા અંતરાત્માથી હું મારી સફર ચાલુ રાખવા માંગતો હતો જે મેં ચાલુ કરી હતી. જ્યારથી હું જુલીયનને પ્રોત્સાહનવર્ધક શિબિરમાં મળ્યો ત્યારથી બધું વધારે અને વધારે મુશ્કેલ બની રહ્યું હતું.

ઘણી વખત મને લાગતું જો જુલીયન ખોટો હશે તો શું થશે. જે રીતે તે દુનિયાને જુએ છે તે અને તેમની બધી રીતો નકામી થાય તો શું? જો મારી જૂની રીતે દુનિયાને જોવાની

રીત સાચી હોય અને આ જાણીતી પદ્ધતિ છોડવાથી હું અજાણ્યા પ્રદેશમાં મને લઇ જાય અને તેથી મારૂં જીવન હજી પણ ખરાબ થઇ જશે તો? આખી જીંદગી મેં જે માન્યતાઓ ધારણાઓ રાખી છે જેવી કે "જો તમે બીજાને વધારે પડતું આપો તો તેઓ તમારો ફાયદો લેશે." અથવા "હરીફાઇમાં સફળતા માટે જોહુકમી કરવી જરૂરી છે." અથવા "વધારે સંગ્રહ કરવાથી માણસ સુખી થઇ જાય છે." આ બધું સાચું હોય જેથી દુનિયા ચાલે છે તો શું? જો હું તેમને ન માનું તો કદાચ મારૂં જીવન સંપૂર્ણ પણે ખોટું ઠરે. જો કે જુલીયન (સારૂં કહે છે) નું ખસી ગયું હોય અને તેમનું તત્વચિંતન અંતિમ કક્ષાનું હોય તો શું?

કામ પરનો મારો ઘણો સમય ખોટી રીતે પસાર થતો. હું જે અંદરની લડત લડતો હતો તે લડત મારો ઘણો સમય લઇ લેતી હતી. મને સમજાયું કે મારી મુંઝવણ એ માટે છે કે મારો એક પગ મારી જૂની દુનિયામાં છે અને બીજો પગ નવી દુનિયામાં પ્રવેશી રહ્યો હતો. હું જે મુશ્કેલીઓ સાથે લડતો હતો તે ઘર તરફની સફર માટે અને મારી ઉત્તમ જીંદગી માટે એરીસ્ટોટલે લખેલું વાક્ય મેં શોધ્યું હતું, તેને મેં મારા બાથરૂમના દર્પણ ઉપર લખ્યું હતું જેથી દરરોજ સવારે હું તે વાંચી શકું. તેમણે કહ્યું છેઃ

જ્યારે વ્યક્તિ એક પછી એક ઘટતી દુર્ઘટનાઓ સહન કરે છે ત્યારે તેના આત્માની સુંદરતા ચમકી ઉઠે છે, એટલા માટે નહીં કે તે સંવેદના અનુભવે છે પણ એટલા માટે કે તેનો સ્વભાવ ઉચ્ચ અને ઉદાત્ત છે.

હું જે દુનિયાને જાણતો હતો તેને જતી કરીને જે દુનિયા મેં ક્યારેય જાણી નથી તેવી નવી દુનિયામાં પ્રવેશવું ડરામણું હતું. પણ જુલીયને મને કહ્યું હતું કે આપણે ત્યારે જ સૌથી વધારે જીવંત હોઇએ છીએ. જ્યારે આપણે અજાણ્યા માર્ગો પર ચાલીએ છીએ અને આપણા ડરોની દિવાલો તોડવાની આપણામાં હિમ્મત હોય છે. મેં મારી જાતને જુલીયને કહેલું યાદ કરાવ્યે રાખ્યું કે મુંઝવણ સ્પષ્ટતામાં અને ગડબડ આત્મવિશ્વાસમાં પરિણમે છે. મારે જુલીયનમાં શ્રદ્ધા રાખવી જોઇએ. આજકાલ હું શું વાતો કરી રહ્યો હતો તે મારા એકપણ મિત્ર સમજી શકતા નહોતા, અને મારા સહકાર્યકરોએ વિચાર્યું કે મારૂં સટકી ગયું છે. આ સમય દરમ્યાન હું ખૂબ એકલતા અનુભવતો હતો, તેથી મેં ઘણો સમય કુદરત સાથે ગાળવાનું નક્કી કર્યું. હું જંગલોમાં ફર્યા કરતો હતો. પછી મને સારૂં લાગતું. મને લાગતું કે બ્રહ્માંડના એક ટુકડાએ અને શાંતિના અનુભવે મને ભરી દીધો છે.

સ્વ-પરિક્ષણ અને બદલાવના આ નાજુક સમય દરમ્યાન હું અડધી રાતે પસીનાથી લથબથ ધ્રુજતો અને કેટલીકવાર મારા હૃદયમાં પુષ્કળ પીડા સાથે ઉઠી જતો. "આ શિક્ષણ પધ્ધતિથી મને મારા માટે શું મળવાનું છે?" મને નવાઇ લાગતી. પહેલાં બધું કેટલું સહેલું હતું. હું સમજી શકતો હતો કે શા માટે તત્વચિંતકોએ કહ્યું છે કે અજ્ઞાન એ આશીર્વાદ છે. જુલીયનને મળ્યા પહેલાં મને સચ્ચાઇની ખબર નહોતી, પણ મારી જૂની દુનિયાની કલ્પનામાં એક સુખ હતું.

અને છતાં બધા મોટા ડરો અને મુંઝવણો જે મારી સામે આવી રહ્યા હતા અને બધા સવાલો મારા મનમાં ઉઠી રહ્યા હતા અને બધા જૂનાં દર્દો જે ઉભરાવા લાગ્યાં હતા તેઓ બધા મારા દૂન્યવી વિચારોમાં ઊંડા ઉતરી ગયાં જેથી આનંદનો નવો અર્થ મળ્યો હતો. આવું કોઇક વાર થતું હતું પણ મારા જીવનમાં ક્યારેય ન અનુભવ્યું હોય તેટલી જીવંત લાગણી થતી હતી. કદાચ જીવનમાં પહેલાં ક્યારેય હું જાગૃત નહોતો તેટલો હું જાગૃત થઇ ગયો. આ બધું થયું કારણકે જુલીયને કહ્યા મુજબ મારા બધા જૂના જખમ પરથી

પસાર થયો અને ભૂતકાળમાં મેં કરેલી ભૂલોની જવાબદારી હું લઉં છું. મારા બચપનના અને કિશોરવસ્થાના અનુભવો અને સંવેદનાઓના પ્રત્યાઘાતોની અને જૂની બહુ પહેલાં ભૂલાઇ ગયેલી યાદો તાજી થવા લાગી. હું રોજેરોજ તેના ઉપર લખાણ કરતો હતો. મારી સંવેદનાની પ્રક્રિયા રૂપે હું જાતે મને કાગળ લખતો અને જેમ હું વધારે સંવેદનો અનુભવવા લાગ્યો હતો તેમ હું મારામાં અંદર ઉતરતો ગયો. ખરેખર એવું લાગતું હતું કે હું જુદી જુદી કક્ષાઓમાંથી પસાર થાઉં છું, અને મારા બધાં જૂના ડરો ઉખડતા જતા હતા અને હું સત્ય સુધી પહોંચીશ. હું સમજવા લાગ્યો હતો કે હકીકતમાં હું કોણ છું અને જુલીયને કહ્યું કે તે ‘ઉત્તમ કાર્ય’ છે.

હવે મારે તમારી સાથે પ્રામાણિક બનવું જોઇએઃ આ પ્રક્રિયા સરળ નહોતી. પણ જેમ હું ઊંડે ઉતરતો ગયો તેમ મને પુષ્કળ આત્મસંતોષ મળવા લાગ્યો. અને જેમ મેં કહ્યું તેમ મને પહેલાં કરતાં વધારે અને વધારે ખુશી થવા લાગી. મારો અંતરઆત્મા જાણતો હતો કે આ જ ખરો આનંદ છે.

એક સવારે પરોઢિયે હું જાગી ગયો અને સૂર્યને ઉગતો જોયો. કુદરતનો આ અત્યંત સુંદર નઝારો જોઇને હું રડતો હતો. એક વખત જે સંગીત હું રોજ સાંભળતો હતો તે હવે નવા અર્થઘટન સાથે મારી સામે આવ્યું. અત્યંત હોંશિયારીથી લખાયેલી નૃત્યનાટિકા અથવા પોપ સંગીતથી ઉત્તેજીત થયેલું હાસ્ય મારા ચહેરા પર રમવા લાગ્યું. અને જે રીતે હું લોકોને જોતો તેની દષ્ટિ પણ બદલાઇ ગઇ. મેં મારા મિત્રો, કુટુંબીજનો અને સહકાર્યકર્તાઓને નવી દષ્ટિથી જોયા અને તેમને માટે ક્યારેય ન અનુભવેલો પ્રેમ મારા મનમાં ઉભરાવા લાગ્યો. લોકો જે કરતા તેથી પહેલાં મને બહુ ગુસ્સો આવ્યો હોત તે હવે મને ખાસ અસર કરતું નહોતું. કારણકે મને સમજાયું કે તેઓ જે કરે છે તે તેમના ડર અને જખમોને લીધે કરે છે. તેઓ કરી શકે તેટલું સારું તેઓ કરતા હતા. અને માયા એન્ગ્લેવે કહ્યું છે : ‘જ્યારે આપણે સારું જાણીએ ત્યારે આપણે સારું કરી શકીએ છીએ.’ મેં મારી જાતને યાદ અપાવ્યું કે દરેક વ્યક્તિમાં સોનું, ઉત્તમતા અને પ્રેમાળ માણસ રહેલો છે. જ્યારે કોઇ વ્યક્તિએ મારું અપમાન કરવાનો પ્રયત્ન કર્યો, કદાચ ખૂબ નાની રીતે પણ મેં જુલીયનનો મુદ્દો યાદ કર્યો કે “જે લોકો દુઃખી હોય તેઓ દુઃખદાયક કામ કરે છે.” જે લોકો ડરતા હોય તેઓ ડરપોક વર્તન કરે છે. તેમને મારી માફીની જરૂર છે નહીં કે મારા ક્રોધની. જો હું મારામાં માફી ન શોધી શકું તો મારે મારી અંદર ઊંડે જોવાની ફરજ છે. બીજી વ્યક્તિ માટે મને જે ખટકતું હતું. તે બધામાં મારી વ્યક્તિગત ઉન્નતિની ભેટ હતી. મારી નિરાશાના દરેક પ્રસંગે મારી પોતાની અંદરના પડોને હલાવવાની તક મળતી અને એમ કરવામાં મારામાંનું વધારે ઉત્તમ યાદ આવતું અને મારા અસ્તિત્વને ફરીથી જાણી શકતો. **બીજાને દોષી ગણો અથવા અસ્તિત્વને જાણો** પસંદગી મારી હતી.

મારા માટે નવી ફિલસૂફી હતી. જે હોય તે કહી દેવું. હું જે દુનિયામાંથી આવતો હતો તેમાંથી થોડાઓએ આ રીતે વિચાર્યું. પણ એ સાચું લાગતું હતું, મારા અંતરઆત્મામાં કોઇ જાણતું હતું કે જેમ હું આ રીતની જીંદગી વધારે જીવીશ તેમ મારૂં જીવન વધારે સારું બનશે. મારી છઠ્ઠી ઇન્દ્રિયે મને કહ્યું કે આમ જીવવું એ જ ડહાપણ તરફ જવાનો રસ્તો છે.

જુલીયને મને મેટ્રો પ્રાણીઘરમાં મળવાનું કહ્યું હતું. ખાસ કરીને તેમણે મને ‘પતંગિયાંના સ્વર્ગ’ નામના વિભાગમાં આવવાનું કહ્યું હતું. જે હજારો દેશી-વિદેશી પતંગિયાનું ઘર હતું.

હું મારી મુક્કરર કરેલી જગ્યા તરફ જતો હતો ત્યાં મને રસ્તામાં ફૂલોની મઘમઘતી સુગંધ આવી જેથી મને જીંદગીની સુંદરતાનો ખ્યાલ આવ્યો. જીવન હકીકતમાં પ્રેમમય આશીર્વાદ છે. ઘણી વખત આપણે જીવનમાં જે કાર્ય ન કરે તેવી સ્થિતિમાં અટવાઇ

જઇએ છીએ અને જે વસ્તુઓ આપણને મળી છે તેના પ્રત્યે ધ્યાન આપતા નથી. જુલીયને મને કહ્યું કે દુનિયાને ચલાવનાર એક કુદરતી નિયમ છે કે **જ્યારે તમે જીવનમાં તમારે જે ન જોઇએ તેના પર ધ્યાન કેન્દ્રિત કરો છો. ત્યારે તમે જે જોઇએ છે તેનો રસ્તો રુંધી નાખો છો.** અને જેમાં તમે તમારૂ ધ્યાન રોકો છો તે તમારા જીવનમાં વધે છે. જે તમારે ન જોઇતું હોય તેના પર ધ્યાન કેન્દ્રિત કરશો તો તે તમને વધારે મળશે. દુનિયા દર્પણ છે. એમણે મને શીખવ્યું છે કે આપણને જીવનમાં જે જોઇએ તે મળતું નથી. પણ આપણે આધ્યાત્મિક વ્યક્તિ તરીકે કોણ છીએ તે જોવું જરૂરી છે. ઘણી રીતે તે મેં અનુભવ્યું છે, જીવનનાં સાદા આનંદો સંતોષ લાવે છે. તેથી મેં તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું છે.

મેં જુલીયન માટે આમતેમ જોયું પણ તેઓ કયાંય દેખાયા નહીં. મેં ત્યાંના થોડા ઘણા ગાઇડને પૂછયું જેઓ મુસાફરોને સેવા પૂરી પાડતા હતા કે તેમણે એક દેખાવડા માણસને જેણે સાધુનો વેશ પહેર્યો છે તેને જોયો. “કોઇપણ રીતે તમે તેમને ભૂલી શકો નહી.” મેં કહ્યું. તેઓ હસ્યા અને કહ્યું તેમણે એવા માણસને જોયો નથી. જુલીયનના આવવાની રાહ જોતાં મેં મારી નોંધપોથીમાં લખેલી કેટલીક નોંધો પાછી જોઇ લેવાની તક ઝડપી લીધી. મને લાગ્યું કે આ લેખન કાર્ય કરવાથી મારી ખાસ મુસાફરીના સોપાન જ ફક્ત મેં નથી લખ્યા પણ આ નોંધપોથી મને મારી વાતને જાણવાનું સાધન પણ છે. જેથી મારી જીંદગીમાં જે બની રહ્યું છે તેના ઉપર વધારે સ્પષ્ટતા મેળવી શકાય છે.

લખવાથી હું કાગળ ઉપર વિચારતો થયો અને મારા વિચારો અને કાર્યોને નિરપેક્ષ રીતે જાણતો થયો. લેખનથી હકીકતમાં મારા વિચારોની ગુણવત્તા જાણવાની મને તક મળી. જો હું એક રીતે વિચારું અથવા વર્તું તો જે જીંદગી જીવવા હું કટીબદ્ધ થયો છું. તેને એ અનુરૂપ થશે નહીં, હું જે બનવા માંગું છું અને મારે જે જોઇએ છે તેને વધારે સમરૂપ થવા માટે મારે નવી પસંદગીઓ કરવી જોઇએ. જેમ જુલીયને કહ્યું હતું તેમ મારી જાત સાથે વાતો કરીને સ્વને વ્યક્ત કરવાની જગ્યા જોઇને મને ઘણું સારું લાગ્યું. જો આપણે આપણી જાત સાથે વાતો ન કરીએ તો આપણે આપણી જાતને કેવી રીતે ઓળખી શકીએ? આ મુદ્દો સમજાયો. આપણા તરફથી આપણે જે બનવા માંગીએ છીએ જે નેતૃત્વની સફર આપણે ઘર તરફ હમેશાં જાણી છે તે સફર માટે કરવાની આધિપત્યની પસંદગી આપણે જેમ આપણને ઊંડાણથી જાણીએ તેમ સારી રીતે કરી શકીએ છીએ. પૂર્વે ગ્રીક-રોમન મંદિરોમાં દરવાજા ઉપર ઘણીવાર નીચેના શબ્દો જોવા મળે છેઃ “તમે તમારી જાતને જાણો જેથી તમે ભગવાનને અને બ્રહ્માંડને જાણી શકશો.” આ વાકયનો પહેલાં ક્યારેય ન હોય તેટલો અર્થ મને સમજાયો.

હું ઊભો થયો અને જુલીયનને શોધવા લાગ્યો પણ દસ મિનિટ પછી પણ મને જુલીયનનો કોઇ અણસાર મળતો નહોતો. ઓચિંતાનો મને કાચના રૂમમાં જ્યાં ખૂબ અદ્‌ભૂત પતંગિયાં રાખ્યા હતા ત્યાંથી ખૂબ જોરથી ટકોરા મારવાનો અવાજ આવતો હતો. મેં અંદર જોયું અને મારી આંખો પર ભરોસો ન બેઠો. જુલીયન ક્યારેય મને અચંબામાં મૂકવાનું છોડશે નહીં. તેઓ એ રૂમમાં હતા અને મેં ક્યારેય ન જોયા હોય તેવા શ્વાસ થંભાવી દે તેવા હજારો સુંદર પતંગિયાથી તેઓ ઘેરાયેલા હતા. અંદર રૂમમાં ત્યાં ઘણાં રંગો અને અત્યંત જીવંતતા હતી. હજી તેઓ તેમના ઘેરા લાલ રંગના પહેરવેશમાં હતા. હજી તેમના હમેશના ચપ્પલ પહેરેલા હતા. પણ આ વખતે જુલીયને પ્રાણીઘરવાળા પહેરે તેવી એક જાળીવાળી ટોપી જે તેમના ચહેરાને સંપૂર્ણપણે ઢાંકી દેતી હતી તે પહેરી હતી. કાચની પેલી બાજુથી મને બૂમ પાડી હસતાં હસતાં તેમણે કહ્યું : “મિત્ર અંદર આવી

જા. આજનો પાઠ ઘણો મોટો છે! અને હું જાણું છું કે તે ભણવા માટે તું તૈયાર છે. દરવાજાની બહાર પડેલી ટોપીમાંથી એક પહેરી લે, મેં પ્રાણીઘરવાળા સાથે બધી વ્યવસ્થા કરી રાખી છે."

હું દરવાજા સુધી પહોંચ્યો અને જાળીવાળી ટોપી પહેરી અને મારા અર્ધપાગલ પણ ખુબજ અસરકારક જીવન શિક્ષકે કહ્યું એમ કર્યું. હું રૂમમાં પ્રવેશ્યો અને પતંગિયાં મારા શરીર પર ચોંટી ગયા. આ કુદરતી ચમત્કારથી હું બાઘો બની ગયો હતો. કદાચ દુનિયા સંપૂર્ણ છે અને જે રહસ્યો ખૂલે છે તે બધા ખૂબ મોટી હોંશિયારીનાં આયોજનો મુજબ જ થાય છે. આપણે સમજવાનો પ્રયત્ન કરીએ છીએ કે આપણા જીવનો શા માટે આ રીતે રમત રમે છે, પણ કદાચ આપણા કરતાં અને માનવીય બુદ્ધિ પહોંચે તેના કરતાં વધારે હોંશિયારીથી સર્જેલા માટે આપણે કારણ શોધી રહ્યાં છીએ. જો આપણે તેને ન્યાય અને ડરના ચશ્માથી જોઇએ તો કદાચ આપણા બધાંના જીવનમાં એક સંપૂર્ણતા આપણે ગુમાવી બેસીએ છીએ. હા આપણી પસંદગી મહત્વની છે. હા, કાર્યોની શંખલા બને છે. હા, આપણું પ્રારબ્ધ કેવું હશે તેના શીલ્પી બનવાની આપણામાં તાકાત છે. પણ છેવટે દુનિયામાં ખૂબ શક્તિશાળી તાકાત રમત રમે છે અને બધાનાં ઉપર કાબૂ રાખે છે.

જુલીયન નાના બાળક જેવા દેખાતા હતા. પતંગિયાં સાથે રમતા હતા. જે આશ્ચર્ય અને આનંદની લાગણી છતી કરતા હતા. તેઓ રૂમમાં ફરતાં ચારે પગે થતાં તાળીઓ પાડીને હસતા હતા. પછી તેમણે પતંગિયાંને ઉડાડી દીધાં. જેમ તેમણે સૂચના આપી હતી તેમ થયું તેઓ મારી તરફ આવ્યા.

"મિત્ર, તું કેટલું કરી રહ્યો છે?" તેઓ મારી પાસે આવી મને ભેટીને આનંદથી બોલ્યા, થોડા પતંગિયાં તેમના ખભા પર ચીટકી રહ્યાં હતાં.

"હા, મારો સમય સારી રીતે ગયો." મેં સચ્ચાઇપૂર્વક બોલતાં જવાબ વાળ્યો. "ઘણું બધું બની રહ્યું છે. જુલીયન ઘણીવાર મને સમજાતું નથી કે હું આગળ વધી રહ્યો છું કે પાછળ જઇ રહ્યો છું પણ હું ખરેખર ઘણું બધું દર્દ અનુભવી રહ્યો છું. મેં કયારેય વિચાર કર્યો નહોતો કે જાગૃતિનો આ માર્ગ દુઃખ પણ લાવશે."

"આ બધું સાત-સોપાનની પદ્ધતિના ભાગરૂપ છે, મિત્ર. આ માર્ગમાં અત્યંત હિંમતની જરૂર છે. તું સૌથી પહેલાં અનુભવી પાસેથી શીખી રહ્યો છે જે શિક્ષણની ઉત્તમ રીત છે. ખુલ્લી આંખે અને જાગૃત મનથી જીવન તને જે શીખવે છે તે દુનિયાના કોઇપણ પુસ્તકમાં હોઇ શકે નહીં. તે જીવવાનો ખતરો ઉઠાવવો પડે, મિત્ર. આપણે થોડામાં રમીએ અને વિચારીએ કે આ સૌથી સલામત પદ્ધતિ છે. જ્યારે હકીકતમાં એ સૌથી વધારે અસલામત જગ્યા હોય છે. જે કલ્પનાનો જ એક ભાગ છે."

"જુલીયન, હું કબૂલ કરું છું. નીલ ડોનાલ્ડ વોલ્શે કહ્યું છે: 'તમે જીવતાં એટલાં ડરો છો, જીવનથી જ તમે એટલા ડરો છો કે તમે સલામતી શોધતાં તમારી સહજતા છોડી દો છો."

"સુંદર", જુલીયને કહ્યું. "આ કયારેય સાંભળ્યું નહોતું." તેમણે આ સમજવા માટે અને આત્મસાત કરવા માટે આંખો બંધ કરી. જુલીયન ખૂબ સારા શ્રોતા હતા. મને તેમની સાથે રહેવું ખૂબ ગમતું હતું. તેઓ મને હું ખાસ હોઉં તેવી લાગણી કરાવતા.

"અહીં, આની સામે જો," જુલીયને એક કોશેટો બતાવતાં કહ્યું, "રીચર્ડ બેચે એક વખત કહ્યું હતું કે 'માલિક જેને પતંગિયા રૂપે જૂએ છે તે કીડાની દુનિયાનો અંત હોય છે.'"

આ શબ્દો મારા આત્માને અસર કરી ગયા. મને સારૂં લાગ્યું.

જુલીયને ચાલુ રાખ્યું. "તું એક આમૂલ બદલાવમાંથી પસાર થઇ રહ્યો છે. તું એક આંતરિક ફેરફારનો અનુભવ કરી રહ્યો છે. તું તારું આખું જીવન એક મોટું જુઠ્ઠાણું જીવ્યો. ફક્ત ટોળાંને બંધબેસતાં થવા માટે તું અનઅધિકૃત જીવ્યો અને પોતાની જાતને છેતરી. તારી પસંદગીઓ અને વર્તન કલ્પનાને આધારે હતા. યાદ કર, ગુફામાં પેલાં ખોટાં ચિત્રો સાચાં લાગતાં હતાં કે નહીં?"

"જુલીયન, હું એ બધું કેમ કરીને ભૂલી શકું?" મેં જવાબ આપ્યો.

"તું બીજું સોપાન યાદ કર કે સત્યના સાધકના માર્ગમાં કેટલીક પ્રાથમિક પસંદગી છેઃ સુષુપ્ત અને નાના રહેવું અથવા પરમ પ્રકાશ અને તેના મહાન આત્મા તરફ જવાની સભાન સફર ખેડવી. જો બીજી પસંદગી કરી હોય તો સાધક ત્રીજા સોપાન તરફ આગળ વધે છે જ્યાં તેને આખી નવી વાસ્તવિકતા વિકસતી લાગે છે અને ચોથું સોપાન જ્યાં સાધક તેને શું થાય છે તેનો જવાબ ગુરુ પાસેથી મેળવવા તડપે છે અને કલ્પનાની પાછળ જે દુનિયા અસ્તિત્વમાં છે તેની સત્યતા સમજે છે. આમ આપણે પાંચમા સોપાનમાં પહોંચીએ છીએ. જે છે 'બદલાવ અને પુનઃજન્મ.' સાધક માટે આ ખૂબ જ કઠણમાં કઠણ સમય છે. કારણ આ આંતરિક બદલાવનો સમય છે. આ સમય તેની જીંદગીમાં ખૂબ ઉત્તેજનાપૂર્ણ અને મહત્વનો છે. વિકાસ કેટલીકવાર ખૂબ કપરે રસ્તેથી આવે છે. પણ પ્રગતિ હમેશાં સારી હોય છે. 'તમારાં સપનાંનો માર્ગ એક પગ અનંતતામાં અને બીજો પગ સરકતી રેતીમાં રાખવાથી જ મળે છે.' જે વિચારક રીક ટાકવીનીઓએ કહ્યું છે."

જુલીયને ચાલુ રાખ્યું: "હું જાણું છું કે આજકાલ તને કેવા પ્રકારની મુંઝવણ થાય છે. તું જે દર્દ સહન કરે છે તે હું સમજું છું. જેમ તું માર્ગમાં ચાલીશ તેમ દુઃખ આવશે. તું જે સહન કરે છે તે મારે ઓછું કરવું નથી. પણ મારે તને કહેવું જોઇએ કે જો તું પચાસ હજાર ફૂટ ઉંચાઇથી તારૂં જીવન જોઇશ તો જે થઇ રહ્યું છે તે **બધું** સુંદર છે."

"સુંદર? મેં મારા જીવનમાં કેટલું સહન કર્યું છે. મેં મારા જીવનમાં ક્યારેય મુંઝવણ અનુભવી નથી. લાગે છે મારૂં જીવન ગુંચવડા તરફ વધી રહ્યું છે. સારી જગ્યાએ જવાને બદલે."

"આ અત્યારે તારું માનવું છે," જુલીયને કહ્યું. "તારી માનવીય આંખો અત્યારે ગુંચવણ અને મુંઝવણ જુએ છે. પણ તું નવી દષ્ટિ મેળવવાની પદ્ધતિમાંથી પસાર થઇ રહ્યો છે. તું જેમ આગળ વધીશ તેમ તને સમજાશે કે આ બધું તારી જૂની માન્યતાઓ ભૂલવા માટેની એક પ્રક્રિયાના ભાગરૂપ હતું. તારી સાથે જે કંઇ બની રહ્યું છે તે દર્શાવે છે કે તું એક મહાન ઉત્ક્રાંતિના સમયમાંથી પસાર થઇ રહ્યો છે. તું જે જાણે છે તે બધું તારી સમક્ષ આવે છે. અને તારી પહેલાંની જીંદગી સમજવાના અને વર્તવાના બધા રસ્તાઓને તું દોરે છે. અને તું જે હતો તે બધું છોડીને તે તારી જાતને ખાલી કરી દીધી છે અને તારા જીવનમાં નવી વસ્તુઓને દાખલ કરવા જગ્યા કરી દીધી છે. તું નવી ચેતનાને અને નવા રસ્તાઓ જે તને ચલાવે છે તેને માટે જગ્યા કરી રહ્યો છે. હા, અત્યારે બધું ગુંચવડાવાળું લાગે છે. એમ કેવી રીતે ન લાગે? તું જે રીતે તારી જીંદગી જીવ્યો તેનો પાયો જ હચમચી ગયો છે અને તેને તોડી પડાયો છે. પણ મારામાં શ્રધ્ધા રાખ. હું કહું છું કે આજ સુધી તારી સાથે થયેલમાં સૌથી સારું થઇ રહ્યું છે. તારૂં મન જાગૃત થઇ રહ્યું છે. તારૂં હૃદય ખુલી રહ્યું છે. તારી લાગણીઓ શાંત થઇ રહી છે. અને તારો આત્મા પુષ્ટ થઇ રહ્યો છે. મોટી પદવીઓ મોટું બેંક બેલેન્સ અને સુંદર ઓફીસ જે બધા બાહ્ય શક્તિઓ આપે છે તેના

કરતાં કંઇક જૂદું થઇ રહ્યું છે, તું તારા અસ્તિત્વને પાછું ઓળખી રહ્યો છે. પેલી વસ્તુઓ જીવનની ભરતી સાથે આવે અને જાય છે. અને એ વસ્તુઓ જાય તો તારી શક્તિઓ પણ જાય છે. પણ આ અસ્તિત્વની શક્તિ તારી પાસેથી કોઇ લઇ શકે તેમ નથી. મિત્ર તું એને મેળવે છે અને કાયમ માટે તેનો માલિક રહે છે. તેથી આ બધું સુંદર છે. એક વખત તારા દિવસો પર જેનો કાબૂ હતો તેને જવા દે. જેમ કીડો કોશેટો બને છે, તું પણ અંધારામાંથી પસાર થઇ રહ્યો છે અને કંઇક નવા તરફ વળી રહ્યો છે. અને હા, કોશેટામાં અંધારું છે અને ક્યારેક એવું લાગશે કે હવે કોઇ માર્ગ નથી. પણ હકીકતમાં કીડાનું પતંગિયામાં રૂપાંતર થઇ રહ્યું છે. બંધન સ્વતંત્રતામાં ફેરવાઇ જવાનું છે. આંતરિક બદલાવ આવો લાગે છે અને હું તને કહેતા સાંભળું છું કે આ બધું સારું નથી સાધક તરીકેની તારી સફરના આ તબક્કે તારી અંદરની સરકાર જ પહેલાં તારી જીંદગી ચલાવતી હતી તે પલટી ગઇ છે અને નવી સરકાર રચાવા લાગી છે. ક્રાંતિ ધરબાયેલી છે. નવી માન્યતાઓ રચાવા લાગી છે. નવી ધારણાઓ જેથી દુનિયા ચાલે છે તે ઘડાવા લાગી છે. વ્યક્તિગત આધિપત્યની મહાન કબૂલાત થવાની તૈયારીમાં છે. તેને ખબર પડે છે આ બધું કેટલું મૂલ્યવાન છે? જે બની રહ્યું છે તેનો વિરોધ કરવાનું છોડી દે. આપણા જીવનના બદલાવનો સમય ખૂબ સમૃદ્ધ સમય હોય છે. તું ખૂબ સુંદર સ્થળ તરફ જઇ રહ્યો છે. તિમિર ચાલ્યું જશે. પતંગિયું આવે છે."

"ખરેખર?" હું પૂછયા વગર રહી શકયો નહીં.

"કુદરતના નિયમો, જીવનના નિયમો સમજાવે છે," જુલીયન બોલ્યા, "તું એ જાણે છે કીડો કોશેટામાં હમેશ માટે રહી શકતો નથી. **યોગ્ય સમયે પતંગિયું બહાર આવે જ છે.** કુદરતમાં વિશ્વાસ રાખ, તેનો સમય તારા ઘડિયાળ જેવો નથી. હમેશાં એ યાદ રાખ તારું દુઃખ પસાર થઇ જશે. હમેશાં પસાર થઇ જાય છે. અને જેમ કાર્લ જન્ગ કહે છેઃ કોઇ દર્દ વગર ચેતન્યમાં આવતું નથી. ફરી તારી પકડ ઢીલી કર અને મહાન તત્વોને સહજ રીતે ખુલ્લા થવા દે અને બધું સારૂં થશે."

"તમને કેમ ખબર છે કે આ બધું સાચું છે?"

"કારણ, મારી પોતાની જીંદગીને જાગૃત કરવા હું આ રસ્તે ચાલ્યો છું. યાદ કર ટી.એસ. ઇલીયટે શું કહ્યું છેઃ 'ફકત જેઓ ખૂબ જ દૂર જવાનો ખતરો ઉઠાવે કદાચ એ લોકો જ જાણે છે કે ક્યાં સુધી તેઓ જઇ શકે છે.' રહસ્યવાદીઓ જેને આત્માની અંધારી રાત કહે છે તેમાંથી તું પસાર થઇ રહ્યો છે. હું જાણું છું કે તું દરેક વસ્તુમાં પ્રન પૂછે છે. તે સારૂં છે. દરેક વસ્તુ માટે પ્રશ્ન પૂછવો એટલે જે સ્થાપિત સત્યો છે તેને સ્વીકારવા નહીં. તું ટોળાંને અનુસરનારું આંધળું ઘેટું રહ્યો નથી. તું જાગૃત થઇ રહ્યો છે અને વિકસી રહ્યો છે. આ જ નેતાઓ કરે છે. તેઓ હમેશ માટે ટોળાંને છોડીને તેમનો પોતાનો માર્ગ બનાવે છે. મહાત્મા ગાંધીએ ટોળાનું અનુસરણ ન કર્યું. તેમણે પોતાની આગવી દૃષ્ટિ વિકસાવી અને તેને અનુસરવાની હિંમત દર્શાવી શક્યા. હેલન કેલર, એમએલિયા ઇથરહાર્ટ, મધર ટેરેસા, માર્ટીન લ્યુથર કીંગ જુનીયર અને બીજા અનેક નેતાઓ-દેશનેતાઓ અને કલાના નેતાઓ જેવા કે સાલ્વાડોર ડાલી અને પિકાસો. બધાએ એમ જ કર્યું. ડાલી એ રેમબ્રાન્ડ અથવા માઇકલ એન્જેલો જેવા બનવાનો પ્રયત્ન ન કર્યો. તેઓ પોતાની કલ્પનાશક્તિ પર જીવ્યા અને તેમના હૃદયમાં ભરેલી સર્જનાત્મક હોંશિયારી હિંમતપૂર્વક દુનિયાને આપી."

"કેટલું સાચું," મારા હાથ ઉપર બે પતંગિયાં બેસાડતાં મેં હોંકારો ભણ્યો.

"બીજાઓને ખુશ કરવા માટે હવે તું તારી જીંદગી જીવતો નથી અને તેમના વિચારોમાં હા ભણતો નથી કારણકે તું તેમના તિરસ્કારથી ડરતો નથી. તેના બદલે તું તારા હૃદયના કહ્યા મુજબ કાર્ય કરે છે અને માનવ તરીકે દર્શાવી શકાય તેટલો પ્રેમ દુનિયાને આપે છે. તું ખરેખર તારું અસ્તિત્વ ઓળખી રહ્યો છે. તું પતંગિયું બનીને તારું સ્વાતંત્ર્ય મેળવી રહ્યો છે. હું તારા માટે ખૂબ ખુશ છું."

જુલીયને બીજું યોગ્ય રૂપક આપવાનું ચાલુ કર્યું. "જ્યારે શીશુ માના ઉદરમાં જન્મવા માટેની નળીમાં પ્રવેશે છે ત્યારે પુષ્કળ દર્દ થાય છે. પણ મા અને બાળક બંને પ્રયત્ન છોડતા નથી. તેઓ આ સમયે મહેનત ચાલુ રાખે છે. કારણ તેઓ જાણે છે કે પરિણામ ચમત્કારિક હશે. જો તું પસંદગી કરીશ અને તારી ઇચ્છા હશે તો તું પણ ચમત્કાર અનુભવીશ. માનવ તરીકે આપણા પાસે હમેશાં પસંદગી હોય છે. દરેકે દરેક પાસે તે પોતે જાણતો હોય તેના કરતાં વધારે પસંદગીઓ હોય છે. આપણે વિચારીએ છીએ કે જીવન એટલું મર્યાદિત છે કે આપણે જે કરતા હોઇએ તે આપણે કર્યે રાખવું જોઇએ. જે આનો શિકાર બન્યા હોય તે આવી ભાષા વાપરે છે. તમારા સામાજિક વ્યક્તિત્વથી તમારા આંતરિક વ્યક્તિત્વ તરફ તમારે કેટલે દૂર સુધી જવું છે તે હમેશાં તમારા પર આધારિત છે. કેટલાક લોકો આખી જીંદગી સુષુપ્ત રહે છે. અને કયારેય ચેતનાનો માર્ગ અપનાવતા નથી. કેટલાક લોકો ઘર તરફ પગલાં ભરે છે પણ યાદ રાખ બહુ થોડા જાણે છે કે ખરેખર તેઓ કોણ છે. અને મુઠ્ઠીભર સ્ત્રી અને પુરુષોએ ઘર તરફનો રસ્તો કરી સંપૂર્ણ રીતે જાણ્યું કે ખરેખર તેઓ કોણ છે. આ બહાદુર આત્માઓએ તેમના અસ્તિત્વની શક્તિ જાણી જે આપણામાંના દરેકે દરેકમાં છે અને તેઓ દુનિયામાં 'પ્રકાશિત લોકો' તરીકે જાણીતા બન્યા. જો તું ઇચ્છે તો આ લોકો આ ગ્રહ ઉપરના સાચા નેતાઓ હતા. જે આધ્યાત્મિક રીતે મહાન હતા. જે દર્દ તું અત્યારે અનુભવે છે તેનું કારણ છે કે તું જન્મની નળીમાં પ્રવેશી ચૂકયો છે. તું ફરી જન્મ અનુભવી રહ્યો છે. અને યોગ્ય સમયે સંપૂર્ણ નવી વ્યક્તિ જન્મ લેશે. આ બ્રહ્માંડ આપણે તેને સમજી શકીએ તેના કરતાં વધારે હોંશિયાર છે. એક અત્યંત ચાલાક બળ આપણી જીંદગીનું ચાલક છે. આ શક્તિના પરિણામોને અટકાવવા કરતાં ફક્ત તેના પ્રવાહ સાથે વહેવાથી આપણી જીંદગીઓ જેમ બનવાની છે તેવી વધારે ચમત્કારિક બનશે. બધું આપણી રીતે કરવામાં અને સમતોલન જાળવ્યા વગર જબરજસ્તીથી પરિણામો લાવવા કરતાં જેમ થતું હોય તેમ થવા દેવામાં ઘણો કાબૂ હોય છે. જાણી લે કે તું એક બદલાવના સમયમાંથી પસાર થઇ રહ્યો છે અને એ ક્ષણમાં જીવ. એક નિર્ણય કર. તારી સાથે જે થઇ રહ્યું છે તેમાં તું આનંદ અનુભવીશ અને તેની કદર કરીશ કે એ બધું તને ક્યાં લઇ જાય છે. તેને ખરાબ નામ આપ્યા વગર ફક્ત તેનો અનુભવ કર. બધા નિર્ણયો છોડી દે. આ કલ્પનાનો એક ભાગ જ છે. આ સાચું નથી. ટોળાએ આ પ્રકારની વસ્તુઓ 'ખરાબ' છે એમ તને શીખવ્યું છે. શ્રદ્ધા રાખ. જે લાગણીઓ થાય તેમને અનુભવ અને આ પ્રક્રિયાને પૂર્ણ થવા દે. આ સમય દરમ્યાન જ્યારે તું પાછું વાળીને જોઇશ તો તારી સંપૂર્ણ જીંદગીની વ્યાખ્યા કરવાની ક્ષણ છે."

હવે જુલીયને તેની થેલીમાંથી ઘણી વપરાયેલી ચોપડી કાઢી." આ જો, "તેમણે કહ્યું. "આ રૂમીની કેટલીક કવિતાઓ છે. જે મને ખૂબ ગમે છે." તેમણે એક પાના પર વાંચવા માંડયું: **"મેં દુ:ખને એક કપ દર્દ પીતાં જોયો છે. અને બૂમ પાડી. 'આ ઘણું મીઠું છે, એમ નથી લાગતું?' 'તમે મને પકડી પાડયો.' દુ:ખે જવાબ આપ્યો.' અને તમે મારા ધંધાનો નાશ કર્યો. હું દર્દને કેવી રીતે વેચી શકું જ્યારે તમે જાણો છો કે એ આશીર્વાદ છે?** તારું દુ:ખ ખરેખર તો આશીર્વાદ છે. જે તને ઘડીને જાગૃત કરે છે. જેમ તું

પાંચમા સોપાનમાંથી પસાર થાય તેમ મહેરબાની કરીને એ યાદ રાખ."

"ભલે, પણ જુલીયન આમાંથી હું કેમ પાર ઉતરી શકું? મારે તમારી સાથે પ્રામાણિક રહેવું જોઇએ. મને આ બધું છોડી દેવાની ઇચ્છા થાય છે. આગળ કોને સાંભળવું તેની મને સમજણ પડતી નથી. મારા મિત્રો અને સહકાર્યકર્તાઓ બીજી દુનિયાના છે. મારામાંનો એક ભાગ જાણે છે કે તેઓ ટોળાંમાંના છે. અને તેમની માન્યતાઓ કાલ્પનિક છે. પણ તેઓ માને છે, કહે છે તે ન માનવાનું ખૂબ મુશ્કેલ છે. હું ધારૂં છું કે હું એમ કહેવા માંગું છું કે હું જે રીતે દુનિયાને જાણતો હતો તે જુઠ્ઠાણું છે તે, ઘણી વખત યાદ રાખવું મુશ્કેલ છે અને માનવ તરીકે કાર્ય કરવા માટે એક સંપૂર્ણ નવો અને સચ્ચાઇવાળો માર્ગ પણ છે. મને લાગે છે કે હું બે દુનિયા વચ્ચે સપડાઇ ગયો છું. હું મારી જાતને સવાલ પૂછતો અનુભવું છું કે તમે મને જે કહો છો તે ખરેખર સત્ય છે. હું તમારી પ્રામાણિકતા અને એકરૂપતાનો જરાપણ સંશય કરતો નથી. તે હું કહેતો નથી, જુલીયન પણ મને ખ્યાલ આવે છે કે જો તમે ખોટા હોવ તો શું? હું મારી જીંદગીને અમસ્તી જ ખરાબ બનાવી રહ્યો છું. તો શું? અને મારા માટે વધારે ગુંચવણો ઉભી કરૂં છું તો શું?"

"અદ્‌ભૂત કાર્ય, મિત્ર. તારા ડરને તું જેટલો વધારે શબ્દોમાં મૂકીશ તેટલો ડર તારા મનમાંથી જતો રહેશે. આના વિષે તું વધારે બોલીશ તો ગુપ્ત પડછાયા વધારે પ્રકાશમાં આવશે. જ્યાં તું તેમની ચકાસણી કરીને મુક્ત થઇ શકીશ. તારો સત્ય બોલવા બદલ આભાર. આમ ઘણાં થોડા લોકો કરી શકે છે. યાદ રાખ, પોતાના ડર વિષે વાત કરીને તેને ખુલ્લા કરવા એ ઘણું ખરું એવું છે કે તમારા ઘરના ભોંયરામાં રાક્ષસ રહેતો હોય તેને ઉપર રસોડામાં ચા પીવાનું આમંત્રણ આપવું. આ રાક્ષસ જ્યારે તમારી જાગૃતિના પ્રકાશમાં આવે છે ત્યારે ઓગળવા લાગે છે. જે એક વખત તમારા અચેતન મનના ખૂણામાં છૂપાયેલું હતું તે હવે તમારા સચેતન મનની સપાટી પર આવે છે જ્યાં તમે તેનું પરિક્ષણ અને સંશોધન કરી તમે ઇચ્છો તેવી યોગ્ય પસંદગી કરી શકો છો. મોટા ભાગના ડરો કાલ્પનિક હોય છે. હવે તે તું જાણે છે અને છતાં તે આપણી જીંદગી પર હાવી હોય છે. તે આપણને નાના બનાવી દે છે. તે આપણને બાંધી રાખે છે અને આપણી જીંદગીને શકયતાઓથી ભરવાને બદલે મર્યાદિત બનાવે છે. હું એટલું જ કહેવા માંગું છું કે તું મારામાં શ્રદ્ધા રાખજે. **પ્રભાત થતાં પહેલાં હમેશાં સૌથી વધારે અંધારું હોય છે. દરેકના જીવનમાં એવો સમય આવે છે કે માણસે કુશાગ્ર થઇને મોટા નિર્ણયો લેવા પડે છે. દરેક સાધક માટે એવો સમય આવે છે જયારે તે જાણે છે કે જો તે ખતરો ઉઠાવવા તૈયાર નહીં થાય તો જીંદગી ભર મધ્યમ કક્ષાનું જીવન જીવવું પડશે તેવી તેને ઊંડે ઊંડે જાણ હોય છે. પણ એક મોટું ડગલું ભરવાથી, જો કે તે ઘણા ડર અને હિંમતથી ભરેલું હોય છે, તે એક નવા પ્રદેશમાં સફર કરી શકશે. જે પ્રદેશ, શક્તિઓનો, આનંદનો અને સ્વતંત્ર્યતાનો છે. તારા અંદર ઊંડે ઉતર અને તારા અંતરાત્માના અવાજને સાંભળ. પછી તેના માર્ગદર્શનમાં શ્રદ્ધા રાખ. 'જીવન દરેકની હિંમતના સમપ્રમાણમાં વિકસે છે કે સંકોચ પામે છે.' એનૈસ નીનને લખ્યું છે."**

"જુલીયન તમને ખબર છે? આજકાલ કોઇ પ્રકારનો અંદરનો અવાજ મોટો થતો હું સાંભળું છું. આ એક બીજો બદલાવ છે. પહેલાં હું ફક્ત તમારા ડહાપણના માર્ગદર્શન હેઠળ હતો. તમારા શિક્ષણે મને આ તબક્કે પહોંચાડયો છે. એ લગભગ એવું હતું કે મારું અંદરનું ડહાપણ અને મારું વ્યક્તિગત સત્ય હું જાણી શકતો નહોતો. પણ હવે તે બદલાવની શરૂઆત થઇ છે હવે હું એવું વિચારી શકું છું."

"બહુ સારી રીતે કહ્યું, મિત્ર આ બીજું એક કારણ છે કે શા માટે તમારે વાર્તાલાપ

કરવો જોઇએ. જે ફક્ત તમારી સાથે જ નહીં પણ જે લોકો તમે જે માર્ગ પર જઇ રહ્યા હોવ તે માર્ગ પર ચાલતા હોય તેમની સાથે પણ વાર્તાલાપ કરવો જોઇએ અને આજે એવા ઘણા લોકો છે. જેમ મેં હમણાં કહ્યું તેમ વાર્તાલાપ તમારી સંમતિને દઢ બનાવે છે. તમારે જે બનવું હોય તે માટે જેમ તમે વધારે વાતચીત કરો તેમ તમારે જે કરવું છે તે કરવા માટે વધારે યોગ્ય બનો છો."

જુલીયન પતંગિયાં સાથે રમવા લાગ્યા. તેમની અંદરનો બાળક હજી જીવંત અને તંદુરસ્ત હતો. પતંગિયાં પણ તેમના હાથ અને ખભા પર આરામ કરતા તેમને પ્રેમ કરતાં હોય એમ લાગતું હતું. હું તેમને જોડાઇ ગયો. અમે બંને શાળાના મેદાનમાં મસ્તી કરતા બાળકો જેવા લાગતા હતા જેઓ તે ક્ષણમાં પૂર્ણ જીવંત હતા અને સ્વ-ચેતના અથવા નિવૃત્તિથી મુક્ત. કદાચ ભૂતકાળમાં હું જીવન ખૂબ ગંભીરતાથી લેતો હતો. કદાચ મારા જીવનનો આ ખૂબ મહત્વનો અને સમૃદ્ધ સમય હતો. આ બધું ખૂબ મહત્વનું હતું તે મારા શરીરમાં મને અનુભવાયું. હું જાણતો હતો કે આ સચ્ચાઇ માટે મેં વધારે ઊંડા પ્રત્યાઘાતો આપ્યા. મારા મનના વક્તાને આનાથી કંઇ જુદું કહેવું હતું. પણ જુલીયન સાચા હતાઃ ઘણી વખત તે વક્તાના ડરનો અવાજ જ હોય છે. માથું મર્યાદિત કરે છે. હૃદય મુક્ત કરે છે. બીજા બધાં કરતાં મારે મારા જીવનમાં નેતાની જેમ રમવું હતું. મારા બાકીના દિવસો માટે મારે પૂર્ણતા દર્શાવી અને મોટી રમત રમવી હતી. મારે મારી મર્યાદાઓ તોડવી હતી અને ફરી ઘર તરફની સફર કરવી હતી. મારે હું ખરેખર કોણ છું તે સ્થાપિત કરી, યાદ રાખી ને જાણવું હતું. બધાં પક્ષે જે મને બાંધતા હતા કારણ મેં મર્યાદિત માન્યતાઓ ધારણાઓ અને ડરો મારી આજુબાજુની દુનિયાના પકડી રાખ્યા હતા. મારામાંથી મહાનતા બહાર આવી રહી હતી.

શબ્દોમાં કહું તો અમે ખરેખર કોણ છીએ તે માટે ડરતા હતા. અમે અમારા પ્રકાશથી ડરતા હતા. અમે અમારી તેજસ્વીતાથી ડરતા હતા. અમે અમારી સર્વોચ્ચ શકયતાઓથી ડરતા હતા. અમે સીધા ઉભા રહીને અમારા પ્રકાશને દુનિયાને આપવાથી ડરતા હતા. મહાન ભેટથી મહાન જવાબદારી આવે છે. મારું ધારવું છે કે મોટાભાગના માણસોને તેમને મળેલી ભેટ તરફ જોવું હોતું નથી. કારણ તે ભેટોએ આપેલી જવાબદારી સાથે તેમને કાર્ય કરવું નથી. ડર વગર જીવીને દુનિયાને કંઇક આપી જવાની જવાબદારી છે. અને આમ કરતા તેઓ તેમની મહાનતાથી ટૂંકા થઇ જાય છે. હું પ્રતિજ્ઞા કરું છું કે હું મારી સાથે આવું થવા દઇશ નહીં.

પ્રાણીઘરમાં જુલીયન સાથેની મારી મુલાકાત પછીના દિવસોમાં વધારે ને વધારે અનુભવનો મને અહેસાસ થયો. દરેક ચીજનો કેટલો બધો અર્થ હતો. **આ સત્ય અને સ્વ-જાગૃતિના માર્ગ પર ધીરજની જરૂર હતી.** હું જે જાણવા માંગતો હતો તે બધું મારી જીંદગીમાં એકસાથે થયું હોત તો મારા જીવનની સફર માટે કંઇ બચ્યું ન હોત. મને સમજાયું કે આપણા જીવનનું એકમાત્ર કારણ એ જ છે કે આખી જીંદગી આપણે આપણા મૂળને શોધવામાં ખર્ચી નાંખીએ અને એ એક સફર છે. પણ ઘણાં જવાબો મળવા લાગ્યા હતા. મેં નોંધ્યું છે કે એ જવાબો ત્યારે જ મળે છે, જ્યારે હું તેમને સ્વીકારવા તૈયાર હોઉં. જે સવાલ માટે હું લડતો હોઉં તેનો જવાબ લગભગ જીવનના એક ભાગ રૂપે મળી જતો હતો. જેમ મેં મારું અંતઃકરણ શુદ્ધ કર્યું કે બધા ઉકેલ અને વિકાસ મને મળતા ગયા. જેમ હું મારી અંદર ઊંડો ઉતરતો ગયો તેમ મારી બહારની દુનિયા બદલાતી ગઇ.

મારી જૂની દુનિયામાં મેં વિચાર્યું હતું કે મારી મુક્તિ અને આનંદ બાહ્ય વસ્તુઓમાં કેન્દ્રિત છે. બીજા શબ્દોમાં કહું તો હું માનતો હતો કે ખૂબ ખર્ચાળ કાર અથવા અત્યંત વૈભવી કપડાં મને અંદરથી સારી લાગણી કરાવશે. પણ જેમ જુલીયન સાથે મેં વધારે સમય પસાર કર્યો. તેમ હું શીખ્યો કે આનંદ એ આંતરિક તનાવ છે. એ વધારે સંપત્તિ-સમૃદ્ધિ પાછળ દોડવામાં નથી પણ સ્વ-સમૃદ્ધિનું ખેડાણ કરવામાં છે. એ વધારે પૈસા હોય તેમાં નથી પણ તે વધારે અર્થપૂર્ણ થવામાં છે. અને એ સફળ થવામાં નથી પણ માનવ જે દુનિયામાં કાયમી મૂલ્યો ખરા અર્થમાં શોધે છે તેમાં છે. આથી મને લાગે છે કે કુદરતી રીતે જ બધા રહસ્યો ખુલ્લા થાય છે. જેમ કે મને ઉચ્ચ હોંશિયારી ઘેરી રહી છે. હું હમેશાં જીવન સાથે બાખડયો છું. હું જાણું છું કે આ બધું કબજે કરવા માટે છે. હવે હું જુદી રીતે જીવું છું: હું જીવનને મને દોરવા દઉં છું. આનો મતલબ એ નથી કે હું જવાબદારીપૂર્વક વર્તતો નથી. જીવનમાં દરેક વસ્તુનું નાજુક સમતોલન હોય છે. હજી પણ હું લક્ષ બનાવું છું અને જરૂરી બધાં કાર્યો કરું છું અને વાસ્તવિકતાથી કાર્ય કરું છું. પણ જીવનને અવરોધવા કરતાં હું આરામમાં હોઉં છું. હું વધારે શરણાગતિ સ્વીકારું છું. મેં મારાથી બનતો ઉત્તમ પ્રયત્ન કર્યો હવે બાકીનું જીંદગીને કરવા દો. મારાથી બનતું ઉત્તમ કર્યા પછી પણ કંઇક યોગ્ય ન થયું હોય તો મને લાગે છે કે તે કાર્ય આમ થવા જ નિર્માયું છે. અને મારા વ્યક્તિગત વિકાસમાં કંઇક વધારે સંપૂર્ણ કાર્ય તેની જાતે ઉપસ્થિત થાય છે. જ્યારે એક દરવાજો બંધ થાય તો બીજો હમેશાં ખૂલી જાય છે અને દરેક અંત એ ખરેખર નવી શરૂઆત છે.

મેં કાર્યો કરવામાં અને થવા દેવામાં એક સમતોલન પ્રાપ્ત કર્યું છે. મેં કરવામાં અને થવામાં સમતોલન મેળવ્યું છે. મેં મારી બુદ્ધિનો ઉપયોગ કરવામાં અને મારા હૃદયને સાંભળવામાં સમતોલન પ્રાપ્ત કર્યું છે. એ જ મારું જીવન છે. છેવટે, હું ધારું છું કે મેં પૃથ્વી અને સ્વર્ગ વચ્ચે સમતોલન પ્રાપ્ત કરવાનું શરૂ કર્યું છે.

પ્રકરણ : ૯

સાધકની પરીક્ષા લેવાય છે

જો તમારામાં કંઇ સારું હશે તો તમે પહેલી વખત પ્રયત્ન કરશો ત્યારે તે દેખાશે નહીં. કોઇપણ કાર્ય અને પ્રયત્ન વગર તે સરળતાથી તમારી પાસે આવશે નહીં.

- રાલ્ફ વાલ્ડો ઇમરસન

જુલીયનને પ્રાણીઘરમાં મળ્યાના ચાર અઠવાડિયામાં ઘણાં આશીર્વાદ મારી જીંદગી ઉપર વરસ્યા હતા. મારા બાળકો જેમને હું દર અઠવાડિયે મળતો હતો તેમની સાથેના મારા સંબંધો વધારે ખુલ્લા અને પ્રેમાળ બન્યા હતા. જુલીયનને મળ્યા પહેલાના મારા જીવનમાં ક્યારેય ન હોય એ ધીરજની કક્ષાએ મેં તેમને સાંભળવાનું શરૂ કર્યું. જેથી અમારી વચ્ચે પ્રેમનું બંધન ક્યારેય ન વિકસ્યું હોય તેટલું વધ્યું. તેઓએ મને કહ્યું કે તેમણે અત્યાર સુધી મને ઓળખ્યો છે તેના કરતાં હું વધારે રમતિયાળ અને ઘણી કાળજી કરતો અને આરામમાં હોઉં એમ લાગતું હતું. મેં હમેશાં જેવા પિતા બનવાની ઇચ્છા રાખી હતી તેવો છેવટે હું બની રહ્યો હતો.

આમ, સ્વની શોધ અને વ્યક્તિગત બદલાવના વર્ગોમાં જતાં હું એક સાંજે અમારા પ્રાદેશિક વાચનાલયમાં એક પ્રેમાળ અને બુદ્ધિશાળી સાંધાના ડોકટર શાશાને મળ્યો. મેં ક્યારેય વિચાર્યું નહોતું કે હું સ્ત્રી માટે આ રીતે અનુભવી શકું પણ હું તેના પ્રેમમાં પડયો. તે એટલી શાંત અને અનુભવી હતી. એટલી ડાહી, પ્રેમાળ અને હસમુખી હતી. તે મને મળી ત્યારે હું જાણી ગયો કે બાકીની જીંદગીના દિવસો સાથે જીવવાનું અમારું પ્રારબ્ધ છે. આ એક મારી લાગણી હતી. અને મારા આવતા દિવસોમાં આના ઉપર મેં ઘણું ધ્યાન આપવાનો નિશ્ચય કર્યો.

જુલીયનના શિક્ષણ અને તેના 'પવિત્ર સમય' નામના તત્વનો આભાર કારણ મારા અંદરની દુનિયાનું નવસર્જન થયું હતું. પહેલી જાગૃતિ તરફ આગળ વિકાસ કરવા અને મારા ડહાપણના પાયાને મજબૂત કરવા મેં ઘણાં પુસ્તકો વાંચ્યા. જે યોગ્ય જીવનનું તત્વજ્ઞાન હું અનુસરવા માંગતો હતો તેને માટે મેં દરરોજ લેખો લખવા માંડયા. જુલીયનની સલાહનો આભાર કે મેં નક્કી કર્યું કે બીજાઓને મારા માટે વિચારવા દેવા કરતાં હું મારું પોતાનું વિચારીશ. કોઇ બીજા મને કહે તેમ જીવવાનો મેં સદંતર વિરોધ કર્યો. જે જીવન મને જીવવા માટે ટોળાએ વિકસાવ્યો હતો. પણ મનની જાગૃતિ એ ફક્ત ૨૫ ટકા જ

પૂર્ણતા માટે અને એકરૂપતાની તિરાડ ભરવા માટે જોઇતા હતા, તેથી શરીરની માવજત, મારી લાગણીઓની સરભરા અને મારા આત્માની કાળજી લેવા પર પણ મેં ધ્યાન કેન્દ્રિત કર્યું. અઠવાડિયામાં ચાર દિવસ હું યોગા કલાસમાં જતો હતો. અઠવાડિયાના ત્રણ દિવસ હું બાજુ પર બેસીને ધ્યાનથી મારી લાગણીઓ સંભાળતો અને મારા ક્રોધને દાબમાં રાખવાની પ્રક્રિયા અને દુઃખ ને સમજવાની પ્રક્રિયા મેં વિકસાવી હતી તેથી અજાણતાં પણ હું જેમ વિચારું છું, અનુભવું છું અને વર્તું છું તેના ઉપર અસર ન થાય. અને દરરોજ મારા આત્માને જગાડવા હું કંઇક કરતો પછી ભલે તે ગમે તેટલું નાનું કામ હોય. કેટલાક દિવસ મેં પ્રાર્થના કરી. મારા પવિત્ર કલાકના ભાગ રૂપે બીજા કેટલાક દિવસ હું બગીચામાં જઇને બેસતો અને ફક્ત ગુલાબની સુગંધ માણતો અથવા મારા ચહેરા પર સૂર્ય કિરણોનો અનુભવ કરતો. અને, હા, મારી જાત પ્રત્યે સાચા રહેવાના નિર્ણયને હું વળગી રહ્યો હતો. મને અધિકારીની લાગણી કરાવે તેવાં મૂલ્યો હું જીવતો રહ્યો અને મારી ચેતનાથી આગળ વધીને ટોળું મને ખેંચે તે મેં થવા ન દીધું.

મારી ઉત્તમ જીંદગીને જાગૃત કરવા એવું લાગતું હતું કે મેં ખૂબ સમય અને શક્તિ કદાચ ખર્ચી નાંખ્યા છે. હકીકત એ છે કે મારા પૂર્વ અવતારમાં જે સમયમાં ટીવી જોવાથી માંડીને વધારે ઊંઘવા જેવી નુકસાન પહોંચાડે તેવી પ્રવૃત્તિમાં જે સમય મેં વેડફયો હોત તે સમય મેં મારા આંતરિક કાર્યો માટે ઉછીનો લઇ લીધો. હું પહેલાં ક્યારેય નહોતો તેટલો સ્પષ્ટ હતો કે આ બધું કરવામાં હું આટલો સમય પસાર કરતો હતો કારણ હું દુઃખી હતો. મારું દુઃખ એ હતું કે જે અસામાન્ય સુંદર અને પૂર્ણ જીંદગી જીવવાનું મારું પ્રારબ્ધ હતું તે ન જીવીને હું મારી જાતને છેતરી રહ્યો હતો. જ્યાં સુધી મેં મારી જાતને જાણવાની અને વધતી જાગરુકતાથી મારી અંદર શું થઇ રહ્યું છે તે ન જાણ્યું ત્યાં સુધી મને ખ્યાલ નહોતો કે મેં જીવી તેવી જીંદગી મેં શા માટે જીવી. વધારે વિચાર્યા વગર હું ફક્ત ટોળાંને અનુસરતો રહ્યો. હું ખોટી જીંદગી જીવતાં પકડાઇ ગયો. હું કલ્પનામાં જકડાઇ ગયો હતો. અને તે મને મારી નાંખે તેવું દર્દ આપતું હતું. “કેટલા બધાં લોકો તેમની રોજીંદી ટેવોમાં બંધાયેલાં છેઃ થોડાં અભાન, થોડાં ડરથી, થોડાંને ફરક પડતો નથી? કે તેમને સારી જીંદગી હોય, આપણે કેવી રીતે જીવીએ છીએ તેમાં આપણે પસંદગી કરવી જોઇએ.” એમ આલ્બર્ટ આઇનસ્ટાઇને કહ્યું છે.

જીવન જીવવા માટે આનંદ બની ગયું. મેં ક્યારેય ન અનુભવી હોય તેવી તાજગી અનુભવી. મારા બધા મિત્રોએ મને કહ્યું કે હું દસ વર્ષ નાનો લાગું છું. હું બધા માનવો સાથે એકત્વ અનુભવવા લાગ્યો. મારી મહાન માનવ બનવાની ઇચ્છા અને આત્મવિશ્વાસ વધવાં લાગ્યાં. મારો ધંધો વધ્યો. હું ધારું છું કે જુલીયને ઘણીવાર કહ્યું છે તે સાચું છેઃ “આપણે આપણા જીવનમાં આપણે શું જોઇએ છીએ એટલું જ નહીં પણ આપણે કોણ છીએ તે પણ જાણવાનું છે.” જેમ હું વધારે પ્રેમાળ, ડાહ્યો અને અધિકૃત બન્યો તેમ આ અનંત બુદ્ધિશાળી દુનિયા મારી નજીક આવી અને મારી પાંખોમાં પવન ભરાયો.

જુલીયને મને તેમની વ્યક્તિગત પુસ્તકોની પ્રત ધ સેન્ટ, ધ સર્ફર એન્ડ ધ સીઇઓ અને હોટલના રૂમના ખૂણામાં પડેલી ધ ક્યુ આપી હતી. એક વાર્તા જેમાં એક માણસ તેનું મહાન જીવન શોધવા માટે લાંબી સફર ખેડે છે, પુસ્તકમાં ત્રણ ખાસ ગુરુ તેના જીવનના મહાન પાઠ ભણાવે છે. જે તેને આમૂલન બદલાવ લાવવામાં મદદ કરે છે. આ એક અદ્‌ભૂત પ્રેરણાદાયક વાંચન છે અને એમાં રહેલા પ્રશ્નો મને ગમે છે. હું વિચારી શકું છું કે એ પુસ્તકે જુલીયન સાથે કઇ રીતે વાત કરી હશે. મારા જીવનના આ સમયે તેમાં અંતે આપેલું એક વાકય મારા માટે દરરોજ વાંચવાનું વિધાન બની ગયું. તેને મેં મારા બાથરૂમના

દર્પણ ઉપર એરીસ્ટોટલના મેં કહેલા વિધાન સાથે ચીટકાવ્યું છે અને તે હું દરરોજ સવારે મોટેથી વાંચું છું. આ શબ્દો હેન્રી ફ્રેડરીક એમીયલના છે જે નીચે મુજબ છે:

જીવનની પ્રક્રિયા આત્માને જન્મ આપવાની છે.
આ જ સૌથી મોટું રસાયણ છે,
આ જ આપણી પૃથ્વી પર હોવાપણાની સફળતા છે.
આ જ આપણું ધ્યેય છે અને આપણી સમૃદ્ધિ પણ છે.

આ સમય દરમ્યાન બીજી ચોપડીઓ મેં વાંચી જેથી હું ઊંડે ઉતરતાં શીખ્યો અને દુનિયામાં વધારે તેજસ્વીતાથી ચમકવા લાગ્યો, તે પુસ્તકો છે **હોપ ફોર ધ ફ્લાવર્સ** બાય ટ્રીના પોઉલસ, **સિધ્ધાર્થા** બાય હર્મન હસી, **સીન્ક્રોનીસીટી** બાય જોસેફ જોવોસકી, **સેકર્ડ હુપ્સ** બાય ફીલ જેકસન અને અદ્ભૂત નાનું પુસ્તક જેને છોડવાનું મન ન થાય તે **ધ ગો ગેટર** બાય પીટર બી. કેઇન મહાન પુસ્તકોની મારી જાતથી ઓળખાણ કરાવવાની શક્તિ વિષે મેં ક્યારેય વિચાર્યું નહોતું.

આ મહાન સમય આત્મ-સંશોધન અને વ્યક્તિગત વિકાસનો હતો મેં મારો ઘણો સમય જુલીયને મને શીખવેલી પ્રક્રિયા સંપૂર્ણ સમજવામાં પણ આપ્યો. હું સમજયો કે સ્વ-જાગૃતિનાં સાત સોપાન એ એક વૈભવી સૂત્ર છે જે માર્ગ પર દરેક સાધકે પોતાનાં અંતકરણ તરફ અને જાતને ઓળખવા માટેની સફર કરવી જ પડે. જુદી જુદી સંસ્કૃતિના વિચારો આથી ભેગા મળ્યા અને જુદા જુદા રહસ્યવાદીઓ પણ, કે શા માટે આપણે પૃથ્વી પર છીએ અને આપણી જીંદગી સાદી અને સહેલાઇથી સમજી શકાય તેવી બનાવી છે. જુલીયને વર્ણવેલી સફર, સત્ય અને પ્રકાશની સફર હતી, પ્રાણીમાત્રની ઉત્ક્રાંતિથી માનવ બે પ્રશ્નના ઉકેલ શોધે છે. મને એ પણ સમજાયું કે જુલીયન મને થોડાં મહિનાઓથી જે પ્રક્રિયામાંથી લઇ આવ્યા હતા અને જે દશ્યો દરેક સોપાન વખતે ગોઠવતા હતા તે મને સમજવામાં મદદ કરતા હતા, મારા જીવનના જે માર્ગમાંથી હું પસાર થતો હતો. તે માટેના સાત સોપાનનો સહજ અનુભવ મેં કર્યો હતો. આ સ્વ-જાગૃતિ અને આધિપત્યના માર્ગ પર જ્યાં સુધી હું ચાલવા તૈયાર હતો અને આ રસ્તાને હું વફાદાર હતો. જેમ તેમણે એક વખત કહેલું: "દરેક સાધકે આ સ્વ-જાગૃતિની પ્રક્રિયાના સાત સોપાન ચઢવા જ રહ્યા કારણ તે એવા ઘર તરફ જઇ રહ્યો છે જ્યાં તેનું હૃદય હમેશાં તેને લઇ જવા માંગતું હતું." અને થોડા મહિનાઓ કરતાં હકીકતમાં આખું જીવન પણ આ સફર પૂર્ણ કરવામાં લાગી શકે. એમ જુલીયને સમજાવ્યું. વાસ્તવિકતામાં આ ઘર તરફની સફર જેણે શરૂ કરી હોય તે બધા તેમનું ધ્યેય પૂરું કરી શકતા નથી. મોટાભાગે પૂરું થતું નથી. પણ દરેક દિવસે આપણને આપણા આદર્શ તરફ થોડા વધારે નજીક જવાની તક મળે છે. અને આપણે જે બનવા નિર્માયા છીએ તેવા વધારે બનીએ છીએ. સચેત સફરની દરેક ક્ષણે સોનાના બુદ્ધના વધારે પડો ઉખળતાં જાય છે અને આપણા અંદરના કાદવ રૂપી આપણા ડરો, મર્યાદિત માન્યતાઓ અને ખોટી ધારણાઓ ધોવાતાં આપણા અંદરના બુદ્ધ ચમકતા જાય છે. જુલીયને આ પ્રક્રિયા સાદાઇથી પૂરી કરી કારણ તે મને જલ્દીથી સમજાઇ જાય. તેઓ મને સ્પષ્ટ અને શક્તિશાળી ચોગઠામાં આધ્યાત્મનો માર્ગ આપવાનો પ્રયત્ન કરતા હતા. તેઓ આપી શકે તેટલાં મૂલ્યો આપવાનો પ્રયત્ન કરતા હતા અને તેમની પાસે જે મર્યાદિત સમય હતો તેમાં થઇ શકે તેટલી મદદ કરતા હતા.

મને સમજાયું કે જુલીયન આખી દુનિયાના ઘણાં લોકોને સેવા આપવા માંગતા હતા.

અને હું જાણતો હતો કે તેમણે તેમના આગલા કાર્યમાં જોડાવું જરૂરી હતું. હું વારંવાર તેમનો આભાર માનતો હતો કે તેમણે મને ગોતી કાઢયો, મારા જીવનને બદલવામાં મને મદદ કરી અને તેમાં કોઇ સંશય નહોતો. તેઓ મારા પિતાના વફાદાર મિત્ર હતા અને મેં તેમને હમેશાં એમ કહ્યું હતું. આથી તેઓ ખુશ થતા. "મિત્રતા મારા માટે અમૂલ્ય રીતે મહત્વની છે. ડેર, હું મારા મિત્રને અમૂલ્ય ગણું છું અને તેમને પ્રેમ કરું છું. તારા પિતા સરસ માણસ હતા. મને તને મદદ કરતાં આનંદ થયો અને તે કેવી રીતે તે હું જ જાણું છું."

હમણાં જ જુલીયને મને કહ્યું હતું કે તેઓ ગ્લોબલ પીસ મુવમેન્ટમાં જોડાવા માંગે છે અને તેઓ જુદા જુદા તરીકા શોધતા હતા કે જેથી એમાં એ ઉપયોગી થઇ પડે. ઘણાં રાજકીય નેતાઓ તેમના કાર્યને અને તેમના સંદેશાથી વાકેફ બન્યા હતા અને જુલીયને કહ્યું કે તેમનાથી બનતી બધી મદદ કરવાની તક તેઓ ઝડપી લેશે. તેમને ખૂબ તીવ્ર લાગણી હતી કે તેમના ડહાપણ અને તત્વચિંતનથી દુનિયાના ઘણાં ભાગોમાં ઝઘડા વિશેષતઃ ઓછા થયા હતા જેવા કે મધ્ય પૂર્વના દેશો અને નેધરલેન્ડ વગેરે. હું આ કબૂલ કરું છું અને જુલીયન દુનિયાના તક્તા પર રાજનીતિજ્ઞ તરીકે ઉપસી આવે અને ઘણાં પ્રેસીડેન્ટ અને વડાપ્રધાનને તેમનાં હૃદય પરિવર્તન અને તેમનામાંના ઉત્તમને શોધવાથી લડાઇનો અંત થાય છે તે સમજાય, જેમાં બધાંનો વિજય થાય જેને 'વીન-વીન' અભિયાન કહે છે અને દુનિયા પ્રેમથી ભરેલી જગ્યા બની જાય. "દુનિયામાંથી ધિક્કારને દૂર કરવા માટે આપણે આપણામાં રહેલી કોઇ પણ પ્રકારની 'ધિક્કાર' ની લાગણી દૂર કરવી જોઇએ." જ્યારે જુલીયન અને હું ટેલિફોન પર વાત કરતાં હતાં ત્યારે તેમણે કહ્યું હતું હું જાણતો હતો કે આ સત્યની રક્ષા કરવા માટે તેઓ ગોળી પણ જીલી શકે તેમ હતા.

ઘણાં મહિનાઓ પહેલાં એક ફીલ્મ નિર્માતાએ તેમને શોધી કાઢયા હતા તે રહસ્ય પણ તેમણે મને કહ્યું હતું. તેમને કહેવામાં આવ્યું હતું કે તેમના જીવન અને તેઓ દુનિયા બદલવા જે કહેતા હતા તેના ઉપર એક મુવી બનાવવામાં આવશે. જુલીયન માટે ઘણાં મહાન રસ્તાઓ ખુલી રહ્યા હતા. હું જાણતો હતો કે ધ્યાન ખેંચવા માટે તેમને કંઇ કર્યું નથી અને તેમણે જે કર્યું છે તે પવિત્ર હતું અને મનથી કર્યું છે. પણ હું જુલીયન જાણીતા થતા હતા એ માટે ખુશ હતો કારણ તેઓ એને યોગ્ય હતા. તેઓ દુનિયાના ખરા અર્થમાં સારા વિચારો પ્રસરાવનાર હતા. તેઓ આ ગ્રહ પર જરૂરી એવા સારા સમાચારો પ્રસરાવનાર હતા.

મારે જુલીયનને કોર્ટમાં સવારે ૯ વાગ્યે મળવાનું કહ્યું હતું. તેમણે મને કહ્યું હતું કે મારા માટે ખાસ શિક્ષણનું આયોજન કરવામાં આવ્યું હતું. મારું આગલું શિક્ષણ ન ભૂલી શકાય એ રીતે મારા જીવનમાં આવવાનું હતું.

જેવો હું કોર્ટના કોંક્રીટના પગથિયાં ચઢતો હતો તેવો એક પોલીસ ઓફીસર મારી સામે ધસી આવ્યો. જ્યારે તે મારું નામ જાણતો હતો ત્યારે મને આશ્ચર્ય થયું.

"મી. સેન્ડરસન?"

"હં, હા," આ બધું શું છે તેને માટે આશ્ચર્ય અનુભવતાં મેં કહ્યું. "શું ચાલી રહ્યું છે?"

"ફક્ત મારી સાથે આવો. મારું નામ ઓફીસર પેરેઝ છે અને મને આ બિલ્ડિંગમાં તમારી સાથે રહેવાનું કહેવામાં આવ્યું છે. હું બીજું કંઇ કહી શકું તેમ નથી. મેં ગુપ્તતાના

સોગંદ લીધા છે."

મારામાં એક એવી લાગણી હતી કે આ બધા પાછળ જુલીયન છે. પણ બીજી બાજુ હું થોડો ચિંતિત થઇ ગયો. પોલીસ ઓફીસર ઘણો ગંભીર લાગતો હતો. હા, હું સારો હતો, કાયદાથી બંધાયેલો નાગરિક જેને પોતાના ધંધા સાથે લેવા દેવા હતી અને મુશ્કેલીઓથી દૂર રહું છું, આ પોલીસને મારી પાસેથી શું જોઇએ છે?

ઓફીસર પેરેઝ મને એક હોલ તરફ લઇ ગયા જેના ઉપર ન્યાયાધીશોના કાયદાકીય પહેરવેશના ફોટાઓ હતા. તે સંપૂર્ણ શાંત અને ઓફીશીયલ હતા. હું તેના એક કે બે પગલાં પાછળ ચાલતો હતો. હું અત્યાર સુધી કોર્ટમાં ગયો નહોતો તેથી આખા વાતાવરણથી હું પ્રભાવિત થયો. હું આજની ટેલિવિઝન સ્ક્રીન પર કાયદાકીય નાટકો માણતો હતો. મારી મા મને વકીલ બનાવવા માંગતી હતી.

"આપણે પહોંચી ગયા મી. સેન્ડરસન. તમારો દિવસ સારો જાય, સાહેબ" તેણે આછા સ્મિત સાથે કહ્યું

હું છ નંબરની કોર્ટમાં હતો અને હવે બે લાકડાના મોટા દરવાજા પાસે ઉભો હતો. બિલ્ડિંગમાં દ્રાક્ષાસવ જેવી વાસ આવતી હતી. અને ઘણાં વરસની અવરજવરથી પાથરણાં બદલાવાની તાતી જરૂર હતી. ત્યાં આજુબાજુમાં કોઇ નહોતું. મેં દરવાજો ખોલ્યો અને રૂમમાં પ્રવેશ્યો, ત્યારે મને ખ્યાલ નહોતો કે શેની અપેક્ષા રાખવી. મારું હૃદય જોરથી ધડકતું હતું.

બે માણસ સિવાય કોર્ટનો રૂમ ખાલી હતો. અંધારી ગુફા જેવી જગ્યાની આગળ એક મોટી ઉંમરના ન્યાયાધીશ પાટલી પાછળ બેઠા હતા. અને તેમની સામે એક ઊંચા વકીલ ભૂખરા રંગના વ્યવસ્થિત સુટમાં મારી તરફ પીઠ કરીને ઉભા હતા. ખૂબ ઉચ્ચ ગુણવત્તાના સુટનું પ્રદર્શન થતું હતું. હું જાણતો હતો કે આ વકીલનો પહેરવેશ ખૂબ કિંમતી છે. ન્યાયાધીશ અને વકીલ કોઇ બાબત પર ચર્ચા કરતા હતા. જોકે તેઓ શું કહેતા હતા તે મને સંભળાતું નહોતું. બંને ખૂબ વ્યસ્ત હતા. ન્યાયાધીશ તેમના હાથ આગળ પાછળ હલાવતા હતા. જ્યારે વકીલ તેનું માથું હલાવતો હતો. હું બે ડગલાં આગળ વધ્યો અને લાકડાની લાંબી પાટલીઓ, જે જનતા માટે રાખેલી હોય છે, જેઓને ટ્રાયલમાં બેસવું હોય તેને માટે, તેના ઉપર બેસી ગયો. મેં મારી નજર જમીન પર ગોઠવેલી રાખી હતી.

"ત્યાં નહીં, મી. સેન્ડરસન, અહીં આવો," કેદીઓ માટે રાખેલી અનામત બેઠકને બતાવતાં ન્યાયાધીશે આદેશ આપ્યો.

"મેં શું ખોટું કર્યું છે?" મેં મારી શાંતિ જાળવવાની મહેનત કરતાં પૂછયું. "મારા એક મિત્રએ અહીં કોર્ટમાં મને સવારે નવ વાગ્યે મળવા બોલાવ્યો છે. જેવો હું પગથિયાં ચઢતો હતો કે એક પોલીસ ઓફીસર, ઓફીસર પેરેઝે મને અટકાવ્યો અને અહીં આ કોર્ટરૂમમાં મને મૂકી ગયા. આ બધું શું છે તેની મને ખબર નથી. મારો મિત્ર મારી રાહ જોઇ રહ્યો હશે અને હું હતાશા અનુભવું છું કારણ મને સમજાતું નથી કે મને અહીં આવવાનું શા માટે કહેવામાં આવ્યું છે. શું મારા પર કોઇ ગુનાનો આક્ષેપ છે?"

"મિત્ર, સ્વને છેતરવાનો ગુનો છે," ઊંચા વકીલે કહ્યું અને એ ગોળ ફરી ગયા અને હસવા લાગ્યા. એ જુલીયન હતા! તેઓ દોડી આવ્યા અને ક્યારેય ન ભેટયા હોય તેટલી હૂંફથી તે મને ભેટયા. મેં ન્યાયાધીશ પર નજર કરી જે નાના સ્કુલે જતા બાળકની જેમ હસતા હતા.

"ડેર, આશા રાખું છું કે અમે તને ડરાવી દીધો નથી. આ વોલ્ટેર છે. મારો કહેવાનો

મતલબ છે ન્યાયાધીશ ફોર્ડ છે," જુલીયને કહ્યું અને તેના હોકારમાં તેમણે આંખ મિચકારી "મારે તને આજનો જે પાઠ ભણાવવાનો હતો તેમાં મદદ કરવા તેમણે આ નાનો વેશ ભજવવાની મદદ કરી. વોલ્ટેર અને હું ઘણો સમય સાથે વિતાવતા હતા જ્યારે હું વકીલાત કરતો હતો અને તેમાંથી સારાં મિત્રો બની ગયા. મેં ગઇકાલે રાત્રે તેમને ફોન કર્યો અને થોડી મદદ કરવાનું કહ્યું," જુલીયને સ્મિત સાથે કહ્યું.

હવે ન્યાયાધીશ બોલ્યા તેમણે ખૂબ હૂંફ અને લાગણીથી જુલીયનને કહ્યું, "જુલીયન, અત્યાર સુધીમાં હું જેમને મળ્યો તેમાં તું સૌથી ઉત્તમ વકીલ છે. ફરિયાદી વકીલ તરીકેની તારી આવડત જેવી આવડત કોઇનામાં નથી. બેન્ચ પરની મારી કારકિર્દીમાં આનાથી સારું કાયદાકીય જ્ઞાન સાચું કહું તો મેં ક્યારેય જોયું નથી અને મારા વખતમાં ઘણાં બુદ્ધિશાળી વકીલો હતા. પણ જૂના મિત્ર તરીકે તને ફરીથી જોવાનું ગમે છે. તેં તારી કાયદાની કારકિર્દી મૂકી પછી અમને બધાને આશ્ચર્ય થતું હતું કે તું ક્યાં ગયો છે. ઉપર હિમાલયમાં તારી ઉત્તમ પ્રગતિની અને તારા પરિવર્તનની વાતો સાંભળી હતી. આ બધું મને કહેવા બદલ આભાર. અત્યારે તું જેવો દેખાય છે તેને માટે લોકોએ તૈયાર રહેવું પડે. મારું કહેવું છે કે તું ફરીથી યુવાન બની ગયો છે! માન્યામાં આવતું નથી આવું ક્યારેય જોયું અથવા સાંભળ્યું નથી. જો તારે કોઇ દિવસ સાંજે જમવા આવવું હોય તો મારા દરવાજા હમેશાં ખુલ્લા છે. એ તને ખબર છે, હેં ને જુલીયન?"

"હું તારો આભાર માનું છું, વોલ્ટેર," જુલીયને ગૌરવપૂર્વક જવાબ વાળ્યો.

"જુલીયન, આખી કાયદાની દુનિયા તને યાદ કરે છે. અને તારા માટે મી. સેન્ડરસન, હું જાણતો નથી જુલીયન તને શું શીખવી રહ્યો છે. પણ મને લાગે છે કે એ તારી જીંદગી બદલી નાંખશે."

"સર, તેઓ એ કામ કરી ચૂકયા છે," વધારે આરામની લાગણી અનુભવતાં અને જુલીયનના અનંત ઉચ્ચ આત્મિક કાર્યો માટે આનંદ અનુભવતાં મેં જવાબ આપ્યો.

ન્યાયાધીશ તેમની પાટલી પરથી નીચે ઉતર્યા અને જુલીયને બે હાથે હસ્ત- ધૂનન કર્યું. જેમ દયાળુ રાજકરણી તેમના મતદાતાને હૂંફ દર્શાવવા અને તેમના વિચારોને માટે કરે. પછી બીજા દરવાજામાંથી પાછા વળતાં તેમણે કોર્ટનો રૂમ છોડી દીધો.

"મારા દોસ્ત, તેં કોઇ ગુનો કર્યો જ નથી. મને ખબર છે કે તેં સ્વ-છેતરામણીનો તકતો ઘણાં અઠવાડિયાં પહેલાં છોડી દીધો છે. મારે એવું કંઇક કરવું હતું કે સ્વ-જાગૃતિના સાત સોપાન માંથી છઠ્ઠું હું તારા જીવનમાં લાવી શકું. તું સમજ છઠ્ઠું સોપાન પરિક્ષણ છે."

"કોર્ટના રૂમમાં?"

"ના મિત્ર, ના. આ પરિક્ષણ જુદા પ્રકારનું છે. સાધક તેના અંતિમ લક્ષ્ય, પોતાની જાતને જાણવી તરફ પહોંચે તે પહેલાં તેને આ પરિક્ષણ ભેટ આપવામાં આવે છે. જેના માટે તે આટલો તડપ્યો હોય તે ખજાના પાસે પહોંચે તેને એક પરીક્ષા આપવામાં આવે છે. આ માર્ગ પર જીવન આમ જ કામ કરે છે. વ્યક્તિગત જાગૃતિની સફરમાં મહાન પુસ્તકોમાં રહેલા ડહાપણનો તું અભ્યાસ કરીશ, તો તને સમજાશે કે સાધક નાયક તેને તેનું ઇનામ મળે તે પહેલાં અને તેણે જેવું જીવન હમેશાં ચાહ્યું છે તે પહેલાં તેને અવરોધ અથવા કોઇપણ પ્રકારના પરિક્ષણમાંથી હમેશાં પસાર થવું પડે છે."

"જુલીયન, દુનિયા શા માટે આ રીતે કાર્ય કરે છે? કુદરતના નિયમો આ રીતે શા માટે બનાવ્યા છે કે સાધક તેની સફરનો અંત આણે તે પહેલાં તેને પરિક્ષણમાંથી પસાર થવું પડે?"

"સારો સવાલ છે. બે કારણો માટે કુદરત પરિક્ષણ મોકલે છે. પહેલું એ કે કુદરત ખાત્રી કરવા માંગે છે કે સાધકે શિક્ષણ મેળવ્યું છે અને તેના જીવનમાં જે શીખવા માટેના પાઠો છે તેની સાથે તેણે એકરૂપતા સાધી છે. અને બીજું, એ સાધકની દઢતા ચકાસવા આવે છે. **મોટાભાગના લોકો તેમના સ્વપ્નો પાસે પહોંચવાના હોય ત્યારે છોડી દે છે. ઘણાં લોકો તેમને જે જોઇતું હોય તેના એક પગથિયાં પહેલાં જ બધું મૂકી દે છે.** આ સોનાના ખાણિયાની જૂની વાર્તા જેવું છે. તેણે તેનું આખું જીવન સોનાનો ખજાનો શોધવામાં વીતાવ્યું જેથી તે પૈસાવાળો બની શકે. એક દિવસ હથોડાથી એક મોટા ખડકને એ તોડી રહ્યો હતો ત્યારે તેણે નક્કી કર્યું કે તેણે ઘણું કર્યું. પાંત્રીસ વર્ષથી એ તેના ઘરમાં બે છેડા મેળવવા મથામણ કરે છે. તેથી તેણે તે ખડક ફેંકી દીધો, હથોડી મૂકી દીધી અને હમેશ માટે ખાણ છોડી દીધી. બીજે દિવસે સવારે એક યુવાન માણસે તે વૃદ્ધ ખાણીયાએ છોડી દીધેલો ખડક તોડવાનું કામ શરૂ કર્યું. તેણે નોંધ્યું કે મોટાભાગનો ખડક તો તૂટી ગયેલો જ હતો તેથી તેણે નક્કી કર્યું કે એક મોટી તિરાડ પાડવી. તેમ કરવાથી યુવાન માણસ માની ન શકયો કે શું થઇ રહ્યું છે. ખડકના બે ટૂકડા થઇ ગયા અને બીજા કોઇપણ ખાણિયાએ કયારેય ન જોયો હોય તેવો સોનાનો મોટો ટૂકડો તેમાંથી નીકળ્યો. યુવાન માણસ ધનવાન બની ગયો કારણ વૃદ્ધ ખાણિયો તેને જે જોઇતું હતું તેને માટેનું ડહાપણ અને હિંમત સાતત્યથી ન દર્શાવી શકયો.

અત્યારે જુલીયન ખૂબ જ શોખથી બોલતા હતા, "અવરોધમાં સ્વર્ગમાંથી જે મોકલવામાં આવ્યું હોય તેને જરાપણ ગભરાયા વગર સહન કરવાની હિંમત આત્મામાં હોવી જોઇએ, "યુરીપીડીસે કહ્યું છે. **જ્યારે તમારા માર્ગમાં પરિક્ષણો આવે ત્યારે તમારે ક્યારેય છોડી દેવું જોઇએ નહીં.** અને માર્ગમાં આવા ઘણાં અવરોધો આવશે. હા, તમારી મહાન જીતના પહેલાં તમારે ચોક્કસપણે મહાન પરીક્ષા આપવી જ પડે છે. તારા વ્યક્તિગત વિકાસની ઉચ્ચ કક્ષાએ તું પહોંચે તે પહેલાં તારે એક મોટી પરીક્ષા આપવી પડશે. અને સોપાન છઠ્ઠું આ જ કહે છે. હું એટલું જ કહેવા માંગું છું કે તને કેટલાક વિજયો મળે તે પહેલાં ઊંડે અને ઊંડે જતાં, તારે તું ખરેખર કોણ છે તે વધારે યાદ રાખવું પડશે અને તેને માટે ઘણી પરીક્ષાઓ આપવી પડશે. માર્ગના આ ભાગથી સજાગ રહેતાં તું જ્યારે તારા મૂળભૂત અને અધિકારી જાત તરફ જઇશ તો આ બધું તારા માટે સહેલું બનશેઃ તું તૈયાર હોઇશ."

"હું સમજું છું. તમે સાચા છો. એટલું જ ફક્ત જાણવાથી કે મારે થોડા પાછા પડવાનો પ્રસંગ આવશે અથવા મને કેટલાક અવરોધો નડશે, મારામાં આ પ્રક્રિયા કઇ રીતે કામ કરે છે તેની વધારે સમજણ આવી છે. જ્યારે ખરાબ સમય આવશે ત્યારે હું સમજીશ કે દરેક સાધકને તેના માર્ગમાં આ પ્રકારનો અનુભવ થાય છે. જેથી હું થોડો શાંત રહી શકીશ. અને મને ખ્યાલ છે કે આવા અવરોધ મને શક્તિ બક્ષે છે. મુશ્કેલ સમય આપણને શક્તિશાળી બનાવે છે," મેં કહ્યું. "આ કપડાં ખૂબ સરસ છે." મેં હસતાં હસતાં કહ્યું.

"આજ સવાર માટે મેં ઉછીના લીધાં છે. આ ન્યાયના મહેલમાં તેના વગર આવવું મુશ્કેલ હતું. આ કોર્ટમાં પાછા આવવું એટલે કેટલી બધી યાદોને વાગોળવી. તું જાણે છે, મિત્ર મને મારું નવું જીવન પસંદ છે, જે હું ભારતથી પાછો આવ્યો ત્યારથી જીવું છું. મને આટલું આરામદાયક ક્યારેય લાગ્યું નથી. મને લાગે છે કે હું સંપૂર્ણપણે મારા ધ્યેયને માટે કામ કરું છું અને એ જીવન જીવું છું જે જીવન જીવવાનું મને કહેવામાં આવ્યું છે. હું દરરોજ સવારે અત્યંત ખુશી અને અમર્યાદિત શક્તિ સાથે ઊઠું છું અને દુનિયામાં જવા આતુર હોઉં છું અને જે બુદ્ધિ અને શક્તિઓ મને આપવામાં આવી છે તેમાંથી કંઇ કરું

છું. મારો જૂની રીતે જીવવાનો તરીકો મને ખાસ યાદ આવતો નથી. તે હું નહોતો. બહારથી એવું લાગતું હશે પણ હું જાણું છું, હું બધું કરી ચૂકયો છું. મારી આજુબાજુ ગૌરવાન્વિત સ્ત્રીઓ, ખૂબ ખર્ચાળ જીવન પધ્ધતિ, કાયદાકીય વિજયોની કહાની રોજ છાપાં ચમકી ઉઠે, વધારે પૈસા કે મને ખબર પડતી નહોતી કે તેનું હું શું કરું પણ અંદરથી મને લાગતું હતું કે લાશ ચાલે છેઃ મારામાં તેજ નહોતું. મારો અંદરનો પ્રકાશ ઝાંખો પડી ગયો હતો. એ કંઇ જીવન પધ્ધતિ નહોતી. મને સમજ, હું તે જીવન યાદ રાખવા માંગતો નથી. પણ આજે અહીં આવવાથી ઘણી યાદો તાજી થઇ ગઇ. મેં મારા વ્યવસાયમાં ઘણાં મિત્રો બનાવ્યા છે. અને હું ખરેખર ઘણાં બધાં સારા માણસોને મળ્યો. મિત્ર, તું જાણે છે દરેકમાં સારાપણું હોય છે. જ્યારે લોકો સ્વાર્થી બને છે અથવા બીજાને નુકસાન પહોંચાડે છે. ત્યારે એ માનવાની ભૂલ ન કરવી કે તેઓ જે કરી રહ્યા છે તેવા ખરેખર તેઓ છે. અંતમાં કોઇ ખરાબ હોતું નથી. તેઓ ફક્ત ખરાબ વર્તન કરે છે. હું કોઇપણ રીતે એમ કહેવા માંગતો નથી કે જે તમારી સાથે ખરાબ વર્તન કરે તેની સાથે તમારે રહેવું જોઇએ. હા તમારે તમારી મર્યાદા બાંધીને તમારી જાતનું રક્ષણ કરવું જોઇએ. હું ફક્ત એટલું કહું છું કે એવી કલ્પનામાં ન રહેવું કે કોઇ માણસ ખરાબ પણ હોઇ શકે. જેઓ અપમાનજનક અથવા ખરાબ વર્તન કરે છે તેઓ બીજા પાસેથી અત્યંત ખરાબ અપમાન પામે છે. તેઓ તમારી સાથે કરે તેવું તમે તેમની સાથે ન કરો કારણ તેઓ એવા નથી."

"જુલીયન, હું તમને સાંભળું છું. ખૂબ રસપ્રદ મુદો્ છે. આપણા સમાજમાં આપણે ઘણી વસ્તુઓમાં નિર્ણયો લઇ લઇએ છીએ. કોઇ આપણને ન ગમતું કામ કરે તો આપણે તેને 'ખરાબ' અથવા 'છીછરો' અથવા 'સ્વાર્થી' અથવા 'બીજાને કાબૂમાં કરવાની વૃત્તિવાળો એવું લેબલ મારી દઇએ છીએ. હું તમારા કહેવામાંથી એમ સમજયો છું કે આ પરિસ્થિતિને જોવાનો ઉપરછલ્લો પ્રયાસ છે. આપણે સચ્ચાઇ શોધવા માટે અંદર ઉતરવું જોઇએ. સાધક થઇને ખરેખર કોઇ સ્થિતિમાં શું થઇ રહ્યું છે અથવા સામાન્ય રીતે જીવનમાં જે બને છે તેની સચ્ચાઇ શોધવી રહી ખરું ને?"

જુલીયને માથું હલાવ્યું અને હસ્યા. હું જે કંઇપણ શીખી રહ્યો હતો તેનાથી તેઓ ખુશ હતા.

'અને, ઊંડાણથી વિચારીએ તો, જે લોકો ખૂબ કડક વર્તન કરે છે તેઓ તેમનું ટેપરોકોર્ડર વગાડવાથી વધારે કંઇ કરતા નથી. તેઓએ દુનિયામાં જીવવા અને સમાવા માટે બાળપણમાં જે પધ્ધતિ અપનાવી હોય તેમ જ તેઓ વર્તન કરી રહ્યા છે. તેનાથી સારું તેમને ખબર નથી. કારણ તેમના અંદર જે ચાલી રહ્યું છે તેનાથી તેઓ સુષુપ્ત છે અને તેમના જીવનમાં જે અજુગતું બને છે તેને માટે તેઓ બહારની દુનિયાને દોષ આપે છે. આમ, કરવામાં, તેઓ તેમના પડછાયા ક્યારેય આણતા નથી, પડછાયા જે તેમને ચલાવે છે અને સચેત જાગૃતિના પ્રકાશમાં લાવે છે. જેથી તેઓ નાના રહે છે અને તેમનાં જીવનો જૂઠ્ઠાણાંમાં બંધાયેલાં હોય છે. અને જ્યારે લોકોને ડાહી અને કામ કરવાની સારી પદ્ધતિ શીખવવામાં આવે છે ત્યારે તેમનાં જીવન ડાહ્યાં અને ઉત્તમ બનવાની શરૂઆત થાય છે. જ્યારે તેમને આ સમજાય છે કે તેમના જીવનને બદલવા માટે તેમણે બદલાવાની જરૂર છે, તેઓ જાગે છે અને તેમના મહાન જીવન પ્રત્યે એક પગલાંની શરૂઆત કરે છે."

જુલીયને હાથથી તાળી પાડી પછી તેમની સામે પડેલા ચમકતા ટેબલ પર ચઢીને તેમણે થોડું નાચી લીધું. હું કહી શકું એમ નથી કે આ તેમણે હિમાલયમાંથી શીખ્યું હતું કે તેમણે જેમના પાસેથી શિક્ષણ લીધું હતું તેમાંથી કોઇ એક જેણે શીખવ્યું હતું. મેં આવું ક્યારેય જોયું નહોતું. જુલીયને મને હસતાં જોયો પણ એમને તેની પડી નહોતી. તેમણે

તેમના હાથ હવામાં ઉછાળ્યે રાખ્યા અને પગ આમથી તેમ કર્યે રાખ્યા. થોડી મિનિટો પછી તેઓ ટેબલ પરથી ઉતર્યા અને મને કોર્ટમાં લઇ ગયા.

"આ કોર્ટનો રૂમ અને ખોટું ટ્રાયલ મેં ગોઠવ્યું હતું. જે તને યાદ અપાવે કે સ્વ-જાગૃતિના સાત સોપાનમાંથી છઠ્ઠો તબક્કો શું છે? ઘણી વખત મહાન પરિણામો આવતાં પહેલાં મુશ્કેલ સમય આવે છે અને મહેરબાની કરીને મારો જેવો તેવો નાચ તને યાદ અપાવશે કે જીવનની રમત શું છે. અને ખૂબ ગંભીરતાથી લેવાની જરૂર નથી. મજા કર, નાચ, હસ, સમજણમાં તંદુરસ્ત રહે. મને ખ્યાલ છે કે થોડા સમય પહેલાં જ તે દુઃખનો સામનો કર્યો છે. મને તે માટે લાગણી છે. પણ હું તને એ યાદ રાખવાનું કહું છું કે તારા જીવનમાં ઘણાં ઘણાં આશીર્વાદ ઉતરેલા છે. તને ખબર છે કે આજકાલ આ ગ્રહ પર એક અબજ લોકો રાત્રે ભૂખ્યા સૂઇ જાય છે. બાળકોને પણ ખાવાનું મળતું નથી. ઘણાં લોકોને જેલમાં પૂરવામાં આવ્યા છે અને ત્યાં એમને ત્રાસ આપવામાં આવે છે. થોડાં બીજાં આપણા ભાઇઓ અને બહેનો જેઓ માનવતાની જાતિના છે જેઓને હોસ્પીટલની રૂમોમાં ગોંધી રાખવામાં આવ્યા છે, ત્યાં તેઓ એક યા બીજા રોગો સામે લડીને જીવવા માટે મહેનત કરે છે. ઘણાં લોકો એવા છે જેમની પાસે આપણા પાસે છે તેનાથી ઘણું ઓછું છે અને મારું હૃદય તેમના માટે રડી ઉઠે છે." તેમનો અવાજ કોમળ કરતાં જુલીયન બોલ્યા. "મારી ઇચ્છા છે કે હું એ દરેકે દરેકને મદદ કરી શકું. યાદ કર મધર ટેરેસાએ કહ્યું છેઃ 'કોઇ કાર્યો મહાન નથી, ફક્ત નાનાં કાર્યો મહાન પ્રેમથી કરવામાં આવે છે.'"

"તેણીએ એ પણ કહ્યું છે કે, 'જો મેં પોતે કલકત્તામાં પહેલો માણસ ન પકડયો હોત, તો મેં બેતાલીસ હજાર લોકોને પણ ન પકડયાં હોત."' મેં ઉમેર્યું. "હું એક પુસ્તક વાંચતો હતો તેમાં મેં એ ભણ્યું છે. તમે સાચા છો જુલીયન ભૂતકાળમાં હું હમેશાં મારી પાસે શું નથી તેના ઉપર જ કેન્દ્રિત રહેતો હતો, એમ વિચાર કરતો ન હતો કે મારી પાસે શું સારું છે કે તમારી પાસે જે હોય તેને પ્રેમ કરો નહીં કે તમને જે જોઇતું હોય તેના માટે ચિંતા કર્યા કરવી. હું જાણું છું કે તમે પૂર્વ કાર્ય કરનારા બની તમારા સપનાં ને પાછળ પડવામાં માનો છો. પણ મેં તમને એ કહેતાં પણ સાંભળ્યા હતા કે માણસે જીવનમાં આભારની ઊંડી લાગણી રાખવી મહત્વની છે."

"આથી મને પ્રાચીન પર્શીયન કહેવત યાદ આવે છેઃ 'હું એ હકીકતને શાપીત માનતો હતો કે મારી પાસે બૂટ નથી, જ્યારે મેં જોયું કે માણસને પગ નથી ત્યાં સુધી,"' જુલીયને નોંધ કરી.

અમે કોર્ટ શાંતિથી છોડી દીધી. જુલીયને માર્ગમાં આવતાં મોટા ફોટાઓ જોયે રાખ્યા અને અમે બહાર નીકળ્યા. બિલ્ડિંગથી બહાર આવીને જુલીયન રસ્તાની સામે આવેલા લીલોતરીથી ભરેલા પાર્કને જોઇ રહ્યા. તેઓએ તેમના સૂટના ખીસ્સામાં હાથ નાંખીને મને એક લીટીવાળો કાયદાકીય-કાગળો જેવડાં પેપર આપ્યાં જે દયાળુ વકીલો કોર્ટના કેસ દરમ્યાન નોંધ ઉતારવા વાપરતા હોય છે. તેના ઉપર લખેલું હતું, "કાયદાઓ ટ્રાયલ જીતવા માટે હોય છે."

"મિત્ર, આ તારા માટે છે," જેવો એ પેપર તેમણે મને આપ્યો કે તરત કહ્યું. "આ કાયદો તું યાદ કરી લે તો મને ગમશે જેથી આ તારી જાતની મહાન જાગૃતિના માર્ગમાં જ્યારે મુશ્કેલીઓ દેખાવા લાગે ત્યારે તારી પાસે તેમાંથી પસાર થવા માટે ચોક્કસ ખ્યાલો અને સાધનો હોય." જુલીયન થોભ્યા અને આકાશ સામે જોયું. મેં તેમને નીચેના શબ્દો બોલતા સાંભળ્યા પણ તે કોઇ એક વ્યક્તિ માટે નહોતાઃ "મહેરબાની કરીને મહાન સેવા કરવાની મને શક્તિ આપો."

પછી તેમણે ફરી મારી સામે જોયું. તેમની આંખોમાં દુઃખ હતું. "તું શક્તિશાળી માનવ છે." તેમણે કહ્યું. "ફક્ત થોડાં મહિના ઉપર તું તારું જીવન લેવા તૈયાર હતો. પણ તારામાંના કોઇકે તને એમ કરવા દીધું નહીં. તેના બદલે તેં જીંદગીને તને દોરવા દીધો અને નવા માર્ગ ઉપર નવી દષ્ટિ કેળવી. આથી કહી શકાય કે તું ખૂબ હિંમતવાળો છે અને તારા માટે બીજું ઘણું કહી શકાય. હું તને શીખવતો હતો ત્યારથી તેં મારામાં શ્રદ્ધા રાખી અને મારી કેટલીક વાતો વિચિત્ર લાગવા છતાં તું તે સૂચનોને અનુસર્યો઼. તું ઊંડે ઉતર્યો છે, તારાં વિરોધોનો સામનો કર્યો છે, તારા પડછાયા શોધ્યા છે અને હૃદય ખુલ્લું રાખ્યું છે. મિત્ર, મહાન બનવાની પ્રક્રિયામાં તું સારો પૂરવાર થયો છે. મને ઊંડેથી એમ લાગે છે કે દુનિયાને તારા જેવા લોકોની જરૂર છે. વધારે સ્ત્રીઓ અને પુરુષો તેમના હૃદયના અવાજને ઓળખે અને તેમની ઉત્તમ જીંદગી પ્રત્યે જાગૃત થાય. લોકો જ્યારે તેમની શક્તિઓ અને આવડતના ખૂબ નાના ભાગ પર જીવે છે તેથી મને ખૂબ દુઃખ થાય છે. લોકો જ્યારે બીજાના ફાયદા પહેલાં પોતાનો ફાયદો જોઇ સ્વાર્થી બની જીવે છે ત્યારે મને દુઃખ થાય છે, જ્યારે તેમણે એ રીતે જીવવું જોઇએ જે બીજાને મદદ કરે તેમાં તેમની પોતાની પણ મદદ થાય. આ ગ્રહ પર દરેક વ્યક્તિ દરરોજ બીજાને મદદ કરવા સમય કાઢે તો લોકો કેટલા સુખી થઇ જાય, તે તું જાણે છે? જ્યારે લોકો સાચો આનંદ અને બીજાઓ માટેનાં કાયમી મૂલ્યો માટે પોતાની જાત સમર્પિત કરે ત્યારે કેટલો આનંદ આવે તેનો તને ખ્યાલ છે? આ ચોગઠામાંથી તેનો પૂર્વાપર સંબંધનો વિચાર કરીએ તો બીજાનાં સપનાં પૂરાં કરવા એ તમે તમારી જાતને મહાન ભેટ ધરો છો. પણ ઘણાં લોકોને આ સત્ય દેખાતું નથી."

જુલીયન શાંત બની ગયા.

"મોટેભાગે લોકો આંખે પાટો બાંધીને જીવે છે. તેઓ વિચારે છે કે જે મધ્યમ કક્ષાની અને છીછરી જીંદગી તેઓ જીવે છે એ જ જીંદગી તેમને માટે નિર્માયેલી છે. તેવું **થોડું ઘણું પ્રારબ્ધ** આપણા માટે ઘડવામાં આવ્યું છે. પણ પ્રારબ્ધને શણગારવાનું આપણા ઉપર આધાર રાખે છે પહેલાંના શીખવવાના દિવસોમાં મેં કહ્યું હતું તેમ આ ભાગીદારી છે. જીવન સહ-સર્જનાત્મક પ્રક્રિયા છે. તમારાથી બનતું બધું કરો. તમારાં સ્વપ્નોની પાછળ પડો. તમારું હૃદય ખુલ્લું કરો. તમારું આંતરિક મન સ્વચ્છ કરો. ઘણાં બધાં કાર્યો કરો. વહેલાં ઊઠી જાઓ અને શિસ્તબદ્ધ બનો. તમારી એકરૂપતાની તિરાડને ભરવા માટે તમારાથી બને તેટલું કરો, અને ચાર જાગૃતિઓ અનુભવો. ત્યાર પછી જ તમારા ભાગે જે આવે તે સ્વીકારો અને તે જ તમારી માટે ઉત્તમ છે.

ભવિષ્યની માનવ શક્તિઓમાં જુલીયનના વિશ્વાસે મને હચમચાવી મૂકયો અને તેઓ એવા સમાજમાં માનતા હતા જ્યાં ઘણાં લોકો એમ માનતા હોય કે આપણે બધાં મહાન થઇ શકીએ છીએ. ગમે તેમ આપણામાંથી ઘણા ખોટું ખોટું માનતા હોય છે કે મહાનતા ફક્ત પસંદગીના થોડાં માટે જ હોય છે. કોઇકે આપણને સામાન વેચીને બીલ મોકલ્યું છે કે આપણાં જીવન અસામાન્ય ન હોઇ શકે. જુલીયન આનાથી ઉલટું જાણતા હતા. તેઓ જાણતા હતા કે આપણને એ રીતે બનાવવામાં આવ્યા છે કે આપણે મહાન કાર્યો કરી શકીએ. તે સમજતા હતા કે આપણે તેજથી પ્રકાશમાન થવા નિર્માયા છીએ. તેઓ એ વાત માટે જાગૃત હતા કે આ ગ્રહ પર કોઇ વધારાના માણસો નથી અને આપણે બધા તેની અસર માટે ફરજથી બંધાયેલાં છીએ અને જે આપણી આજુબાજુ હોય તેના જીવન પર આશીર્વાદ વરસાવવો જોઇએ.

"હું કાલે શહેરની બહાર જવાનો છું. મારું આગલું કાર્ય ઇંગ્લેન્ડમાં છે અને આજે રાત્રે નવ વાગ્યે મારી ફ્લાઇટ છે. મિત્ર, મારે તને છોડવાનો છે, તે માટે હું દુઃખી છું. તું જે બની

રહ્યો છે અને બની ગયો છે તે માટે હું અભિમાન અનુભવું છું. અને તારી સાથે જે થઇ રહ્યું છે તેને તું લાયક છે. મેં તને માર્ગ બતાવ્યો અને તને ડહાપણ શીખવ્યું. મેં જે જ્ઞાન તને આપ્યું છે તેને વાસ્તવિકતામાં મૂકવાની હિંમત અને અક્કલ તારામાં છે. **ડહાપણને વાસ્તવિકતામાં ન મૂકો તો તેનો કોઇ અર્થ નથી** ."

હું માની શકતો નહોતો કે જુલીયન મને છોડીને જાય છે. આ માણસ ક્યારેક ખૂબ ઝડપી કાર ચલાવતો હતો તો ક્યારેક સુંદર સુટ પહેરતો હતો અને એની પાસે ખૂબ ઓછી મિલકત છે તેને હું પ્રેમ કરવા લાગ્યો હતો. મને તેમના માટે ભયંકર માન થાય છે અને તેમના સુખની મને ખૂબ કાળજી છે. અને પ્રામાણિક બનું, તો મને થોડો ડર લાગે છે કે હવે પછી મેં જે શીખ્યું છે તેને માટે હું એકલો હોઇશ આ માર્ગના કોઇપણ રાહબર વગર. હમેશની જેમ જુલીયન સમજી ગયા કે હું શું અનુભવી રહ્યો છું.

"ડેર, તું સમજ તું ક્યારેય એકલો હોઇશ નહીં. હવે તારી સાથે સાશા છે. અને આ માર્ગ પર જેમ તું આગળ વધીશ; તેમ કુદરતી રીતે જ તારા જીવનમાં વધારે સાધકો આવશે. તેં કલ્પના પણ નહીં કરી હોય તેટલો સાથ તને મળી રહેશે. મહેરબાની કરીને ચિંતા કર નહીં." અને, જુલીયને કહ્યું, "છેવટે બધા જવાબો તારી અંદર છે. તારે રાહબરની જરૂર નથી. આ સફરમાં તારે ખરેખર શીખવા જેવી વસ્તુઓ શીખવાની છે એટલું તું ભૂલી ગયો હોય તો તે બધું યાદ રાખવાનું પણ છે. સોનાના બુદ્ધ તારી અંદર હાજર છે. તારે તો પડો જ ઉખેડવાનાં છે અને તારી દુનિયામાં બધું સારું થઇ જશે."

"જુલીયન, આભાર, તું જાણે છે હું તને મારા પિતાની જેમ પ્રેમ કરીશ?"

"ડેર, આભાર, તું જાણે છે કે હું તારો સિતારો ચઢતાં જોઇશ," તેમણે જવાબ આપ્યો. "તેથી કાલે સવારે પાંચ વાગ્યે આપણે મળશું. મને રોલીંગ હીલ કબ્રસ્તાનમાં તને મળવું ગમશે. મને ખબર છે કે તારો સવાલ હશે કે આપણે ત્યાં શા માટે મળીએ છીએ, પણ જવાબ જલ્દીથી ખબર પડી જશે."

જુલીયન મને તેમના ટ્રેડમાર્ક જેવું ભેટયા અને ધીમેથી કોર્ટના પગથિયાં ઉતરી ગયા. મેં તેમને ચોકીદારને અભિવાદન કરીને બગીચામાં જતાં જોયા. તેમને જોઇ રહેતાં મારી આંખો ભરાઇ આવી. જુલીયન વગર મારા જીવનમાં મોટો ખાલીપો મેં અનુભવ્યો.

મેં મારા હાથમાં રહેલા પેપર તરફ જોયું. મેં વાંચ્યું: "કાયદાઓ ટ્રાયલ જીતવા માટે હોય છે." અહીં સાત કાયદા હતા અને હું જાણતો હતો કે મારી વિષમ પરિસ્થિતિમાં તે મને મદદરૂપ થવાના હતા. તે કાયદા નીચે મુજબ હતાઃ

કાયદા નં. ૧ :- યાદ રાખો જીવનમાં એક પછી એક અનેક ઋતુઓ આવે છે. દરેક માનવે શિયાળાઓની સખતાઇ સહન કરવી પડે છે. જો તેમને ઉત્તમ ઉનાળાની તેજસ્વીતા જોઇતી હોય તો. ક્યારેય ભૂલો નહીં કે શિયાળો હમેશાં રહેતો નથી.

કાયદા નં. ૨ :- આશાની કલબમાં જોડાઓ. વિશાળ સુંદર અને દેખીતી રીતે અશકય ધ્યેય તમને મુશ્કેલ સમયમાં ચાલવા માટે પ્રેરિત કરવા માટેનું ઉત્તમ સાધન છે. મેં એક વખત ડૉ. વિન્ચીના શબ્દો તમને કહ્યા હતાઃ "તમારો માર્ગ તારાઓથી નક્કી કરો અને તમે તોફાનમાંથી પાર ઉતરશો." જ્યારે આપણે આપણા મહાન અને ઉત્તમ ધ્યેયને મેળવવાના હોઇએ છીએ જે આપણામાંની સચ્ચાઇ દર્શાવે છે, તે ધ્યેય સુધી પહોંચવાની ઇચ્છા તમારા મુશ્કેલ સમયે જયારે સાધકનો માર્ગ અવરોધાય છે, તેને પહોંચી વળવાની તાકાત અર્પે છે.

કાયદા નં. ૩ :- દરેક વખતે મનમાં યાદ રાખો કે આપણાં મહાન દુઃખો જ આપણને સૌથી વધારે પ્રગતિ બક્ષે છે. જેમ જેમ આપણે તેમાંથી પસાર થઇએ છીએ તેમ દર્દ થાય છે. પણ જ્યારે આપણે તેમાંથી પસાર થઇ જઇએ છીએ ત્યારે તે ઘાવ ભરાઇ જાય છે. જ્યારે પાણી ભરેલો જગ જમીન પર પડીને તૂટે છે. ત્યારે એની અંદરનું પ્રવાહી વહેવા માંડે છે. જ્યારે જીવન તેના વળાંકો આપે છે ત્યારે યાદ રાખો તે તમને તિરાડ પાડી ખુલ્લા કરવા માંગે છે, જેથી બધો પ્રેમ, શક્તિ અને ગુણો તમારામાં ધરબાયેલા હોય તે બહાર દુનિયામાં વહેવા માંડે **અને તૂટેલાં હાડકાંની જેમ જ્યાં તડ પડી હોય ત્યાંથી આપણે મજબૂત બનીએ છીએ.**

કાયદા નં ૪ :- હારવું એ પસંદગી છે. સ્ત્રીઓ અને પુરુષોને કોઇ રોકી શકતું નથી જો તેઓ નીચે ઉતરવાની ના પાડે તો. જે પુસ્તક મેં કહ્યું હતું- ધ ગો-ગેટર તે તમને આ મુદા્માં ખૂબ મદદરૂપ થશે. તેને ઘણીવાર વાંચો. તમારા હૃદયના ઊંડાણમાંથી ફક્ત એક નિર્ણય કરો, **તમને કંઇપણ થઇ જાય તેનો વાંધો નહીં.** પણ તમે અધિકારીત્વના માર્ગ પર આગળ વધજો. આમ કરવાથી જીવન તમને **સાચી સફળતા** ચોક્કસ આપશે.

કાયદા નં. ૫ :- મુશ્કેલ સમયમાં આપણે આપણી જાતને સામાન્ય રીતે ઢીલી મૂકી દેતા હોઇએ છીએ. જ્યારે તમારી સામે અવરોધો આવે ત્યારે દૈનિક જીવન શિસ્તબદ્ધ રાખો. વહેલા ઉઠો તમારું પવિત્ર કલાકનું કામ કરો. સારી રીતે જમો. કસરત કરો. કુદરત સાથે સમય ગાળો અને ધ્યાન રાખો કે તમે તમારી ચારે બાજુમાં સમતોલન રાખી-મન, શરીર, લાગણીઓ અને આત્માને વ્યવસ્થિત ચલાવી શકો છો.

કાયદા નં. ૬ :- તમારી લાગણીઓ અનુભવો જ્યારે તમે તમારા મુશ્કેલ સમયમાંથી પસાર થઇ રહ્યા હોવ ત્યારે કેટલાક લોકો તમને કહેશે, 'ફક્ત સકારાત્મક વિચારો' માટે પણ આ સલાહ મદદરૂપ બનતી નથી. જ્યારે હું કબૂલ કરું છું કે રેરવ્યુ મીરરમાં જોઇને તમે તમારી ગાડી ચલાવી શકો નહીં અને ભૂતકાળમાં જીવવું એ તંદુરસ્તી નથી. કોઇએ પણ નકારાત્મક બનાવને સકારાત્મકમાં ફેરવવાની જરૂર નથી. તેમ કરતાં તમે નકારાત્મકતાની ગર્તામાં પડો છો. દુઃખ, ક્રોધ અથવા દર્દની લાગણી જે કુદરતી રીતે અનુભવાય તે લાગણી અનુભવો. આમ કરવું એ તંદુરસ્તીની નિશાની છે. તેમાંથી પસાર થવાથી તમે તેમને છોડી શકો છો. તમે તેમાં ખૂંપી ન જાવ. સમતોલન જાળવવું એ જ ખરેખર ચાવીરૂપ છે. જે લાગણીઓ જન્મે તેમને અનુભવો. જેથી તે લાગણીઓ ગળી જવી પડે નહીં અને તેઓ વધે નહીં. એ જ સમય દરમ્યાન તમારી બુદ્ધિ વાપરીને દરેક વાદળ જે અંધારું લાવે છે તેની પ્રકાશિત બાજુ જુઓ. આ કંઇ વૈજ્ઞાનિક પ્રક્રિયા નથી અને છેવટે તમને જેમ યોગ્ય લાગે તેમ કરવું જરૂરી છે.

કાયદા નં. ૭:- યાદ રાખો કે, તમારા માટે ગમે તેટલો કઠીણ સમય હોય પણ **તમે ક્યારેય એકલા નથી.**

મેં પેપરની ગડી કરી. જુલીયનનું ડહાપણ ખૂબ મહત્વનું અને વાસ્તવિક હતું, જો કે તેમણે છેવટે જે કહ્યું કે તમે ક્યારેય એકલા નથી તેને માટે મને સંપૂર્ણ વિશ્વાસ નહોતો. હું ધારું છું કે સમય અને અનુભવ તેનો જવાબ લાવશે. મેં શોધી કાઢયું હતું કે જીવન સૌથી

ઉત્તમ શિક્ષક છે.

હું કલાકથી વધારે એ કોર્ટના પગથિયાં પર બેસી રહ્યો. મેં લોકોને બાજુમાંથી પસાર થતાં અને પક્ષીઓને ઉડતાં જોયાં. મેં મારા ચહેરા પર સૂર્ય-કિરણો અનુભવ્યાં અને મારા વાળમાંથી પસાર થતો ઠંડો હળવો પવન માણ્યો. જુલીયન મને કાલે છોડી જવાના છે. મારા શિક્ષક જવાના છે. તેઓ મારા જીવનમાં ઘણું લાવ્યા હતા. મેં તેમાંથી પાછું આપવાની પ્રતિજ્ઞા કરી.

પ્રકરણ ૧૦

સાધક જાગૃત થાય છે

જ્યારે તમે કોઇ મહાન ધ્યેય, કોઇ અસામાન્ય પ્રવૃત્તિથી પ્રેરિત હોવ ત્યારે તમારા બધા વિચારોના બંધન તૂટી જાય છે; તમારું મન મર્યાદાઓને તોડી નાંખે છે અને તમારી ચેતના બધી દિશાઓમાં વિકસે છે જેથી તમે તમારી જાત નવી, મહાન અને અદ્‌ભુત દુનિયામાં પામો છો. સુષુપ્ત શક્તિઓ, જ્ઞાન અને બુદ્ધિ જીવંત થાય છે અને તમે તમારી જાત માટે કહ્યું હોય તેના કરતાં મહાન થયેલી પામો છો.

- પતંજલિ

હું જ્યારે રોલીંગ હીલ્સ ક્રેમેટરી માટે ગાડી હંકારતો હતો ત્યારે સૂર્ય ઉગી ગયો હતો. નાનું અને ઓછું જાણીતું કબ્રસ્તાન શહેરની બહાર આવેલું હતું. જે તેની ખુલ્લી જગ્યા અને સુંદર ઘાસના મેદાન માટે જાણીતું હતું. હાઇવેથી વળાંક લઇને ગોળાકાર રસ્તો મને ભૂતકાળના એક તળાવ પાસે લઇ ગયો. જ્યાં હું મારા પિતા સાથે નાનો હતો ત્યારે માછલી પકડવા આવતો.

જેવો હું કબ્રસ્તાન નજીક પહોંચ્યો કે મને જોરથી જપ કરવાનો અવાજ આવ્યો. હું ગાડી અટકાવીને તેની બહાર નીકળ્યો કે મને સમજાયું કે કોઇ મધ્યકાલીન યુગના જાપની સીડી વગાડતું હતું. આ જાપથી અને સવારનું રોલીંગ હીલ્સ પર પથરાયેલું ધુમ્મસ આખા વાતારણને રહસ્યમય બનાવતું હતું. જુલીયન ક્યાંય દેખાતા નહોતા.

ઘાસવાળી ટેકરીની ટોચ પર રહેલું એક નાનું બિલ્ડિંગ હતું તે તરફ ધૂળિયા રસ્તા પર હું ચાલવા લાગ્યો. જેવો હું ઢોળાવ પર આગળ વધ્યો કે બંને બાજુના ખેતરો અને જે જીવન તે જીવતા હતા તે જોતો રહ્યો. ક્યારેય નહીં એવું મને સમજાયું કે લાંબામાં લાંબુ જીવન પણ જો આ અનંતતા સાથે સરખાવ્યું હોય તો ઘણું ટૂંકું છે. આપણે જીવનમાં આગળ વધીએ છીએ ત્યારે કેટલી વિચિત્ર વસ્તુઓ કરીએ છીએ, મહત્વની વાતો ભૂલી જઇએ છીએ કે જો આપણે રમતમાં પ્રવેશ નહીં કરીએ તો જીવન વહી જશે. ઘણીવાર, આપણે જાગૃત થઇએ. ત્યારે ઘણું મોડું થઇ ગયું હોય છે. આપણાં સુંદર વર્ષો પસાર થઇ ગયાં હોય છે.

મેં અત્યાર સુધીનું મારું જીવન કીર્તિ અને પૈસા પાછળ દોડવામાં વિતાવ્યું છે. છતાં હું

જેટલું મેળવું તેટલું પૂરતું નથી. આ લગભગ એક ટેવ બની ગઇ છે. આ પ્યાસ કોઇ બુજાવી શકતું નથી. ભલેને તેની સામે લડવાનો મેં ગમે તેટલો પ્રયત્ન કર્યો હોય પણ હું એમાં ખેંચાઉં છું. આ દરમ્યાન મારા માટે સૌથી વધારે મહત્વનું હતું તે હું ભૂલી ગયો. હું જાણતો હતો કે હું આવી ભૂલ ફરી કયારેય કરી શકું નહીં. ચોક્કસ બહારની સફળતા મહત્વની છે. જુલીયનનું તત્વજ્ઞાન જે વ્યક્તિગત સંતોષ માટે હતું પણ તે પૈસા બનાવવાની સારી વસ્તુઓ રાખવાની અને **દુન્યવી રહેવાની** પરવાનગી આપતું હતું તે મને ગમ્યું. હકીકતમાં તેમણે કહ્યું કે આ બધું સકારાત્મક કાર્ય કરે છે. આપણે આધ્યાત્મવાદી છીએ પણ આપણે આ દુનિયાના માનવ છીએ. અને દુનિયા જે ભૌતિક ભેટો આપણને આપે છે તેનો આનંદ લેવામાં શરમાવાની જરૂર નથી. જુલીયનનો મુખ્ય વિચાર એ હતો કે આવી સામાન્ય પ્રકારની ભેટો પાછળ દોડવું એ આપણા જીવનનું લક્ષ્ય નથી. આ બધું પ્રાથમિકતા પર નિર્ભર છે અને મારી જાતને જાગૃત કરવી એ પહેલાં ક્રમાંકે આવે છે.

જેમ હું બિલ્ડિંગની નજીક ગયો એમ જપનો અવાજ મોટો થતો ગયો. હું જાણતો હતો કે જુલીયન ક્યાંક નજીકમાં જ છે. આ ચોક્કસ તેમનો અર્વાચીન પદ્ધતિથી શીખવવાની એક બીજી રીત હશે. મારા ચહેરા પર હાસ્ય ચમકી ગયું.

“જુલીયન,” મેં બૂમ પાડી. “હું જાણું છું કે તમે અહીં છો. એટલે મને કહો કે તમે ક્યાં છો?”

કોઇ જવાબ ન આવ્યો. હું વધારે મોટેથી બોલ્યો. “ચાલો, જુલીયન હું જાણું છું કે તમે ઉપર છો. તમે ક્યાં છો?”

ત્યારે ધુમ્મસમાંથી એક છાયો મારી તરફ આવતો મેં જોયો. એ જુલીયન હતા અને તેમણે ઝભ્ભો પહેર્યો હતો, અને તેની ટોપીથી તેમનું માથું ઢંકાયેલું હતું. તેમના બંને હાથમાં ફૂલોનો ગુચ્છો હતો. અને તેમના ખભા પર નાનો થેલો હતો.

“મિત્ર, સુપ્રભાત,” તેમણે ગંભીરતાથી કહ્યું. “પછી આજે જ હું એરપોર્ટ જઇશ. પણ મારે તને મળવું જરૂરી હતું. આ આપણું સાથે છેલ્લું શિક્ષણ છે. સ્વ-જાગૃતિના સાત સોપાનમાંથી છેલ્લું મારે તને કહેવું જ જોઇએ. મહેરબાની કરીને મારી પાછળ આવ.” જુલીયને સૂચન કર્યું અને મને બિલ્ડિંગથી દૂર લઇ ગયા. જ્યાં ખેતરોમાં પથરા હતા. જાપનું સંગીત હજી વાગતું હતું.

અમે ફક્ત એક મિનિટ ચાલ્યા અને નવી ખોદાયેલી કબર પાસે જુલીયન ઉભા રહ્યા. તેઓ વાંકા વળ્યા અને જ્યાં કબર ખોદાઇ હતી. તેની પ્રદક્ષિણા કરીને જે તાજાં ફૂલો એ લાવ્યા હતા તે સમર્પિત કર્યાં. તેઓ સંપૂર્ણ શાંત હતા. અને અમે જ્યાં હતા તે પવિત્ર જગ્યા માટે અત્યંત માનથી ઉભા રહ્યા.

“જુલીયન આ કોની કબર છે?” મેં ખૂબ હળવાશથી પૂછયું.

“તારી” જવાબ આવ્યો.

મને જરાપણ ખ્યાલ નહોતો કે આથી જુલીયન શું કહેવા માંગે છે. જેમ આપણા દિવસો પસાર થાય તેમ લોકો આપણને કંઇક કહે અથવા કોઇક રીતે વર્તે છે. મોટાભાગનું દુઃખ માનવ તરીકે આપણે અનુભવીએ છીએ. કારણકે આપણી સાથે જે બની રહ્યું છે, તેની આપણે ધારણા કરી બેસીએ છીએ. દાખલા તરીકે આપણે કામ કરી ગયા અને સહકાર્યકરે કેમ છો ન કહ્યું. આપણે ધારી લઇએ છીએ કે તે આપણા પર ગુસ્સે છે. જે આપણી ખોટી ધારણા છે. સચ્ચાઇ એ છે કે તેનું બાળક બિમાર છે અને એનું મન તેના વિચારોથી ભરાયેલું છે. આપણી ધારણાને પારખવા માટે સવાલ પૂછીને આપણી સમજની

સ્પષ્ટતા કરવાની આપણામાં હિંમત હોવી જોઇએ. આમાં વાતચીતમાં હોંશિયાર બનવા સિવાય બીજું કંઇ નથી. પણ મોટાભાગના લોકો આવું કરતા નથી. છેલ્લાં થોડાં અઠવાડિયાથી મેં નક્કી કર્યું છે કે કોઇપણ પરિસ્થિતિની સચ્ચાઇ શોધવી જેથી મને સમજાયું કે ભૂતકાળમાં ઘણાં બનાવોમાં હું ઘણી વખત ખોટું સમજતો હતો, અને એ પણ નક્કી કર્યું કે મારું સત્ય મારે કહેવું જ્યારે મારે વધારે જવાબની જરૂર હોય.

"જુલીયન તમે શું કહો છો? આ મારી કબર કેવી રીતે હોઇ શકે? હું મરી ગયો નથી હું આના પહેલાં વધારે તંદુરસ્ત અને આનંદમાં ક્યારેય નહોતો. આટલો જીવંત હું કયારેય નહોતો. તમે શેનું સૂચન કરો છો? હું થોડો હડબડાઇ ગયો છું."

"મિત્ર, શાંતિ. આ કબર મારે જે છેલ્લી શિક્ષા તને આપવાની છે તેનું રૂપક છે. આ કબર તારી કબર બની શકે છે. આ કબર મારી પણ હોઇ શકે. એ કોઇની પણ કબર હોઇ શકે. મુદ્દો ફક્ત આટલો છે. **તારી ઉત્તમ જીંદગીની જાગૃતિ માટે, એ જરૂરી છે કે તું જીવતો હોય ત્યારે તું મૃત્યુ પામે.** "

"આનો મતલબ શું છે?"

"મોટાભાગના લોકો એમ જીવે છે કે તેઓ દુનિયામાં હમેશાં રહેવાના છે. તેઓ ઇચ્છે છે કે તેમના દિવસોનો સમય ઘણો હોય અને જે સમય તેમની પાસે હોય છે તેનો દુરુપયોગ કરે છે. તેઓ ભવિષ્યમાં કોઇ બનાવ બને ત્યાં સુધી જીવવાનું બંધ કરી દે છે. આવા લોકો કહે છે, એક વખત મને પ્રોમોશન મળી જાય પછી મારા કુટુંબ સાથે હું વધારે સમય ગાળીશ અથવા મારાં બાળકો મોટાં થઇ જશે પછી મારા જીવનમાં વધારે આનંદ હશે." અથવા 'હું મારા સ્વપ્નો માટે ત્યારે કામ કરીશ કે જ્યારે હું થોડા વધારે પૈસા કમાઇશ! અથવા 'આ તાણવાળો સમય પસાર થઇ ગયા પછી હું મારી તંદુરસ્તી સુધારીશ.' **જીવન કોઇની રાહ જોતું નથી.** હું તને એક સૌથી મહત્વની વાત એ શીખવવા માંગું છું કે વારંવાર તારી જાતને મૃત્યુ સાથે જોડી રાખ. તારી જાતને યાદ અપાવ કે સમય ખૂબ કિંમતી ચીજ છે. તારી જાતને કહેવું કે ભવિષ્યમાં તું ખૂબ મહાન બનીશ. એટલે ખૂબ ધારી લેવું છે. તું અથવા હું આજે મરી શકીએ છીએ. જ્યારે હું તને 'ક્યુ' માં મળ્યો ત્યારે મેં જે કહ્યું હતું કે આપણામાંથી કોઇ જાણતું નથી કે આપણો સમય ક્યારે પૂરો થઇ જશે. દરેક દિવસ એવી રીતે જીવવો જોઇએ જેમ કે પૃથ્વી પર આ તમારો છેલ્લો દિવસ હોય. દરેકની સાથે એવી રીતે વર્તો કે તમે એમને ક્યારેય ફરી મળવાના નથી. તમારા સમયમાં મહાન ખતરાઓમાંથી પસાર થાઓ અને વ્યક્તિગત મહાનતાની જે તક સામે આવે તેને પકડી લો. હું સૂચન કરીશ કે રવિવારે તું વહેલો ઊઠીને અથવા થોડા રવિવારે તું અહીં આવે. તું એકલો જ આને નિયમિત પ્રથા બનાવ."

"અને અહીં આવીને મારે શું કરવાનું?"

"મૃત્યુ સાથે જોડાવાનું. તું જે જીવન સર્જન કરવા માટે શક્તિમાન છે તેનો વિચાર કર અને તારી જાતને યાદ અપાવ કે જો તું જીવશે નહીં અને દરરોજ શ્વાસ નહીં લે તો તું તારી અવહેલના કરીશ. જમીન પરની દરેક ક્ષણ એક મહાન તક છે. મિત્ર, મેં એ તને કહ્યું. દરરોજ સવારે તું ઉઠે છે તે ભેટ ઉજવણીને પાત્ર છે. તેજસ્વીતા તારું પ્રારબ્ધ છે. જીવનના આસ્વાદ સાથે જોડાવા અહીં આવતો રહે. આટલું વિચારી લેઃ પૃથ્વી પરના કેટલાક લોકો જે આજે ઉઠયા છે તેઓ સૂર્યાસ્તના સમયે મૃત્યુ પામી શકે છે. મોટાભાગના લોકો કલ્પના કરતા નથી કે આવું તેમની સાથે પણ બની શકે. તેઓ પાસે આવા મહાન આયોજનો છે જ્યારે સમય યોગ્ય હોય. **કોઇપણ ક્યારેય મૃત્યુનું આયોજન કરતું**

નથી. "

પેલું છેલ્લું વાક્ય મને સખત વાગ્યું. હું જાણતો હતો કે હું ઘણું ગંભીર જીવન જીવું છું. અને મેં અત્યાર સુધી અનુભવ્યો હોય તેનાં કરતાં વધારે આનંદ અને ઉત્સાહથી જીવું છું. હું હજી મારો થોડો પ્રેમ સાશા માટે રાખતો હતો. હું તેને હજી ઘણું આપી શકું તેમ હતો. અને જેવો મેં ઊંડા પ્રત્યાઘાતો તપાસ્યા મને સમજાયું કે આ ઉણપ પાછળ ડર હતો. મને ડર હતો કે જો હું મારું હૃદય સંપૂર્ણપણે ખોલી નાંખીશ. તો કદાચ મારું અપમાન થાય અથવા મારો ફાયદો ઉઠાવશે તો વાસ્તવિકતામાં મારા ડરનો કોઇ આધાર નહોતો. બધી રીતે સાશા એક ઉત્તમ સ્ત્રી હતી. પણ ડર માટે કોઇ હકીકતનો ઘણીવાર આધાર હોતો નથી. તે ફક્ત આપણી બાંધેલી ધારણાઓ અને કલ્પનાઓ હોય છે. અને ખરેખર તે છ ઇંચ ઊંડી હોય છે.

મારાં બાળકો સાથે પણ હું કરી શકું તેનાથી ઓછું કરતો હતો. હું જાણતો હતો કે હું અસામાન્ય પિતા બની શકું તેમ છું અને તે ક્ષણે મેં મારી જાતને તેમ કરવાનું વચન આપ્યું. હું આ વિષે જેમ વધારે વિચાર કરતો ગયો તેમ હું સમજી શકતો હતો કે હું હજી ઘણું વધારે કરી શકું છું અને બની પણ શકું છું. મારા ઉદ્યોગમાં હું એક મહાન નેતા શા માટે ન બની શકું? હજારો જીવનમાં નહીં તો સો લોકોમાં પણ હું ઉત્તમ મૂલ્યો શા માટે ન આપી શકું? હું વ્યક્તિગત પ્રકાશની સ્થિતિમાં વધારે નજીક શા માટે ન જઇ શકું કે જેને માટે મેં કયારેય કલ્પના કરી નથી?

"તને યાદ છે આપણે શાળામાં મળ્યા ત્યારે મેં તને એક કામ કરવાનું કહ્યું હતું?" જુલીયને પૂછયું.

"એ હું કેવી રીતે ભૂલી શકું?" મેં પૂછયું. "તમે મારી રોજનીશી લખવાનું કહ્યું હતું. તમે મને વિનંતી કરી હતી કે હું મારા જીવનની વાત લખું જેથી મારામાં મારું જીવન ફરી જીવવાનું ડહાપણ અને જાગૃતિ આવે. છેવટે મારુ કયાં પહોંચવાનું સ્વપ્ન છે ત્યાં પહોંચવા માટે દરેક દિવસના દરેક કલાકે અને દરેક ક્ષણે હું ત્યાં જવા માટેની પસંદગી કરું."

"બરાબર કહ્યું."

"અને સવારના મારા પવિત્ર કલાક દરમ્યાન હું મારી કથા ઘણીવાર વાંચું છું. હું ઊઠું પછી તરત જ સામાન્ય રીતે મારું પહેલું આ જ કામ હોય છે. આ એકમાત્ર કાર્યથી જ મારી વિચાર સરણીમાં, લાગણીમાં અને કાર્યમાં ઘણો મોટો ફેર પડયો છે."

"આથી હું ગૌરવપૂર્વક સ્વ-જાગૃતિની પ્રક્રિયાના સાતમા અને અંતિમ તબક્કામાં જઇ શકું છું. તમારા સચ્ચાઇના માર્ગ પર ચાલવાનું નક્કી કર્યા પછી જ્યારે તમે ખોટું જીવન છોડી દીધા પછી પસંદગીનો મુદ્દો..."

"આ પ્રક્રિયાનો પહેલો અને બીજો તબક્કો," હું વચ્ચે કૂદી પડયો.

"બરાબર. પહેલા બે સોપાનમાંથી પસાર થયા પછી ત્રીજું સોપાન એટલે તમે તમારી નવી આંખોથી જોવાનું શરૂ કરો છો. તમે સત્યને શોધવાનું શરૂ કરો છો. તમને ખ્યાલ આવે છે કે કેટલી બધી શક્તિઓ તમારામાં સુષુપ્ત છે. તમારામાં જાગૃતિ આવવા લાગે છે કે તમારી જાતને મર્યાદિત રાખીને તમે તમને કેવી રીતે છેતરતા હતા. તમે સમજવાનું શરૂ કરો છો કે આ દુનિયા કેટલી સરસ છે અને કેટલો બધો આનંદ તમારી રાહ જુએ છે. મિત્ર, આના પછી શું આવે છે?" જુલીયને પૂછયું.

"ચોથું સોપાન. અહીં સાધક માર્ગમાં આગળ વધે છે, ત્યારે તેને ઘણાં સવાલો થાય છે. જેના જવાબો મેળવવાની ભૂખ લાગે છે. આ તબક્કે સાધક ગુરુને અથવા રાહબરને

શોધે છે જે આ માર્ગમાં તેને મદદ કરે અને બધું નવું શિક્ષણ અને ઉચ્ચ જાગૃતિ સાધકને મુંઝવણમાં મૂકે છે."

"હા, સાધક જે વિચારોના પાયા પર ઉભો છે તે હચમચવા લાગે છે. બધી માન્યતાઓ અને ધારણાઓ જેના ઉપર દુનિયા કાર્ય કરે છે અને તે કેવી રીતે થાય છે. તેના ઉપર સવાલો થાય છે અને ફરી મૂલ્યાંકન થાય છે. પાંચમું સોપાન પુષ્કળ ઉથલપાથલ અને બદલાવનું છે. રેશમનો કીડો કોશેટામાં અંધારું અનુભવે છે, પણ વિચારોનું ખરેખર શું થાય છે?"

"પતંગિયું જન્મે છે," મેં આત્મવિશ્વાસથી જવાબ આપ્યો.

"તું સમજી ગયો. **બધું સારું છે.** આના પછી અત્યંત જરૂરી ટ્રાયલ આવે છે જે દરેક સાધકે તેના માર્ગમાં અનુભવવાનું હોય છે. વિજય પહેલાં, જીવન મુસાફર માટે એક મોટી પરીક્ષા મોકલે છે. આ સમયમાં આપણે કેવો પ્રતિસાદ આપીએ છીએ એ જ પસંદગી, આપણું પ્રારબ્ધ ઘડે છે. તમારું સૌથી સારું પગલું બહાદુર બનવાની પસંદગી અને આગળ વધવાનું જ છે. અને આમ હું છેલ્લે પગથિયે આવી ગયો સ્વ-જાગૃતિના. આપણે જ્યારે સાથે હતા ત્યારે ટૂકડાઓમાં આપણે તેનો અનુભવ કર્યો હતો. હા, મેં દર વખતે એવાં દશ્યો ઉભાં કર્યા કે દરેક ભાગની પ્રક્રિયા જીવનમાં ઉતરી જાય. તારે શીખવા માટે અને તારી સમજણ વિકસાવવા માટે મેં આમ કર્યું. પણ તે અનુભવ્યું તેમાંનું ઘણું કુદરતી રીતે જ સહજ હતું, તો તું જાતે જ પુસ્તકો અને ગાઇડો તરફ વળ્યો જે તને શીખવે અને ડહાપણનો પાયો બંધાય. અને તેં આમ કર્યું તેથી તને જાતે જ મુંઝવણ થઇ અને બદલાવનું પાંચમું પગથિયું આવી ગયું. અને તેં આ બધું છોડી દીધું નહીં તેથી તારા જીવનમાં સાચો બદલાવ આવ્યો. થોડાં વખત પહેલાં કરતાં આ બધું જૂદું લાગે છે. ખરું ને?"

"એમાં કોઇ શંકા નથી કે મારું જીવન સુંદર બન્યું છે. હું તેના માટે તમારો ઘણો આભારી છું."

"ડેર, ભલે હું તને છોડી જાઉં, પછી જીવન ઘણાં દશ્યો અને અનુભવો કરશે અને હું તારી આજુબાજુ ન હોઉં તો પણ કેટલાક તબક્કાઓમાંથી તારે પસાર થવું પડશે. તારું જીવન સૌથી સારો શિક્ષક બનશે. જો તું તેમ થવા દઇશ તો."

જુલીયને તેમનો એક હાથ ઝભ્ભાના ભરતકામ પર ફેરવ્યો.

"સાતમું સોપાન એટલે અંતિમ સ્થાન. આ માર્ગમાં સંપૂર્ણતા સુધી પહોંચવું એટલે પરમપ્રકાશ પામવો. જેમ મેં કહ્યું હતું તેમ ઘણાં થોડા આ સમૃદ્ધ સ્થાન સુધી પહોંચ્યા છે. પણ તે બદલાશે. મારી ઇચ્છા છે કે તું મને મારા તત્ત્વજ્ઞાનના પ્રસારમાં મદદ કરે અને જેની જીંદગીનો તું સ્પર્શ કરે તેનું જીવન બદલાઇ જાય. મને એવી તીવ્ર લાગણી થાય છે કે મેં જે તને આપ્યું તેના બદલામાં તું મને કંઇ આપવા માંગે છે. એટલું મહેરબાની કરીને નોંધી લે કે મારે કોઇ દુન્યવી વસ્તુની જરૂર નથી. એટલું ચોક્કસ છે કે મારી જૂની ફેરારી ચલાવવામાં અને કોર્ટમાં પહેરેલો સુટ પહેરવામાં મને મજા આવશે. પણ આ બધું મારા માટે મહત્વનું નથી. મિત્ર, મારે દુનિયા બદલવી છે. શક્ય હોય તેટલા લોકો પર હું અસર છોડવા માંગું છું. આધ્યાત્મિક રીતે કહું તો હું એક દુઃખી વકીલ હતો. જીવન માટે તરસતો હતો. મારું જીવન સંપૂર્ણ રીતે અસમતોલ અને નાટકીય રીતે મારા કાબૂ બહાર હતું. પણ હવે મારી સામું જો." જુલીયને ઉત્તેજનાથી કહ્યું. "હું જે પેલા પર્વતોમાં શીખ્યો હતો તે કામ લાગે છે અને જે માણસ પર પ્રભાવ પાડવાની તક મળે તેને મને પેલા પરમપ્રકાશ પામેલા સંતો

પાસેથી મળ્યું છે. તે તેમને આપવાની મારી ઇચ્છા છે. હું તને ફક્ત એટલું જ કહું છું કે મેં જે તને કહ્યું છે તે તું બીજાઓને કહે. શીખવાનો ઉત્તમ માર્ગ છે શીખવવું. છેવટે આ પ્રક્રિયામાં તારો ફાયદો છે."

જુલીયન મારી પાસે આવ્યા અને તેમના બંને હાથ મારા ખભા પર મૂક્યા. છેલ્લી વખત તેમણે આકાશ સામે જોયું. તેમણે આંખ બંધ કરી.

"ડેર, તું એક સારો શિષ્ય છે. આજે તારા જીવનમાં જે વસ્તુઓ છે તેથી હું ખુશ થઇ શકું તેમ નથી. તું આશ્ચર્યજનક સ્થાન તરફ આગળ વધી રહ્યો છે અને તું કલ્પના પણ કરી શકીશ નહીં કે કેવા આશ્ચર્યો તારી રાહ જોઇ રહ્યાં છે. મેં આપણા સાથનો સમય ખૂબ માણ્યો છે. તે મને ખૂબ સન્માન, દયા અને પ્રેમ આપ્યો છે. મહેરબાની કરીને પેલો નાનો અવાજ જે તારામાં વિકસી રહ્યો છે તેને સાંભળ્યા કરજે. એ તારા હૃદયનો અવાજ છે અને એના પર વિશ્વાસ રાખીશ તો તારે જ્યાં જવું જરૂરી છે ત્યાં તને લઇ જશે. તને મળેલી હોંશિયારી દિવસના પ્રકાશમાં જો. તારા જીવનમાં જે આવે તે દરેકનું મૂલ્ય વધારવાનું ચાલુ રાખ. એમ કરતાં, તારું જીવન મહાન બનશે અને તારી પાછળ ઘણાં હશે."

જુલીયને તેમની આંખો ખોલી. તેમના ગાલ પરથી એક આસું ખરી પડયું અને ત્યાંથી તેમના ઝભ્ભા પર પડયું. તેણે જે ડાઘ પાડયો તેના તરફ તેમણે જોયું અને હસ્યા.

"દરેક અંત એક નવી શરૂઆત છે. તમે મને થોડી વાર પહેલાં જ શીખવ્યું છે. સાહેબ એ ભૂલો નહીં." મેં રમતિયાળ સ્વરમાં કહ્યું.

"મિત્ર, બરાબર કહ્યું. ફક્ત એટલું જ છે કે હું જેને ચાહવા લાગું તેમને ભૂલવા અઘરા છે. તું અને હું. ભારતથી આવ્યો ત્યારથી જેટલા લોકોને મેં શીખવ્યું છે તેઓ બધા મારા હિરો છે. તમે બધા જે બહાદુરી બતાવો છો તે તમને નમ્ર કરે છે. હું ઇચ્છું છું કે હું અહીં રહી શકું અને આ માર્ગમાં તને માર્ગદર્શન આપતો રહું. પણ તમને જોઇએ તે બધું મળતું નથી. એ કરવા માટેનું મારું પ્રારબ્ધ નથી. જતાં પહેલાં મારે કંઇક કરવું છે. હું કરી શકું?" જુલીયને પૂછયું.

"હા, જુલીયન, તમે જે કંઇપણ કરો તે મને ચાલશે."

જુલીયને તેમનો થેલો ઉતારીને ખોલ્યો. તેમણે એક ઘસાયેલી ચામડાથી મઢેલી નોટ ખેંચી કાઢી અને તેમાંથી એક ખાસ પાનું ખોલ્યું કબરની કિનાર ઉપર ઊભા રહીને અને ખૂબ સખત, મોટા અવાજે બોલતાં જુલીયને કહ્યું: "હું ઇચ્છું છું કે તું કંઇક કરે જે મેં ક્યારેય કર્યું નથી. મારી આત્મકથા મોટેથી વાંચ એમ હું ઇચ્છું છું." અને પછી તેઓએ નીચેના શબ્દો વાંચ્યા તે પહેલાં તે થોડીવાર થોભ્યાઃ

જુલીયન માન્ટલેનો મૃત્યુલેખ

જુલીયન માન્ટલે એવી વ્યક્તિ હતા જે આ ગ્રહ પરના સારી વ્યક્તિ બનવા માટે માનવ-આત્માની શક્તિમાં માનતા હતા. તેઓ એક આદર્શવાદી હતા અને એવા માણસ હતા જે હકીકતમાં માનતા હતા કે દરેક જીવંત વ્યક્તિ જો પોતાના જીવનમાં ઇચ્છે અને એમ કરવા માટે કટીબદ્ધ થવાનું પસંદ કરે તો તે યોગ્ય ફેરફાર આણી શકે છે.

જુલીયન એક સાદા માણસ હતા. તેઓ મહાન પુસ્તકો, સૂર્યાસ્ત, તારા-મઢી રાત અને

કયારેક ચોકલેટ કેકનો મોટો ટુકડો પસંદ કરતા હતા. મોટાભાગે જુલીયન લોકોને પ્રેમ કરતા અને માનવ કોણ છે તે શોધવા માટે મદદ કરવામાં તેમણે આખું જીવન ખર્ચી નાંખ્યું.

તેમના સમયમાં તેમણે ઘણી ભૂલો કરી પણ તે ભૂલોમાંથી તેઓ શીખ્યા. તેમણે ઘણું વ્યક્તિગત દુઃખ સહન કર્યું પણ તેમાંથી ગતિ કરી.

જુલીયન તેમના ભય સ્થાનોથી ભાગી ગયા નથી. પણ તેઓ તેમાંથી પસાર થયા, અને એમ કરતાં તેમણે તેમનું સ્વાતંત્ર્ય ફરી મેળવ્યું. તેઓ અધિકારી, હિમંતવાન અને પ્રેમાળ હતા.

ગઇ કાલે રાત્રે ૧૦૮ વર્ષની કોમળ વયે તેઓ મૃત્યુ પામ્યા. તેમણે ઘણાં જીવન સુધાર્યા અને તેમની ગેરહાજરી સહન થતી નથી.

જુલીયનના શબ્દો સાંભળીને હું રડવા લાગ્યો. મેં જ્યારે ઉપર જોયું ત્યારે તેઓ જઇ ચૂક્યા હતા. મેં ખેતરની પેલે પાર જોયું પણ જુલીયન ક્યાંય દેખાતા નહોતા. ટેકરી પરના નાના બિલ્ડિંગમાંથી હજી જાપ સંભળાતા હતા અને સૂર્ય ખૂબ પ્રકાશથી તપતો હતો. આકાશમાં એક પણ વાદળું નહોતું.

જ્યારે હું પથરામાંથી મારો રસ્તો કરી રહ્યો હતો ત્યારે ઘાસમાં મેં કંઇક ચમકતું જોયું. હું નીચે નમ્યો અને મેં જે જોયું તેથી આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયો. એ એક નાના સોનાના બુદ્ધ હતા. જે લાંબા, પાતળા ચામડાના ટુકડા સાથે બંધાયેલા હતા જેથી તેને ગળામાં પહેરી શકાય. પાછળની બાજુ ખૂબ સંભાળપૂર્વક કોતરેલા નીચેના સાદા શબ્દો હતા. જે ખૂબ ઝીણા અક્ષરમાં લખાયેલા હતા.

ઉત્તમ સ્વને જાગૃત કર અને તેજ પાથર્યા કર.
પ્રેમસહ, જે. એમ.

મેં જુલીયનની ભેટ મારા ગળામાં ભેરવી અને મારી કાર તરફ ચાલ્યો. હું હસ્યા વગર રહી શકયો નહીં. મારું જીવન સુંદર બની રહ્યું હતું.

સ્વ-જાગૃતિનાં સાત સોપાન

સોપાન – ૧ જૂઠું જીવન (સ્વને છેતરવાનું સોપાન)

સોપાન – ૨ પસંદગીનો મુદ્દો (બંધન છોડીને તમારી સાંકળો તોડવાનું સોપાન)

સોપાન – ૩ આશ્ચર્યો અને શકયતાઓની જાગરૂકતા (નવી દૃષ્ટિ કેળવવાનું સોપાન)

સોપાન – ૪ ગુરુ પાસેથી આદેશ લેવો (શીખવું, હારવું અને તૈયારી કરવાનું સોપાન)

સોપાન – ૫ બદલાવ અને પુનઃજન્મ (ખાલી કરવું અને ફરી ભરવાનું સોપાન)

સોપાન – ૬ પરીક્ષણ (પરીક્ષા અને સાક્ષાત્કારનું સોપાન)

સોપાન – ૭ સ્વની મહાન જાગૃતિ (નિર્ભયતાનું સોપાન)

રોજની ૫ ભક્તિ

૧. દરરોજ સવારે ૫ વાગ્યે ઉઠવું. જેઓ વહેલા ઉઠે છે તેમને જીવનમાં સૌથી ઉત્તમ મળે છે.

૨. તમારા દિવસની પહેલી સાઇઠ મિનિટ બાજુપર રાખી તેને “પવિત્ર કલાક” બનાવો. આ તમારો આંતરિક કાર્ય કરવાનો પવિત્ર સમય છે. (પ્રાર્થના, ધ્યાન, લેખન, વાંચન જેથી સાહિત્યમાંથી ડહાપણ મળે, અને તમારા જીવનની સ્થિતિ પર પ્રત્યાઘાત આપવા) જે તમને ઉચ્ચ જીવન જીવવામાં મદદ કરશે.

૩. કાળજી, દયા-માયા અને ચારિત્રનું કોઇ કલ્પના કરે તેનાથી વધારે ઉચ્ચ કક્ષાનું પ્રદર્શન કરો. એમ કરવામાં નવી દુનિયા બનાવવામાં એક ભાગ રૂપ તમે મદદ કરશો.

૪. તમારી પાસેથી કોઇની અપેક્ષા હોય તેના કરતાં વધારે ઉત્તમ કાર્યક્ષમતાની કક્ષા દર્શાવો. સંપત્તિ અને સંતોષ તેમાંથી તમને જરૂર મળશે.

૫. તમે જાણતા અને વિચારતા હોવ તેના કરતાં વધારે પ્રેમાળ બનો. તમે પૃથ્વી પર મહાન માણસોમાંના એક છો એમ અનુભવો અને વર્તન કરો. (કારણ તમે મહાન છો.) તમારું જીવન પહેલાં જેવું રહેશે નહીં અને તમે ઘણાં જીવનને આશીર્વાદ રૂપ થશો.

રોબિન શર્માની
વ્યક્તિગત કોચીંગ સેવાઓ

૧. માસિક શિક્ષણ ©

માસિક કલબની રોબિનની સીડી અને પુસ્તક ખૂબ વખણાયેલા છે જે માસિક શિક્ષણ છે. દરેક ૩૦ દિવસમાં તમે વ્યક્તિગત વિકાસ, નેતૃત્વ, સંબંધો અથવા ધંધાકીય સફળતા ઉપરની શક્તિશાળી ચોપડીઓમાંથી એક મેળવો છો, જેમાં એક સીડી હોય છે. જે સીડીમાં રોબિનની ચોપડીમાંના ઉત્તમ મુદ્દાઓ અને તેમના કોચીંગની વિશિષ્ઠતા / અને પુસ્તકોમાંનું જ્ઞાન કેવી રીતે સાચા પરિણામો મેળવવામાં ફેરવવું જે તમને વધારે સફળ, સંતુષ્ટ અને ખુશ બનાવે તે દર્શાવ્યું છે. આના રજીસ્ટ્રેશન માટે આજે જ robinsharma.com સાઇટ પર જાઓ.

૨. અઠવાડિયાના અંતે તમારામાંના ઉત્તમને જાગૃત કરો.TM (એબીએસ)

૨૪ દિવસનો રોબિનનો વ્યક્તિગત બદલાવનો પ્રોગ્રામ છે જે આખી દુનિયાના લોકોને તેમનામાંની ઉત્તમ જીંદગી શોધવામાં મદદ કરે છે. અને આનંદના નવા ધોરણો, સમૃદ્ધિ, પ્રેમ અને સંતોષથી જીવતાં શીખવે છે. આજે બજારમાં સ્વ-સંશોધનની પ્રક્રિયામાં આ અઠવાડિયાના અંતનો એબીએસ ખૂબ અસરકારક ગણવામાં આવે છે. અને જેમણે આ પ્રોગ્રામ માણ્યો છે તેમના માટે ડરને જીતવા માટે મર્યાદાઓને તોડવા માટે, તેમના આત્માની શક્તિ સાથે જોડાવા માટે અને તેમણે જે સ્વપ્નો જોયાં હોય તેવી જીંદગી જીવવા માટે ખૂબ સારો અનુભવ હોય છે. આખી દુનિયામાંથી લોકો ભાગ લેવા આવે છે. દા.ત. યુ.એસ.એ, મેકસીકો, યુ.કે., યુરોપ અને કેનેડા. આવતા આવા પ્રોગ્રામમાં રજીસ્ટર કરવા માટે લોકોના અભિપ્રાયો જાણવા માટે robinsharma.com અને ઇમેઇલ coaching@robinsharma.com પર અમારી સાથે રહો.

૩. એલાઇટ પર્ફોરમન્શ સીરીઝTM (ઇપીએસ)

ઉત્તમ કાર્યક્ષમતાની કંડિકાઓ – રોબિન શર્મા – નેતૃત્વના આંતરરાષ્ટ્રિય શિક્ષણનો કોરપોરેટ લોકો માટેનો પ્રોગ્રામ છે, જેને એવી રીતે બનાવવામાં આવ્યો છે કે જેઓ પોતાના કાર્યક્ષેત્રમાં નેતા હોય તેવા કર્મચારીઓની કાર્યક્ષમતા ઉત્તમ બને. જે તેમાં ભાગ લે તેનામાં ઉત્તમ ઉત્પાદન, સર્જનાત્મકતા, કાર્ય માટે રસ, કાર્ય પૂર્ણ કરવાનું ઝનૂન વધે છે અને વ્યવસાયિકઅને વ્યક્તિગત રીતે ખૂબ મોટી રમત રમે છે. ઇપીએસની શક્તિઓને બિરદાવતાં અભિપ્રાયો તમને robinsharma.com પર જોવા મળશે. આવતા દિવસોમાં ઇપીએસ ને તમારા વ્યવસ્થાપનમાં આંતરિક સ્થાન જરૂર મળશે. ફક્ત robinsharma.com અથવા ઇમેઇલ coaching@robinsharma પર જાઓ.

૪. ધ માસ્ટર સીરીઝ TM

દરેક વર્ષે, જો સમય મળે તો, રોબિન શર્મા ૫ ગ્રાહકોને આ અજોડ, વિશ્વ કક્ષાના અઠવાડિક શિક્ષણ પ્રોગ્રામમાં સ્વીકારે છે. એક વર્ષના આ સત્રમાં રોબિન તમારા વ્યક્તિગત કારભારી/ જીવન શિક્ષક તરીકે તમને સેવા આપે જેથી તમારો ધંધો તમે કલ્પના પણ ન કરી હોય તેવા ઉચ્ચ કક્ષાની સફળતા અપાવવામાં મદદ કરે છે. તમારા જીવનમાં ઉત્તમ વ્યવસાયિક, ભૌતિક, વ્યક્તિગત અને અધ્યાત્મિક સફળતા આવે છે. આગળના ગ્રાહકોએ આવા બદલાવ ભર્યા પરિણામો અનુભવ્યા છે.

આ વ્યક્તિગત કોચીંગ સર્વીસ માટે વધારે માહિતી માટે robinsharma.com સાઇટ પર જાઓ.

અલ મોસ્કારડેલી
વાઇસ પ્રેસીડન્ટ ઓફ કોચીંગ સર્વીસીસ
શર્મા લીડરશીપ ઇન્ટરનેશનલ
ટેલિ. : 1.888.RSHARMA(774.2762)
email: coaching@robinsharma.com

રોબિન શર્મા વિષે

રોબિન શર્મા દુનિયાના પ્રખ્યાત લોકોમાંના એક છે. જેઓ નેતૃત્વ, ઉચ્ચ કાર્યક્ષમતા અને સ્વ-સંશોધનમાં વિશિષ્ટ જ્ઞાન ધરાવે છે. તેઓ ઘણાં પ્રખ્યાત પુસ્તકોના લેખક છે. જેઓના આંતરરાષ્ટ્રિય પુસ્તકોમાં ધ મોન્ક હુ સોલ્ડ હીસ ફેરારી વધારાના પુસ્તકો લીડરશીપ વીસ્ડમ ફ્રોમ ધ મોન્ક હુ સોલ્ડ હીસ ફેરારી અને ફેમિલી વીસ્ડમ ફ્રોમ ધ મોન્ક હુ સોલ્ડ હીસ ફેરારી, હુ વીલ ક્રાય વેન યુ ડાય? અને ધ સંત, ધ સર્ફર એન્ડ ધ સીઇઓ એ amazon.com માં ઘણા વેચાયા છે. નેશનલ ટીવી પર ઘણી વખત ગેસ્ટ હોય છે અને પીબીએસ માટે ખાસ કરીને તેઓ હીરો છે અને ૧૦૦૦થી વધારે ટીવી અને રેડિયો શોમાં દેખાયા છે. મુખ્ય વક્તા તરીકે આખી દુનિયામાં તેમની ઘણી માંગ છે. અને ઘણીવખત તેઓ જેક વેલ્શ, બીલ કલીન્ટન, ક્રીસ્ટોફર રીવ, ડૉ. ફીલ, દીપક ચોપરા અને વાયને ડેર સાથે સ્ટેજ પર બેઠા છે.

પહેલાં વકીલ જેની પાસે કાયદાની બે પદવીઓ છે. તેમાંની એક માસ્ટર ડીગ્રી છે. રોબિન શર્મા લીડરશીપ ઇન્ટરનેશનલના (એસએલઇ) સીઇઓ છે, જે શિક્ષણની સેવાઓમાં વધારે માન પામે છે જે કર્મચારીઓ અને ધંધાકિય લોકોને સૌથી વધારે વ્યવસાયિક અને વ્યક્તિગત સંભાવનાને ઓળખવામાં મદદ કરે છે. એસએલઇ ની એલાઇટ પરફોર્મન્શ સીરીઝ TM ખૂબ પ્રખ્યાત છે અને બે દિવસનો કોચીંગ પ્રોગ્રામ ખૂબ અસરકારક છે. જે લોકોને ઉત્તમ કાર્ય કરવા માટે મદદ કરે છે. અને માસિક શિક્ષણ TM પ્રોગ્રામ, રોબિનનાં પુસ્તકો, સીડી અને માસિક કલબ પણ મદદ કરે છે. આ ઉપરાંત રોબિન એ ઉચ્ચ કક્ષાના કારભારી અને જીવન શિક્ષણ આપનારા છે જે સીઇઓ, ધંધાદારીઓ અને આ ગ્રહના ખૂબ સફળ લોકોને ઉપયોગી છે.

રોબિનનો વ્યક્તિગત હેતુ બીજા લોકોને મદદ કરવાનો છે અને તેઓ માને છે કે તેઓ પોતે એવી રીતે જીવે છે કે બીજાને પણ પ્રકાશિત કરે છે. બાળકો માટેના રોબિન શર્મા ફાઉન્ડેશન દ્વારા તેઓ ગરીબ બાળકોને મદદ કરે છે. અને તેમના સ્વપ્નો પૂરા કરવામાં મદદ કરે છે.

રોબિન શર્મા વિશે વધુ માહિતી અથવા એસએલઇની શૈક્ષણિક વિષય માટે robinsharma.com સાઇટ પર જાઓ અથવા ફોન કરો 1.888.RSHARMA (774.2762) .

બીજી વધારે વેચાણ ધરાવતી ચોપડીઓની જેમ જ સાધુ જેમણે પોતાની સંપત્તિ વેચી દીધી નો દુનિયાભરમાં એક દોર શરૂ થયો તમારા પ્રારબ્ધને શોધો એ એક સમૃધ્ધ અને પ્રત્યાઘાત આપતી વાર્તા છે. વાંચકોને ડેર સેન્ડરસેનની ઓળખાણ થઇ જેઓ ખૂબ મહત્તવાકાંક્ષી કારભારી હતા જેમની પાસે ભૌતિક રીતે બધું જ હતું પણ ખુશી, અર્થપૂર્ણતા અને આંતરિક શાંતિનો અભાવ હતો.

આત્માની શાંતિ બક્ષતી જુલીયન માન્ટલે સાથેની તેમની મુલાકાત, જેઓ અત્યારે પ્રખ્યાત સાધુ હતા, જેમણે શાશ્વત સફળતાના રહસ્યો શોધી કાઢયા હતા. તેઓ તેમની અસામાન્ય ઊંચાઇએ લઇ જઇ પોતાના અધિકારત્વને મેળવવામાં અને તેમના સ્વપ્નોને સાકાર કરવામાં મદદ કરે છે. આ સફરમાં ડેલ સાત મુદ્દાના પાઠ શીખે છે. જે પોતાની મહાન જીંદગી જીવવા માટે અને દુનિયામાં પ્રકાશમાન થવા માટે અગત્યના છે.

આ ન ભૂલી શકાય તેવી વાર્તામાં તમને નીચેની કડીઓ મળશે :

- કબજો અને વિશ્વાસને કઇ રીતે મેળવવા.
- મહાન જીવન અને સ્વ-છેતરામણીના ગુનાને કઇ રીતે બાજુ પર મૂકવા.
- 'શરૂઆત કરનારનું મન' કઇ રીતે સ્વ પ્રભુત્વ સુધી જઇ શકે.
- ડરને સમૃધ્ધિમાં કઇ રીતે બદલાવવો.
- તમારી ફરજ અને જીવનનો આધાર કઇ રીતે શોધવો.
- જે પ્રસંગો તમારી પરીક્ષા લેતા હોય તેમને કઇ રીતે તમારા જીવનના હેતુ બનાવવા.
- તમારી સંપૂર્ણ શક્તિઓને કઇ રીતે જાગૃત કરવી.

રોબિનના ડહાપણને વધારે સમજવું હોય તો મળો www.robinsharma.com

રોબિન શર્મા દુનિયાના નેતૃત્ત્વના વિશેષજ્ઞોમાં સૌથી વધારે માન પામેલા છે. તેમણે તેમની જાત મોટી સંસ્થાઓને અને લોકોને વિકસાવવામાં અર્પી દીધી છે. જેઓ કોઇ પદવી વગર આ અત્યંત પ્રગતિશીલ સમયમાં વિજય અપાવે છે. તેમના ગ્રાહકોમાં માઇક્રોસોફ્ટ, જીઇ, ફેડએક્સ, આઇબીએમ, નીક, નાસા, યેલ યુનિવર્સિટી અને ધ યંગ પ્રેસીડન્ટ ઓરગેનાઇસેશન જેવી સંસ્થાઓ છે. શર્માના સાધુ જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી અને મહાનતાની માર્ગદર્શિકા જેવા પુસ્તકો દુનિયામાં સૌથી વધારે વેચાણ ધરાવનારા છે અને ૭૦ જેટલી ભાષામાં તેની લાખો પ્રતો વેચાઇ છે. જેને રોકસ્ટાર્સ, રાજવીઓ અને ઘણા પ્રખ્યાત મેનેજરોએ ગળે વળગાડી છે. શર્મા 960vets.com માં સહસ્થાપન કરનારા છે જે ઇન્ટરનેટ પર એક આધાર છે, જે લોકોને સારા નાગરિકની જીંદગી અર્પે છે.

બીજી વધારે વેચાણ ધરાવતી ચોપડીઓની જેમ જ સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેંચી નાખી નો દુનિયાભરમાં એક દોર શરૂ થયો *તમારા પ્રારબ્ધને શોધો* એ એક સમૃધ્ધ અને પ્રત્યાઘાત આપતી વાર્તા છે. વાંચકોને ડેર સેન્ડરસેનની ઓળખાણ થઇ જેઓ ખૂબ મહત્તવાકાંક્ષી કારભારી હતા જેમની પાસે ભૌતિક રીતે બધું જ હતું પણ ખુશી, અર્થપૂર્ણતા અને આંતરિક શાંતિનો અભાવ હતો.

આત્માની શાંતિ બક્ષતી જુલીયન માન્ટલ સાથેની તેમની મુલાકાત, જેઓ અત્યારે પ્રખ્યાત સાધુ હતા, જેમણે શાશ્વત સફળતાના રહસ્યો શોધી કાઢ્યા હતા. તેઓ તેમની અસામાન્ય ઊંચાઇએ લઇ જઇ પોતાના અધિકારત્વને મેળવવામાં અને તેમના સ્વપ્નોને સાકાર કરવામાં મદદ કરે છે. આ સફરમાં ડેલ સાત મુદ્દાના પાઠ શીખે છે. જે પોતાની મહાન જીંદગી જીવવા માટે અને દુનિયામાં પ્રકાશમાન થવા માટે અગત્યના છે.

આ ન ભૂલી શકાય તેવી વાર્તામાં તમને નીચેની કડીઓ મળશે:

— કબજો અને વિશ્વાસને કઇ રીતે મેળવવા.

— મહાન જીવન અને સ્વ-છેતરામણીના ગુનાને કઇ રીતે બાજુ પર મૂકવા.


— 'શરૂઆત કરનારનું મન' કઇ રીતે સ્વ પ્રભુત્વ સુધી જઇ શકે.

— ડરને સમૃધ્ધિમાં કઇ રીતે બદલાવવો.

— તમારી ફરજ અને જીવનનો આધાર કઇ રીતે શોધવો.

— જે પ્રસંગો તમારી પરીક્ષા લેતા હોય તેમને કઇ રીતે તમારા જીવનના હેતુ બનાવવા.

— તમારી સંપૂર્ણ શક્તિઓને કઇ રીતે જાગૃત કરવી.



રોબિન શર્મા આજની દુનિયામાં સૌથી બહોળા પ્રમાણમાં વંચાતા લેખક છે. તેમના અગિયાર # ૧ આંતરરાષ્ટ્રીય રીતે શ્રેષ્ઠ વેંચાણ ધરાવનાર પુસ્તકોની ૬૫ થી વધુ દેશો અને ૭૫ ભાષાઓમાં લાખો નકલો વેંચાઈ છે. એક અતિશય પ્રભાવક બ્લોગર અને સામાજિક માધ્યમના સેલીબ્રીટી એવા રોબિન એક ખાસ્સા વખણાયેલા વકતા પણ છે.

www.robinsharma.com

પ્રેરણાનું સતત વહેતું ઝરણું મેળવવા માટે રોબિન શર્માને ફેસબુક પર અનુસરો.

Elevate Your Life. Transform Your World.

JAICO BOOKS

www.jaicobooks.com Self-Help

ISBN-13: 978-81-8495-281-0

9788184952810

